
હરિ: ૐ આશ્રમ પ્રેરિત

શ્રી અરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા ટ્રસ્ટ—૯

# શ્રી અરવિંદ મહાગુરુ




સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

શ્રી અરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા ટ્રસ્ટ–૯

# શ્રી અરવિંદ મહાગુરુ

સંપાદક

સુન્દરમ

સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

શ્રી અરવિંદ મહાગુરુ

પ્રથમ સંસ્કરણ : ૧૯૮૬

પ્રત સંખ્યા : ૫૦૦

મૂલ્ય : રૂા. ૩૦/-

© સરદાર પટેલ યુનિવર્સિટી

મુદ્રક અને પ્રકાશક
ર. ચ. ઠક્કર
કુલસચિવ,
સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી પ્રેસ
વલ્લભ વિદ્યાનગર—૩૮૮ ૧૨૦

# આમુખ

હરિ : ૐ આશ્રમપ્રેરિત શ્રી અરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા ટ્રસ્ટના ઉપક્રમે શ્રી સુન્દરમ્ સંપાદિત "શ્રી અરવિંદ મહાગુરુ" ગ્રંથ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે એને હું હૃદયપૂર્વક આવકારું છું.

મહાયોગી શ્રી અરવિંદનું જીવન અને દર્શન વિશ્વકોષ જેવું છે. જ્ઞાની, કર્મવીર, સાહિત્યસર્જક, દ્રષ્ટા અને યોગી તરીકે શ્રી અરવિંદની પ્રતિભા એક સદા ઝળહળતા સૂર્ય જેવી છે. શ્રી અરવિંદની સિદ્ધિની કક્ષા હિમાલયનાં ઉત્તુંગ શિખરો સમી લાગે છે. સાહિત્ય, કળા, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, સમાજ અને રાજકારણનાં તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં અર્વાચીન જીવનકાળમાં થયેલી ગતિવિધિથી તેઓ સુજ્ઞાત છે. ભૂતકાળની ભારતીય સંસ્કૃતિ અને આપણા આધ્યાત્મિક વારસાના ઉત્તમ અંશો એમના સર્વગ્રાહી દર્શનમાં સમરસ થયેલા છે. પ્રાચીન અને અર્વાચીન પશ્ચિમની સંસ્કૃતિનો એમને નિકટનો સંપર્ક છે. વિશેષમાં, આ પૃથ્વી ઉપર દિવ્ય જીવનના આવિષ્કારનું અને માનવજીવનના સંપૂર્ણ રૂપાંતરનું એમનું દર્શન વર્તમાનકાળમાં આપણને પ્રાપ્ત થયેલું છે. વ્યક્તિ તથા સમષ્ટિ, સ્થૂળ તેમજ ચેતન એ સર્વને આવરી લેતા અતિમાનસનું અવતરણ તથા દિવ્ય બનેલી મનુષ્યજાતિના પ્રાદુર્ભાવનું શ્રી અરવિંદનું દર્શન (vision) ભવિષ્યકાળ તરફની મહાસાહસિક છલાંગ છે. આ રીતે શ્રી અરવિંદ ત્રિકાળને ત્રિભેટે ઊભેલા દેખાય છે. વળી યોગની બાબતમાં એમનું વલણ વ્યવહારૂ દષ્ટિવાળા અધ્યાત્મવાદી (Pragmatic Spiritualist)નું છે.

દિલીપકુમાર રાય, કનૈયાલાલ મુનશી, ડૉ. સી. આર. રેડ્ડી, આચાર્ય કૃપલાની, કે. ડી. સેઠના જેવા નામાંકિત અભ્યાસીઓ તથા વિદેશની યુનિવર્સિટીઓના કેટલાક વિદ્વાનોએ શ્રી અરવિંદને આપેલો અર્ઘ્ય આ ગ્રંથમાં સંપાદિત થયો છે. સરદાર પટેલ યુનિવર્સિટીનું આમંત્રણ સ્વીકારી કવિ–સાધક શ્રી સુન્દરમે આવું ઉપયોગી અને કિંમતી સંપાદન તૈયાર કરી આપ્યું એ માટે એમનો હું આભાર માનું છું. દિલીપકુમાર રાયના "શ્રી અરવિંદ" વિષયક લેખનો અનુવાદ શ્રી નગીનદાસ પારેખનો છે. બાકીના બધા લેખોના અનુવાદ શ્રી સુન્દરમે કરેલા છે. ગુજરાતના પ્રથમ પંક્તિના આવા બે અનુવાદકો પાસેથી

આ ગ્રંથમાંની મનનીય સામગ્રી પ્રાપ્ત થઈ તે સુયોગ ગણાય. ગુજરાતના તથા ભારતના આધુનિક કાળના એક ઉત્તમ સર્જક, શ્રી અરવિંદના શિષ્ય તથા સરદાર પટેલ યુનિવર્સિટીની ડૉકટર ઓફ લિટરેચરની માનાર્હ પદવી ધરાવતા શ્રી સુન્દરમ્ પાસેથી 'શ્રી અરવિંદ મહાગુરુ'નો સંચય મળ્યો તે આનંદની વાત છે.

'શ્રી અરવિંદ મહાગુરુ'ના સંપાદન અને પ્રકાશનમાં નલિની અને અરવિંદ આર્ટ્સ કૉલેજના આચાર્ય ડૉ. દિલાવરસિંહ જાડેજા અને અનુસ્નાતક ગુજરાતી વિભાગના રીડર ડૉ. પ્રમોદકુમાર પટેલનો સક્રિય સહયોગ મળ્યો છે. એ બન્નેની સેવાનો હું આભાર સાથે ઉલ્લેખ કરું છું. શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીનો, પોતાના અનુવાદલેખને પ્રગટ કરવાની મંજૂરી આપવા બદલ શ્રી નગીનદાસ પારેખનો તથા આ ગ્રંથની સામગ્રી પ્રકાશિત થાય એમાં સહયોગ આપનાર સહુ કોઈનો સરદાર પટેલ યુનિવર્સિટી વતી આભાર માનું છું.

આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળ હરિ : ૐ આશ્રમ ટ્રસ્ટ, નડિયાદની ઉદાર તેમજ દૃષ્ટિમંત સહાય રહેલી છે. એ સંસ્થાના સૂત્રધારોનો હું અહીં હાર્દિક આભાર માનું છું તથા પ્રજાજીવનને પ્રેરક એવી આ ગ્રંથમાળા ઉત્તરોત્તર વિશેષ સમૃદ્ધ અને સંતર્પક બનતી રહો, એવી શુભકામના વ્યક્ત કરું છું.

વલ્લભ વિદ્યાનગર — ક્રિશ્નલાલ એન. શાહ

૨૧-૨-૧૯૮૬ — કુલપતિ

# અનુક્રમ

## પૂર્વાર્ધ


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી અરવિંદ | દિલીપકુમાર રાય | ૧ |
| ૨. | મને દીક્ષા મળી | દિલીપકુમાર રાય | ૩૬ |
| ૩. | શ્રી અરવિંદના સાંનિધ્યમાં | દિલીપકુમાર રાય | ૪૩ |
| ૪. | શ્રી અરવિંદ—પરમ વિભૂતિ | ક. મા. મુનશી | ૭૭ |
| ૫. | મેં પૂર્ણતા નિહાળી | કનૈયાલાલ મુનશી | ૮૩ |
| ૬. | મહતો મહીયાન્ | કનૈયાલાલ મુનશી | ૮૫ |
| ૭. | શ્રી અરવિંદ આશ્રમ : એક યાત્રા | ક. મા. મુનશી | ૯૦ |
| ૮. | ઋષિના આશ્રમમાં | ડૉ. સી. આર. રેડ્ડી | ૧૦૮ |
| ૯. | દિવ્ય જીવનનો પયગંબર | ડૉ. સી. આર. રેડ્ડી | ૧૧૭ |
| ૧૦. | હિંદના ગંભીર પ્રશ્નો | શ્રી અરવિંદ | ૧૨૪ |
| ૧૧. | શ્રી અરવિંદ—દેશનેતા | સી. સી. દત્ત | ૧૩૨ |
| ૧૨. | શ્રી અરવિંદ—મારા મિત્ર, મારા ગુરુ | સી. સી. દત્ત | ૧૪૦ |
| ૧૩. | શ્રી અરવિંદ | આચાર્ય જે. બી. કૃપાલાણી | ૧૬૦ |
| ૧૪. | પ્રકાશ છે | અર્ઘ્ય | ૧૬૫ |
| ૧૫. | બે સંદેશ | રાજેન્દ્ર પ્રસાદ<br>એસ. રાધાકૃષ્ણન્ | ૧૭૪ |
| ૧૬. | ગુરુદેવની સેવામાં | ડૉ. પ્રભાત સંન્યાલ | ૧૭૬ |


## ઉત્તરાર્ધ


| | | | |
|---|---|---|---|
| ૧૭. | ગુરુચરણે | કુમાર | ૧૯૧ |
| ૧૮. | ૫ મી ડિસેમ્બર, ૧૯૫૦ | અર્ઘ્ય | ૧૯૫ |
| ૧૯. | શ્રી અરવિંદ અવસાન | કે. ડી. સેઠના | ૧૯૯ |
| ૨૦. | શ્રી અરવિંદનાં અપ્રગટ લખાણ | અંબાલાલ પુરાણી | ૨૨૨ |
| ૨૧. | શ્રી અરવિંદનું તત્ત્વદર્શન | પ્રો. શાલાય | ૨૩૦ |
| ૨૨. | શ્રી અરવિંદ સ્મારકસંમેલન | ... | ૨૩૯ |

# પૂર્વાર્ધ

# શ્રી અરવિંદ

## દિલીપકુમાર રાય

[ શ્રી દિલીપકુમાર રાયે શ્રી અરવિંદ ઘોષ, મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ઠાકુર, બર્ટ્રાન્ડ રસેલ અને રોમાં રોલાં સાથે પોતાને જુદે જુદે પ્રસંગે જે ચર્ચાઓ થયેલી તે બધી પુસ્તકાકારે બંગાળીમાં પ્રસિદ્ધ કરી છે.

મૂળ વાતચીત અંગ્રેજીમાં થયેલી અને પુસ્તકમાં તેનો બંગાળી અનુવાદ આપેલો છે. મૂળનો અર્થ સ્પષ્ટ થાય એટલા માટે ઘણી જગ્યાએ અંગ્રેજી વાક્યો ઉતારેલાં છે. એ વાક્યો જોતાં મને કોઈ કોઈ ઠેકાણે શ્રી દિલીપકુમારે કર્યો છે એથી જરા જુદી રીતે અનુવાદ કરવાનું મન થયેલું. પણ મેં બંગાલી પુસ્તકનો અનુવાદ કરવાનું માથે લીધું, એટલે મારે તેને પણ વફાદાર રહેવું જ જોઈએ, આથી સામાન્ય રીતે મેં તેમના અનુવાદમાં ક્યાંય છૂટ લીધી નથી. મને પોતાને એમની અનુવાદશૈલી ખૂબ ગમી છે—**ન.** ]

He who would bring the heavens here
Must descend himself into clay
And the burden of earthly nature bear
And tread the dolorous way.

(શ્રી અરવિંદ)

જે કો ચાહે ધરણી ઉપરે સ્વર્ગને લાવવાને
તેણે જાતે ધરણી તણી માટી પરે આવવાનું
પૃથ્વી કેરો મલિન પ્રકૃતિ બોજ ઉઠાવવાનો
કષ્ટે છાયો વિકટ પથ આ વિશ્વનો કાપવાનો.

*

**શ્રી** અરવિંદ વિષે કંઈ લખવા જવું એ મારા માટે દુઃસાહસ છે, એમાં શક શો ? તો યે તેઓ મારા ગુરુ દીક્ષાદાતા છે, એટલે અકૃતાર્થ પ્રયત્નમાં પણ ચરિતાર્થતા રહેલી છે. માણસ જેની પાસે ચરમપંથનો પ્રકાશ પામે છે, તેની વાત કરવાની તેને તૃષ્ણા જાગે છે. પણ આ આત્મસમર્થન આગળ નહિ ચલાવું. બધા જ ઓછામાં ઓછું એટલું તો સમજશે કે શ્રી અરવિંદના મહત્ત્વનું કોઈ ચિત્ર દોરવાનો આ પ્રયત્ન નથી—એ અસંભવિત છે. શ્રી અરવિંદે મારા જ ઉપરના એક પત્રમાં કેટલાંક વર્ષ પહેલાં લખ્યું હતું : "No one can write about my life because it has not been on the surface for man to see." (અર્થાત્ મારા જીવન વિષે કોઈ લખી શકે

એમ છે જ નહિ, કારણ કોઈ જોઈ શકે એમ સપાટી ઉપર એ રહ્યું જ નથી.) હું તો મારી શક્તિ અનુસાર તેમને વિષે બોલવાનો પ્રયત્ન કરીશ—બને એટલી વ્યક્તિગત રીતે. આવી બાબતમાં એ માર્ગ જ સૌથી વધુ સલામત હોય છે—કારણ યોગ સંબંધે અવૈયક્તિક વાત કરવાને હું અધિકારી નથી. શ્રી અરવિંદના પત્રોમાંથી વ્યક્તિગત પત્રો ચૂંટી કાઢવાનું પણ એ જ કારણ છે.

શ્રી અરવિંદની ગીતા વિષે મેં પહેલ વહેલું સાંભળ્યું મિત્રવર્ય શ્રી કૃષ્ણપ્રેમ પાસેથી. એમનું નામ પહેલાં રોનાલ્ડ નિકસન હતું. અત્યારે એઓ સંન્યાસી છે—આલમોડામાં સાધના કરે છે. તેમણે મને કહ્યું હતું કે આવી ઉજ્જવલ અને ગભીર વ્યાખ્યા મેં કદી વાંચી નથી. તે વાતને આજ બાર વરસ થયાં હશે. ત્યાર પછી મેં શ્રી અરવિંદનાં અંગ્રેજી 'એસેસ ઑન ધ ગીતા,' 'સિન્થસિસ ઑવ યોગ,' 'ફ્યુચર પોયેટ્રી,' 'લાઈફ ડિવાઈન' અને 'મધર' વાંચ્યાં. સાંભળીને કોઈને નવાઈ લાગશે પણ એ વાત સાચી છે કે મારા સ્વદેશી મિત્રો સંખ્યામાં લગભગ અગણિત હોવા છતાં તેમને કોઈને મોઢેથી મેં તે વખતે શ્રી અરવિંદની કે તેમનાં પુસ્તકોની વાત સાંભળી નહોતી—પહેલ વહેલી સાંભળી એક વિદેશી મિત્રને મોઢે. ત્યારે જ હું પહેલ વહેલો યોગી શ્રી અરવિંદ તરફ વળ્યો.

ત્યાર પછી મેં તેમને પત્ર લખ્યો. જવાબ આવ્યો: ના, મુલાકાત નહિ થાય. લગ્ન સંબંધે પણ મેં તેમને પ્રશ્ન પૂછ્યા. જવાબમાં તેમણે જે કહ્યું તે શ્રી સુરેશચંદ્ર ચક્રવર્તીએ મને લખી જણાવ્યું. એ પત્ર લાંબો છે—આખો ઉતારવો અનેક કારણે સંભવિત નથી—તો પણ છેવટનો થોડો ભાગ ઉતારું છું:

"તમારી બાબતમાં બધો આધાર તમારા જીવનધ્યેય ઉપર છે. જો તમારું ધ્યેય પ્રાણિક અને શારીરિક* સુખોપભોગનું જીવન ગાળવાનું હોય તો તમે ગમે ત્યાંથી તમારી સહચરી પસંદ કરી શકો છો. જો તમારું ધ્યેય ઉચ્ચતર હોય, કળા, સંગીત કે દેશસેવાનું હોય—તો જીવનસહચરીની શોધમાં વાસના નિર્ણાયક ન બનવી જોઈએ, પણ કોઈ ઉચ્ચતર વસ્તુને એ કામ સોંપવું જોઈએ અને એ સ્ત્રીમાં કંઈક એવું હોવું જોઈએ જેનો તમારા ચિત્ત (Psychic part of your being) સાથે મેળ હોય. જો તમારું ધ્યેય આધ્યાત્મિક જીવન ગાળવાનું હોય તો પરણવા પહેલાં તમારે પચાસ વાર વિચાર કરવો જોઈએ. ...આ તો મેં તમને કેવળ સામાન્ય સિદ્ધાંતો જ બતાવ્યા છે. એની જટિલતા ઉપરથી

* મૂળમાં Vital and Physical છે–ન.

તમને ખ્યાલ આવી જશે કે તમને ચોખ્ખો ને ચટ જવાબ આપી દેવો એ કેટલું મુશ્કેલ છે. આ વસ્તુઓ નજર સામે રાખી તમારે જાતે જ નિર્ણય કરવો જોઈએ."

*　　　*　　　*

તે વખતે યોગ સંબંધી પ્રશ્નો મારા મનમાં નવા નવા ઉપસ્થિત થયા હતા. એટલે શ્રી અરવિંદને ફરી વાર લખ્યું અને મારી જાત જાતની સમસ્યાઓ જણાવી. એકદમ પત્ર આવ્યો: સારું, પોંડીચરી આવો તો મુલાકાત થશે.

ત્યારે હું ગાયકગાયિકાની શોધમાં આખા હિંદુસ્તાનમાં ફરતો હતો, 'ભ્રામ્યમાનેર દિનપંજિકા' લખતો હતો, સંગીત વિષે ભાષણો આપતો હતો, ગાતો હતો. બધું છોડીને પોંડીચરી દોડી ગયો. એક હોટેલમાં ઊતર્યો.

અહીં એક વસ્તુ કહી રાખું. અમારી વાતચીત અંગ્રેજીમાં થઈ હતી. વાતચીત પૂરી થતાં જ તરતોતરત બધું અંગ્રેજીમાં જ લખી રાખ્યું હતું. પાછળથી તે તેમને મોકલી આપ્યું. તેમણે પોતાને હાથે (ખૂબ થોડા) સુધારા કરી આપ્યા. અહીં તેનો જ બંગાળી અનુવાદ આપ્યો છે.

હજી થોડી ભૂમિકા બાકી છે. શ્રી અરવિંદે મારા પ્રશ્નોના જવાબમાં એવી ઘણી વાતો કહી હતી જે બધી હું તે વખતે પૂરેપૂરી સમજી શક્યો નહોતો, પણ પાછળથી તેમના પત્રો વગેરેમાંથી સાધનાની જુદી જુદી અવસ્થાઓ દરમ્યાન મને સમજાઈ હતી. તે ભાગોમાંથી થોડું થોડું પાદટીકામાં આપ્યું છે—વાતચીતને પૂર્ણતા આપવાના હેતુથી. બધું જ અંગ્રેજીમાં ઉતારી શક્યો નથી-સ્થાનાભાવને લીધે. પાદટીકામાં અવતરણચિહ્નોમાં જે વચનો મૂક્યાં છે, તે બધાં મારા પ્રશ્નોના જવાબમાં શ્રી અરવિંદે પોતાને હાથે લખેલાં છે. કોઈ કોઈ વાર મને એમ થાય છે કે આવી પાદટીકાઓ વધારીને લખાણની સ્વાભાવિક ગતિ ભારે કરી નાખવી એ સારું ન પણ હોય—પણ પછી વિચાર કરીને નક્કી કર્યું કે શ્રી અરવિંદની અનુપમ ભાષામાંથી થોડું થોડું આ પ્રમાણે પાદટીકામાં આપવું એ બધી રીતે ઇચ્છવા જોગ છે. મારા સાધક-સાધિકા સતીર્થોએ પણ એમ જ કહ્યું.

*　　　*　　　*

૨૫મી જાન્યુઆરી, ૧૯૨૪. સવાર. વરંડામાં શ્રી અરવિંદ એક ખુરશીમાં બેઠા હતા. પ્રણામ કરીને હું બેઠો. વચમાં ટેબલ હતું.

સૌમ્ય પ્રશાંત મૂર્તિ. આવી સ્થિર, અતલસ્પર્શી શાંતિની આભા કોઈની દૃષ્ટિમાં પ્રકટતી કદી જોઈ નહોતી. દાઢી મૂછ ઝાઝાં નહોતાં, પણ વાળ ખભા સુધી ઝૂલતા હતા. શરીર પર માત્ર એક ચાદર હતી, પગ ઉઘાડા હતા. મનમાં એવો સંભ્રમ જાગ્યો ! છાતી ધડધડ થવા લાગી. યોગી ! એ પહેલાં મઠના સંન્યાસી અને બહુ બહુ તો એકાદ બે તાંત્રિકને જોયા હતા, પરંતુ નિર્જનવિલાસી યોગી તપસ્વીની આટલી પાસે કદી આવ્યો નહોતો—ખાસ કરીને જેઓ મારે વિષે કંઈક જાણતા હોય એવા યોગી પાસે. પાછળથી શ્રી અરવિંદે મને લખ્યું હતું કે હું સંગીતનો અભ્યાસ કરું છું એ તેઓએ સાંભળ્યું હતું, અને તેમણે મારા તે ઉત્સાહ પ્રત્યે સમભાવ પણ સેવ્યો હતો. પણ તે વખતે મને કલ્પના સરખી નહોતી કે મારે વિષે તેમને રજમાત્ર ઔત્સુક્ય હશે.*

શ્રી અરવિંદ થોડી વાર મારા તરફ એકીટશે જોઈ રહ્યા — સ્થિર દૃષ્ટિએ. કેવા કેવા ભાવોના તરંગો જાગી ઊઠયા તે હું પ્રગટ નહિ કરી શકું—માત્ર હું એટલું જ કહું છું કે તેવી દૃષ્ટિ કદી મારી નજરે પડી નથી આજ લગીમાં. ગમે તેમ હો, મહામહેનતે પોતાની જાતને સંભાળી લઈ મેં કહ્યું : "હું જાણવા માટે આવ્યો છું કે મને આપના યોગમાં કોઈ પણ પ્રકારની દીક્ષા મળી શકે ખરી કે નહિ."

શ્રી અરવિંદે શાંત કંઠે કહ્યું : "પહેલાં મને તમે બરાબર ગોઠવીને કહો કે તમો શું ઇચ્છો છો, અને શા માટે મારા યોગમાં દીક્ષા લેવા માગો છો ?"

---

* પાછળથી તેમણે મને એ સમયની વાત લખી હતી :

"It is a strong and lasting personal relation that I have felt with you ever since we met and even before......Even before I met you for the first time, I knew of you and felt at once the contact of one with whom I had that relation which declares itself constantly......and followed your career with a close sympathy and interest. It is a feeling which is never mistaken....It was the same inward recognition that brought you here." (બધું છાપતાં સંકોચ થાય છે એટલે થોડુંક જ ઉતાર્યું છે—એટલું પણ ન ઉતારત. પરંતુ શ્રી અરવિંદના પ્રતિભાજ્ઞાન વિષે એ ઉપરથી કંઈક જાણવા મળે એમ છે એટલે જ લોભ થયો. બેશક, આ બધાની મને લેશમાત્ર તે વખતે ખબર નહોતી—અથવા મેં સાંભળ્યું પણ નહોતું, અને સાંભળ્યું હોત તો તે વખતે માનત કે કેમ તે કોણ કહી શકે ?)

* * *

શું જોઈએ છે ?—શા માટે ?—મને પોતાને જ ક્યાં ખબર હતી કે ગોઠવીને કહું ? છતાં અસ્તવ્યસ્ત વિચારોને ગમે તેમ કરીને ગોઠવી કાબૂમાં આણી મેં કહ્યું : "હું જો એમ કહું કે આપ મને મદદ કરી શકો કે નહિ—એટલે કે —મારા કહેવાનો અર્થ એ છે કે—જીવનનું ધ્યેય શું છે—તે મારે માત્ર જાણવું છે એમ નહિ—પામવું પણ છે".

"આ પ્રશ્નનો જવાબ આપવો સહેલો નથી." તેમણે મૃદુ સ્વરે કહ્યું, "હું એવી કોઈ ઈપ્સિત વસ્તુ જાણતો નથી જે સૌ કોઈના જીવનમાં લક્ષ્યરૂપે સ્વીકારાઈ શકે. જીવનનાં લક્ષ્ય બહુ અને જાતજાતનાં હોય છે—ન હોય એ બને જ નહિ. યોગમાર્ગીઓ પણ જુદાં જુદાં ધ્યેય લઈને આવે છે યોગ કરવા. કોઈ વળી યોગ ઇચ્છે છે આ જીવનમાંથી મુક્તિ પામવા માટે—જેમ કે માયાવાદીઓ. એ લોકો કહે છે કે આ ઈન્દ્રિયનું જગત તો માયા છે. એ પરમ લક્ષ્યને ઢાંકી દે છે. વળી કોઈ કોઈ યોગ ઇચ્છે છે પ્રેમ અથવા મૈત્રીની આકાંક્ષાથી. કોઈને વળી આનંદ જોઈએ છે, કોઈને વળી દિવ્ય શક્તિ જોઈએ છે, કોઈને વળી જ્ઞાન. એટલે તમારે પહેલાં મનમાં નક્કી કરીને મને કહેવું પડશે કે તમે શા માટે યોગ કરવા માગો છો ?"

મૂંઝાયેલે અવાજે હું બોલ્યો : "મારે એ જાણવું છે—કે જીવનનું—સંસારનું—એટલે કે નાનાવિધ અસંગતિ અને સ્વતોવિરોધનું—દુ:ખદૈન્ય આધિ-વ્યાધિનું કોઈ નિરાકરણ યોગમાં મળે કે નહિ ?"

"બીજા શબ્દોમાં તમારે જોઈએ છે જ્ઞાન—પ્રજ્ઞા ?"

"હા,—ના, માત્ર જ્ઞાન જ નહિ—આનંદ પણ જોઈએ છે, અવશ્ય."

"જ્ઞાન અને આનંદ તમને યોગમાં જરૂર મળી શકે."

ઉત્સાહમાં આવીને હું બોલ્યો : "તો તો—આપની પાસે દીક્ષા મેળવવાની આશા હું રાખી શકું ખરો ?"

શ્રી અરવિંદે તેવા જ શાંત કંઠે માત્ર કહ્યું : "રાખી શકો જો તમે યોગની શરત સ્વીકારવા તૈયાર હો અને તમારી યોગતૃષ્ણા પ્રબળ હોય."

(શ્રી અરવિંદે provided your call is strong એવા શબ્દો વાપર્યા હતા.)

"યોગની શરતો શી શી છે તે જરા સમજાવો તો સારું—અને યોગની તૃષ્ણા-call એટલે શું એ ન સમજાવો ?"

તેઓ જવાબ દેવા જતા હતા એટલામાં હું બોલ્યો : "આપના 'યોગિક સાધન' પુસ્તકમાં આપે પોતાને 'તાંત્રિક' કહ્યા છે—એટલે કે માયાવાદી વૈદાંતિક નહિ. લીલાવાદી સાધક. આપના 'લાઈફ ડિવાઈન' પુસ્તકમાં પણ આપે લખ્યું છે : 'To fulfil God in Life is man's manhood. We must accept the many sidedness of the manifestation even while we assert the unity of the Manifested. All problems in life are essentially problems of harmony".*

"હું લીલાવાદી છું એ વાત સાચી. પણ તમે એ પ્રશ્ન શા માટે પૂછો છો ?"

"મારો પ્રશ્ન એ છે કે આપના યૌગિક સાધનનો યોગ કરવા જતાં જીવનમાંથી પેનશન લઈ બધાં ઐહિક કર્મોને તિલાંજલિ દઈ ગુફાપંથી તપસ્વીના જેવા તો ન થઈ જવું પડે ને ?—તમે માયાવાદી નથી એમ કહો છો, એટલે હિંમત રહે છે."

શ્રી અરવિંદ જરા હસ્યા : "હું માયાવાદી નથી એ ખરું, પણ 'યોગિક સાધન' પુસ્તકનો પ્રણેતા હું નથી."

"ત્યારે ?"

"ઑટોમેટિક લખાણ કોને કહે છે તે જાણો છો ?"

"પ્લૉનચેટ ?"

"બરાબર પ્લૉનચેટ નહિ. હું કલમ પકડી રહેતો અને કોઈ શક્તિ તે કલમ પાસે પુસ્તક લખાવ્યે જતી."

"આ વાત મેં કોઈ પાસે સાંભળી છે ખરી. એક વાત પૂછું—આપ આવું લખાણ શા માટે લખતા ?"

"હું એ વખતે નિર્ણય કરવા માગતો હતો કે આવી ઘટનાઓમાં કેટલું સત્ય રહેલું છે, અને મગ્ન ચૈતન્યમાંથી કેટલું સૂચન આવે છે અંતર્લીન ચેતનામાં થઈને."

---

*ભગવાનના આદેશમાં જીવનને ચરિતાર્થ કરવું એનું નામ જ મનુષ્યત્વ. આપણને જે ગોચર થાય છે તેમાં ઐક્ય રહેલું છે એ વાતનો સ્વીકાર કરવા છતાં તેની પ્રકાશલીલાની બહુમુખતાને આપણે અંગીકાર કરવી જ જોઈએ. જીવનની બધી સમસ્યા જ મૂળમાં તો સુષમાની-સુમેળની સમસ્યા છે.

(શ્રી અરવિંદે આ વસ્તુ પોતાને હાથે આ શબ્દોમાં લખી આપી હતી: "At the time I was trying to find out how much of truth and how much of subliminal suggestion from the submerged consciousness there might be in phenomena of this kind.")

"પણ એ વાત રહેવા દો," તેમણે કહ્યું, "તમારા મૂળ પ્રશ્ન ઉપર જ આવું."

"પાર્થિવ ભૂમિકામાં જે કર્મો તમને મૂલ્યવાન લાગે છે," તેમણે કહ્યું, "તે બધાં છોડવાં જ પડશે એવું કંઈ નથી. તો પણ તે ભૂમિકાની બધી વસ્તુઓની આસક્તિમાંથી તમારે મુક્ત થવું પડશે—પછી તમે કર્મચક્રની મધ્યમાં રહો કે બહાર રહો. કારણ તમે એ આસક્તિને જો પોષ્યે રાખો તો ઉપરનો પ્રકાશ અવ્યાહત રીતે તમારામાં થઈને તમારી પ્રકૃતિનું રૂપાન્તર નહિ સાધી શકે."

"એનો અર્થ શું એવો થયો કે મારે, દાખલા તરીકે લાગણી, મૈત્રી અથવા સ્નેહ-પ્રેમના આનંદને પણ છોડવો પડશે?"

"તેમ નથી. સ્નેહ, લાગણી અથવા મૈત્રીથી દૂર રહ્યા વિના ભગવાનની પાસે જવાય જ નહિ, એવું કશું નથી. બલકે ઊલટું છે: ભગવાનના સાન્નિધ્યના અને ઐક્યના અનુભવને પરિણામે સાધક જે દિવ્યચેતના પામે છે, તેનું એક આનુષંગિક ફળ એ આવે છે કે બીજા બધાનું પણ સાન્નિધ્ય અને બીજા બધા સાથે પણ ઐક્ય અનુભવાય છે.* માયાવાદીઓના યોગમાં અને સંન્યાસયોગમાં ચરમ લક્ષ્ય મૈત્રી અને સ્નેહના બધા પ્રકારના સંબંધો છોડી દેવાનું, આ વિશ્વજગતના જીવ અને અન્ય સર્વ કાંઈની પ્રત્યે આસક્તિથી મુક્તિ પામવાનું એટલે કે મોક્ષ હોય છે; જો કે ત્યાં પણ, છેવટે છેવટે નિર્વાણની પહેલાં જ જીવ પ્રત્યે એક પ્રકારની કરુણા અથવા અનુકંપાનો ભાવ આવે છે–જેમ કે બૌદ્ધ સાધનામાં. પણ અન્યની સાથે ઐક્યાનુભવ અથવા અન્ય પ્રત્યે સ્નેહપ્રેમનો

---

* પાછળથી શ્રી અરવિંદે પોતાને હાથે લખી આપ્યું હતું : Absence of love and fellow-feeling is not necessary to the Divine nearness; on the contrary a sense of closeness and oneness with others is a part of the Divine consciousness into which the Sadhaka enters by nearness to the Divine and the feeling of oneness with the Divine."

વિશ્વભૌમ આનંદ એ જ જીવનમુક્તિને અથવા સર્વાંગીણ પરિણતિને આવશ્યક છે—અને એ મુક્તિ અને પરિણતિ જ પૂર્ણ યોગનું ધ્યેય છે*"

મેં કહ્યું : "મને શું થયું છે, કહું છું. કૃપા કરીને સાંભળો. જીવન મને સદા ખૂબ ગમે છે. પણ નાનપણમાં–તેર વરસની વયે હું શ્રી રામકૃષ્ણ પરમહંસ-દેવની અસર તળે આવ્યો હતો. મારા મનમાં પાકી ખાત્રી થઈ કે 'ઈશ્વરદર્શન એ જ માનવજીવનનો હેતુ છે.' વિલાયત ગયો ત્યારે તે દેશના ઠાઠમાઠ અને ભપકાથી પહેલાં તો મારી આંખ અંજાઈ ગઈ હતી. પરંતુ ધીમે ધીમે પેલો નાનપણનો સ્વર જ પાછો પ્રગટ થયો. મને થયું કે આ બધું નકામું છે, પોકળ છે, માયા છે—યશ, માન, ધન, જન, ખ્યાતિ, કર્મ, સેવા, કલા બધું જ નકામું છે—ભગવાનને મેળવ્યા પછી જ એ બધાંનો અર્થ રહે છે, નહિ તો બધું પોકળ છે, માયા છે.

"દેશમાં પાછો આવ્યો ત્યારે મારે અગણિત મિત્રો થયા–ધનદોલત, પ્રસંગ અને લોકોમાં ભળવાની શક્તિ હતી એટલે હશે. પણ નવાઈની વાત છે કે 'આધ્યાત્મિક' ભારતીય મિત્રોમાંથી કોઈને ઈશ્વર વિષે ઝાઝો વિચાર કરતા મેં જોયા નથી. મારા ઓળખીતાઓમાંથી તો ઈશ્વરને શોધનાર મેં માત્ર એક અંગ્રેજ મિત્રને જ જોયા–રેનાલ્ડ નિકસનને. તેમણે જ મને પહેલ વહેલું કહ્યું કે આપ મહાન યોગી છો. તેમણે આપનાં પુસ્તકો વગેરે વંચાવ્યાં. ત્યારથી માંડીને મને હંમેશાં એમ લાગ્યા જ કર્યું છે કે જો આપની પાસેથી દીક્ષા મળે તો જ કદાચ હું આ દુર્ગમ પથનો પથિક થઈ શકું—નહિ તો એ અસંભવિત છે. પરંતુ પેલી તરફ વળી જીવન પણ મને ખેંચી રહ્યું છે. જેમકે હમણાં હું

* પાછળથી શ્રી અરવિંદે પોતાને હાથે લખી આપ્યું હતું : An entire rejection of all relations is indeed the final aim of the Mayavadin and in the ascetic yoga an entire loss of all relations of friendship and affection and attachment to the world and its living beings would be regarded as a promising sign of advance towards liberation, *Moksha;* but even there, I think, a feeling of oneness and unattached spiritual sympathy for all is at least a penultimate stage, like the compassion of the Buddist before turning to *moksha* or *nirvana.* In this yoga the feeling of unity with others; love universal joy and Ananda are an essential part of the liberation and perfection which are the aim of the Sadhana."

કહેતો હતો ને તેમ સામાજિક આદાન-પ્રદાન, મિત્રતા, સ્નેહપ્રેમ એ બધું. પ્રશ્ન એ થાય છે કે યોગ કરવો હોય તો શું આ બધું છોડવું જ જોઈએ? મુશ્કેલી એ છે કે આ બધી વસ્તુઓ મનને પૂરો સંતોષ આપી શકતી નથી, છતાં એ બધું છોડવું પડશે એવો વિચાર કરતાં પણ મનમાં દુઃખ થાય છે. આમ કેમ થતું હશે, કંઈ સમજાતું નથી."

શ્રી અરવિંદે ખૂબ ધ્યાનપૂર્વક સાંભળ્યું, સાંભળતાં સાંભળતાં તેમના મુખ પર મૃદુ હાસ્ય ફરક્યું, પણ તેમાં એટલી તો કરુણા રહેલી હતી. થોડી વાર એકીટશે મારા તરફ જોઈ રહ્યા. પછી ધીર કંઠે બોલ્યા:

"તમે જાણો છો કે સામાજિક સંબંધો, મિત્રતા, સ્નેહપ્રેમ, લાગણી એ બધાંનો પાયો પ્રાણગત છે, અને એ બધાંનું કેન્દ્ર આપણી અહંબુદ્ધિ છે. બધા માણસો એક બીજાને ચાહે છે, બીજા આપણને ચાહે એમાં સુખ છે એટલા માટે. બીજાની સાથે હળીએ મળીએ તો આપણો અહં વિસ્તાર પામે છે અને તેથી મન ખુશ થાય છે એટલે, પ્રાણશક્તિની આપલે કરવાથી આપણું વ્યક્તિ-રૂપ પોષાય છે, ખીલે છે એટલે. એ ઉપરાંત બીજા પણ સ્વાર્થમય ઉદ્દેશો ભળેલા હોય છે. બેશક, ઉચ્ચતર આધ્યાત્મિક, આંતરિક, માનસિક અને પ્રાણિક તત્ત્વો પણ એમાં હોય છે, પણ ઉત્તમોત્તમ નમૂનામાં પણ ખૂબ ભેળસેળ હોય છે જ. એટલા માટે જ ઘણીવાર, કારણ કે વિના કારણે, સંસાર, જીવન, સમાજ, પ્રિયજન, લોકહિતૈષણા—બધું જ બેસ્વાદ લાગે છે, અતૃપ્તિ જગાડે છે. લોક-હિતૈષણામાં પણ અહંબુદ્ધિ ખૂબ ખૂબ રહી શકે છે, એ ખ્યાલમાં રાખવું *

---

* શ્રી અરવિંદે પાછળથી લખ્યું હતું: Human society, human friendship, love, affection, fellow-feeling are mostly and usually —not entirely or in all cases—founded on a vital basis and are ego-held at their centre. It is because of the pleasure of being loved, of enlarging the ego by contact and penetration with another, the exhilaration of the vital interchange which feeds their personality that men usually love and there are also other and still more selfish motives that mix with this essential movement. There are of course higher spiritual, psychic, mental, vital elements that come in or can come in: but the whole thing is very mixed even at its best. This is the reason why at certain stage with or without apparent reason the world and life and human society and philanthropy (which is as ego-ridden as the rest) begin to pall."

"કોઈ વાર", શ્રી અરવિંદે કહ્યું, "એ અરુચિના મૂળમાં સંગીન કારણ હોય છે, જેમ કે પ્રાણની કોઈ મૂળ કામનાને આઘાત લાગ્યો હોય, અથવા પ્રિય-જનના સ્નેહથી વંચિત થવું પડયું હોય, અથવા કદાચ એકાએક આપણને માલૂમ પડયું હોય કે જેમના ઉપર આપણે પ્રેમ કરતા આવ્યા છીએ તેમને પૂરા ઓળખી શકયા નથી, અથવા માણસોને આપણે આજસુધી જેવા માનતા આવ્યા હતા તેવા તેઓ નથી. બીજાં પણ અનેક કારણો હોઈ શકે. પણ ઘણે ભાગે તો આ વિતૃષ્ણા પેદા થવાનું કારણ આપણી આંતર ચેતનતાને મળેલી કોઈ ગુપ્ત નિરાશા હોય છે—ઘણી વખતે એ વસ્તુ મનમાં સ્પષ્ટ નથી હોતી—આપણી ચેતના આ બધી વસ્તુઓ પાસે કોઈક એવી ચીજની આશા રાખી બેઠી હોય છે, જે એ પૂરી પાડી જ ન શકે. પરિણામે કોઈ કોઈ વૈરાગ્ય તરફ ઝૂકી પડે છે અને કઠોર ઔદાસીન્યને, મોક્ષને વળગી પડે છે. અમારા પૂર્ણ યોગમાં અમે એમ કહીએ છીએ કે આ ભેળસેળને હાંકી કાઢવી પડશે, કોઈ શુદ્ધતર ભૂમિકા ઉપર ચેતનાને પ્રતિષ્ઠિત કરવી પડશે જ્યાં આ બધી ગ્લાનિનો પડછાયો પણ ન પડે. તો જ સ્નેહ પ્રેમ, લાગણી, મિત્રતા, એકતા એ બધાંના નિર્ભેળ આનંદનો અનુભવ મળે—જેનો પાયો આધ્યાત્મિક અને સ્વયંસિદ્ધ હોય. આ થવા માટે થોડા ફેરફારની જરૂર હોય છે—જે રીતે આ બધી પ્રવૃત્તિઓની રમત પહેલાં ચાલતી હતી તેને બદલે આપણામાંના મહાન અહંને સ્થાપવું પડશે. તે આ બધામાં થઈને તેની પોતાની રીતે પ્રકટ કરશે આત્માનુભવને—એટલે ભગવાનને. યોગની અંદરની વાત આ છે.

"એટલે," તેમણે કહ્યું, "આ આદર્શને તમારે નજર સામે રાખવો પડશે—એટલું સમજી લેવું પડશે કે કોઈ પણ વસ્તુમાં બદ્ધ થયે નહિ ચાલે."

"એ શું મારે માટે સંભવિત છે ?"

"પહેલેથી જ સંભવિત નથી હોતું. તેમ જો હોત તો તો હું કહેત કે તમે અત્યારથી જ મુક્ત પુરુષ થઈ ગયા છો. મારા કહેવાનો હેતુ એ છે કે જો તમે યોગ કરવા માગતા હો તો આ અંતર્મુક્તિના આદર્શને તમારે હંમેશાં તમારી નજર સામે રાખવો પડશે, એટલે કે, જો તમને કશું છોડવાનું કહેવામાં આવે તો તેને માટે તમારે તૈયાર રહેવું પડશે."

"છોડવાનું કહેવામાં આવશે જ આવશે ?"

"બહારથી કદાચ ઘણી વસ્તુઓ ન પણ છોડવી પડે, પણ તેમાં કંઈ લાભ-હાનિ નથી, કારણ અંતરમાં તમારે નિર્લિપ્ત રહેવું જ પડશે. અંતરમાં જો તમે

આસક્તિમુક્ત થઈ શકો તો બહાર જે કાંઈ બંધન આણે એમ હોય તેને ન યે છોડવું પડે. પણ જે કાંઈ અંતરાયરૂપ થઈને ઊભું રહે તેને વિદાય દેવાની તૈયારી રાખવી જ જોઈએ—જો જરૂર પડે તો. યોગની આ એક મુખ્ય શરત તો છે જ."

મેં કહ્યું : "સૂક્ષ્મતર ભૂમિકાની વસ્તુઓને પણ આ વાત લાગુ પડે છે? દાખલા તરીકે સંગીતને ? સંગીત મને અત્યંત પ્રિય છે. તેને પણ મારે છોડવું જ પડશે ?"

શ્રી અરવિંદ મૃદુ હસ્યા : "છોડવું જ પડશે એમ મેં ક્યાં કહ્યું છે? પણ જો યોગ એ તમારા જીવનની સૌથી મોટી વસ્તુ હોત તો તેને માટે સંગીતને છોડવું પડશે એવા વિચારથી પણ તમને આટલો ઉદ્વેગ થાત ખરો ?"

હું ભોંઠો પડી ગયો. મેં નીચું જોયું. ત્યાર પછી સંકોચપૂર્વક કહ્યું : "તમે એમ ન માનશો કે હું સંગીત છોડી શકું એમ નથી. માત્ર,–સમજ્યાને ? –યોગથી સંગીત છોડયાનો ખાડો પૂરાશે જ પૂરાશે એ મારે શી રીતે ખાત્રી-પૂર્વક જાણવું ?–મારી સમસ્યા સહેલી છે–સીધી રીતે કહીએ તો તે આમ કહેવાય, કે કોઈ મોટી વસ્તુને માટે નાની વસ્તુને છોડવી એ મારે માટે મુશ્કેલ નથી, પણ એ મોટી વસ્તુનો પૂર્વાસ્વાદ મળવો જોઈએ. પણ જ્યારે યૌગિક આનંદની મને કશી સ્પષ્ટ કલ્પના જ નથી ત્યારે અધ્રુવને માટે ધ્રુવને પહેલેથી છોડી દેવું પડે એ મને ખટકે છે. કૂળની માયા છોડવા પહેલાં અકૂલનો કંઈક સ્વાદ તો મળવો જોઈએ ને; એવી માગણી શું છેક બેહૂદી ગણાય—અસંગત ગણાય ?"

શ્રી અરવિંદે કહ્યું : "મેં તમને કહ્યું છે કે તમારે સંગીત અથવા એવું બીજું કંઈ છોડવું જ પડશે એવી ફરજ છે નહિ. જે જરૂરનું છે તે માત્ર આટલું જ કે જો જરૂર પડે તો જે છોડવું તમારા યોગને માટે અનુકૂલ હોય તેને વિદાય દેવા તમારે નારાજ ન હોવું જોઈએ."

"પણ એ યોગ મને આપશે શું–એવું જો હું છોડવા પહેલાં પૂછું તો? મનને જો કુતૂહલ થાય—મન જો જાણવા માગે તો ? એનો નિષેધ છે ?"

"નિષેધ નથી, પણ યોગ એ કંઈ મનના કુતૂહલની વસ્તુ નથી. યોગ તો અનુભવવાની વસ્તુ છે–જીવન દ્વારા અનુભવવાની, સમસ્ત સત્તા વડે અનુભવવાની. તમે ખાડો પૂરવાની વાત કરતા હતા ને ? ખાડો તો પૂરાશે. એ વસ્તુ સ્થાયી છે, ગભીર છે. પણ તેના ઉપર હક કરતા વેંત તે હાથમાં

આવી જશે એવું વચન પણ તે પહેલેથી આપતી નથી. તે ઉપરાંત બીજી પણ એક વાત છે. જે બધા આનંદો નીચલી ભૂમિકાની વસ્તુ છે, તે જ્યાં સુધી તમને ખૂબ મહત્ત્વના લાગે છે, ત્યાંસુધી તમે તે બધાને છોડી નહિ શકો. એ બધાની વાસના માણસ ત્યારે છોડી શકે છે જ્યારે એ બધાથી એને ખૂબ ઊંડો તીવ્ર અસંતોષ થાય છે. જ્યાં પાર્થિવ સુખનો અંત આવે છે ત્યાં જ પારમાર્થિક આશ્વાસન શરૂ થાય છે."

સહેજ ચૂપ રહી મેં પૂછ્યું : "પણ જ્યાં સુધી પાર્થિવ વાસના રહે ત્યાં સુધી પારમાર્થિક આનંદનો સ્વાદ પણ ન મળે, એમ કેમ ?"

શ્રી અરવિંદ બોલ્યા : "મુદ્દલ જ ન મળે એ વાત સાચી નથી. જીવનમાં ખૂબ સુખની ક્ષણોમાં પણ અતૃપ્તિની ફાટમાં થઈને કેટલીય વાર ઉપરના પ્રકાશની હાકલ આવે છે. પણ આધાર (પાત્ર) તૈયાર ન હોય એટલે તે હાકલ શમી જાય છે. પછી ફરી વાર અંધકાર છવાઈ જાય છે. એટલે યોગ આપણને ઉપર ધકેલી દે છે જ્યાં પ્રકાશ બુઝાતો નથી. થાય છે શું, કે વાસનાના પાછળ ખેંચતા આકર્ષણને તોડી ન શકીએ તો તે એક જંજીર જેવું બની જાય છે, આપણને જાણે નીચલા જગતની અનેક વસ્તુઓ સાથે બાંધી રાખે છે. યોગનો પ્રદેશ બુદ્ધિ અથવા કલાના પ્રદેશ કરતાં પણ ખૂબ ઊંચે ચઢે છે, એટલે એ બધા પ્રદેશોની કામનાઓ પણ કોઈ નહિ ને કોઈ વખતે આડખીલી થઈને ઊભી રહે છે."

"એમ જો હોય તો આપનાં જુદાં જુદાં લખાણોમાં બુદ્ધિ અથવા કલાના આનંદની આપ પ્રશંસા શા માટે કરો છો ? આપના લખાણમાં પણ બુદ્ધિનો ચમકારો આવો ઉજ્જવળ શા માટે હોય છે ? આપના 'ફ્યુચર પોયેટ્રી'માં કાવ્યરસનાં આટલાં બધાં વખાણ શા માટે કર્યાં છે ? આપના 'સાઈકોલોજી ઑવ સોશિયલ ડેવલપમેન્ટ'માં પણ આપે લખ્યું છે : The highest aim of the aesthetic being is to find the Divine through beauty." (કલારસિકનું ઉચ્ચતમ ધ્યેય સૌંદર્ય દ્વારા ઈશ્વરને પામવાનું છે.)

શ્રી અરવિંદે કહ્યું : "બુદ્ધિની અથવા કલાની પ્રશંસા શા માટે ન કરું ? કેટલેક સુધી એ આપણી પ્રગતિ કરાવે છે જ. ખરું જોતાં આ ક્રમવિકાસ--ઈવોલ્યુશનની વાત છે. મેં એક વાર લખ્યું હતું : Reason was the helper: Reason is the bar: બુદ્ધિ થોડે સુધી મદદરૂપ થાય છે, માર્ગ બતાવે છે. પરંતુ ત્યાર પછી તે દેખી શકતી નથી ત્યાં પણ તે ઉપદેશ

આપવા જાય છે, ત્યારે જ આફત ઊભી થાય છે. કારણ કે ત્યારે તે આપણને છેતરે છે એટલું જ નહિ, પોતે પણ છેતરાય છે. વળી જુદા જુદા માણસો જુદી જુદી સાધનાના અધિકારી હોય છે, એટલે કે તે માર્ગે જ તેઓનો સ્વભાવ સહજ પરિણતિ શોધે છે. બીજી રીતે કહીએ તો, જેઓ બુદ્ધિજગતના પ્રકાશને માટે સારા પાત્ર હોય તેઓ જેઓ માનવજગતના વાસી જ નથી એવા અનેકો કરતાં એક દિશામાં ખૂબ આગળ વધેલા હોય છે. પણ એનો અર્થ એવો નથી કે બુદ્ધિજગતના અનુભવ કરતાં મોટો અનુભવ બીજો નથી. બેશક છે. આધ્યાત્મિક અનુભવનો સ્વાદ મળતાં ન મળતાંમાં જ આપણે એ સમજી શકીએ છીએ. એટલા માટે જ તો માનવજગતનો આનંદ થોડો સમય સુધી આપણને આનંદ આપે છે, તેમ છતાં ધીમે ધીમે તે આનંદ ખૂટતો જાય છે— બેસ્વાદ લાગે છે. ત્યારે ઉચ્ચતર લોકના રસ આનંદની તૃષ્ણા ખૂબ તીવ્ર બને છે—ઉદારતર પ્રદેશનું સૌંદર્ય ભોગવવાની ઇચ્છા જાગે છે. સમજાય છે ?"

"એટલે, આપ એમ કહેવા માગો છો કે યોગ આપણી ચેતનાને વધારે વિશાળ બનાવે છે, ગંભીર બનાવે છે ?"

"હા. અને ક્રમવિકાસનો અર્થ હું એ જ કરું છું—આ પ્રમાણે ધીરે ધીરે ચેતનાનો વિકાસ. માણસના અન્તર્વિકાસમાં એ પછીની ભૂમિકામાં યોગને માર્ગે જ ઊર્ધ્વતર પ્રકાશ અને શક્તિનું અવતરણ થશે."*

*

થોડી વાર પછી મેં પૂછ્યું: "બધું તો સમજયો, માત્ર મારા યોગ કરવા વિષે શું ?"

"દરેક માણસ કોઈ ને કોઈ પ્રકારનો યોગ કરી શકે છે."

"હું તો આપના પૂર્ણયોગની વાત કરું છું."

"એ તો એમ છે," શ્રી અરવિંદ જાણે કંઈક વિચારમાં પડયા હોય એમ બોલ્યા, "કે મારા યોગની દીક્ષા તમને આપી શકાશે કે નહિ તે અત્યારે નહિ કહી શકાય."

"કેમ, કહેશો ?"

---

* And it is Yoga which is to bring down further light and power in the next step of human evolution—the next stage of evolution of human consciousness."

"કારણ, હું જે યોગમાર્ગે જઈ રહ્યો છું તેનું ધ્યેય આપણી સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે—આપણા દેહનું સુદ્ધાં. એ માર્ગ ખૂબ કઠણ છે. એનું ધ્યેય સહેલાઈથી મળે એવું નથી—એમાં જોખમો પણ ખૂબ છે. એટલે હું કોઈને જ એ યોગ લેવાને કહેતો નથી—જો તેની તૃષ્ણા એટલી પ્રબળ નથી હોતી કે તે એને માટે પોતાનું સર્વસ્વ છોડવા તૈયાર હોય.* એટલે કે હું માત્ર એવા માણસને જ મારા યોગમાં દીક્ષા આપી શકું જેને મન એ યોગ સિવાય બીજું કશું જ કરવા જેવું ન લાગતું હોય. તમારામાં હજી એવી તૃષ્ણા કંઈ જાગી નથી. તમારે તો જીવનસમસ્યાનું જરા સમાધાન જોઈએ છે. એટલે કે તમારા જિજ્ઞાસા—seeking—મૂળમાં મનની તૃષ્ણા છે—આત્માની નથી."

મને જરા દુઃખ તો થયું. મેં કહ્યું: "સાંભળો, મને લાગે છે કે આપ કદાચ મારી મુશ્કેલી શી છે તે સમજી નહિ શકયા હો. કારણ, હું સાચેસાચ કહું છું કે મારું આ કૌતૂહલ કેવળ માનસિક નથી—"

"મેં 'કૌતૂહલ' કહ્યું જ નથી, મેં 'જિજ્ઞાસા' કહી છે. તે ઉપરાંત મેં તમારી 'અત્યાર'ની સ્થિતિની વાત કરી છે. એનો અર્થ એવો નથી કે પાછળથી તમારામાં આંતરતૃષ્ણા જાગી જ નહિ શકે."

"સમજ્યો. પણ હું મારી વાત કહું છું. જરા કૃપા કરીને સાંભળો. ૧૯૧૯ થી ૧૯૨૨ સુધી હું યુરોપમાં હતો. અનેક માણસોને હું મળ્યો છું—મનસ્વી, ગુણી, જ્ઞાની, ભાવુક એમ અનેક જાતના માણસો પાસે હું ગયો છું—સત્ય શી વસ્તુ છે એ જાણવા માટે. કારણ ગીતાના વચનમાં મને હમેશાં શ્રદ્ધા રહી છે કે 'પ્રણિપાત, પ્રશ્ન અને સેવા કરીને તત્ત્વદર્શીઓ પાસે સત્યજિજ્ઞાસુ થઈને જવું.' આમ બધા પાસે જવાને લીધે મને લાભ પણ ખૂબ થયો છે—મહાત્માજી, રસેલ, રોલાં, દુહામેલ, રવીન્દ્રનાથ, ચિત્તરંજન, ભાતખંડે અને બીજા પણ અનેક અખ્યાત મહાત્માઓના સંસર્ગથી. એ સૌનો હું આથી ખૂબ ગભીર-ભાવે કૃતજ્ઞ છું. આમ છતાં જીવનનાં દુઃખ, શોક, અવિચાર, નિષ્ઠુરતા જોઈને—હજારો શોકાવહ દશ્યો જોઈને—પ્રકૃતિનું અર્થહીન ઉડાઉપણું જોઈને—માણસને—ભલાને બદલે બૂરું ઇચ્છતો જોઈને હું હંમેશા ખળભળી ઊઠયો છું. હમેશાં

---

* In fact so great are these dangers that I would not advise anybody to run them unless his call is so strong and urgent that he is prepared to stake everything."

મારા મનમાં પ્રશ્ન ઊઠ્યો છે : આ 'બધાંનો શું કંઈ ઉપાય નથી' ? જો હોય તો મળતો કેમ નથી—કેમ આટઆટલી ખોજ કરવી પડે છે? માણસ જો 'અમૃતનો પુત્ર જ' હોય, તો યુગોના યુગ થયાં શા માટે તે વિષયો તરફ આકર્ષાયા કરે છે ? તે ઉપરાંત મારા મનમાં વારંવાર પ્રશ્ન ઊઠતો—"

"બોલ્યે જાઓ, હું ધ્યાન દઈને સાંભળું છું."

મેં કહ્યું : "જ્યારે જ્યારે હું કોઈ મહાન પુરુષની પાસે જતો ત્યારે ત્યારે મારા મનમાં પ્રશ્ન ઊઠતો— શું આમને સત્ય મળ્યું હશે ? શાંતિ મળી હશે ? અંતરના અતલ ઊંડાણમાંથી એક સ્પષ્ટ અવાજ આવતો—ના. આ યુગમાં એક માત્ર શ્રી રામકૃષ્ણદેવને વિષે અંતર કહેતું—હા, તેમને મળ્યું હતું, 'यं लब्ध्वा परमं लाभं मन्यते नाधिकं ततः'—તેમને તે પરમ ધન મળ્યું હતું જે મળ્યા પછી બીજું કાંઈ મેળવવાનું રહેતું નથી. કદાચ આ વધારે પડતું આત્મકથા જેવું લાગતું હશે—"

"ના ના—બોલો."

"મને વારે વારે મનમાં થતું કે શી રીતે એવી અવસ્થાને પમાય—'यस्मिन् स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते'—જ્યાં પ્રતિષ્ઠિત થયા પછી જીવનના બધા સ્વતોવિરોધના ઝઘડાની યંત્રણામાંથી છૂટી જવાય—આનંદથી અને શાંતિથી આપૂર્યમાણ અચલપ્રતિષ્ઠ થઈ શકાય. સંગીત મને ખૂબ ગમે છે એમ મેં આપને કહ્યું છે. પરંતુ મને હમેશાં મનમાં થતું કે આવું આત્મપર ફૂલના જેવું વ્રત સારું ગણાય, જ્યારે હું જોઉં છું કે આ જનારણ્યમાં આટઆટલાં દુઃખનાં કાંટાવન રહેલાં છે ? અંતરમાંથી સાચેસાચ રુદન ઉછાળા મારી ઊઠતું—આ જગતને બદલી ન શકાય ?"

બોલતાં બોલતાં કોઈ એક પ્રકારની શરમે આવીને મારું ગળું રૂંધી દીધું. આટલું બધું ગોઠવી ગોઠવીને બોલવું શું સારું ? રવીન્દ્રનાથનો વિચાર આવતાં જરા હિંમત આવી. ગોઠવીને બોલવામાં શો દોષ હોઈ શકે ? શ્રી અરવિંદ પણ ઓછું ગોઠવીને બોલતા નથી—તો શું માફ નહિ કરે ?

શ્રી અરવિંદના મુખ ઉપર અને આંખોમાં એક અપૂર્વ સ્નિગ્ધતાની છટા પ્રકાશી ઊઠી. મારા તરફ એકીટશે જોઈ રહ્યા. આવી કરુણાભરી દૃષ્ટિ મેં જીવનમાં કદી જોઈ નથી. અંતરમાં શાંતિ પથરાઈ ગઈ.

તેઓ બોલ્યા : "તમારી વાત હું સમજ્યો. મને પોતાને પણ એક વખતે એવી ઇચ્છા થતી હતી કે યોગબળથી જગતને એક ક્ષણમાં બદલી નાખું—માનવપ્રકૃતિને નવા ઢાળમાં ઢાળી દઉં—જગતમાં જે કંઈ બૂરું છે, શોચનીય છે, તે બધાને અબઘડી મારી સાધનાના બળથી લુપ્ત કરી નાખું."

મારા હૃદયમાં લોહી હેલે ચડયું. પહેલી જ મુલાકાતમાં શ્રી અરવિંદ આ પ્રમાણે વાતો કરે છે ? અને તે પણ કોની સાથે ? મારા જેવા એક અજ્ઞાતકુલશીલ અજ્ઞાન યુવક સાથે ? કૃતજ્ઞતાથી હૈયું ભરાઈ ગયું. અંગ્રેજીમાં કહે છે ને—drinking in every word ? શબ્દેશબ્દનું પાન કરતો —તે રીતે સાંભળવા લાગ્યો.

"હું પહેલ વહેલો અહીં આવ્યો હતો," શ્રી અરવિંદ બોલ્યા, "એવી જ આકાંક્ષા અને એવા જ ઉદ્દેશથી—જો કે મારા પોંડિચેરી આવવાનું મુખ્ય કારણ તો એ હતું કે મને અહીં જ સાધના કરવાનો આદેશ મળ્યો હતો."

"હું જાણું છું, આપના પત્ની ઉપરના પત્રોમાં પણ મેં વાંચ્યું છે કે આપ દેશોદ્ધાર કરવા માટે યોગસાધનામાં પડયા હતા."

"સાચી વાત. લેલેને મેં એટલા માટે જ કહ્યું હતું કે યોગસાધના કરવા હું તૈયાર છું, પણ કર્મસાધના છોડીને નહિ. દેશ અને કાવ્ય બંને ઉપર મને ખૂબ પ્રેમ હતો."

"પછી ?"

"લેલે તૈયાર થયા, મને દીક્ષા આપી. થોડા દિવસ પછી મને માત્ર પોતાના અંતરનો આદેશ માનીને ચાલવાનું કહીને તેમણે વિદાય લીધી."

"હું પોંડિચેરી આવીને પૂર્ણયોગની સાધનામાં બેઠો. પણ સાધના કરતાં કરતાં મારી દષ્ટિ જ ફરી ગઈ. હું જોઈ શકયો કે અત્યારે ને અત્યારે આ બધું કરી શકાય એમ જે માનતો હતો તે કેવળ મારા અજ્ઞાનને લીધે."

"અજ્ઞાન ?"

"હા, કારણ, તે વખતે હું આ સત્ય નહોતો જાણતો કે જગતના મનુષ્યોનો ઉદ્ધાર કરવા માટે કોઈ માણસ વિશ્વસમસ્યાના અંતિમ સમાધાન ઉપર પહોંચી જાય એટલું જ બસ નથી—પછી ભલેને તે માણસ ગમે તેટલો અસામાન્ય કેમ ન હોય. માત્ર પોતે અમૃતલોકમાં પહોંચે એટલું બસ નથી—વિશ્વમાનવે પણ અમૃતલાભના અધિકારી થવું જોઈએ. ખરી સમસ્યા જ આ છે.

માત્ર ઉપરનો પ્રકાશ ઊતરવા તૈયાર થાય એટલું બસ નથી—તે તો અવાર-નવાર ઊતરે પણ ખરો—પણ તેને આપણે સુપ્રતિષ્ઠિત નહિ કરી શકીએ જો નીચેનો આધાર—ગ્રહિતા આધાર ધારણ ન કરી શકે તો.* એટલે આપણે તો માત્ર એટલું કરી શકીએ કે જે કાંઈ અનુભવ આપણને થયો હોય તે કેટલે અંશે વહેંચી શકીએ—એટલે કે જેઓ થોડે ઘણે અંશે ગ્રહિષ્ણુ (receptive) હોય તેમને જ આપી શકીએ—જો કે આ પણ બહુ સહેલું ન માનવું. તમે પોતે મેળવી શકયા એટલે કંઈ જે મેળવ્યું તે વહેંચી શકાય એમ નથી હોતું. કારણ કે ગ્રહણની શક્તિ જુદા પ્રકારની હોય છે. આપણે કહેવું હોય તો એમ કહી શકીએ કે આપી શકવું એ એક વિશેષ શક્તિ જ છે. કોઈ માણસ કદાચ ધારણ કરી શકે, પણ જે મળ્યું હોય તે વહેંચી નહિ શકે—કોઈ વળી એવો હોય છે જે કાંઈ મેળવવા માગે તો યે ધારણ ન કરી શકે. ટૂંકમાં, જે માણસો ગ્રહણ પણ કરી શકે અને દાન પણ કરી શકે એવા માણસોની સંખ્યા ખૂબ ઓછી હોય છે. એટલે જ હવે તમને સમજાયું હશે કે સમસ્યા મુદ્દલ સહેલી નથી. તમે કરો પણ શું ? બધા જ થોડા આનંદ કે જ્ઞાન ઇચ્છે છે કે તમે આપશો ? બધાનો આંતરવિકાસ કે જ્ઞાન સરખાં નથી હોતાં. એટલે આ વિશ્વજગતના દુર્દૈવનું કોઈ સમાધાન અથવા રામબાણ ઔષધ ચમત્કાર કરીને ઝટપટ બતાવી દેવું અસંભવિત છે. ઇતિહાસને પાને પાને આ વાતની સાક્ષી મળશે."

શ્રી અરવિંદની વાત સાંભળતાં સાંભળતાં મને બુદ્ધની એક વાત યાદ આવી. એક સંશયી તાર્કિકે આવીને તેમને પૂછ્યું : "નિર્વાણ જો આધિવ્યાધિની એવી રામબાણ ઔષધિ હોય તો બધાંને શું કામ એ વરદાન નથી આપી દેતા ?" બુદ્ધે એનો જવાબ ન આપતાં કહ્યું : "ઘેર ઘેર જઈને એક વાર પૂછી આવ—કોને શું જોઈએ છે ?" તે ફરી આવીને બોલ્યો : "કોઈએ રૂપિયા માગ્યા, કોઈએ યશ માગ્યો, કોઈએ સ્ત્રી માગી, કોઈએ પુત્ર માગ્યો, કોઈએ આરોગ્ય

*"No real peace can be till the heart of man deserves peace; the law of Vishnu cannot prevail till the debt to Rudra is paid..Teachers of the love and Oneness there must be, for by that way must come the ultimate salvation, but not till the timespirit in man is ready, can the inner and ultimate prevail over the outer and immediate reality. Christ and Buddha have come and gone but it is Rudra who still holds the world in the hollow of his hand....(Sri Aurobindo's Essays on the Gita—Vision of the World-spirit).

માગ્યું—" બુદ્ધે કહ્યું : "નિર્વાણ કોઈએ માગ્યું હતું ?" "ના, કોઈએ નહિ." એટલે બુદ્ધ હસીને બોલ્યા : "જે વસ્તુ કોઈ માગતું નથી તે વસ્તુ તેને શી રીતે આપવી, કહો વારુ ?"

* * *

મેં જ શાંતિનો ભંગ કર્યો, કહ્યું : "પણ આ વ્યાપક દુ:ખશોક, ભય, કષ્ટ—"

"એ બધાંનું કારણ જો અજ્ઞાન હોય, અને માણસ જો જ્ઞાન ન ઈચ્છતાં હોય, તો તેમનાં દુ:ખનું નિવારણ તમે શી રીતે કરવાના હતા ? જ્યાં સુધી તેઓ અંધ આસક્તિના જડબામાં જ રહેવા માગતા હશે ત્યાં સુધી તેમણે ભોગવવું જ પડશે—એનો ઉપાય શો, કહો ? કર્મ કર્યા પછી તેના ફળમાંથી શી રીતે છૂટી શકાય ?"

"તો પછી તમે સાધના શા માટે કરો છો? પોતાની મુક્તિ કે સિદ્ધિ માટે?"

"ના, તેમ હોત તો મને આટલો બધો વખત ન લાગત. હું શાની સાધના કરું છું, એ કહીશ તો યે તમે અત્યારે સમજી શકવાના નથી અથવા ખોટું સમજશો. પણ આટલું જાણી મૂકજો કે હું ઊર્ધ્વતર લોકનો કોઈ એવો પ્રકાશ આ જગતમાં લાવવા માગું છું, એવી કોઈ શક્તિ અહીં ક્રિયમાણ કરવા માગું છું—જેને પરિણામે માનવ—પ્રકૃતિમાં ભારે ફેરફાર ઊથલપાથલ થઈ જશે. એ એવી કોઈ દિવ્ય શકિત હશે જે આજ સુધીમાં કદી પૃથ્વી ઉપર પ્રકટ રીતે ક્રિયમાણ થઈ નથી."

"આપના જુદા જુદા લેખોમાં શું એ શકિતને જ આપે અતિમાનસ—Supramental—શક્તિ કહી છે?"

"હા, પણ અહીં નામની વાત નથી કરતો. મૂળ વાત એ છે કે એ એક એવી દિવ્ય શકિત છે કે આજ સુધી એ આપણી વચ્ચે અનેક કારણોસર કામ કરી શકી નથી."

"યુગ અનનુકૂલ હતો કેની?"

"તે પણ ખરું. બીજાં પણ અનેક કારણો છે, પણ તે બધાં કહીશ તો ફરી ગેરસમજ ઊભી થશે, કારણ હું જેને 'સુપ્રામેન્ટલ' કહું છું તેને મન વડે પહોંચી શકાય એમ નથી, એટલે જ ભાષા વડે તેને વિષે કંઈ બોલવા જઈએ એટલે તે ઉખાણા જેવું લાગે."

"પહેલાના યુગના યોગીઓને પણ શું એ અતિમાનસ શક્તિની ખબર નહોતી?"

"કોઈ કોઈ જાણતા હતા. પણ—શી રીતે તમને સમજાવું—તેઓ એ શક્તિ સાથે મિલન સાધતા પોતે તેના પ્રદેશમાં ચડીને—તેને આપણા પ્રદેશમાં ઉતારી લાવીને નહિ. એ શક્તિ આપણી ચેતનાની અંગાંગી થઈને રહે એવો પ્રયત્ન પણ કદાચ તેમણે નહિ કર્યો હોય. પણ આ બધા વિષે હું ઝાઝું કહેવા માગતો નથી, એટલા માટે કે આવી જાતની ચર્ચા એ કેવળ ગલ્લાવતરું જ હોય છે, કારણ મન વડે એ બધી બાબતોને પહોંચવું તો દૂર રહ્યું, તેનો આભાસ મેળવવો પણ સંભવિત નથી."

"પણ જગતના દહાડે દિવસે શા હાલ થવા બેઠા છે! હું આ બાબતમાં જરા યુક્તિવાદી—Rationalist—છું, ક્ષમા કરશો ને?"

શ્રી અરવિંદ જરા હસ્યા, બોલ્યા: "કરીશ, કારણ હું પોતે પણ જગતની શોચનીય સ્થિતિની વાત કહી ગયો છું, અનેક વાર. એટલું જ નહિ, સ્થિતિ હજી ખરાબ થવાની છે એ પણ હું જાણું છું. ઘણા મોટા મોટા ગુહ્યવિદ્ યોગીઓ કહે છે કે જગતની સ્થિતિ જેમ જેમ ખરાબ થતી જશે, તેમ તેમ ઉપરથી આ પ્રકાશ અથવા અવતરણની ક્ષણ પણ પાસે આવતી જશે. પણ આપણું લૌકિક મન એ બધું જાણી શકતું નથી. એણે કાં તો માનવું રહ્યું, કાં તો ન માનવું રહ્યું—જોવું રહ્યું કે થાય છે કે નથી થતું. ×

ગીતાનાં વચન મને યાદ આવ્યાં: यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत, अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्" (જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, અધર્મનું અભ્યુત્થાન થાય છે, ત્યારે ત્યારે હું અવતરું છું). પણ એ વિષે પ્રશ્ન પૂછવાનું રહેવા દઈ હું માત્ર એટલું જ બોલ્યો: "એ શક્તિ કોના ઉપર કાર્ય કરશે?"

---

× The usual idea of the occultists about it is that the worse they are the more is probable the coming of an intervention or a new revelation from above. The ordinary mind cannot know: it has either to believe or disbelieve—wait and see—"શ્રી અરવિંદે સ્વહસ્તે લખ્યું હતું.

"આપણા રોજિંદા જીવનમાં–(Physical) દૈહિક જગતમાં વસ્તુ (Matter) ઉપર."

"આ પ્રયત્ન પહેલાંના યોગીઓએ કર્યો નહોતો?"

"અતિમાનસ શક્તિની મદદથી નહિ. તેમણે દેહ અને વસ્તુ સંબંધે ઝાઝો વિચાર કર્યો નથી, કારણ કે આધ્યાત્મિક શક્તિ દ્વારા દેહનું વસ્તુનું રૂપાંતર કરાવવું એ સૌથી કઠણ છે, પણ એ જ કારણે એ કામ કરવું જોઈએ."

"શું ભગવાન ખરેખર એવું ઇચ્છે છે કે આવી કંઈક મહાન ઘટના બને?"

"જરૂર ઇચ્છે છે. હું એ પણ ચોક્કસ જાણું છું કે અતિમાનસ સત્ય છે. અને તેનો આવિર્ભાવ પણ યથાસમયે થશે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે કયારે અને શી રીતે થશે. એ પણ ઉપરવાળાઓએ નક્કી કરી રાખ્યું છે—અને છતાં નીચે આપણે એટલા માટે હજારો વિરુદ્ધ શક્તિઓ વચ્ચે લડી રહ્યા છીએ."*

"બરાબર સમજાયું નહિ–માફ કરજો"

શ્રી અરવિંદ બોલ્યા: "વાત જરા અઘરી છે. થયું છે એવું કે આ પાર્થિવ જગતમાં જે થવાનું હોય છે તે ઘણી વાર પ્રચ્છન્ન રહે છે, આપણે જે નજરે જોઈએ છીએ તે તો બધું હજારો સંભાવનાઓની તૈયારી હોય છે–આપણે જોઈએ છીએ કે જુદી જુદી શકિતઓ કંઈક બને એટલા માટે અથવા કંઈક મળે એટલા માટે પ્રયત્ન કરી રહી છે—જો કે એ બધાનું લક્ષ્ય પરિણામ શું છે, તે આપણી દષ્ટિ જોવા પામતી નથી. તો પણ એટલું કહી શકાય કે આ યુગમાં એવા અનેક માણસો જન્મ્યા છે—જેમને મોકલવામાં આવ્યા છે–એટલા માટે કે એ અભીષ્ટ આ યુગમાં જ સિદ્ધ થાય. વાત આમ

* શ્રી અરવિંદે પોતાને હાથે જે લખ્યું હતું તેનો અનુવાદ લગભગ અશક્ય છે એટલે અહીં આખું જ ઉતાર્યું છે:

As to whether the Divine seriously means something to happen, I believe it is intended. I know with absolute certitude the Supramental is a truth and that its advent is in the very nature of things inevitable. The question is as to the when and the how. That also is decided and predestined from somewhere above; but it is here being fought out amid a rather grim clash of conflicting forces."

છે. મારી શ્રદ્ધા અને ઇચ્છા કહે છે કે આ યુગમાં જ અલૌકિક બનાવ બનશે. બેશક હું અત્યારે બુદ્ધિની પરિભાષામાં જ વાત કરું છું—મિસ્ટિક રૅશનલ રીતે".*

"પણ જરા વધારે ન કહો તો–"

શ્રી અરવિંદ હસ્યા : "હવે વધારે બોલીશ તો વધારે પડતું કહી નાખ્યું કહેવાશે."×

"પણ આ મહાન બનાવ ક્યારે બનશે?"

"હું જોષીઓની પેઠે વાત કરું એમ તમે ઇચ્છો છો? રૅશનલ થઈને તમને એ શોભતું નથી."+

મેં કહ્યું : "એટલે જ કદાચ આપે આપના 'સિન્થસિસ ઑવ યોગ' પુસ્તકમાં લખ્યું છે કે વાસ્તવ જગત આધ્યાત્મિકતાના માર્ગમાં આડખીલી રૂપ છે એટલા માટે વાસ્તવ જગતને વિદાય આપવી જોઈએ એવું નથી, કારણ અદૃશ્ય નિયતિના વિધાનને લીધે આપણી સૌથી મોટી મુશ્કેલી જ આપણી સૌથી મોટી સગવડ થઈ પડે છે."

શ્રી અરવિંદે એ વાતનો જવાબ આપ્યો નહિ—માત્ર સહેજ હસ્યા.

મેં કહ્યું : "પણ આપ વાસ્તવ જગતનું જે આ આમૂલ રૂપાંતર થાય એમ કરવા ઇચ્છો છો, એ પ્રયત્ન કોઈ પણ યુગમાં કોઈએ કર્યો નહોતો?"

"પ્રયત્ન કદાચ થયો પણ હશે, પરંતુ કંઈ પરિણામ આવ્યું નથી."

"શી રીતે જાણ્યું?"

---

* શ્રી અરવિંદે પોતાને હાથે આ પ્રમાણે લખ્યું હતું : "For in the terrestrial world the predetermined result is hidden and what we see is a whirl of possibilities and forces attempting to achieve something with the destiny of it all concealed from human eyes. This is however certain that a number of souls have been sent to see that it shall be now. That is the situation. My faith and will are for the now. I am speaking of course on the level of human intelligence-mystically-rationally, as one might put it."

× "To say more would be going beyond the line."

\+ "You don't want me to start prophesying! As a rationalist, you can't."

જો પરિણામ આવ્યું હોત તો ત્યાર પછી જે સાધકો આવ્યા તેમને કંઈ ને કંઈ ફળ મળ્યું જ હોત. કોઈ પણ આધ્યાત્મિક અનુભવ જો એકવાર માનવ ચેતનામાં પૂરેપૂરો ઊતર્યો હોય—તો તે ફરી ગુમ થઈ જતો નથી."

"તો તો એ શકિતનો પહેલાં આપે પોતે અનુભવ કરવો પડશે?"

"એ તો છે જ. પ્રત્યેક યુગમાં સહુ દેશમાં જ નવો ભાવ કહો, પ્રકાશ કહો, આઈડિયા કહો કોઈ એક માણસમાં જ ઊતરે છે. ત્યાંથી પછી બે જણ, ચાર જણ, દશ જણ—એમ કરતો કરતો ફેલાય છે. ગીતા પણ એ જ કહે છે કે 'यत् यत् आचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः'—શ્રેષ્ઠ પુરુષો જે કરે છે તેનું જ અનુસરણ કનિષ્ઠો કરે છે. પરંતુ મારા યોગમાં વ્યક્તિગત અનુભવથી મારા કામની શરૂઆત થઈ છે. બીજા અનેક યોગમાં અનુભવ —realisation— એ જ ચરમ લક્ષ્ય હોય છે. મારા યોગમાં પ્રકાશ–manifestation– એ જ મુખ્ય ઉદ્દેશ્ય છે. એટલે, હું કહું છું કે, પહેલાં આ અતિમાનસ શક્તિનો પત્તો મારે મેળવવો જ જોઈશે. એટલે કે મારે ત્યાં પહોંચવું જોઈશે—માત્ર તે ઊંચે જવાનો અર્થ તે શક્તિને ઉતારવી એટલો થાય છે. આરોહણ અવતારણને માટે હોવું જોઈએ."

"એ અવતારણનું ફળ કઈ રીતે આવશે?"

"આપણી સત્તામાં એ શક્તિનો સ્પર્શ થતાં જ આપણી ચેતના તેજ-અંધારમય માનસની ભૂમિકા છોડી ધીરે ધીરે અતિમાનસના મુક્ત પ્રકાશની ભૂમિકામાં ચડશે. પરિણામે તેના પ્રભાવથી મન, પ્રાણ અને દેહનું રૂપાંતર થશે. કારણ તે તેના વસ્તુજગત ઉપર પ્રભાવ પાડી ધીરે ધીરે યુગાંતર આણશે.

"પણ આનો તમે ઊંધો અર્થ ન કરશો. હું એવું નથી કહેતો કે આ શક્તિનું અવતરણ થતાં વેંત જ આ જગત અતિમાનસ જગત થઈ જશે અથવા બધાં માણસોનું સંપૂર્ણ રૂપાંતર થઈ જશે. એ અસંભવિત છે."*

---

* શ્રી અરવિંદે કહ્યું હતું : "What I want to achieve is the bringing down of the Supramental to bear on this being of ours so as to raise it to a level higher than the mental and from there change and sublimate the workings of mind, life and body." વળી તેમણે મને લખ્યું હતું : "What we propose just now is not to make the earth a supramental world, but to bring down the supramental as a power and established consciousness in the midst of the rest–to let it work there and fulfil itself, as mind descended into life and matter has worked as a Power there to fulfil itself in the midst of the rest."

"આપણે પૂર્ણ રૂપાંતરને માટે હજી તૈયાર નથી એટલે?"

'માત્ર એ જ કારણે નહિ—પણ એ રૂપાંતરના માર્ગમાં અનેક દુસ્તર મુશ્કેલીઓ રહેલી છે એટલે. જડજગત, વસ્તુજગત એ અંધકારનું અચલાયતન છે—દુર્જય દુર્ગ છે, જ્યાં યુગ યુગ થયાં તામસિકતા રાજ કરતી આવી છે—ત્યાં પ્રકાશ પહોંચાડવો એ સહેલી વાત નથી. આ અતિમાનસ શકિત પોતાનો માર્ગ પોતે કરી લઈ શકે ખરી જો તે એક વાર ઊતરવા પામે તો—એટલે કે જો પાર્થિવ ચેતના તેને એકવાર ધારણ કરી શકે તો."

"ધારો કે એ શક્તિ કાર્યકારી થવા પામી તો પહેલાં તે ક્યાં કાર્યકારી થશે?"

"પહેલાં તો થોડા માણસોમાં, -એવા બેચાર માણસોમાં, જેઓ કંઈક અંશે તૈયાર થયેલા હશે, એ શક્તિનું વાહન થવાનું સામર્થ્ય જેમણે મેળવ્યું હશે. તેઓ જગતને બતાવશે કે માણસની સત્તાનું રૂપાંતર થાય તો તે કેવો થઈ શકે. તમને સમજાય છે ને?"

"જરા જરા સમજાય છે એમ લાગે છે. હું એક વાત પૂછું?—એ શક્તિની અસર આ મૂઠીભર માણસો ઉપર જ થશે કે ઘણા માણસો ઉપર થશે?"

"ઘણા ઉપર તો થશે જ. પૂર્ણયોગ જો મારા જેવા માત્ર એકબે જણને માટે જ હોત તો તેનું મૂલ્ય પણ ખૂબ ઓછું હોત. કારણ હું કાંઈ આ વાસ્તવ જીવનને છોડવા માગતો નથી—હું તો એનું આમૂલ ગભીર પરિવર્તન માગું છું."

"પણ, એ પરિવર્તનને માટે આપની પાછળના માણસોએ પણ આપની માફક અમાનુષિક સાધના કરવી નહિ પડે ને ?"

શ્રી અરવિંદ હસ્યા: "ના, પછી નહિ કરવી પડે. એટલે જ તો હું ઘણા સમય પહેલાંથી કહેતો હતો કે મારો યોગ માત્ર મારે માટે નથી—બધાં માણસો માટે છે. જેને અજાણ્યા જંગલમાંથી પહેલ વહેલો રસ્તો કાઢી ચાલવાનું આવે છે તેને ઘણાં દુ:ખો વેઠવાં પડે છે, પાછળ આવનારાઓનો રસ્તો સુગમ કરવા માટે."

મને પરમહંસદેવની ઉપમા યાદ આવી: જે અગ્નિ ચેતાવે છે તેને ખૂબ જહેમત ઉઠાવવી પડે છે—પરંતુ તે અગ્નિએ જે લોકો તાપે છે તેઓ કહે છે, કેવી મજા !

મારા મનમાં એકાએક જબરો સંભ્રમ જાગ્યો. મને થયું આવા મોટા એક મહાપુરુષ આપણી વચમાં રહે છે પણ કેટલા જણ એમને ઓળખે છે ? પરમહંસદેવના જમાનામાં પણ તેમને કેટલા જણે આળખ્યા હતા ? ફરી પ્રણામ કરવાની એકાએક ઇચ્છા થઈ આવી. પણ ભારે પ્રયત્ન કરી તે ઊભરાને દબાવી દીધો. શ્રી અરવિંદ એકીટશે મારી તરફ જોઈ રહ્યા હતા.

મને સમજાયું નહિ કે શાથી પણ ફરી મનમાં સંદેહ જાગ્યો, હું બોલ્યો: "પણ શું એ ખરેખર સંભવિત છે?"

"એકાદ જણને માટે એ સંભવિત છે. મેં એ વસ્તુ પ્રત્યક્ષ અનુભવી છે," એમ કહીને શ્રી અરવિંદે જોર આપવા માટે હાથનો એક અભિનય કર્યો, "કે શી રીતે પ્રબળ વિજયી શક્તિની ક્રિયા ક્ષણ વારમાં આત્માને દેહના તાબામાં રાખવા ઇચ્છનાર બધી અસરોને દૂર કરી દે છે. દાખલા તરીકે, જો કોઈ યોગી બહારના શક્તિજગતમાંથી પોતાને અલગ કરી એકાંતમાં રહે તો અબઘડી તેઓ બધી જાતના રોગોથી મુક્ત થઈ શકે."

"પણ બહાર આવે ત્યારે કેમ મુક્ત ન રહી શકે ?"

"કારણ બહાર સર્વત્ર રોગનાં ચિહ્નો—રોગનાં સૂચનો પ્રસરેલાં પડેલાં છે."*

"પણ તમે શું એમ માનો છો કે આ એક મહાન સિદ્ધિ છે ? જો તેમ હોત તો આપણા આધિવ્યાધિ અને શોકતાપની દૈહિક બાજુને, દાખલા તરીકે બુદ્ધદેવ જેવા દૃષ્ટાપુરુષ પણ આટલી બધી ક્ષુલ્લક ગણત ખરા કે ?"

"તમે ભૂલી જાઓ છો કે બુદ્ધ જીવનને તદ્દન જુદી જ દૃષ્ટિએ જોતા હતા, એટલે તેમનું લક્ષ્ય પણ જુદું હતું. તેઓ નિર્વાણ ઇચ્છતા હતા—એટલે કે આ ઈન્દ્રિય જગતમાંથી છુટકારો. બેશક, એવું હોઈ શકે કે તે જમાનાની પરિસ્થિતિમાં માણસ નિર્વાણ કરતાં વધારે મહાન અનુભવનો અધિકારી ન હોય. પરંતુ હેતુ ગમે તે હોય, તેમણે જીવનલીલાના પ્રકાશચક્રમાંથી મુક્તિ જ ઇચ્છી હતી. હું જીવનનું પૂર્ણ રૂપાંતર ઇચ્છું છું. મારું ધ્યેય વાસ્તવ જીવનનો પરિહાર કરવાનું નથી, મારું ધ્યેય તો વસ્તુને અધ્યાત્મના પ્રકાશમાં રૂપાંતરિત કરવાનું છે. આપણો આ જડ દેહ આજે પણ આત્માનુભવને અંતરાયરૂપ છે. તેણે સહાય થવું પડશે. પૂર્ણયોગનું એ જ એક મુખ્ય લક્ષ થશે."

---

* Because of the universal suggestion of disease when he stirs out of his isolation."—એમ શ્રી અરવિંદે કહ્યું હતું.

થોડી વાર સુધી હું બોલી ન શક્યો. મનમાં એક પ્રકારનું ઔત્સુક્ય જોર કરી ઊઠ્યું. પણ તેની સાથે સાથે જ એક પ્રકારનો સંકોચ પણ ડોકિયું કરવા લાગ્યો. ના—એક પ્રકારનો ભય પણ.

છતાં મેં કહ્યું: "પણ—મારે વિશે ?" શું બોલવું તે નક્કી ન કરી શક્યો. મને થવા લાગ્યું કે સાચે જ હું કંઈ જાણવા ઇચ્છું છું ખરો ? હું કશો ચોક્કસ નિર્ણય ન કરી શક્યો

શ્રી અરવિંદ એકીટશે થોડી વાર જોઈ રહ્યા, પછી વધુ સ્નિગ્ધ સ્વરે બોલ્યા : "તમારો હજી સમય પાક્યો નથી. તમારામાં જે જિજ્ઞાસા છે તે મનની જિજ્ઞાસા છે—પણ કંઈ નહિ તો યે મારા યોગમાં દીક્ષા મેળવવી હોય તો એના કરતાં કંઈ વિશેષ જોઈએ. હજી થોડા દિવસ જવા દો".

દુ:ખ તો થયું—પરંતુ તેની સાથે જ એક પ્રકારની સ્વસ્થતા, એક પ્રકારના આનંદનો ભાવ પણ મેં અનુભવ્યો નહિ, એમ કહું તો સત્યનો ભંગ કર્યો કહેવાય.

હું બોલી ઊઠ્યો : "મારો સમય જો મોડો પાકવાનો હોય તો આપની થોડી મદદની આશા રાખી શકું ખરો ?"

શ્રી અરવિંદે મૃદુ હાસ્ય કરી માત્ર સહેજ ડોકું હલાવ્યું.

*

**તે વખતે** આશ્રમમાં બધા મળીને પંદર સોળથી વધારે સાધકો નહોતા. એમાંના કેટલાક જણની સાથે શ્રી અરવિંદ ખૂબ વાત કરતા હતા. શ્રી અરવિંદના લખેલા કેટલાક પત્રો પણ એમની પાસેથી જ મને મળ્યા હતા. તેમાંના એકે તે દિવસે મારું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. તે દેશબંધુ ચિત્તરંજનને લખેલો હતો. પત્ર શ્રી અરવિંદે તેમને ૧૯૨૨ના નવેમ્બરની ૧૮ મી તારીખે લખેલો હતો. તે પત્રમાંથી થોડો ભાગ અહીં ઉતારવો અપ્રાસંગિક નહિ લાગે.

**Dear Chitta,**

**I think you know my present idea and the attitude towards life and work to which it has brought me. I see more and more manifestly that men can never get out of the futile circle the race is always treading, until he has raised himself on to a new foundation. I have become confirmed in a perception which I had always, less clearly dynamically then, but which has now become more and more evident to me, that**

the true basis of work and life is the spiritual : that is to say, a new consciousness to be developed only by Yoga. But what precisely was the nature of the dynamic power of this greater consciousness ? What was the condition of its effective truth ? How could it be brought down, mobilised, organised, turned upon life ? How could our present instruments—intellect, mind, life, body—be made true and perfect channels for this great transformation ? This was the problem I have been trying to work out in my own experience and I have now a sure basis, a wide knowledge and some mastery of the secret......I have still to remain in retirement. For I am determined not to work in the external field till I have the sure and complete possession of this new power of action—not to build except on a perfect foundation."

( ભાવાર્થ :

**પ્રિય ચિત્ત,**

અત્યારની મારી ભાવના અને તેને પરિણામે મારામાં આવેલી બદલાઈ ગયેલી જીવન અને કર્મ સંબંધીની દૃષ્ટિ તમે જાણો છો. જેમ જેમ દિવસ જાય છે તેમ તેમ એ વસ્તુ મને વધારે ને વધારે સ્પષ્ટ દેખાતી જાય છે કે, માણસ જે વ્યર્થચક્રમાં સનાતન કાળથી ભમતો આવ્યો છે તેમાંથી તે કદી મુક્તિ પામવાનો નથી—જ્યાં સુધી તે એક નવા જ સત્ય પાયા ઉપર પ્રતિષ્ઠિત ન થાય. મારા મનમાં હવે દૃઢ પ્રતીતિ જન્મી છે—પહેલાં પણ એવી ખાત્રી મને હતી જ, માત્ર આટલી સ્પષ્ટ અને કાર્યકારી નહોતી—કે જીવનનો અને કર્મનો સાચો પાયો આધ્યાત્મિક છે, એ એવી એક નવીન ચેતના છે, જે કેવળ યોગ મારફતે જ મેળવી શકાય. પણ એ મહત્તર ચેતનાની પ્રકૃતિ અને સાધનાશક્તિ કેવા પ્રકારની છે ? તે સત્ય સફળ થવાની શરતો શી ? શું કરીએ તો તેને ઉતારી આણી, સંહત કરી, સુસંબદ્ધ બનાવી જીવનમાં પ્રયોજી શકાય ? શી રીતે આપણા આજના આધાર—બુદ્ધિ, મન, પ્રાણ, દેહ—ને એ મહત્ રૂપાંતરનાં વાહન બનાવી શકાય ? આ બધી સમસ્યાઓનો ઉકેલ જ હું શોધું છું મારા પોતાના અનુભવથી. આટલે વખતે એ બધાના પાયા વિશે હું ચોક્કસ થઈ શક્યો છું, એનું રહસ્ય કંઈક પામી શક્યો છું.......તો પણ હજી મારે એકાંતમાં રહેવું પડશે. કારણ જ્યાં સુધી મને આ નવી સાધનાશક્તિ ઉપર અધિકાર પ્રાપ્ત

થાય નહિ ત્યાં સુધી હું બહિર્જગતમાં કાર્ય શરૂ કરવાનો નથી, જ્યાં સુધી પાયો સંપૂર્ણ ન થાય ત્યાં સુધી ચણવાનો નથી.)

બીજા પણ થોડા પત્રો હતા. તે પણ રાતે પોંડિચેરીની એક હૉટેલમાં બેસીને મેં વાંચ્યા. આનંદ, નશા અને ઉત્સાહને લીધે બરાબર ઊંઘ ન આવી. વારે વારે શ્રી અરવિંદની જ્યોતિર્મયી મૂર્તિ અને દેશબંધુને લખેલો આ પત્ર મન આગળ ચમકી ઊઠતાં હતાં.

*　　*　　*

બીજે દિવસે સવારે તેમની પાસે પાછો ગયો.

મેં કહ્યું : "કાલે રાતે દેશબંધુને લખેલો આપનો પત્ર મેં વાંચ્યો હતો. જો આપને વાંધો ન હોય તો એ વિષે મારા મનમાં એકબે શંકા ઊઠી છે તેને વિષે—"

શ્રી અરવિંદે હસીને માત્ર હાથ વડે ઈશારો કર્યો.

મેં કહ્યું : "દેશબંધુને આપે લખ્યું છે કે યોગશક્તિને પરિણામે એક નવીન ચેતના મળે છે. મારો પ્રશ્ન એ છે કે, એ ચેતનાનું શું કંઈ પ્રત્યક્ષ ફળ આવે ખરું ? જો આવતું હોય—એટલે કે યોગ કરવાથી જો કોઈ પ્રકારની શક્તિ પ્રાપ્ત થતી હોય—તો શું એવું સાબિત કરી શકાય કે અમુક અમુક અલૌકિક ઘટના કેવળ એને જ પ્રતાપે બનવા પામી છે, નહિ તો બનત નહિ ?"

શ્રી અરવિંદ જરા હસ્યા : "એટલે તમારે પ્રત્યક્ષ પ્રમાણ જોઈએ છે કે યોગબલથી અમુક અમુક શક્તિ કાર્યવતી થઈ તેને લીધે બહિર્જગતમાં અમુક અમુક કાર્ય થયું. એમ જ ને ? એવું પ્રમાણ યોગજગતમાં શોધવા જવું એ વૃથા છે. એ બાબતમાં દરેક જણ પોતપોતાની ધારણા અનુસાર જ ચાલવાનો, કારણ, એ વાતમાં વિશ્વાસ દલીલ કે પ્રમાણથી નથી આવતો—અનુભવ મળવાથી આવે છે, અથવા શ્રદ્ધાથી આવે છે, અથવા અંતરમાં જે અંતર્દૃષ્ટિ હોય છે તેને લીધે આવે છે, અથવા દશ્યમાનના પડદા પાછળ જે જે બની રહ્યું છે તે જોતાં શીખવનાર ગંભીર બુદ્ધિના પ્રકાશને લીધે આવે છે. આધ્યાત્મિક ચેતના કંઈ પોતાને જાહેર કરવા માટે હોકારાબકારા કરતી નથી—તે તો સત્ય શું છે

એટલું જ કહે છે—તેને દરેક જણે માનવું જ જોઈએ એમ કહી તે ઝઘડતી નથી." *

"બીજો એક પ્રશ્ન મને ઊઠયો હતો, યોગની પ્રેરણા વિના આપણા જીવનમાં આપણે જે કાંઈ કરીએ છીએ તેનું સ્થાયી મૂલ્ય હોઈ શકે કે નહિ ?"

"તમારો પ્રશ્ન હું બરાબર સમજી શકતો નથી."

"મારો પ્રશ્ન 'આદેશ' વિષે છે. પરમહંસદેવ કહેતા કે આદેશ મળ્યા વિના કોઈ પણ ખરેખરું મહાન કાર્ય થઈ શકતુ નથી. પરંતુ દરેક યુગમાં, દરેક દેશમાં આદેશ વિના પણ માણસોએ હજારો ક્ષેત્રમાં—દાખલા તરીકે વિજ્ઞાનમાં, કળામાં, દર્શનમાં, કાવ્યમાં સિદ્ધિ સંપાદન કરી છે. તે બધાનું શું કશું સાચું મૂલ્ય જ નથી, એમ આપ કહેશો ?"

શ્રી અરવિંદ બોલ્યા : "જે કોઈ ક્ષેત્રમાં માણસે સાચું સર્જન કર્યું છે, તેનું કંઈ ને કંઈ મૂલ્ય રહેશે જ. એ વસ્તુ કેવી રીતની છે જરા સમજાવીને કહું છું."

શ્રી અરવિંદે ડાબો હાથ લંબાવીને સીધો કર્યો. પછી બોલ્યા : "ધારો કે આપણે આ ભૂમિકા ઉપર કંઈક કરીએ છીએ, સમજ્યા ને ? જ્યારે આપણું એ કામ સાચે જ કંઈક સર્જન થવા પામે છે, ત્યારે એવું બને છે કે એની પ્રવર્તના કોઈ એના કરતાં ઉચ્ચ ભૂમિકાની કોઈ ચેતનામાંથી આવે છે—(જમણો હાથ ડાબા હાથની સહેજ ઉપર લંબાવીને) એટલે કે અહીંથી—જો કે જે વસ્તુ સરજાઈ છે તે તો આ (ડાબો હાથ બતાવીને) નીચેની ભૂમિકા ઉપર રહી છે. એટલે પ્રત્યેક સર્જનના કાર્યને આપણે યોગ કહી શકીએ—એટલે કે ઉપરની

* "It is no use trying to *prove* that such and such a result was the effect of spiritual force. Each must form his own idea about that—for if it is accepted it cannot be *as a result of* proof and argument, but only as a result of experience, of faith or of that insight in the heart or the deeper intelligence which looks behind appearances and sees what is behind them. The spiritual consciousness does not claim in that way, it can state the truth about itself but not fight for a personal acceptance."

ભૂમિકાની કોઈ ચેતનાની સાથે નીચલી ભૂમિકાની ગ્રહિતા ચેતનાનો એક પુલ બાંધવો. મનના પ્રદેશમાં મનથી ઉપરના પ્રદેશની કોઈ ધ્યાનમૂર્તિનું આવાહન કરવું—પ્રતિષ્ઠા કરવી."

મને યાદ આવ્યું કે 'ફ્યુચર પોયેટ્રી'માં શ્રી અરવિંદે લખ્યું છે :

"The voice of poetry comes from a region above us, a plane of our being above and beyond our personal intelligence, a supermind which sees things in their innermost and largest truth by a spiritual identity. It is the possession of the mind by the supramental touch and the communicated impulse to seize this sight and word that creates the psychological phenomenon of poetic inspiration and it is the invasion of it by a superior power to that which it is normally able to harbour that produces the temporary excitement of brain and heart and never which accompanies the inrush of the influence."

(ભાવાર્થ : "કવિતાનો સ્વર આપણી ઉપરના કોઈ પ્રદેશમાંથી આવે છે–આપણી વ્યકિતગત બુદ્ધિની ઉપરના કોઈ પ્રદેશમાંથી—જ્યાં એક અતિમાનસ ચેતના પ્રત્યેક વસ્તુનું અંતરગત અને બૃહત્તમ સત્ય અધ્યાત્મ અભેદથી જોઈ શકે છે. ત્યારે આ અતિમાનસનો સ્પર્શ મન ઉપર અધિકાર જમાવે છે—તેનો આવેગ આ દૃષ્ટિ અને શબ્દને પોતાનાં કરી કાવ્ય પ્રેરણાની આંતર અનુભૂતિને સરજે છે. આપણા મગજમાં, હૃદયમાં, સ્નાયુમાં જે તત્કાલ પૂરતી ઉત્તેજના આ પ્રેરણાની અનુષંગી થઈને આવે છે તેનું મૂળ આ મહત્તર શકિતનું સ્પંદન હોય છે, જેને આપણું મન સ્વાભાવિક ક્ષણોમાં ધારણ કરી શકતું નથી.")

મનમાં કયાંક જાણે એક પ્રકારનો આત્મપ્રસાદ જાગી ઊઠયો હતો. એકાએક ચમક ભાંગી—નજર કરતાં જોઉં છું તો શ્રી અરવિંદની શાંત દૃષ્ટિનો પ્રકાશ જાણે મારા માથા ઉપર, આંખો ઉપર અને મુખ ઉપર પથરાઈ રહ્યો છે. શું બોલવું તે સૂઝ્યું નહિ એટલે મેં કહ્યું : "તો તો—એટલે કે—કલાકૃતિનું સર્જન પણ તદ્દન મૂલ્યહીન નથી ?"

"મૂલ્યહીન શું કામ હોય ? કળા જો સાચી કળા હોય તો તો તે આ ઈન્દ્રિયલોકમાં અતીન્દ્રિયની ઝાંખી કરાવે છે—વાણીમાં, મંત્રમાં, ધ્યાનમાં. અર્થાત્ જે જીવનમાં ગૂઢ જ રહે છે તેને પ્રગટ કરવું એ મહાન કલાનું કાર્ય છે."

મને શ્રી અરવિંદની 'ફ્યુચર પોયેટ્રી' નું બીજું એક સુંદર વચન યાદ આવ્યું : "Poetical speech is the spiritual excitement of a rhythmic voyage of self-discovery among the magic island of form and name in the inner and outer world."

(ભાવાર્થ : આંતર અને બાહ્ય જગતના નામ રૂપાત્મક અલૌકિક દ્વીપોમાં આત્મદર્શનાર્થે થતી છંદોમયી યાત્રાનો ભાવાવેશ તે કવિતાની વાણી.)

"તે સિવાય," શ્રી અરવિંદ બોલ્યા, "દરેક સાચા સર્જન કાર્યમાં એમ જ હોય છે—તે માણસને નીચેની દૃષ્ટિમાંથી ઊંચકીને ઉપરના ધ્યાનલોકમાં લઈ જાય છે. એ મુક્તિનું કામ છે—ચેતનાની મુક્તિનું—યોગમાં પણ એમ જ બને છે."

"એનો અર્થ એવો ખરો કે યોગને લીધે ચેતનાની જે મુક્તિ થાય છે તેને પરિણામે બધા માણસો જ સ્રષ્ટા થઈ શકે છે ?"

"એક રીતે જોઈએ તો એ ખરું છે. કારણ યોગ દરેકની શ્રેષ્ઠ સંભાવનાઓને પ્રગટ કરે છે—જે ઘણી વાર આપણામાં નિષ્ક્રિય રહી જાય છે. એનું પરિણામ એ આવે છે કે દરેક જણ જોઈ શકે છે કે તેને શું કરવાનું છે."

"એનો અર્થ એવો થાય ખરો કે યોગ ન કર્યો હોત તો જે જે વસ્તુ હું કરી શક્યો હોત તે બધી યોગ કર્યા પછી હું કરી નાખી શકીશ ?"

"એટલે બધું તો ન કહી શકાય—જો કે અસામાન્ય પાત્ર હોય તો યોગબળથી અસંભવિત પણ સંભવિત થાય છે—પણ એવું પાત્ર ખૂબ વિરલ હોય છે. આમ છતાં યોગશક્તિ અઘટનઘટનપટીયસી હોવા છતાં પૂર્ણ યોગનું મૂળ ધ્યેય કોઈ 'મિરેકલ' (ચમત્કાર) કરવાનું નથી—તેનું ધ્યેય તો આપણી પ્રત્યેક જીવનશક્તિને શુદ્ધ નિર્મલ કરીને અંતિમ પરિણતિએ પહોંચાડવાનું છે."

"એમ જો હોય તો તો યોગબળથી કલાકારની કલાનો ઉત્કર્ષ થવો જોઈએ."

"જરૂર, અને થાય પણ છે—જો કલા તેની સાચી વાણી હોય તો. તમને હું હમણાં કહેતો નહોતો કે યોગ એટલે આત્મસાક્ષાત્કારની પૂર્ણચેતના, જેના પ્રકાશથી તે પોતે શા માટે જન્મ્યો છે તે જોઈ શકે છે—પોતાનો ખરો સ્વાધિકાર જાણી શકે છે."

"એ શું માણસ હમેશાં જાણી શકતો નથી—બુદ્ધિના વિશ્લેષણ દ્વારા ?"

"હંમેશા નહિ. કારણ વાસનામુક્તિ થયા વિના, અંધકાર ગયા વિના, બુદ્ધિ શુદ્ધ થતી નથી. યોગથી એ શુદ્ધિ આવે છે--કારણ તેના મૂળમાં જ વાસના અને અહંકારની અંધતામાંથી મુક્તિ રહેલી છે."

"હવે માત્ર એક પ્રશ્ન રહ્યો છે—જો અભય આપતા હો—એટલે કે હું રૅશનાલિસ્ટ છું એટલે મારી શંકા માફ કરતા હો તો."

શ્રી અરવિંદ હસ્યા : "બોલો."

"વારુ, યોગ વિષે હંમેશા જાતજાતની વાત સાંભળવા મળે છે કે યોગ ચમત્કાર—મિરૅકલ—કરી શકે છે, તે નહોતાનું હતું કરી શકે છે, એ બધું શું સાચું છે, કે પછી છેતરપિંડી છે—માત્ર કાચા કાનના લોકોની વેવલી કલ્પના છે? ખોટું લગાડશો નહિ, મારા ઉપર કદાચ પશ્ચિમની અસર થઈ હશે—"

શ્રી અરવિંદ સ્નિગ્ધ કંઠે બોલ્યા : "હું પોતે પણ પશ્ચિમથી થોડોઘણો માહિતગાર રહું છું, તમે જાણતા હશો કદાચ. તે લોકો આ બધી બાબતમાં બાથટબની સાથે બેબીને પણ ફેંકી દેવા માગે છે. છેતરપિંડી છે એટલે તેઓ બધાંને જ છેતરપિંડી માની બેસે છે અને પછી કહે છે કે હાંકી કાઢો.

પણ કહો, નકલી, જૂઠું કયાં નથી આ જગતમાં ? પણ જૂઠ છે એટલે એવું સાબિત થયું કે સાચું કંઈ છે જ નહિ ? લોકવાયકા હોય એટલે સત્યવાયકા માનવાની જ નહિ ? એમ જો જોઈએ તો કશાનો ય સત્યનિર્ણય થઈ શકે નહિ. યોગવિદો જાણે છે કે એ બધી શક્તિઓ કેટલી પ્રત્યક્ષ અને કેટલી સાચી છે. એની સાબિતી પણ એટલી બળવાન હોય છે કે એના અસ્તિત્વ વિષે કોઈ જાતની ચિંતા કરવાનું પણ એમને સૂઝતું નથી."

"પણ પશ્ચિમના પ્રમાણશાસ્ત્રીઓ—"

"તે માત્ર વસ્તુને જ પ્રમાણ માને છે. વસ્તુવાદની થિયરી દ્વારા જેને પહોંચી ન શકાય તેને એ લોકો ડિસમિસ કરી નાખે છે. બધા નહિ એ ખરું—પણ ઘણાખરા. આમ છતાં હમણાં હમણાં એ લોકો પણ સમજવા લાગ્યા છે કે જીવન એટલું બહુવિચિત્ર અને વિશાળ છે કે તેનો આ રીતે વિચાર ન થઈ શકે અને એ રીતે તેને માપી પણ ન શકાય. વળી જે બધી શક્તિઓને

તેઓ ચાલુ ભાષામાં ચમત્કાર (જાદુ) કહે છે તે મૂળે કાંઈ જાદુ, ચમત્કાર નથી, એટલે કે ન જ બને એવી વસ્તુ નથી—જો તમે એટલું સ્વીકારો કે આપણી અંતઃશક્તિ ઈન્દ્રિયના માર્ગ સિવાય બીજે માર્ગે પણ કાર્યકારી થઈ શકે છે. યુરોપમાં હું પણ એક વાર અવિશ્વાસી હતો. પણ આ બધી અઘટન વસ્તુઓ જ્યારે પહેલીવહેલી પ્રત્યક્ષ અનુભવી ત્યારથી જ મેં એમની રીતે આ બધી વસ્તુઓનો વિચાર કરવાનું છોડી દીધું."

"વળી મેં એવું પણ સાંભળ્યું છે કે એ બધી શક્તિઓનો પ્રયોગ કરીએ તો આધ્યાત્મિક જીવનને હાનિ પહોંચે છે ?"

ક્ષતિ હાનિ થાય જ એમ ન કહેવાય. કોણ પ્રયોગ કરે છે, અને કઈ પ્રેરણાથી, તેના ઉપર બધો આધાર છે. વાત એમ છે કે આત્માભિમાનથી, અથવા પોતાનો કોઈ સ્વાર્થ સાધવા માટે અથવા દેખાડ કરવા માટે જો કોઈ યોગ-વિભૂતિને પ્રગટ કરે છે તો તેથી ભારે નુકસાન થાય છે. પરંતુ જે બધા યોગીઓ વાસનારહિત, અભિમાનરહિત, ગીતાની ભાષામાં 'સર્વભૂતહિતેરતા' હોય તેઓ એ બધી શક્તિનો પ્રયોગ કરે છે, પણ તે ઉપરના આદેશથી, નીચેના આહ્વાનથી નહિ. તેથી જ બ્રહ્મજ્ઞ ગુરુઓ શિષ્યોને દીક્ષા આપતી વખતે કહે છે કે સૌથી પહેલાં અહંકારમુક્તિ, વાસનામુક્તિ હોવી જોઈએ—નહિ તો બધી વિભૂતિઓ આફત જ નોતરી આણે છે—હજારો ગુહ્ય શક્તિનો દુરુપયોગ કરીને. પણ કોઈ પણ શક્તિનો વ્યભિચાર થાય છે એટલે તે શક્તિ જ વર્જ્નીય છે એમ ન કહેવાય. તેમ જો હોય તો તો વિજ્ઞાનની બધી શોધો જ વર્જ્નીય થાત. વૈજ્ઞાનિક શક્તિ વડે ભ્રષ્ટ વૈજ્ઞાનિકો ઘણાં ખરાબ કામ કરે છે—પણ તેટલા માટે એ શક્તિને જવાબદાર ગણવી એ ભૂલ છે. યોગવિભૂતિની બાબતમાં પણ એ જ સાચું છે. ભ્રષ્ટ યોગીઓ એ બધી વિભૂતિઓ ભગવાનના કામમાં ન વાપરતાં સ્વાર્થ સાધવામાં વાપરવા માગે છે. પણ મુક્ત યોગીઓ કદી પણ એવું કરતા નથી. તેમની શક્તિ માણસનું ઈષ્ટ જ કરે છે—અનિષ્ટ કદી કરતી નથી. કારણ મુક્ત યોગીને કંઈ વાસના હોતી નથી, અહંકાર હોતો નથી—તે જે કાંઈ કરે છે તેની પ્રેરણા ભગવત ચેતનામાંથી આવે છે, માનુષી ચેતનામાંથી નહિ."

* * *

પ્રણામ કરીને હું ચાલ્યો આવ્યો. રાત્રે મદ્રાસની ગાડી પકડી. શેક્સપિયરનું વચન વારે વારે નજર સામે તરતું હતું :

When he shall die,
Take him and cut him out in little stars
And he will make the face of heaven so fine
That all the world will be in love with night,
And pay no worship to the garish sun.

(ભાવાર્થ : જ્યારે એનું અવસાન થાય ત્યારે એના દેહના અણુ અણુમાંથી નાના નાના તારાઓ બનાવજો; એથી નભોમંડળ એવું ઉજ્જ્વલ બનશે કે જગત રાત્રિના એ નવપ્રાપ્ત સૌંદર્યથી મુગ્ધ બની આંખ આંજી દેનાર સૂર્યને પૂજવાની પણ પરવા કરશે નહિ.)

અનુવાદક : નગીનદાસ પારેખ; 'પ્રસ્થાન' માસિક ૧૯૩૯-૪૦

---

# મને દીક્ષા મળી

## દિલીપકુમાર રાય

હું ૧૯૨૪માં કલકત્તા પાછો ફર્યો ત્યારે મારી સ્થિતિ ઘણી જ નિરાશાજનક બની ગઈ હતી. નજીકના ભવિષ્યમાં મને ગુરુદીક્ષા મળવાની નથી એ વિચારે મારામાંથી બધો જ ઉત્સાહ ઓસરી ગયો હતો. મારી પાસે આત્મવિશ્વાસ જેવું તો હવે કશું જ રહ્યું ન હતું. શ્રી અરવિંદે છૂટા પડતી વખતે જે શબ્દો કહેલા તે મને વારંવાર યાદ આવ્યા કરતા હતા. 'તમારી ખોજ હજી માનસિક પ્રકારની છે. મારા યોગ માટે આ કરતાં પણ કંઈક મોટી વસ્તુ જરૂરની છે.' એ શબ્દો મને લગભગ ફટકા જેવા લાગ્યા હતા. વળી આ સંબંધે તેમણે 'સિન્થેસિસ ઑફ યોગ'માં જે લખ્યું છે તે પણ મારા સ્મરણમાં તાજું થયું. "આપણી ચાલુ સ્થિતિ કરતાં કોઈ વધુ મહાન વસ્તુ આપણે મેળવવી છે એ જાતનો માનસિક ખ્યાલ કે બૌદ્ધિક જિજ્ઞાસા પૂરતાં નથી. આપણું મન આ વિષયમાં રસ લેતું થયું હોય, આ ઊર્ધ્વ જીવનની ભાવના તેનામાં દૃઢ બેસી ગઈ હોય તો પણ તેટલા માત્રથી કામ નહિ સરે. મન ઉપરાંત આપણા હૃદયને પણ એ ભૂખ જાગવી જોઈએ કે મારે માટે તો હવે જગતમાં આ જ એક કર્તવ્ય છે. આત્મપ્રદેશના સત્યનો આપણે કેવળ મન વડે જ વિચાર કર્યા કરવાનો નથી, એ સત્યને જીવનમાં સાકાર પણ કરવાનું છે, અને એ માટે વ્યક્તિએ પોતાની સમગ્ર ચેતનાને એક અનન્ય ભાવે એ વસ્તુ ઉપર એકાગ્ર કરવાની રહે છે. યોગ જીવનમાં એક ઘણું મહાન પરિવર્તન માગી લે છે. જ્યાં સુધી વ્યકિતના સંકલ્પો વહેંચાયેલા હોય છે, મન ઢચુપચુ હોય છે, વ્યક્તિ પોતાની સર્વ શકિતમાંથી એક નાનકડો અંશ જ આ દિશામાં વાળતી હોય છે ત્યાં સુધી આ પરિવર્તન બનવું શકય નથી. પ્રભુને શોધવા નીકળનારે તો પોતાની જાત સર્વ ભાવે, સંપૂર્ણ રીતે ભગવાનને—કેવળ ભગવાનને સમર્પિત કરી દેવી જોઈએ." (પ્ર. ૨, પૃ. ૨૩)

એટલામાં મને સ્વામી અભેદાનંદનું વ્યાખ્યાન સાંભળવાનો પ્રસંગ મળ્યો. તેઓ શ્રી રામકૃષ્ણના શિષ્ય હતા. પોતાના વ્યાખ્યાનમાં તેમણે 'વૈરાગ્યમેવાભયમ્'ની વાત કરી, અને જીવનમાંથી હઠી જતાં મનુષ્યને ભય અને બંધનમાંથી કેવી રીતે મુકિત મળે છે તે તેમણે બહુ જ જોરદાર શૈલીમાં સમજાવ્યું. હું તેમની પાસે ગયો અને તેમણે મને દીક્ષા આપવાની હા પાડી. પરંતુ મારી આ પ્રવૃત્તિની

વાત જાણતાં મારા એક મિત્રે મને જરા થોભી જવા કહ્યું. તેઓ એક કાળે શ્રી અરવિંદના શિષ્ય હતા. તેમણે કહ્યું કે, આપણે મારા એક મિત્રની સલાહ લઈએ તો ? તેઓ પોતે યોગી છે, કેટલીક અપૂર્વ સિદ્ધિઓ ધરાવે છે. હું સંમત થયો અને દૂર દૂરના ગામડામાં એક રાત્રે અમે તેમના અતિથિ તરીકે પહોંચી ગયા. તેમની સમક્ષ મેં મારી સ્થિતિનું નિવેદન કર્યું, મારે ગુરુ મેળવવા હવે અનિવાર્ય થઈ પડયું છે એમ મેં જણાવ્યું અને તેમની સલાહ માગી. તેમણે માત્ર એટલો જ જવાબ આપ્યો, 'બેસો, આંખ મીંચી લો.' હું જરા નાખુશ તો થઈ ગયો, તો પણ તેમના કહેવા મુજબ મેં કર્યું.

એમ બંધ આંખોએ અમે કેટલો વખત બેઠા હોઈશું તે હું કહી શકતો નથી. મારી અંદર એક ગહન શાંતિ ઊતરવા લાગી હતી અને મારું સમયનું ભાન ચાલ્યું ગયું હતું. એ શાંતિએ મારા તૃષાતુર આત્માનો એકેએક ખૂણો ભરી દીધો. મારા મિત્રે મને છાનોમાનો કોણીનો ધક્કો માર્યો. આંખો ખોલી. અમારા યજમાનની આંખો મારા ઉપર મંડાયેલી હતી. હું શરમાઈ ગયો. તે હસ્યા. અને એકદમ મને પ્રશ્ન કર્યો.

"પણ તમે આમ ગુરુ શોધવા માટે કેમ દોડાદોડી કરો છો ? શ્રી અરવિંદે પોતે જ તમારો સ્વીકાર કરી લીધો છે, પછી તમારે બીજા કયા ગુરુ જોઈએ ?"

"પણ એ તે કેવી રીતે બને ?" મેં સંશયગ્રસ્તની રીતે પૂછયું. "એમણે મારો સ્વીકાર નથી કર્યો એ તો મેં તમને કહ્યું છે."

"પણ હું તમને કહું છું કે તેમણે તમને સ્વીકાર્યા છે."

મારા હૃદયે એક ધબકારો લઈ લીધો. હું લથડતે અવાજે બોલ્યો, "માફ કરજો. મને સમજાતું નથી કે આપ શું કહો છો. જરા વધુ સ્પષ્ટ રીતે કહેશો તો આભાર થશે."

"એમાં શું સ્પષ્ટ કરવાનું છે?" થોડી વાર પછી તે એક અર્ધું સ્મિત કરતા બોલ્યા. પછી એકાદ બે સેકન્ડ મારા ઉપર ધ્યાનથી નજર માંડી રાખી અને વાતવાતમાં કંઈ કહેતા હોય તેમ બોલ્યા, "શ્રી અરવિંદ ત્યાં આગળ–હા, તમારી પાછળના ભાગમાં જ હમણાં દેખાયા હતા અને તમારે રાહ જોવી એમ સલાહ આપવાનું મને કહી ગયા છે. વળી તમારે માટે તેમણે એમ પણ કહ્યું છે કે તમે તૈયાર થશો એટલે તેઓ પોતે જ તમને પોતાની પાસે બોલાવી લેશે. બોલો, આ સ્પષ્ટ છે ને?"

તેમની આંખો કટાક્ષથી સહેજ ચમકી રહી. હું મૂંઝાતો હતો. આ મારી મશ્કરી તો નથી કરતા ને? અને તેઓ સીધા મુદ્દા પર આવીને બોલવા લાગ્યા.

"બોલો, તમારે હજી પણ કોઈ વધુ ખાતરી આપે તેવું પ્રમાણ જોઈએ છે?" હું તેમની આંખો સામે તાકી રહ્યો...મારા હૃદયના ધબકારા વધી રહ્યા હતા. તેઓ એક ક્ષણ ભર જાણે કે વિચારમાં ઊતરી ગયા અને પછી બોલ્યા, "કહો જોઈએ, તમારા પેઢુના ડાબા ભાગમાં તમને કંઈ દર્દ છે ?"

આશ્ચર્યથી દિગ્મૂઢ થઈને હું તેમના તરફ તાકી રહ્યો. "પણ આપ એ ક્યાંથી જાણો ?"

"હું જાણતો તો ન હતો–એટલે કે એમણે કહ્યું ન હતું ત્યાં સુધી."

"કોણે ?" હું માત્ર હવે થથરતી જીભે જ બોલી શકતો હતો "પણ...કોણે આપને કહ્યું ?"

તેઓ રમૂજ પામતા હોય તેમ હસ્યા. "તમારા ગુરુ સિવાય બીજું કોણ કહે? તેમણે આવીને મને કહ્યું કે તમને તેમણે પોતે આ પહેલાં સલાહ આપેલી છે કે તમારે તમારું દર્દ મટી જાય ત્યાં લગી થોભવું જોઈશે. તે પછી તમે યોગ શરૂ કરી શકશો " અને તેમણે ઘડીભર થંભીને પછી પૂછ્યું, "શાનું દર્દ છે ?"

"સારણગાંઠ, દોરડું ખેંચવાની ગજગ્રાહની રમતમાં એ થઈ આવ્યું છે."

તેમની આંખોમાં એક ચમક આવી. તેઓ જાણે કરુણાની મૂર્તિ બની રહ્યા "વાત બરાબર છે. યોગમાં તમારા એ ભાગ ઉપર—પ્રાણના કેન્દ્ર ઉપર દબાણ આવશે એટલા માટે જ તેમણે તમને રાહ જોવાનું કહ્યું હશે."

"આપની ત્યાં ભૂલ થતી લાગે છે". મેં હળવેથી વિરોધ નોંધાવ્યો. "મને તો શ્રી અરવિંદે એમ કહ્યું હતું કે મારી ખોજ હજી માનસિક પ્રકારની જ છે." અને મેં તેમને અમારે પોંડિચેરીમાં થયેલી વાતચીતનો સાર જણાવ્યો.

તેમણે મારું કહેવું બહુ ધ્યાનપૂર્વક સાંભળ્યું અને મારી વાત મેં પૂરી કરી એટલે મારા ઉપર ખૂબ જ કરુણામય દૃષ્ટિથી જોતાં જોતાં બોલ્યા, "હવે બધું સ્પષ્ટ થઈ જાય છે. શ્રી અરવિંદ તમારા ગુરુ થઈ શકે તેમ છે એ વાતનું જ્ઞાન તમને થાય ત્યાં સુધી તમારે રાહ જોવી એમ તેમની ઈચ્છા હતી. અને

એ વાત તો સ્પષ્ટ છે કે તમને હાલ એમનામાં તમારા ગુરુ દેખાતા નથી. કારણ કે એમ હોત તો તો તમે બીજા કોઈની પાસે સલાહ લેવા જવાનો વિચાર સરખો પણ ન કર્યો હોત. તે પછી તેમણે મને અનેક વાતો કહી. યોગની મારફતે તથા યોગની અંદર કયાં કયાં બળો કામ કરે છે, ગુરુવાદ એટલે શું, મનોમય પૂર્વવિચારો કેવી રીતે બાધારૂપ નીવડે છે, એમ ઘણા વિષયો તેમણે ચર્ચ્યા. સૌથી વિશેષ તો તેમણે શ્રી અરવિંદ વિષે જે કહ્યું તે હતું. શ્રી અરવિંદ કેવી મહાન વ્યકિત છે, જગતમાં એક શકિતને ઉત્પન્ન કરવા માટે—અતિમનસ શકિતનું અવતરણ સિદ્ધ કરવા માટે તેઓ કેવો ભગીરથ પુરુષાર્થ કરી રહ્યા છે એ તેમણે સમજાવ્યું. બેશક, આપણાં ચિત્ત તથા પૃથ્વીની ચેતના એ અતિમનસને ઝીલવા માટે હજી તૈયાર તો નથી જ. વળી તેમણે પોતાના ધ્યાનમાં શ્રી અરવિંદને 'આ યુગના મહાન યોગી'ને (એમણે વાપરેલો શબ્દ 'યુગાવતાર' હતો) જોયા હતા, તેમ જ શ્રી અરવિંદનાં શિષ્ય તથા તેમની જ સમાન કક્ષાનાં સહયોગી એવાં શ્રી માતાજીનાં દર્શન પણ તેમને થયાં હતાં. છેવટે હું મારી સાધનાના આરંભમાં શ્રી અરવિંદનો લાભ વધુમાં વધુ કઈ રીતે લઈ શકું તે વિષે પણ તેમણે કેટલીક ઉત્તમ વ્યવહારુ સૂચનાઓ આપી, એ બધું તો આજે મારા સ્મરણમાં નથી. પરંતુ એમણે મને જે છેલ્લી ચેતવણી આપેલી તે હું કદી ભૂલી શકવાનો નથી.

"તમને શ્રી અરવિંદે બોલાવ્યા તો છે." તેમણે કહેલું, "પરંતુ યાદ રાખજો કે તેમની પસંદગીના પાત્ર થવું એ તો એથી પણ મુશ્કેલ બાબત છે. એવું સદ્ભાગ્ય મેળવવા માટે તો તમારે તમારી સંકલ્પશકિત સંપૂર્ણ રીતે તમારા ગુરુને સમર્પી દેવી પડશે. એમ કરશો એટલે તેઓ તેમની ઈચ્છા મુજબ ઘાટ આપશે. હા પણ યાદ રાખજો, તેમની ઈચ્છા મુજબનો ઘાટ, તમારી ઈચ્છા મુજબનો નહિ. અને આ માટે તમારી પાસે શ્રદ્ધા હોવી જોઈશે. તમારા ગુરુમાં તમારા કરતાં વધારે જ્ઞાન છે, એ તમારા ગુરુ છે માટે નહિ પરંતુ તેમણે ગૂઢ શકિતઓની ઉત્તમોત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે માટે તમારે તેમનામાં પૂર્ણ શ્રદ્ધા મૂકવી જ જોઈશે."

તેમણે 'યોગ-વિભૂતિ' શબ્દ વાપર્યો હતો.

આ સાંભળતાં મને રોમાંચ થઈ આવ્યો. આ પહેલાં હું કદી ગૂઢ શકિતઓના પરિચયમાં આવ્યો ન હતો, અને તે ય આટલી બધી પ્રત્યક્ષ દેખી શકાય તેવી શકિતઓના પરિચયમાં. શ્રી અરવિંદે પોતે મને જે સલાહ આપી

હતી—શ્રી અરવિંદના એક શિષ્યે મને ૧૯૨૫માં તે લખી મોકલી હતી તે જ સલાહ આ યોગીએ મને આપી હતી અને એથી હું ખાસ આશ્ચર્ય અનુભવતો હતો. પણ વળી મને એમ પણ થતું હતું કે હું સમર્પણ કરવાને માટે તૈયાર થાઉં તેની શ્રી અરવિંદ રાહ જોતા હતા તે વાત રખે ખોટી પડે? અને આ મુલાકાતને અંતે મને સૌથી મોટી રાહત એ થઈ કે અત્યાર લગી મારે મારી અભીપ્સાને શિથિલ ન થવા દેવી જોઈએ એવું એક જવાબદારીનું ભાન મને ડંખ્યા કરતું હતું તે ડંખ હવે ચાલ્યો ગયો. હવે મારા યોગની જવાબદારી મારી ન હતી રહી.

*
**

૧૯૨૮ના ઑગસ્ટમાં હું બીજી વાર પોંડિચેરી ગયો. ત્યાં જઈને મેં જોયું કે હવે તો શ્રી અરવિંદ એકાંતમાં ચાલ્યા ગયા છે અને વર્ષમાં માત્ર ત્રણ દિવસ જ લોકોને મળે છે. અને તે દિવસોએ પણ તેઓ કોઈની સાથે વાતચીત કરતા નથી. લોકોએ માત્ર તેમનાં દર્શન કરવાનાં હોય છે, અને તેમને પ્રણામ કરીને એક પછી એક ચાલ્યા જવાનું હોય છે. આ સાંભળીને હું ઘણો જ નિરાશ થઈ ગયો. પણ મને બીજું એ જાણવાનું મળ્યું કે હવે આશ્રમનાં સંચાલિકા—જેમને બધા 'શ્રી માતાજી' કહે છે તેઓએ, શ્રી અરવિંદની સાથે વિચાર કરીને, સાધકોને માર્ગદર્શન આપવાનું કાર્ય સ્વીકાર્યું છે. વળી સાધકોએ મને એ પણ કહ્યું કે શ્રી માતાજી એક ઘણાં જ તેજસ્વી વ્યકિત છે, આશ્રમના સર્વ સાધકો તેમને પરમ ભકિતભાવથી જુએ છે, અને તેઓ પણ શ્રી અરવિંદના જેવાં જ મહાન યોગી છે. એટલે દર્શન પછીના બીજે દિવસે મેં શ્રી માતાજીની મુલાકાત માગી. તેમણે મને ખૂબ જ પ્રેમથી આવકાર્યો અને મારે જે કહેવાનું હતું તે અત્યંત સહાનુભૂતિપૂર્વક સાંભળ્યું. એમના વ્યકિતત્વે મને મુગ્ધ કરી લીધો. એમની અંદરથી એક અવર્ણનીય એવી સમૃદ્ધ અને શાંતિદાયક પ્રભા વિસ્તરતી હતી. એમની અંદરથી એક પરમ સૌન્દર્ય વરસી રહ્યું હતું. પરંતુ એ કોઈ પૃથ્વીનું સૌન્દર્ય ન હતું. તેમનું વ્યકિતત્વ અત્યંત અકલિત હતું અને છતાં ય તે જોનારની આગળ પૂરેપૂરું પ્રત્યક્ષ, વાસ્તવિક બની રહેતું હતું.

હતી તે મૌન ને વાચા એકસ્થ ઉભય સ્વયં,
હતી તે શાંતિની સૃષ્ટિ સ્વયં વિસ્તરમાણ કો,
હતી તે અબ્ધિ જાણે કે વિશુદ્ધ સ્થિર વહ્નિનો,
એનું એ સ્મિત ને દૃષ્ટિ પૃથ્વીથી એહની ઘડી

કાયામાં સ્વર્ગની જાણે આભાને રચતાં હતાં,
અને એ સ્મિતમાં ને એ ચક્ષુમાં વસતી મહા
મુદા કો દિવ્ય સૌન્દર્યે જનોને રસતી હતી.
('સાવિત્રી' પર્વ ૧લું, સર્ગ ૨)

શ્રી અરવિંદને મેં મારા ગુરુ તરીકે સ્વીકાર્યા હતા તેવી જ રીતે તેમને પણ મેં તત્ક્ષણે જ મારાં ગુરુ તરીકે સ્વીકારી લીધાં અને મારી આખી કથની તેમની આગળ રજૂ કરી. મારી શંકાઓ, મારી મુશ્કેલીઓ, મારાં મંથનો, બધું કહી સંભળાવ્યું. તેમણે જવાબમાં કશું કહ્યું નહિ, માત્ર એક મીઠું સ્મિત કર્યું. એમને જોઈને મને કોઈ અકળ રીતે આશા પ્રગટી હતી, અને મેં એકદમ જ તેમને પ્રશ્ન પૂછયો, 'મારો આપ સ્વીકાર કરશો ખરાં, મને દીક્ષા મળશે ખરી ?' તેમણે પોતાની સંમતિ જણાવી અને કહ્યું કે શ્રી અરવિંદે હવે તમે તેમનો યોગ કરવા માટે યોગ્ય બન્યા છો એમ મને જણાવ્યું છે. મારા આનંદની કોઈ સીમા ન રહી. પણ પછી કંઈક દીન ભાવે મેં તેમને કહ્યું કે હજી સુધી મને કોઈ સૂક્ષ્મ અનુભવ થયો નથી. અને એટલે મને શંકા રહેતી હતી કે આ દિલીપ જેવા શંકાખોર માણસને યોગમાં કેવી રીતે શ્રદ્ધા બેસી શકવાની છે! મારી વાત સાંભળી તેઓ માત્ર હસ્યાં અને કહ્યું કે તમારે માટે હું પ્રયત્ન કરીશ. તમે તમારા ખંડમાં રાત્રે નવ વાગ્યે ધ્યાનમાં બેસજો અને હું મારા ખંડમાં ધ્યાન કરીશ.

હું આનંદમાં તરવા લાગ્યો. તો પણ કેમ જાણે કેમ મારા હૃદયમાં એક બીક મને કોરી રહી હતી. પરંતુ મેં એક નિશ્ચય તો કરી લીધો. પૂરેપૂરા સાવધ રહેવું છે. એટલે કે, કોઈ પણ સૂક્ષ્મ અનુભૂતિ આવે તો તેને વશ થવું નથી. ભક્તિપ્રધાન માનસવાળા લોકો જે શ્રદ્ધાળુતા સેવે છે તેવી લાગણીમાં હું લેશ પણ માનતો ન હતો. વળી કોઈ પણ અનુભૂતિ થાય તેને સ્વયં–સૂચનની રીતે સમજાવી શકાય તેમ હોય તો તેવી અનુભૂતિને પ્રમાણભૂત યૌગિક અનુભૂતિ તરીકે સ્વીકારવા હું લેશ માત્ર પણ તૈયાર ન હતો. એવી બાબતો પ્રત્યે મને ઘણી જ ઘૃણા હતી. કોઈ પણ યોગાનુભૂતિ બીજા ઈન્દ્રિયજન્ય અનુભવો જેવી જ સઘન અને અસંદિગ્ધ હોવી જોઈએ. એમ હોય તો જ તેને હું પ્રમાણભૂત અનુભૂતિ તરીકે સ્વીકારવા તૈયાર હતો. (બેશક, આજે હું જોઈ શકું છું કે મારી આ મનોદશામાં તે કાળે ઘણું બાલિશ તત્ત્વ હતું. તે વખતે મને એ ખબર ન હતી કે યોગાનુભાવોને તમે બીજા ગમે તે કારણે વખોડી કાઢી શકો છો, પરંતુ તે સંદિગ્ધ હોય છે કે તેમાં કશું તત્ત્વ નથી હોતું એમ કહેવું

તો અશક્ય જ છે.) આ વસ્તુ અહીં ભારપૂર્વક રજૂ કરવાનું કારણ એ છે કે મને જે અનુભવ થયો એ એવો તો અણધાર્યા પ્રકારનો હતો કે તે સ્વયં-સૂચનનું અથવા તો સ્વેચ્છા-સંચાલનનું પરિણામ છે એમ માનવાને લેશ પણ અવકાશ રહેવા પામ્યો ન હતો. છેવટે એ નિર્ધારિલી ઘડી આવી પહોંચી. હું નવ વાગે મારા ખંડમાં ધ્યાનમાં બેઠો અને એક શક્તિએ મારામાં પ્રવેશ કર્યો, અને જાણે કે મારી અંદર એક મંથન જેવું કાર્ય શરૂ કરી દીધું. એ એક અત્યંત સઘન અનુભવ હતો, એનો ઈનકાર કરવો અશક્ય હતો. મારે જે પ્રતીતિ જોઈતી હતી તે મને મળી ચૂકી.

બીજે દિવસે જઈને શ્રી માતાજીના ચરણે મેં મારું જીવન સમર્પણ કરી દીધું. મારી સંકલ્પશક્તિ મેં શ્રી અરવિંદ અને શ્રી માતાજીના હાથમાં મૂકી દીધી અને તેમના સંકલ્પ મુજબ મારા જીવનને દોરાવા દેવાનો સ્વીકાર કર્યો. મારો સાધક તરીકે સ્વીકાર થયો અને ત્રણ મહિના પછી, ૨૨મી નવેમ્બરે, એ મહા યોગીઓના પગલે પગલે જીવન વ્યતીત કરવા માટે હું તેમનો સદાનો અંતેવાસી બની રહ્યો. જગતમાં એક પરમ પુનિત ધ્યેયને ચરણે મેં મારું સર્વસ્વ અર્પી દીધું અને જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ એ મહા ધ્યેય પ્રતિ મારો પ્રેમભાવ વધતો જાય છે. હું અનુભવતો જાઉં છું કે જગતમાં આના કરતાં બીજી એકે મહાન વસ્તુ નથી. મારું જીવન હું કેવળ એને જ સમર્પિત કરી શકું છું.

(શ્રી અરવિંદ મંદિર વાર્ષિક, ઓગસ્ટ ૧૯૪૯) [દક્ષિણા, નવેમ્બર ૧૯૪૯]

# શ્રી અરવિંદના સાંનિધ્યમાં

## દિલીપકુમાર રાય

૧૯૪૩, ફેબ્રુઆરી ૪

મેં શ્રી અરવિંદના ખંડમાં પ્રવેશ કર્યો. ૧૯૨૬થી તેઓ આ જ પુનિત સ્થાને રહેતા આવેલા છે. દાખલ થઈને મેં પ્રણામ કર્યા. અને તેમણે મને આશીર્વાદ આપ્યા.

"કેમ, હવે સારું છે ને ?" તેમણે મને પૂછ્યું. તેમની આંખોમાંથી પ્રેમ નીતરતો હતો.

"હા જી." કંઈક મુશ્કેલીથી મેં જવાબ આપ્યો. મારું હૃદય દ્રવિત થઈ રહ્યું હતું. તેમણે પોતાનાં તેજસ્વી નેત્ર મારા પર ઠેરવ્યાં. હું કંઈક બોલું તેની રાહ તેઓ જોતા લાગ્યા. પણ મારા હોઠમાંથી એકે શબ્દ ન નીકળ્યો. મારે માટે આ અસાધારણ સ્થિતિ હતી, કેમકે હું આવ્યો ત્યારે તો સવાલોનો એક આખો ભારો સાથે બાંધી લાવ્યો હતો. મારી મુશ્કેલી સમજીને શ્રી અરવિંદે પોતે જ બોલવું શરૂ કર્યું.

"તમે આજે સવારે મને કેટલાક પ્રશ્નો લખી મોકલ્યા છે." તેઓ બોલ્યા. "આપણે પહેલા પ્રશ્નથી જ શરૂઆત કરીએ તો ?"

મેં સંમતિમાં માથું હલાવ્યું અને તેમના પ્રત્યેક શબ્દને હું ઝીલી રહ્યો...

અમારા વાર્તાલાપની આટલી પ્રસ્તાવના બસ થશે. એમાં માત્ર આટલું ઉમેરવાનું રહે છે. એ જ બપોરે ઘેર જઈને મેં શ્રી અરવિંદ સાથેનો વાર્તાલાપ સ્મૃતિમાં તાજો કરીને નોંધી લીધો. પણ અમુક અમુક સ્થળે મેં ખાલી જગા રહેવા દીધી હતી. મારે એમના કથનને સંપૂર્ણ વફાદારીથી રજૂ કરવું હતું અને કેવળ મારી સ્મૃતિના ઉપર આધાર રાખવા કરતાં તેઓ પોતે જ તે બાકી રહેલો ભાગ લખી આપે એવી મારી ઇચ્છા હતી. અને શ્રી અરવિંદે મારી એ વિનંતી સ્વીકારી પણ ખરી. મને મારી શકિતમાં અવિશ્વાસ દેખાતો હતો તે વાત સમજી જઈને તેમણે તેમની હમેશની ધીરજ મુજબ, તેમના ઉત્તરોની મેં કરેલી આખી નોંધ ખૂબ કાળજીપૂર્વક સુધારી આપી.

મારો પહેલો પ્રશ્ન ઠીક ઠીક લાંબો હતો. એ પ્રશ્નનો જવાબ જ અહીં આપું છું. એ જવાબમાંથી મારો પ્રશ્ન સમજાઈ જશે.

"તમારા પહેલા પ્રશ્નના જવાબમાં મુખ્યત્વે બે માર્ગ રહેલા છે." શ્રી અરવિંદે કહ્યું. "પહેલો માર્ગ છે બુદ્ધનો. તમે બુદ્ધનું દષ્ટિબિંદુ જાણો છો. તેમના કહેવા પ્રમાણે પરિસ્થિતિ એ છે કે તમને બીજા માણસ પાસેથી, પછી તે ગુરુ હો કે બીજું કોઈ હો, થોડી ઘણી સહાય કે માર્ગદર્શન મળી શકે છે, પણ આખરે તો તમારે પોતે એકલે હાથે જ માર્ગ ખેડવાનો રહે છે. એટલે કે, તમારા પોતાના પુરુષાર્થથી જ જંગલ કાપતાં કાપતાં તમારે આગળ વધવાનું રહે છે. એ છે તપસ્યાનો પરાપૂર્વનો માર્ગ. બીજો માર્ગ છે ગુરુવાદનો. આ માર્ગે તમે ગુરુને પ્રભુના પ્રતિનિધિ તરીકે સ્વીકારો છો. ગુરુની પાસે આખા યે માર્ગનું જ્ઞાન હોય છે, અને તેથી કરીને તે બીજાઓને પણ એ માર્ગનું દર્શન આપવામાં સહાય આપી શકે છે. અહીં આશ્રમમાં સાધકો આ માર્ગનું અનુસરણ કરી રહેલા છે."

મેં મારી સંમતિ બતાવી અને કહ્યું, "જી, હું એ વાત તો જાણું છું. પરંતુ મારો એક પ્રશ્ન આ પણ હતો કે ગુરુની અંદર અમુક માનવસહજ મર્યાદાઓ રહેલી હોય અને તેને લીધે શિષ્યને પોતાની પ્રગતિ અટકી જતી હોય તેમ લાગે તેવા સંયોગોમાં સાધકનું વલણ કેવું રહેવું જોઈએ, "અને મેં ઝડપથી ઉમેર્યું, "બેશક, આ મારો અંગત પ્રશ્ન નથી. મારું તો પરમ સદ્ભાગ્ય છે કે આપ જેવા ગુરુ મને મળ્યા છે. પરંતુ મારા કેટલાક મિત્રો જેમને આવા ગુરુ મળેલા નથી અને તેમના વતી આ પ્રશ્ન આપને રૂબરૂમાં જ પૂછી લેવો મને ઠીક લાગ્યો. આપ મારી વાત સમજી તો શકશો જ."

"બરાબર સમજી શકું છું." શ્રી અરવિંદે એક ઉદાર સ્મિત કરી કહ્યું. "પણ હું ધારું છું કે આ પ્રશ્ન મેં આ પહેલાં પણ ચર્ચેલો છે. મેં કહ્યું છે કે સાધનાની બાબતમાં માધ્યમની—એટલે કે ગુરુની શક્તિ પણ થોડો ભાગ ભજવે છે, પરંતુ તેથી યે વધુ ભાગ શિષ્ય પોતે ભજવે છે." શ્રી અરવિંદ થોડી ક્ષણ અટકયા, અને મારા તરફ એક આછું સ્મિત કરીને આગળ બોલવા લાગ્યા. "આજનું અર્વાચીન માનસ આ બાબતોમાં મનની રીતે વિચારવા જતાં ઘણી વાર ગોટાળો કરી મૂકે છે. એને ખબર નથી કે આધ્યાત્મિક પ્રદેશમાં જે શક્તિ કાર્ય કરી રહેલી છે તે મનોમય બુદ્ધિએ નક્કી કરેલા માર્ગ પ્રમાણે જ પોતાનું કામ કરતી નથી. એટલે જ આ ગુરુ શિષ્યના સંબંધનું રહસ્ય તેને પૂરેપૂરું

સમજાતું નથી. સાદી વાત તો એ છે કે એક વાર શિષ્ય ગુરુને પ્રભુના પ્રતિનિધિ તરીકે સ્વીકારી લે છે એટલે પછી પ્રભુ પોતે પણ ગુરુ મારફતે શિષ્યનો સ્વીકાર કરી લે છે. બીજી રીતે કહીએ તો શિષ્ય જ્યારે ગુરુ પ્રત્યે પોતાનું અંતર ખુલ્લું કરે છે ત્યારે તેનો અર્થ એ હોય છે કે તે પ્રભુ પ્રત્યે જ પોતાનું અંતર ખોલતો હોય છે અને એ વખતે ગુરુ, પોતાની અંદર 'માનવસહજ મર્યાદાઓ' રહેલી હોય તો પણ શિષ્યને મદદ આપી શકે છે. અને તે એક તદ્દન સાદી સરળ રીતે. ગુરુ પોતે એક એવી શક્તિનું ઉદ્‌બોધન કરે છે કે જેને ગુરુમાં રહેલી માનવ મર્યાદાઓનો જરા યે સ્પર્શ હોતો નથી. અને એ શક્તિ ગુરુના વ્યક્તિત્વ દ્વારા પોતાનું કાર્ય કરી લે છે. હું ધારું છું કે મેં તમને એક વાર એ વાત પણ લખી હતી કે ગુરુની અપૂર્ણતાઓ એ શિષ્ય માટે હમેશાં વિઘ્ન રૂપ જ બની રહે છે એવું કંઈ નથી. પોતાના ગુરુને પ્રભુનો સંપર્ક થાય તે પહેલાં શિષ્યને પોતાને પણ ગુરુ દ્વારા પ્રભુનો સંપર્ક મળી આવે છે. એટલે ગુરુની બાબતમાં મુખ્ય વસ્તુ એક જ જોવાની છે. અને તે એ કે તેનામાં શિષ્યને પ્રભુનો સંપર્ક મેળવી આપવાની આધ્યાત્મિક શક્તિ છે કે નહિ. ગુરુમાં રહેલી માનવ મર્યાદાઓ એ ગૌણ વસ્તુ છે. એને લીધે શિષ્યનો માર્ગ રૂંધાઈ જતો નથી. સમજ્યા ને?"

મારો બીજો પ્રશ્ન સ્થૂલીભવન તેમ જ ઊર્ધ્વગમન* જેવી સૂક્ષ્મ ઘટનાઓ વિષેનો હતો. આ બાબતમાં મારી શંકાઓ મેં એક મિત્ર આગળ જણાવી હતી અને એ મિત્રે તે વાત શ્રી અરવિંદને પહોંચાડતાં તેમણે કહેલું કે આ બનાવો, ઘણા દુરાગ્રહી વૈજ્ઞાનિકો માને છે તે મુજબ કેવળ હાથચાલાકી કે ધતિંગ જ નથી, પણ સાચી વસ્તુઓ છે. છતાં મારા મનમાં આ અંગે સમાધાન નહોતું થતું. આવી ઘટનાઓના ટેકા રૂપે જે પુરાવાઓ રજૂ થતા હતા તે સાચા જ હતા તેમ માનવાને માટે મારું મન અત્યંત નારાજ હતું. આમાંથી મને એક બીજી બેચેની ઊભી થવા લાગેલી. એક બાજુ મારું મન કહેતું હતું કે મારે શ્રી અરવિંદના વિશાળ અનુભવ તેમ જ જ્ઞાન વિષે શંકા સેવવી ન જોઈએ અને બીજી બાજુ હું આ શંકાઓનું લાલન કરવાનો મારો હક છે એમ માન્યા કરતો હતો! પણ વાત આટલેથી જ અટકતી હોત તો વાંધો ન હતો. આ બાબતમાં તો એમ થયેલું કે આ શંકાશીલતાના પરિણામે હું મનમાં મનમાં ગુરુની ટીકા કરતી વખતે પણ કેવળ મારા અહંકારને જ પુષ્ટ કરી રહ્યો હતો. આ વસ્તુ મેં શ્રી અરવિંદને લખી જણાવેલી, જો કે આવી નિખાલસતા ઠીક

* Materialisation અને Levitation

ગણાય કે કેમ તે વિષે હું સચિંત બનવા લાગ્યો હતો. આ બાબતમાં મારી કાંઈ ભૂલ થતી હોય તો મારે અસત્યનો આશ્રય લીધા વિના, કેવી ઉચિત ભાષામાં ક્ષમા માગવી તેનો હું વિચાર કરતો હતો ત્યાં શ્રી અરવિંદે પોતે જ એ વાત ઉપાડી.

"પણ તમારે આમાં ગભરાવાનું કારણ નથી." શ્રી અરવિંદે મૃદુતાથી મને કહ્યું. "યોગનું અંતિમ લક્ષ્ય તો પરમાત્માનો સાક્ષાત્કાર છે, દિવ્ય જીવનની સિદ્ધિ છે. આ સૂક્ષ્મ ઘટનાઓ તો ગૌણ બાબતો છે. આધ્યાત્મિક અનુભૂતિ કાંઈ એ ઘટનાઓ ઉપર આધાર રાખતી નથી. એ વસ્તુઓમાં માનવું એ જરૂરી નથી. એને લીધે જ આત્મસાક્ષાત્કાર થાય છે એવું લેશ પણ નથી. એટલે આવી બાબતોમાં તમને તમારો અંગત અભિપ્રાય ધરાવવાનો સંપૂર્ણ હક્ક છે."

મારું હૃદય કંઈક ટાઢું થયું. મેં કહ્યું, "એમ હોય તો તો ઘણું સારું. હું ગભરાતો હતો કે દરેક વિષયમાં જો આપણે ગુરુનું દૃષ્ટિબિંદુ સ્વીકારી ન શકીએ તો એનો અર્થ એ થાય કે આપણે ગુરુનું માર્ગદર્શન ઝીલવાને માટે તદ્દન અયોગ્ય ઠરીએ છીએ."

"એ બાબતમાં તમે નિશ્ચિત રહેજો." શ્રી અરવિંદે પ્રેમપૂર્વક કહ્યું. "હું જયારે જયારે કંઈ લખું છું કે કહું છું ત્યારે તે માત્ર મારી શોધખોળને જણાવવા પૂરતું યા તો મારા દૃષ્ટિબિંદુને સ્પષ્ટ કરવા પૂરતું જ હોય છે. બીજાઓએ એ વસ્તુનો સંપૂર્ણ સ્વીકાર કરવો જ જોઈએ એવો આગ્રહ હું નથી રાખતો. અને તમે તો મને આટલા વખતથી ઓળખો છો. શું તમને એવું કદી લાગ્યું છે કે મેં મારું દૃષ્ટિબિંદુ બીજા ઉપર લાદવાનો કદી પણ આગ્રહ રાખ્યો છે? હું કદી પણ ડિકટેટરની રીતે કામ કરતો નથી. હું એમ પણ નથી માગતો કે દરેક જણ મારા દૃષ્ટિબિંદુનો જ સ્વીકાર કરવો જોઈએ, યા તો મારા યોગને કે કેવળ મને જ અનુસરવું જોઈએ." શ્રી અરવિંદ અટકયા અને સામે રહેલી એક કાંસાની પ્રતિમા તરફ આંગળી કરી બોલ્યા. "દાખલા તરીકે, આ પ્રતિમા મને ઘણી સુંદર લાગે છે. પણ તમારો અભિપ્રાય જુદો પડતો હોય, તો મારે તેથી શા માટે નારાજ થવું જોઈએ?"

"પરંતુ કેટલાક કહે છે કે," મેં પૂછવાનું સાહસ કર્યું, "ગુરુ એકતાને ખાતર યા તો સંવાદને ખાતર આવો આગ્રહ રાખે છે. અથવા તો..."

શ્રી અરવિંદ ફરીથી હસ્યા: "પરંતુ એકતાનો અર્થ એકરૂપતા નથી થતો. એકસ્વરૂપ પરમાત્મા બહુસ્વરૂપ બનેલા છે. એટલે તમારે તે એકસ્વરૂપનો સ્વીકાર કરવો હોય તો તમારે તેમના આ બહુસ્વરૂપનો સ્વીકાર કરવાનું પણ

શીખવું જોઈશે. જગત રૂપે વ્યક્ત બનેલા પરમાત્માનું જે એક અદ્વૈત રૂપ છે તેની સાથે સાથે આ વિશ્વની જે અનેકરૂપતા છે તે પણ જાણવી જોઈશે. સમજ્યાને ?"

"જી, સમજાય છે." મેં આનંદમાં આવી જવાબ વાળ્યો. "વિવિધતામાં એકતા, આપે આ રીતે આ વસ્તુ ક્યાંક કહી છે. પણ મારું મન કોઈ એક નાનકડી બાબતમાં પણ આપના કરતાં જુદો મત ધરાવે તો આપના તરફની મારી ભક્તિને તરત જ આઘાત થાય છે. શ્રી રામકૃષ્ણ કહેતા હતા કે શ્રદ્ધા હોય તે બહુ સારું છે. અને મારે એ શ્રદ્ધા જોઈએ છે. મારે સાચા શ્રદ્ધાળુ બનવું છે. હું તો એટલે સુધી કહેવા ઇચ્છું કે આપ જે કંઈ કહો તેમાં શ્રદ્ધા મૂકતાં મને ઘણો જ આનંદ થાય. આ પ્રતિમા મને સુંદર ન લાગતી હોય તો પણ આપના અભિપ્રાયની વિરુદ્ધ જઈને એ જાહેર કરતાં મને ખૂબ જ ક્ષોભ થાય. આવી આવી બાબતોમાં મારા મનમાં ખૂબ જ બેચેની રહે છે. આપે સૂક્ષ્મ ઘટનાઓ વિષે જે વાત કહી છે તેથી પણ મારું મન ઘણું નારાજ રહે છે. એ માનવું હજી મને મુશ્કેલ લાગે છે. અને મારી આ અશક્તિ જોતાં મને ઘણી વાર તો એમ જ થાય છે કે હું યોગ માટે, આપના યોગ માટે નદ્દન અયોગ્ય તો નહિ હોઉં ? અને એમાંથી પાછી ચિંતાની એક બીજી પરંપરા ઊભી થાય છે. મારે તો મારે પોતાને ખાતર પણ શ્રદ્ધા કેળવવી છે. મારા માનસિક પૂર્વગ્રહોને દૂર કરવા ખાતર પણ મારે શ્રદ્ધાનો વિકાસ કરવો છે. કહો કે, મારા મનની પાસે ગાદીત્યાગ કરાવવો છે. પણ એને બદલે ગાદી ઉપર કોની સ્થાપના કરવી એ પ્રશ્ન છે. આ મનના ઝાંખા અજવાળાનું સ્થાન લે એવો નવો પ્રકાશ ક્યાં હશે ?"

શ્રી અરવિંદ મારા તરફ લાંબો વખત જોઈ રહ્યા અને બોલ્યા : "મનનો આગ્રહ એ છે કે એના પર ગાદીનશીન બનેલી બુદ્ધિમાં સર્વ પ્રકારનું સામર્થ્ય આવેલું છે, હરેક વસ્તુને તે પહોંચી વળી શકે તેમ છે. એ આગ્રહ જો મન જતું કરી શકે તો નવો પ્રકાશ મેળવવામાં એને બહુ મુશ્કેલી નહિ પડે. કારણ કે, અત્યારે જે સ્થિતિ છે તે મુજબ તો એમ જ અર્થ થાય કે જગતના સર્વ અનુભવોની સત્યાસત્યતાનો અંતિમ નિર્ણય કેવળ મન જ કરી શકે છે. પરંતુ આધ્યાત્મિક અનુભૂતિઓના ક્ષેત્રમાં તમે જોશો કે તમે કેવળ તમારા મન દ્વારા કોઈ પણ વસ્તુ સમજી શકવાના નથી, વસ્તુના મૂળ સુધી જઈ શકવાના નથી. મનનું બંધારણ જ એવું છે કે પરમ દિવ્ય તત્ત્વનો તેમ જ તેનાં કાર્યોનો માત્ર એક નાનકડો અંશ જ સમજી શકે તેમ છે. દા. ત.

આ જે સૂક્ષ્મ ઘટનાઓ છે તે દિવ્ય તત્ત્વના કાર્યનો જ એક ભાગ છે. તમારા માનસિક પ્રયત્નો દ્વારા તમે આવી ઘટનાઓનું સાચું સ્વરૂપ કદી સમજી શકવાના નથી. અને આ સૂક્ષ્મ ઘટનાઓ એ તો એક નક્કર હકીકત જ છે. એટલે એ બનાવોને એક પ્રપંચ તરીકે ગણી કાઢવા કરતાં એ વસ્તુઓ અંગે તમને સમજશકિત ન આવે ત્યાં સુધી કશો જ અભિપ્રાય ન બાંધવો એ વધુ ઈષ્ટ ગણાય. આ સૂક્ષ્મ સમજશકિત માણસમાં એક બૃહત્ ચેતનાનો ઉદય થાય ત્યારે જ આવે છે. પ્રભુ આ સ્થૂલ અથવા તો સૂક્ષ્મ આવરણોની પાછળ રહીને જે કાર્ય કરી રહ્યા છે તે તમે એ બૃહત્ ચેતનાના પ્રકાશ દ્વારા જ સમજી શકશો."

"જી હા, આ બધું સિદ્ધાંતરૂપે તો બરાબર લાગે છે. પરંતુ," મારામાં ટકી રહેલા વિરોધને વ્યકત કરતાં મેં કહ્યું. "જ્યારે આવો બનાવ આપણી નજર સામે આવીને ઊભો રહે ત્યારે આપણે શું કરવું ? દા. ત. શ્રી વિજય ગોસ્વામીનો પેલો બનાવ છે. તે કહેતા હતા કે તેમની પત્નીને તેમના ગુરુએ આકાશમાર્ગે એક દૂરદૂરને ઠેકાણે તેને સૂક્ષ્મ રૂપ આપીને મોકલી આપી હતી. શું આપ એમ કહેશો કે એ બનાવ પ્રમાણભૂત છે યા તો શકય છે ?"

"આ પ્રસંગ ગોસ્વામી કહે છે તે મુજબ જ બન્યો હતો કે નહિ તે તો હું નહિ કહી શકું." શ્રી અરવિંદે કહ્યું. "પણ આ રીતનું ઊર્ધ્વગમન એ શકય વસ્તુ છે એમ નજરોનજર જોવામાં આવેલું છે. યોગીઓ એ વસ્તુનો પુરાવો આપી શકે છે અને એ પુરાવા તેમણે આપેલા પણ છે. એટલે એને શા માટે અશકય ગણી કાઢવું જોઈએ તે હું સમજી શકતો નથી. માણસના મનને મૂંઝવી નાખે તેવી અનેક ઘટનાઓનાં હજારો દષ્ટાંતો મળી આવે છે. અને છેવટે તો, કોઈ પણ વસ્તુ વાસ્તવિક છે કે નહિ તેની કસોટી અનુભવ દ્વારા જ કરવાની રહે છે. અને સત્યની કસોટી એ રીતે જ થવી જોઈએ. અને અનુભવમાં તો એ વાત સાચી જણાઈ છે કે ઊર્ધ્વગમન કે સ્થૂલીભવન જેવી ઘટનાઓ તદ્દન શકય વસ્તુઓ છે."

"જી હા." હું બોલી ઊઠયો. 'હું આપને આ સ્થૂલીભવન વિષે પણ કંઈ પૂછવા માગતો હતો. આવા બનાવો બનેલા સંભળાય તો છે પણ તેને પોતાની નજરે જોનાર મને હજી કોઈ મળ્યો નથી. આમાં કાનોકાન તો ઘણું સંભળાય છે, પણ આપણે તો ભરોસાદાર પુરાવો જ જોઈએ ને ?"

શ્રી અરવિંદ હસ્યા અને બોલ્યા : "વારુ, સાંભળો ત્યારે. તમારે નજરો-નજર જોનાર પાસેથી સાંભળવું છે, એમ ને ? કાનોકાન વાત તમારે નહિ ખપે

એ બરાબર છે. એટલે મેં પોતે જ સગી આંખે જોયેલો, તેમજ મારી સાથે રહેતા અરધોએક ડઝન માણસોએ જોયેલો એક બનાવ તમને કહીશ." અને તેમણે તેમની સ્પષ્ટ અને ચોક્કસ શૈલીમાં એક બનાવનું વર્ણન કરવા માંડયું. આ બાબતમાં વધારે ચોક્કસ વિગતો મળે તો સારું થાય એટલે મેં બીજે દિવસે સવારે શ્રી અરવિંદને તે બનાવની વિગતો લખી મોકલવા વિનંતી કરેલી. શ્રી અરવિંદે મારી વિનંતી સ્વીકારીને જે લખી મોકલેલું તે આ મુજબ હતું :

"જગતમાં જે સૂક્ષ્મ નિયમો તેમ જ ક્રિયાઓ ચાલી રહી છે તેના એક દૃષ્ટાંત તરીકે મેં તમને આ વસ્તુ કહી હતી. આમાંથી તમે જોઈ શકશો કે આ બનાવો એ માત્ર કલ્પનાતરંગ જ નથી, ભ્રાંતિ કે ધતિંગ નથી, પણ સાચી બનેલી ઘટનાઓ છે.

"આ પથ્થર–મારો કોઈનું ખાસ ધ્યાન ન ખેંચાય એ રીતે ગેસ્ટ હાઉસના રસોડા ઉપર શરૂ થયેલો. પથ્થરો આમ તો સામેની અગાસીમાંથી આવતા હોય તેમ દેખાતું હતું. પણ અગાસી ઉપર કોઈ જ હતું નહિ. સાંજ પડવા માંડે એટલે આ મારો શરૂ થતો અને અર્ધાએક કલાક સુધી ચાલુ રહેતો. પરંતુ દિવસે દિવસે એ મારો વધુ ને વધુ થવા લાગ્યો, એમાં ઉગ્રતા પણ આવતી ગઈ, પથ્થરોનું કદ પણ મોટું થતું ગયું. હુમલાનો વખત પણ વધુ વધુ લાંબો થવા લાગ્યો. કેટલીક વાર તો એ કલાકોના કલાકો સુધી ચાલુ રહેતો, અને છેવટે તો મધરાત થવા આવે ત્યારે કલાક અર્ધા કલાક સુધી તો જાણે નિયમસરનો બૉમ્બમારો જ થઈ રહેતો. પછી તો એ પથ્થર એકલા રસોડા પર જ નહિ પણ બીજે ઠેકાણે પણ, બહારના વરંડામાં પણ પડવા માંડયા. પહેલાં તો અમે એમ માની લીધેલું કે આ કોઈ માણસનું કાવતરું હશે. એટલે અમે પોલિસને તપાસ કરવા માટે બોલાવેલી. પણ એ તપાસ થોડો વખત જ ચાલી. કોઈને ખબર પડે તે પહેલાં તો એક પોલિસના બે પગ વચ્ચે જ સમસમાટ કરતોકને એક પથ્થર આવી ઊભો રહ્યો. પોલિસ તો ગભરાઈને નાસી જ છૂટી. એટલે અમે પોતે જ હવે શોધ શરૂ કરી. પણ જ્યાં જ્યાંથી પથ્થરો આવતા લાગતા હતા અથવા તો આવવાની શકયતા હતી ત્યાં તો કોઈ માણસ જ દેખાતું ન હતું. છેવટે, અમારી શંકાનું નિવારણ કરવાની કૃપા કરતા હોય તેમ એ પથ્થરો બંધ બારણાની પાછળ પણ પડવા લાગ્યા. એક પથ્થર તો ખાસો મોટો હતો અને એ આવ્યો કે તરત જ મારા જોવામાં આવેલો. એ તો એક નેતરના ટેબલ ઉપર આવીને નિરાંતે ગોઠવાઈ ગયો, જાણે કે એ જ એને બેસવા

માટેની ખરી જગા ન હોય. આમ કેટલો ય વખત ચાલ્યું અને છેવટે તો એ પથ્થરો ખૂનખાર બનવા લાગ્યા. અત્યાર લગી તો એ પથ્થરો કોઈને કશી ઈજા નહોતા કરતા. માત્ર વિજયનાં બારણાંને એ રોજ, છેવટના દિવસોમાં, થોડાંથોડાં ખોખરાં કરી જતા હતા. એ પથ્થરો પડતા અટકી ગયા ત્યારની છેલ્લી રાતે તો મેં આ દૃશ્ય સગી આંખે જોયેલું. પથ્થરો હવામાં, જમીનથી થોડેક હાથ ઊંચે દેખા દેતા. એ જાણે કોઈ દૂરની જગાએથી આવતા ન હતા, પણ એકાએક જ ત્યાં પ્રગટ થતા હતા. એ જે દિશાએથી આવતા હતા તે જોતાં એમ લાગતું હતું કે ગેસ્ટ હાઉસના કંપાઉન્ડમાંથી યા તો વરંડામાંથી પણ કોઈ તેમને નજીકમાંથી જ ફેંકતું હતું. પણ એ આખું યે સ્થાન પ્રકાશમાં ચોખ્ખેચોખ્ખું દેખાતું હતું, અને હું જોઈ શકતો હતો કે ત્યાં કોઈ પણ માણસ ઊભું ન હતું, તેમ જ ઊભું રહી શકે તેમ પણ ન હતું. આ હુમલો નોકર તરીકે કામ કરતા એક છોકરાની આસપાસ જ થતો હતો. એ છોકરો અર્ધોપર્ધો ગાંડા જેવો હતો. એ છોકરાને વિજયના ઓરડામાં તેના રક્ષણ હેઠળ રાખવામાં આવેલો હતો. છેવટે જતાં તો એ છોકરા ઉપર પથ્થરો બેસુમાર વરસવા લાગ્યા. ઓરડાનાં બંધ બારણાની અંદર પણ એ પથ્થરો વરસતા હતા. એ પથ્થરોના મારાથી છોકરાને સખત વાગ્યું, લોહી નીકળવા લાગ્યું. એટલે વિજય મને બોલાવવા આવ્યો. હું વિજયના ઓરડામાં ગયો અને છોકરા પર પથ્થર પડતો જોયો, એ પથ્થર છેલ્લો પથ્થર હતો. વિજય અને એ છોકરો બંને પાસે બેઠા હતા. અને તેમની સામેથી જ તેમના ઉપર પથ્થર ફેંકવામાં આવેલો. પણ એ ફેંકનાર કોઈ જ દેખાતું ન હતું. ઓરડામાં માત્ર એ બે જણ જ હતા. એટલે એ ફેંકનાર તો માત્ર એચ. જી. વેલ્સનો 'અદૃશ્ય માનવ' જ હોઈ શકે ને!

"અત્યાર સુધી તો અમે આ બધું માત્ર જોયા કરતા હતા, અથવા તો મશ્કરીમાં ઉડાડી દેતા હતા. પણ હવે વાત વધવા માંડી હતી. મામલો જોખમકારક બનતો જતો હતો અને કંઈક કરવું જ જોઈએ એમ દેખાવા લાગ્યું. માતાજીને આ વસ્તુઓની પાછળ રહેલી ક્રિયાનું જ્ઞાન હતું જ. તે એ નિર્ણય ઉપર આવ્યાં કે આ આખી ક્રિયાનો આધાર પેલા છોકરા અને ઘર વચ્ચેના સંબંધ ઉપર રહેલો હોવો જોઈએ. એટલે જો એ બે વચ્ચેના સંબંધને કાપી નાખવામાં આવે અને છોકરાને ઘરથી અલગ કરવામાં આવે તો પથ્થરો પડતા બંધ થઈ જશે. એટલે અમે એ છોકરાને હર્ષીકેશના મકાનમાં મોકલી આપ્યો અને તરત જ આખો બનાવ બંધ પડી ગયો. તે પછી એક પણ પથ્થર પડયો નહિ અને બધે શાંતિ ફેલાઈ રહી.

"આ વાત બતાવી આપે છે કે," શ્રી અરવિંદે ઉપસંહાર કરતાં લખેલું, "આ સૂક્ષ્મ ઘટનાઓની પાછળ, બીજી હરકોઈ વૈજ્ઞાનિક ક્રિયાની પાછળ હોય છે તેવી જ ચોક્કસ પ્રક્રિયા કે નિયમ રહેલાં હોય છે. અને એ પ્રક્રિયાઓનું જો જ્ઞાન હોય તો તેથી આવી ઘટનાઓ ઊભી કરી શકાય છે એટલું જ નહિ તેમને અટકાવી પણ શકાય છે, તેમ જ નાબૂદ પણ કરી શકાય છે."*

"એટલે તમે સમજી શકશો કે," શ્રી અરવિંદે પોતાના વર્ણનને પૂરું કરતાં કહ્યું, "માતાજી આ બધું જ જાણતાં હતાં. ઉત્તર આફ્રિકામાં તેમણે આ ગૂઢ વિદ્યાનો અભ્યાસ કર્યો હતો અને તેમની પાસે આ વિષયનું ઊંડું ગૂઢ જ્ઞાન છે."

"અને આપની પાસે ?"

શ્રી અરવિંદ હસ્યા પણ જવાબ આપતા પહેલાં એકાદ ક્ષણ કંઈક વિચારમગ્ન બની ગયા અને પછી બોલ્યા, "મને પણ સૂક્ષ્મ શક્તિઓના સેંકડો અંગત અનુભવો થયેલા છે."

"ઊર્ધ્વગમનના પ્રશ્ન વિષે આપ શું કહો છો ?"

---

*સામાન્ય વાચક માટે આ બનાવની સમજૂતી રૂપે નીચેની વધુ વિગતો વધુ મદદ રૂપ થઈ પડશે. આ આખા નાટકને નજરોનજર જોનારમાં એક અમૃત પણ હતા. એમણે મને પછીથી કહેલું કે આ બધો બનાવ ૧૯૨૧ના શિયાળામાં વચલા મહિનાઓમાં હરરોજ બનતો રહ્યો હતો. સારે નસીબે, તેમણે એ આખી યે ઘટનાની એક નોંધ રાખી હતી. એ નોંધ તેમણે મને બતાવી. એમાંથી નીચેની વસ્તુઓ મને જાણવા મળેલી. આ આખા તોફાનના મૂળમાં એક વતેલ નામનો રસોયો હતો. એને નોકરીમાંથી છૂટો કરવામાં આવતાં તે ગુસ્સે થઈ ગયેલો અને જતાં જતાં તે ધમકી આપતો ગયેલો કે હું તમને બધાને જોઈ લઈશ. અહીં રહેલું તમને ભારે કરી મૂકીશ. પછી તેણે એક મેલી વિદ્યાના જાણકાર મુસલમાન ફકીરની પાસેથી મદદ મેળવી અને આ બધું તોફાન શરૂ થયું. મેં અમૃતને પૂછેલું કે આ પથ્થરો આભાસ રૂપ તો ન હતા ને? અમૃતે હસીને કહેલું કે ના, રે ના. મેં બધા પથ્થર ભેગા કરાવી રાખ્યા હતા અને મહિનાઓ સુધી લોકોને જોવા માટે જાળવી રાખ્યા હતા. એ પથ્થરોની એક વિચિત્ર ખાસિયત એ હતી કે એ બધા લીલથી છવાયેલા હતા. મેં એ પણ સાંભળેલું કે આ બનાવને નજરોનજર જોનારાઓમાં એક પ્રખર બુદ્ધિમાન પુરુષ ઉપેન્દ્રનાથ બેનરજી પણ હતા. પહેલાં તો તેમણે આ મેલી વિદ્યાની વાત હસી જ કાઢેલી અને એ કાવતરાખોરોને શોધી કાઢવા માટે કમર કસેલી. પણ છેવટે તેમને પણ હાર કબૂલવી પડેલી. આ વિચિત્ર ઘટના અંગે તેઓ કશો જ ખુલાસો મેળવી શક્યા ન હતા. પણ

"એ વસ્તુનો સ્વીકાર હું કરું છું. આ ઊર્ધ્વગમનને સિદ્ધ કરી આપતી નૈસર્ગિક શક્તિઓનો પરિચય મને થયેલો છે. એ શકિતઓને ખીલવવામાં આવે તો એ ઊર્ધ્વગમન અવશ્ય કરી શકાય છે, વળી મને કેટલાક સ્થૂલ શારીરિક અનુભવો પણ થયેલા છે. ઊર્ધ્વગમનનો સિદ્ધાંત સાચો ન હોય તો તેવા અનુભવો થવા અશકય છે."*

"પણ તો પછી," થોડી ક્ષણો અટકીને મેં પૂછ્યું, "આજનું આધુનિક માનસ આવા અનુભવોને સાચા માનવામાં આટલી બધી આડાઈ કેમ કરે છે?"

"મારાં જુદાં જુદાં લખાણોમાં મેં એ પ્રશ્નનો જવાબ આપેલો છે." શ્રી અરવિંદે જવાબ આપ્યો. "એમાં મેં કહ્યું છે કે મન એ અવિદ્યાનું કરણ છે અને જ્ઞાન તરફ તે જઈ રહ્યું છે. 'આનો અર્થ એ નથી કે મનને આધ્યાત્મિક જીવનમાં કશું જ સ્થાન નથી. પણ એનો અર્થ એટલો તો છે જ કે મન પોતે જ્ઞાનનું મુખ્ય કરણ પણ બની શકે તેમ નથી. એટલું જ નહિ, મન એ એવી કોઈ પરમ સત્તા નથી કે જેના ચુકાદા પ્રમાણે જ જગતની બધી વસ્તુઓએ, અને ભગવાને પોતે પણ બધું કામકાજ કરવાનું રહે. મન જે બૃહત્ ચેતનાની દિશામાં ગતિ કરી રહ્યું છે તે ચેતનાની પાસેથી તેણે શીખવાનું રહે છે. એ બૃહત્ ચેતના ઉપર પોતાનાં ધોરણો લાદવાની વાત તેણે પડતી મૂકવી જોઈએ. ×
પણ આ વસ્તુ કરવી મન માટે ઘણી મુશ્કેલ છે. મનનો સ્વભાવ જ એવો છે કે તે એકી સાથે એક જ વસ્તુને સ્પષ્ટ જોઈ શકે છે. અને એનું કારણ

એ આખી ઘટનાનો સ્ફોટ એની મેળે જ થઈ ગયો. એક દિવસે વતેલની સ્ત્રી રોતી કકળતી આવી પહોંચી અને શ્રી અરવિંદ અને માતાજીનાં ચરણોમાં ઢળી પડી. એનો ધણી એક ભયંકર માંદગીમાં સપડાઈ પડયો હતો. એ માંદગીનું કારણ એ જાણતો હતો. એને ખબર હતી કે કોઈની સામે મોકલેલી સૂક્ષ્મ શક્તિઓને જો ત્યાંથી પાછો ધક્કો મળે તો તે તેના મૂળ મોકલનાર ઉપર જ તૂટી પડે છે. શ્રી અરવિંદે તથા માતાજીએ તેણે યોજેલી શક્તિને પાછી ધકેલી દીધી હતી. અને હવે તેનું આવી જ બન્યું હતું. આખી વાત જાણ્યા પછી શ્રી અરવિંદે એ માણસને ક્ષમા આપેલી અને અમૃતના સાંભળતાં જ કહેલું કે 'આટલી વસ્તુ માટે એને મૃત્યુની સજા થવાની જરૂર નથી.' અને પરિણામે પેલો માણસ સારો થઈ ગયેલો.

* આ વાકય શ્રી અરવિંદે મારું લખાણ સુધારીને પોતે જ લખ્યું હતું. મેં આ વિષયમાં તેમના અંગત અનુભવો વિષે થોડી વધુ વિગતો જાણવા આગ્રહ કર્યો હતો પણ એ વસ્તુઓ 'અત્યારે કહેવા જેવી નથી' એમ કહી વિનોદપૂર્વક તેમણે એ વિષય ટાળ્યો હતો.

× મારા પર લખેલા એક પત્રમાંથી.

એ છે કે તે જગતના અમુક અંશ ઉપર જ પોતાની જાતને એકાગ્ર કરી શકે છે, અને એ રીતે જ તે પોતાનું કર્તવ્ય બજાવી શકે છે. એ કર્તવ્ય એટલે કે જગતના સર્વ પદાર્થોમાં એકતાનું દર્શન કરવું. એ એકતા સિદ્ધ કરવા માટે તે સર્વ પદાર્થોને નિષ્ઠુરપણે એક જ તત્ત્વની કક્ષામાં લાવી મૂકે છે. આ પ્રક્રિયાથી વ્યવહારમાં એક ઘણો મોટો લાભ થયો છે. એને લીધે માનવ મનને એક ઘણી આવશ્યક એવી આરંભની તાલીમ મળેલી છે, અને એ તાલીમ દ્વારા મનની નજર આગળ એક વસ્તુ ટકાવી રાખવામાં મદદ પણ મળેલી છે. એ વસ્તુ એટલે કે 'મનથી પણ ઉપર એક કોક પરમ તત્ત્વ આવી રહેલું છે અને તે તત્ત્વ તરફ મને પોતાનાં પગલાં વાળવાનાં છે. આ વિષયમાં મન ભલે ગમે તેટલા પ્રયત્નો કરે, પરંતુ તેની જ્ઞાનપ્રધાન બુદ્ધિ આ પરમ તત્ત્વનો માત્ર ઝાંખો ઈશારો જ આપી શકે તેમ છે, અથવા તો તે મેળવવા માટે કંઈક આછાપાછા પ્રયત્નો કરી શકે છે અથવા તો તે પરમ તત્ત્વે જગતમાં જે આવિર્ભાવ સાધ્યો છે તેની આંશિક બાજુઓનું જ કંઈક દિગ્દર્શન કરાવવાનો તે પ્રયત્ન કરી શકે છે. મન એ પરમ તત્ત્વમાં પ્રવેશ પામી શકવાનું નથી કે તેને જાણી શકવાનું નથી.'* પરંતુ તમે તો એક ઘણી વ્યાપક સાધનાનો માર્ગ લીધેલો છે. તમારે હવે જગતમાં શકય અશકય વસ્તુઓ વિષે મને પૂર્વથી બાંધી લીધેલા ખ્યાલોની વાડમાં જ શા માટે પુરાઈ રહેવું જોઈએ? લોકોનો સામાન્ય ખ્યાલ એ છે કે તમે સામાન્ય ચેતનામાં રહ્યા રહ્યા પણ એ ચેતનાની ઉપરની વસ્તુઓ વિષે નિર્ણયો બાંધી શકો છો. પરંતુ એ માન્યતા બહુ સાધાર નથી. એટલે ઉત્તમ માર્ગ તો એ છે કે તમારાથી બને તેટલું તમારા મનને શાંત નિષ્ક્રિય કરી દો, આ પૂર્વગૃહીત વિચારોમાંથી મુક્ત થઈને સત્ય તરફ તમારી ચેતનાને ખુલ્લી કરો. પ્રશ્ન માત્ર એક જ છે. તમારે તમારી ચેતનામાં વૃદ્ધિ સાધવી જોઈએ. એ રીતની વૃદ્ધિ દ્વારા જ તમે ઉચ્ચ ભૂમિકાનાં સત્યોનો સાક્ષાત્કાર પામી શકશો. જો તમે આટલું કરી શકો, અને તમારા અંતરાત્માને જ તમે નેતાસ્થાને સ્થાપી શકો તો એ અંતરાત્મા તમે જે આંતર ઉદ્‌ઘાટન ઝંખી રહ્યા છો તે કરાવી આપશે. એ અવસ્થામાં પોતાની અર્ધ-પ્રકાશિત ચેતનાવાળું મન તમારી દૃષ્ટિને મર્યાદિત વાડમાં પૂરી નહિ રાખે. હવે તો તમારામાં ઉપરની દિશામાંથી," શ્રી અરવિંદે પોતાના મસ્તકની આંગળી ચીંધી, "એક ઊર્ધ્વ પ્રકાશ નીચે ઊતરી આવશે. મનને સ્થાને તમારામાં હવે એ પ્રકાશ ગાદીનશીન બનશે અને મનથી ઉપર રહેલા, અધિમનસ અને અતિમનસ સુધીના પ્રદેશમાંથી

*મારા મિત્ર ચેડવિકને લખેલા પત્રમાંથી.

જ્ઞાનના પ્રવાહો નીચે અવતરવા લાગશે. મારો યોગ આ રીતનો છે, અને એ તમે જાણો છો."

મેં કશા ખાસ ઉત્સાહ વિના ડોકું હલાવ્યું. "હા જી, એ હું જાણું છું," મેં જવાબ વાળ્યો. "અને હું એ પણ સમજું છું કે જો 'મનની નિષ્ક્રિયતા' પ્રાપ્ત કરી શકાય તો તે ઘણી કામમાં આવી શકે છે. પરંતુ મારી મુશ્કેલી એ છે કે મારું મન એવું તો બંડખોર છે કે તે પોતાની મેળે પોતાનું આસન જરા યે છોડે તેવું નથી. અને વળી," એકાદ ક્ષણ થોભીને અચકાતાં મેં કહ્યું, "મુશ્કેલી ત્યાંથી જ અટકતી નથી. કદી કદી તો હું એમ વિચારવા લાગી જાઉં છું કે મનમાં ઊભા થતા આ પ્રશ્નોથી પણ શું કોઈ લાભ નહિ થતો હોય? એથી કોઈ હેતુ નહિ સધાતો હોય! અને એવી ક્ષણોમાં હું પાછો મારી જાતને પ્રશ્ન કરું છું કે આ શંકાઓ, તેમને લીધે આપણને આવી મળતી વ્યથાઓ મારફતે પણ શું ખરેખર કાંઈ કામની નહિ હોય. એ. ઈ.ના એક સુંદર કાવ્ય 'દેવો પ્રતિ મનુષ્ય'માં આવતી કેટલીક સમર્થ પંક્તિઓ ઘણી વાર મારા મનમાં તાજી થાય છે.

"એ તો બધા તેજતણા ગુલામો,
અંધારનું જ્ઞાન કદી ન એમને.
પ્રકાશ અંધાર મહીંથી એમણે
સ્વેચ્છાથી દુર્દૈવ શિરે ધરી લીધું."

બીજે દિવસે મેં શ્રી અરવિંદને પત્ર લખ્યો. એમાં મારી મનઃસ્થિતિ વર્ણવી અને જણાવ્યું કે આપે કહેલી વાતો હું બરાબર લખી શકું તેમ નથી. આપ એ વિષયે થયેલી વાતચીત સ્મૃતિમાંથી લખી આપી શકો તો ઘણી કૃપા થશે. વળી શ્રી અરવિંદે 'દિવ્ય જીવન'માં 'શોક, પીડા, વ્યથા, સ્ખલન' ઈત્યાદિ વિષે જે લખેલું છે તે પણ આ વિષયના અનુસંધાનમાં મેં મારા પત્રમાં ઉતારી મોકલ્યું, એ ઉતારો આ પ્રમાણેનો હતો : "આ બધી વસ્તુઓ વિશ્વ-ચેતનામાં રહેલી સાચી હકીકતો છે. એ કોઈ કલ્પનાતરંગો કે અવાસ્તવિકતાઓ નથી. જો કે આપણી અજ્ઞાન અવસ્થામાંથી આ વસ્તુઓનું આપણે જે મૂલ્ય આંકીએ છીએ તે મુજબ જ એમનું સાચું મૂલ્ય છે એમ નથી, તેમ જ એમનો સંપૂર્ણ અર્થ પણ આપણે સમજીએ છીએ તે કરતાં જુદો છે......દિવ્ય આનંદનો સંપૂર્ણ અપરંપાર મહિમા આપણે દુઃખનો અનુભવ પામ્યા પછી જ સમજી શકીએ છીએ. જગતમાં દુઃખની જે ગતિ થઈ રહેલી છે તે એ આનંદને જન્મ

આપવા ખાતર જ છે. જગતમાં રહેલું સર્વ અજ્ઞાન એ જ્ઞાનના તેજોમંડલની આસપાસ ફેલાયેલું એક અર્ધતેજોમય આવરણ જ છે. દરેક સ્ખલનની પાછળ સત્યની શોધ માટેનો પ્રયત્ન છુપાયેલો છે, અને એ સ્ખલનમાં એ શોધની શકયતા આવી રહેલી છે. દરેક દુર્બળતા અને નિષ્ફળતા એ શકિત અને સફળતાનાં પેટાળને માપવાના પ્રથમ પ્રયાસો છે. દરેક વિભેદનું સર્જન એકતાનો આનંદ સિદ્ધ કરવા માટે થયેલું છે. જગતના આ અનંત ભેદોમાંથી એકતાની નિષ્પત્તિ થતાં તેમાંથી જન્મતું માધુર્ય પણ અનેકવિધ હોય છે. અને એ અનેકવિધ માધુર્યનો અનુભવ પેલી સિદ્ધ થતી રહેતી એકતાના આનંદને વધુ ને વધુ સમૃદ્ધ કરતો રહે છે."*

શ્રી અરવિંદે લખી મોકલેલો જવાબ આ પ્રમાણે હતો: "મેં આ વિષયમાં માત્ર એટલું જ કહ્યાનું યાદ છે કે પ્રાણની વાસના નિષ્ફળ નીવડે છે ત્યારે તેમાંથી દુ:ખનો જન્મ હમેશાં થાય છે જ. આપણે જે અવિદ્યામાં જીવી રહ્યા છીએ તેમાંથી આપણને દુ:ખ અને વ્યથાનો અનુભવ થવો તદ્દન અનિવાર્ય છે. હરેક પ્રકારના અનુભવો માણસના વિકાસમાં મદદરૂપ થઈ શકે છે. દુ:ખ અને પીડા તેમ જ તેમનાથી ઊલટાં તત્ત્વો, આનંદ, સુખ, રસોદ્રેક એ બધાંમાંથી માણસ અનેક પ્રકારના અનુભવો મેળવી પોતાનો વિકાસ સાધે છે. આ બધા અનુભવોને જો સાચી રીતે ઝીલી શકાય તો તેમાંથી વ્યક્તિ બળ પણ મેળવી શકે છે. સાહસ તેમ જ સંઘર્ષની સાથે દુ:ખ અને પીડા જોડાયેલાં હોય છે ત્યારે ઘણાને એ દુ:ખ તેમ જ પીડા આનંદજનક પણ લાગે છે. પરંતુ એનું કારણ એ છે કે એ આનંદ દુ:ખનો પોતાનો આનંદ નથી હોતો, પણ એ સંઘર્ષમાં જે ઉત્સાહ અનુભવાય છે, જે ઉશ્કેરણી અનુભવાય છે તેનો એ આનંદ હોય છે. પણ પ્રાણની અંદર એક એવું તત્ત્વ રહેલું છે ખરું કે જેને જીવનના તમામ અનુભવોમાં, જીવનની ઊજળી તેમ જ શ્યામ બંને બાજુઓમાં મઝા પડે છે. વળી પ્રાણની અંદર એક એવું વિકૃત તત્ત્વ પણ રહેલું છે કે જેને પોતાની દુ:ખી દશામાં, કરુણ હાલતમાં પણ એક જાતનો વિલક્ષણ રસ પડે છે, એ વિકૃત તત્ત્વ તો પોતાના પતનમાંથી કે બીમારીમાંથી પણ એક જાતનો રસ મેળવે છે. શંકાઓની બાબતમાં મને એમ લાગે છે કે કેવળ શંકાઓ કશી પ્રાપ્તિ કરાવી આપે તેમ નથી. મનના પ્રશ્નો, જો સત્યની શોધ ખાતર પુછાતા હોય તો તેમાંથી માણસને કંઈ લાભ મળી શકે ખરો. પરંતુ માણસ જો કશી જ શ્રદ્ધા વિના કેવળ પ્રશ્નોને ખાતર પ્રશ્નો કર્યા કરે, યા તો

*"દિવ્ય જીવન" ગ્રંથ ૨, 'દિવ્ય અને અદિવ્ય' વિષેનું પ્રકરણ.

કેવળ વિરોધ કરવાને ખાતર જ પ્રશ્નો ઊભા કરે, તો એવી મનોવૃત્તિમાંથી, તે જો આધ્યાત્મિક તત્ત્વ વિષે આ પ્રશ્નો કરતો હશે તો તેને માત્ર કોઈ ભૂલ-ભરેલી વસ્તુ જ મળી આવશે, યા તો કાયમની અનિશ્ચિત મનોદશામાં જ તે રખડયા કરશે. મારી પાસે પ્રકાશ આવતો હોય ત્યારે પણ તેની સામે હું હમેશાં શંકા ઉઠાવ્યા જ કરું, તે પ્રકાશ પોતાનું સત્ય મને આપવા માગતો હોય ત્યારે પણ હું તેનો ઈનકાર જ કરતો રહું તો પછી એ પ્રકાશને માટે મારામાં ઊતરવું, કે સ્થાયી બનવું અશક્ય જ બની જાય. મારા તરફથી એનો કશો સત્કાર ન થાય, મારા મંનમાં એને સ્થાપિત થવાનો કોઈ પાયો ન મળે એટલે છેવટે એ પ્રકાશે પાછા જ ફરી જવાનું રહે. માણસે પોતે પ્રકાશની અંદર બળપૂર્વક દાખલ થવાનું રહે છે. એણે હમેશાં અંધકારની અંદર જ પાછા પગલે ઢળતા રહેવું ન જોઈએ, અને અંધકાર એ જ સાચો પ્રકાશ છે એમ માની તેને વળગી રહેવું ન જોઈએ. માણસને દુઃખમાં, વ્યથામાં કે શંકામાં ભલે ગમે તેટલી કૃતાર્થતા દેખાતી હોય, પણ એ કૃતાર્થતા તે અવિદ્યામાંની કૃતાર્થતા છે. સાચી કૃતાર્થતા તો પરમાત્માના દિવ્ય આનંદમાં, દિવ્ય સત્યમાં અને એ વિષેના નિશ્ચયાત્મક જ્ઞાનમાં રહેલી છે. અને એ પ્રકારની પ્રાપ્તિ માટે જ યોગી સાધના કરતો હોય છે. એ સાધના દરમિયાન તેના માર્ગમાં શંકાઓ આવે તે બનવા જોગ છે. પરંતુ એ શંકાઓને તેણે પોતાની રાજીખુશીથી નોતરેલી નથી હોતી. એ તો એના જ્ઞાનમાં હજી અપૂર્ણતા રહેલી છે એને લીધે જ ઊભી થતી હોય છે."

મારો તે પછીનો પ્રશ્ન આ પ્રમાણે હતો : માણસના માનસિક વિકાસને લીધે તેના અંતરાત્માના વિકાસમાં કદીક અવરોધ થાય ખરો કે નહિ?

શ્રી અરવિંદે જવાબ આપ્યો : "હા, થાય અને જો માણસે લીધેલું વલણ ખોટું હોય, માણસના મને જો એમ માની લીધું હોય કે આપણા વ્યક્તિત્વનું અંતિમ શિખર તે મન પોતે જ છે તો અંતરાત્માનો વિકાસ થતો અટકી પણ જાય છે. આનું કારણ મેં તમને પહેલાં સમજાવેલું છે. આપણા વિકાસને વેગ આપવા માટે ઊર્ધ્વમાંથી જે પ્રકાશ આવે છે તે આપણી પાસેથી સહકારની આશા રાખે છે. એટલે માણસના મન તથા પ્રાણમાં પોતાના ઉપરછલ્લા મનોમય વિચારો માટે જે અભિમાન રહેલું હોય છે તે અભિમાન હઠી જઈને પેલા પ્રકાશને જો માર્ગ કરી ન આપે તો તે પ્રકાશ તેનામાં દાખલ થઈ શકતો નથી. એટલે જ મેં તમને અનેક વાર કહ્યું છે કે આધ્યાત્મિક વિષયમાં તો જ્યારે માણસને ખબર પડે કે હું પોતે કશું જાણતો નથી ત્યારે જ તેના જ્ઞાનની ખરી

શરૂઆત થાય છે. જ્યાં લગી આપણે મનથી ઉપર જવાને તૈયાર જ નથી હોતા ત્યાં લગી ચેતનાની જે ઊર્ધ્વ પ્રદેશની ક્રિયાઓ છે તે વિષે આપણે કંઈક આછા-પાતળા ખ્યાલ સિવાય બીજું કશું જ જાણી શકવાના નથી. ઉદાહરણ તરીકે, જે માણસો કેવળ મનની ભૂમિકામાં જ રહેતા હોય છે અને ત્યાં રહેવામાં જ તેમને સંતોષ હોય છે, તેઓ સામાન્ય રીતે એમ જ માનતા હોય છે કે પોતે શરીર રૂપી જ પ્રાણી છે, યા તો પ્રાણ રૂપી કે મન રૂપી વ્યક્તિ જ છે. તેમને આત્મા જેવી કોઈ વસ્તુનો સ્વીકાર કરવાની કશી જ જરૂર જણાતી નથી. અને એનું કારણ એ છે કે તેમને આત્માનો કશો અનુભવ જ થયેલો નથી હોતો. તેઓને આ બાબતમાં કદાચ એટલી જ આશા હોય છે કે શરીરના વિસર્જન પછી આપણામાંથી જો કંઈ ટકી રહેતું હોય તો તે આ આત્મા જેવું જ કંઈક હશે. આથી આગળ વધવાની તેમની તૈયારી હોતી નથી. મન કરતાં આત્મા એક ભિન્ન વસ્તુ છે એ વાત તેમના અનુભવમાં આવેલી નથી હોતી માટે જ આમ બને છે. અને તેથી એવા લોકો પોતાના મનોમય સ્વરૂપ સાથે જ એકરસ થઈ જીવતા હોય છે અને કહેતા હોય છે કે આત્મા એ તો નર્યો તરંગ છે, આત્મા જેવી કોઈ વસ્તુનો એમને તો અનુભવ નથી થતો. અને જ્યાં સુધી અંતરાત્મા પડદા પાછળ જ આવરણ ઓઢીને બેઠેલો હોય છે ત્યાં સુધી આ પ્રમાણે જ બને છે."

મારામાં એક અણધાર્યો ઉત્સાહ પ્રગટી આવ્યો અને મેં કહ્યું : "આ વાત તો હું જાણું છું. આ વસ્તુ આપે મને લખેલા પત્રોમાં વારંવાર કહી છે. આપના 'દિવ્ય જીવન' ગ્રંથમાં તો આપે એ બહુ જ સુંદર રીતે સમજાવ્યું છે કે અંતરાત્મા પડદા પાછળ રહ્યો રહ્યો કેવી રીતે કામ કરે છે. આપણે પોતે જ્યાં સુધી અમુક હદ સુધીનો વિકાસ પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી તે આપણી પ્રકૃતિના એક ઊંડા મર્મભાગમાં જ બેઠેલો રહે છે."*

* આ બાબતમાં નીચેનું અવતરણ ઘણું દ્યોતક થઈ પડશે :

"આપણો જીવાત્મા, એટલે કે આપણામાંનું ચૈતન્ય તત્ત્વ...પોતાની અંદરથી એક જુદું આત્મસ્વરૂપ રચીને તેને વિકસાવે છે, જગતમાં પોતાના પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે તે પોતામાંથી એક જુદો અંતરાત્મા સર્જે છે. પણ જેવી રીતે આપણું સ્થૂલ મન, પ્રાણ તથા શરીરથી ભિન્ન એવું આપણું સાચું મનોમય સ્વરૂપ, સાચું પ્રાણમય સ્વરૂપ તથા સાચું સૂક્ષ્મ શારીરિક સ્વરૂપ આપણી અંદર આવી રહેલું છે તેવી જ રીતે આ અંતરાત્મા પણ આપણી પ્રચ્છન્ન ચેતનામાં પડદા પાછળ છુપાઈને રહેલો છે. અને છતાં, પેલાં મનોમય આદિ સૂક્ષ્મ સ્વરૂપોની માફક તે પણ આપણા બાહ્ય જીવન ઉપર પોતાનો પ્રભાવ નાખતો રહે છે, સૂચનો મોકલતો રહે છે, અને એ રીતે બાહ્ય જીવન ઉપર પોતે કાર્ય કરતો રહે છે. અંતરાત્મામાંથી આવતાં આ

શ્રી અરવિંદે સંમતિસૂચક માથું હલાવ્યું અને કહ્યું, "અને જ્યાં સુધી આપણે આ નૈસર્ગિક વિકાસ પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી અંતરાત્માએ અંદર બેઠાં બેઠાં રાહ જોવાની રહે છે. ત્યાં અંદર બેઠાં બેઠાં અંતરાત્મા આપણા વ્યક્તિત્વના વિકાસમાં મદદ કર્યા કરે છે. આપણો આત્મા, તેણે ઉપજાવેલાં કરણો—મન, પ્રાણ અને શરીર દ્વારા જગતમાંથી જે જે અનુભવો તારવે છે તે બધા અનુભવો આપણા વ્યક્તિત્વમાં સાંગોપાંગ પચી જાય ત્યાર પછી અંતરાત્મા અંદરથી બહાર આવે છે. વિકાસની આ અવસ્થા દરમિયાન મન પોતે પણ ઘણી મદદ આપી શકે છે. પરંતુ તે માટે તેણે પ્રથમ તો ખૂબ જ મુલાયમ બની રહેવા માટે તૈયાર થવાનું રહે છે. એણે આત્માના ઉપર ડિક્ટેટર ન થતાં તેના હાથમાં કરણ બની રહેવાનું રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો માનવના મને પોતાની માનસિક સત્યોની નીચેની ભૂમિકામાં રહ્યાં રહ્યાં આધ્યાત્મિક સત્યોનો નિર્ણય કરવાની ધૃષ્ટતા તદ્દન જ મૂકી દેવાની રહે છે. સમજાય છે ને?"

મેં કંઈક ઉદાસ ભાવે હા પાડી અને કહ્યું, "પણ આ વસ્તુ સમજવી એ એક વાત છે અને એ સમજણ પ્રમાણે કાર્ય કરવું એ બીજી વાત છે. મન આ વિષયમાં મદદ રૂપ થાય એ તો ઘણી ઉત્તમ વસ્તુ છે એ હું સમજું છું, પરંતુ આપ કહો છો તેવી સ્થિતિમાં મારા મનને મૂકવું એ મને ઘણું જ વિષમ લાગે છે. આ બાબતમાં મને આપ થોડીક વ્યવહારુ સૂચનાઓ આપી શકો તો ઘણું જ સારું થાય."

---

સૂચનો અને પ્રભાવો આપણા સપાટી પરના બાહ્ય વ્યક્તિત્વનું એક અંગ બની રહે છે. આપણું આ બાહ્ય વ્યક્તિત્વ તે આ અંદરથી આવતા પ્રભાવો અને પ્રવાહોની એકત્રિત અસરમાંથી જ રચાતું હોય છે. સામાન્ય રીતે તો આપણું આ દૃષ્ટિગોચર સ્વરૂપ, આ ઉપરનું ચણતર જ માત્ર આપણા અનુભવવામાં આવે છે, અને એ જ માત્ર આપણું સ્વરૂપ છે એમ આપણે માનીએ છીએ. પરંતુ આપણી આ અજ્ઞાન બાહ્ય સપાટી ઉપર આપણને એક નવી જ વસ્તુનું ઝાંખું ઝાંખું ભાન થાય છે. અને ત્યારે આપણે જોઈએ છીએ કે આપણા મન, પ્રાણ અથવા તો શરીરથી એ કોઈક જુદી જ કહેવાય એવી, જેને આત્માનું નામ આપી શકાય એવી વસ્તુ છે. એ વસ્તુને આપણે આપણા સ્વરૂપ વિષેના એક મનોમય ખ્યાલ રૂપે અનુભવીએ છીએ, અથવા તો તેની એક અસ્પષ્ટ આંતરઝાંખી રૂપે પણ અનુભવીએ છીએ. એટલું જ નહિ, એ વસ્તુ વળી આપણા જીવન ઉપર, આપણા ચારિત્ર્ય ઉપર તથા કર્મ ઉપર પણ એક દેખી શકાય તેવી સ્પષ્ટ અસર નાખતી હોય તેવું પણ આપણે અનુભવીએ છીએ. આપણે જોઈએ છીએ કે જગતમાં જે કંઈ સાચું, શુભ અને સુંદર તત્ત્વ છે, સરસ, પવિત્ર અને ઉદાત્ત તત્ત્વ છે તેના પ્રતિ આપણામાં

"એ તો મેં તમને આપી છે, એક વાર નહિ, અનેક વાર," કહી શ્રી અરવિંદ હસ્યા. "મારા કેટલા ય પત્રોમાં મેં તમને સલાહ આપી છે કે તમે તમારા અંતરાત્માની સાથે સંબંધ સ્થાપિત કરો, તમારી આંતરભૂમિમાં રહેવાનો પ્રયાસ કરો. તમારી કવિતા અને સંગીતની મદદ લો. એ વસ્તુઓ તમારી ભક્તિને પુષ્ટ કરે છે, તમને સાચું વલણ ધારણ કરવામાં મદદ કરે છે. મેં તમને કહ્યું છે, અને તમને પણ એ વાતની ખબર છે કે આપણું વલણ જો બરાબર હોય તો પછી અંતરાત્માને માર્ગે—સૂર્યપ્રકાશને પંથે ગતિ કરવી એ ઘણું જ સરળ બની જાય છે. આપણા વલણમાં કશી ખામી ન હોય તો અંતરાત્મા ઘણી જ સરળતાથી પડદા પાછળથી બહાર આવી શકે છે. વળી તમને મેં એ વાત પણ અનેક વાર કહી છે કે જેમ જેમ તમારો અંતરાત્મા વધુ ને વધુ અગ્ર ભાગે આવતો જશે તેમ તેમ તમારી માનવ પ્રકૃતિને તેના પૂર્ણ દિવ્ય સ્વરૂપમાં પલટી નાખવાનું કાર્ય પણ વધુ ને વધુ સરળ બનતું જશે. અને તેથી જ મેં તમને આ માર્ગે—ભક્તિ સેવા અને કર્મના માર્ગે આગળ વધવાની હમેશાં સલાહ આપી છે. બીજા કોઈ માર્ગ કરતાં આ માર્ગે આગળ વધવું તમારી પ્રકૃતિ માટે વધુ સરળ છે."

---

એક પ્રકારનું સૂક્ષ્મ સંવેદન જાગે છે, તે તત્ત્વોને આપણે ઝીલીએ છીએ, તેમના માટે આપણામાં એક ભૂખ જાગે છે, આપણામાં તેમનો સ્વીકાર કરવા માટે આપણા મન તથા પ્રાણ ઉપર એક દબાણ જન્મે છે, તેમને આપણા વિચારોમાં, લાગણીઓમાં, વ્યવહારમાં, ચારિત્ર્યમાં સાકાર કરવા માટે આપણા પર એક દબાણ અવતરે છે, અંતરાત્માની અસરનો અનુભવ જીવનમાં આપણને સામાન્ય રીતે આ પ્રમાણે થાય છે, આપણા જીવન ઉપર તેનો જે પ્રભાવ પડે છે તેનું વધુમાં વધુ લાક્ષણિક તેમ જ સર્વસામાન્ય સ્વરૂપ આ પ્રમાણેનું છે, જો કે અંતરાત્માનું કાર્ય માત્ર આટલામાં જ સમાપ્ત થઈ જતું નથી. જે માણસમાં આવી સંવેદનશીલતા નથી હોતી, જે માણસ આવી પ્રેરણાને ઝીલી શકતો નથી તેને વિષે આપણે એમ જ કહીએ છીએ કે એનામાં આત્મા નથી. કારણ કે, માનવ જીવનમાં જાગૃત થતું આ સૂક્ષ્મ સંવેદન તે આપણામાં રહેલા કોક સૂક્ષ્મ ઉત્તમ તત્ત્વનો અંશ છે, કહો કે દિવ્ય તત્ત્વનો અંશ છે એ વાત આપણને અત્યંત સહેલાઈથી સમજાઈ જાય છે. આપણી પ્રકૃતિને પૂર્ણ કરવા માટે આપણામાં જે ધીરી ધીરી ઝંખના જાગે છે તેને જગાડવામાં સૌથી વધુ પ્રબળ ભાગ આ અંતરાત્માનો પ્રભાવ જ ભજવે છે."

"દિવ્ય જીવન" ગ્રંથ ૨— 'ત્રિવિધ રૂપાંતર'નું પ્રકરણ

"એ બધું હું બુદ્ધિ દ્વારા તો સમજી શકું છું." મેં દુ:ખી હૃદયે જવાબ આપ્યો. "પરંતુ આ માર્ગ મને બહુ જ કઠણ લાગ્યો છે. મેં પણ આ વાત આપને અનેક વાર જણાવી છે. મારું મન તથા પ્રાણ બસ દખલ કર્યા જ કરે છે અને પોતાના તરંગો દોડાવી દોડાવીને બધી બાજી બગાડી મૂકે છે અને પછી તો હું એવા ગોટાળામાં ચડી જાઉં છું કે જે કામ હાથ લઉં તેમાં હંમેશા ખોટા જ દૃષ્ટિબિંદુથી આરંભ કરું છું."

"પણ હું તો ધારું છું કે," શ્રી અરવિંદે સામો જવાબ વાળ્યો, "જ્યારે જ્યારે તમે આંતર ચેતનાની ભક્તિપૂર્ણ અવસ્થામાં હો છો અથવા તો તમારા પ્રાણનું ઊર્ધ્વરૂપ તમારામાં અગ્રભાગે હોય છે ત્યારે તમે લગભગ આપોઆપ જ સાચું દૃષ્ટિબિંદુ લઈ શકો છો. તે વખતે હું જોઉં છું કે તમારાં મનચક્ષુ બરાબર ખૂલે છે અને તમારા નિર્ણયો બહુ અસાધારણ રીતે સ્પષ્ટ, સાચા અને ઘણી વાર તો જ્યોતિર્મય હોય છે."

"આ હું ન સમજ્યો. આપ શું ખરેખર એમ કહેવા માગો છો કે હું બધું બરાબર સમજી શકું છું."

"ના, તમે દરેક બાબતમાં હંમેશા સાચો નિર્ણય લેવામાં સફળ થાઓ છો તેવું તો નથી, પણ મારે એટલી જ વસ્તુ ઉપર ભાર મૂકવો હતો કે જ્યારે તમે ભક્તિની એક સ્વાભાવિક અવસ્થામાં હો છો તેમ જ તમારા મન તથા પ્રાણ ઉપર અંતરાત્માનો પ્રભાવ કામ કરી રહ્યો હોય છે ત્યારે તમે સામાન્ય રીતે આમ યોગ્ય દૃષ્ટિકોણ લઈ શકો છો. તમારાં કાવ્યોમાં તથા સંગીતમાં આ આંતરિક પ્રભાવ બહુ જ સક્રિય રહે છે અને એટલા માટે જ એ વિષયોમાં હું તમને હંમેશા પ્રોત્સાહન આપતો આવ્યો છું."

"હા જી." મેં ઉત્સાહિત થઈને કહ્યું, "મને યાદ છે કે આપે મને થોડા વખત ઉપર લખેલું કે હું જ્યારે કવિતા લખું છું ત્યારે પણ, હું જ્યાં કવિતા લખવાનું શરુ કરું છું કે તરત મારી આંતરચેતના જાગૃત થઈ સક્રિય બને છે અને પોતાનું તત્ત્વ કાવ્યમાં મૂકી આપે છે. આપના તરફથી એ વાત જાણી મને બહુ આનંદ થાય છે. તે માટે હું બહુ આભારવશ પણ છું, પરંતુ..."

"બોલ્યે જાઓ."

"પરંતુ, જી, મારે કહેવું એ છે કે—એ જાણવાથી મારો પ્રશ્ન હજી ઊકલતો નથી." "હા, અને એ પ્રશ્ન તે કયો ?" શ્રી અરવિંદ હસ્યા. "જી." મેં શબ્દો માટે ફાંફાં મારવા માંડયાં, "વાત એમ છે કે—એટલે જાણે કે હું એ આંતરચેતનાની અંદર ટકી રહી શકતો નથી. એમ કેમ થતું હશે ?"

"એનો જવાબ હું આપી શકું છું. એનું કારણ એટલું જ છે કે તમારો પ્રાણ અધીરો બનીને બેચેન બનવા લાગે છે અને ભાતભાતના સવાલો ઊભા કરવા માંડે છે. આ બધું મેં તમને અગાઉ કહેલું છે. ખરું ને ?"

"જી હા. પણ—પણ હવે એ માટેનો આપ સૂચવો છો તે ઈલાજ મારે લાગુ કઈ રીતે કરવો ? આપ જુઓને કે મને શાંતિ મળતી જ નથી. મને જો શાંતિ મળી જાય તો તો પછી આંતરચેતનામાં રહેવું એ મારે બહુ જ સહેલું બની જાય. આપ એ બધું સમજી તો શકશો જ."

"હું બરાબર સમજી શકું છું", શ્રી અરવિંદે જરા રમૂજ અનુભવી અને હસીને બોલ્યા, "પણ તો હવે તમે પણ એ જુઓને કે તમે જો તમારા અંતરાત્માને પ્રાણને વશ થઈ જવા દેશો તો તમારે શાંતિ મેળવવાની શકયતા જ રહેતી નથી. પ્રાણને પોતાને તો કદી શાંતિ જોઈતી જ નથી. પ્રાણની પ્રકૃતિમાં શાંતિને સ્થાન જ નથી."

"હા જી, આપે મને એક પત્રમાં લખેલું તે મને યાદ આવે છે. આપે કહેલું કે પ્રાણ સેવક તરીકે સારો છે, માલિક તરીકે બહુ જ ખરાબ."

"અને એમ હોવાનું કારણ પણ મેં તમને કહેલું. યોગમાં એવું થાય છે કે આપણી પ્રકૃતિના જે જે ભાગોમાં વિકૃતિઓ તેમ જ અશુદ્ધિઓ પોતાના અડ્ડા જમાવીને બેઠેલી હોય છે તેના ઉપર એક દબાણ મૂકવામાં આવે છે. અને પ્રાણને આ વાત લેશ પણ અનુકૂળ નીવડતી નથી. કેમકે પહેલું તો એ પોતે અજ્ઞાન છે. તેને કશી સમજ નથી, અને બીજું પ્રાણના કેટલાક ભાગ એવા છે કે તેઓ પોતાના કઢંગા અજ્ઞાન વ્યાપારોમાં જ પડી રહેવા માગે છે. તેમને પોતાનામાં સહેજ પણ ફેરફાર થાય તે જોઈતું નથાં. અને તેથી પ્રકાશ જોઈને જ તેઓ ભડકે છે."

"અને મનનું શું થશે ત્યારે ?" મેં કંઈક વિનમ્ર બનીને પૂછ્યું. "તેને શાંતિ મળી શકશે ?"

"હા, શાંતિ જેવું કંઈક." શ્રી અરવિંદે અચકાતાં અચકાતાં કહ્યું. "મન બહુ બહુ તો એક પ્રકારની અભાવાત્મક જેવી શાંતિ મેળવી શકે, જો તે પોતે શાંત પડી જઈ શકે તો. પરંતુ એ શાંતિનું પણ મૂળ તો તેની પાછળ રહેલા અંતરાત્મામાં જ રહેલું હોય છે. કારણ કે સાચી શાંતિ તેના અસલ રૂપે તો અંતરાત્મા પાસે જ હોય છે. પ્રેમની સાથે સાથે જેવી રીતે વિશ્વાસ જોડાયેલો જ હોય છે તેવી રીતે અંતરાત્માની અંદર પણ એક શ્રદ્ધા, જાગૃત સમજશક્તિ અને સ્વયંભૂ સમર્પણ એ બધાં સ્વાભાવિક રીતે જ આવી રહેલાં છે. એટલે તમારે શાંતિ જોઈતી હશે તો તે માટે પણ તમારે અંતરાત્માનો જ આશ્રય લેવાનો રહેશે. એટલે જ મેં તમને વારંવાર કહ્યું છે કે અધીરા બનીને તમારા પ્રાણની નિરાશાને તમારા ઉપર સવાર ન થવા દો. એમ થતાં અંતરાત્માના કાર્યમાં વિઘ્ન આવે છે. તમારે તમારા ગોટાળામાંથી નીકળી જવું હોય તો આ ધીરજ રાખતાં શીખવું જોઈશે, અંતરાત્માના કાર્યમાં વિશ્વાસ રાખતાં શીખવું જોઈશે. સમજ્યા ને?"

"પરંતુ મનને શાંત કરવા માટે જ્ઞાનયોગનો જે માર્ગ છે તેનું શું?"

"એમાં તો, જેમને એ માર્ગે જવાનો સાદ મળ્યો હોય તેમને માટે કેટલીક સિદ્ધ પદ્ધતિઓ છે. એમાંની એક પદ્ધતિ વિવેકાનંદે અજમાવી હતી તે છે. તમે એ જાણતા તો હશો જ."

"જી, મેં 'રાજયોગ'માં એ વિષે વાંચ્યું છે."*

"તો, તમારા વિચારો ઉપર કાબૂ મેળવવાની એક પદ્ધતિ એ છે." એ પ્રક્રિયાની સમજૂતી આપ્યા પછી શ્રી અરવિંદ બોલ્યા. "એ સિવાય બીજી પદ્ધતિઓ

---

* એ મહા વેદાન્તીએ આ પ્રમાણે લખેલું છે : "પહેલો પાઠ આ છે. થોડો વખત બેસીને મનને જેમ કરવું હોય તેમ કરવા દો. આખો વખત મન કંઈકને કંઈક કર્યા કરતું જ હોય છે. વાંદરાની પેઠે આમતેમ ઠેકાઠેક કર્યા કરતું હોય છે. એ વાનરને જેટલું કૂદવું હોય તેટલું કૂદી લેવા દો. તમે માત્ર ધીરજપૂર્વક એનું અવલોકન કરતા રહો......મન શું કરી રહ્યું છે એનું જ્ઞાન તમને નહિ થાય ત્યાં સુધી તમે એને કાબૂમાં લઈ શકવાના નથી...એની લગામ છૂટી મૂકી દો....તમે જોશો કે દિવસે દિવસે તે વધુ ને વધુ શાંત થતું જાય છે...અને એમ કરતાં કરતાં છેવટે તે પૂરેપૂરું તમારા કાબૂમાં આવી જશે...આ એક ઘણું ગંજાવર કામ છે. એક દિવસમાં એ નહિ થઈ શકે. વરસો લગી ધીર ખંતીલા અને અખંડ પ્રયત્નને અંતે જ આપણે સફળ થઈ શકીએ છીએ."

પણ છે. દાં. ત. મને લેલેએ બતાવી હતી તે પદ્ધતિ લો. મને એમણે કહેલું, 'તમારા મનને શાંત નિષ્ક્રિય કરી દો. તમે પોતે કશો વિચાર ન કરશો. પછી તમે જોશો કે જે વિચારોને તમે તમારા સમજો છો તે તો બહારથી જ આવતા હોય છે. એ વિચારો તમારી પાસે આવે કે તરત જ તેમને દૂર ફેંકી દો. અને તમારું મન શાંત પડી જશે'. આવી વાત મેં આ આ પૂર્વે સાંભળી ન હતી તો પણ એ વાત સાચી કે શકય છે કે નહિ એ વિષે મેં લેશ પણ પ્રશ્ન ન કર્યો. એમણે કહેલું તે મેં સ્વીકારી લીધું. મારા મનને નિષ્ક્રિય બનાવી દીધું, અને કયા કયા વિચારો કયાંથી આવે છે તેનું માત્ર અવલોકન જ કરી રહ્યો અને પછી એક અદ્‌ભુત વસ્તુ બની. આખુંયે મન શાંત પડી ગયું અને સાચે જ, એક પછી એક વિચારો બહારની બાજુએથી આવતા દેખાવા લાગ્યા! અને એ મારા મનની હદમાં દાખલ થાય તે પહેલાં જ તેમને હું ફેંકી દેવા લાગ્યો. આ રીતે મેં ત્રણ દિવસની અંદર તમામ વિચારોને મારી અંદરથી દૂર કરી દીધા. મારું મનોમય સ્વરૂપ વિશ્વરૂપ બની રહ્યું, નિર્બંધ અને મુક્ત બની રહ્યું. મારી અંદર ,આવતા વિચારોના હાથમાં હવે હું પૂતળા રૂપ ન રહેતાં તેમનો હું સ્વામી બની રહ્યો. કારણ કે હવે જે વિચારને મારે સ્વીકારવો હોય તેને જ હું મનમાં દાખલ થવા દેતો અને બાકીના વિચારોને હું નકાર સંભળાવી દેતો."

"હા જી, એ મને બધું યાદ છે," "મેં કહ્યું. "આપે એ વસ્તુ મને ઘણી વાર લખી જણાવેલી છે. એ મેં જાણ્યું ત્યારે હું તો લગભગ ચોંકી જ પડયો હતો. આપે આવી વિચિત્ર સલાહ સ્વીકારી લીધી, અને તે એટલા જ કારણે કે આપના ગુરુ તરફથી તે આવી હતી એ જોઈને તો આપની શકિત માટે મને ઘણું જ માન થઈ આવેલું."

"હા, એ વસ્તુ કંઈ સહેલી તો નથી જ." શ્રી અરવિંદે મારી વાત સ્વીકારી. તેમના હોઠ ઉપર એક સ્મિત રમી રહ્યું હતું. "હું એ બરાબર જાણું છું."

તેમનો આ મૃદુ કટાક્ષ કોની સામે હતો તે હું જાણી ગયો. મેં વિષય બદલ્યો.

"તો મને કહો," મેં પૂછ્યું, "મનને વશ કરવાની આ ક્રિયાનો પ્રયોગ હું કરું તો?"

અને એ શબ્દો મારા મોંમાંથી નીકળ્યા ન નીકળ્યા ત્યાં જ મને બીક લાગવા માંડી કે શ્રી અરવિંદ હા પાડશે તો શું થશે!

તેઓ મારા મનની વાત સમજી ગયા હોય એમ લાગ્યું. મારા પ્રશ્નનો જવાબ આપતાં તેઓ ખડખડાટ હસી પડયા*. "હા પણ સંભાળજો. અહીં એક આચરે એનો પ્રયોગ કર્યો હતો તેના જેવું ન કરશો." શ્રી અરવિંદ વળી સહેજ અટકયા, હસ્યા અને કહેવા લાગ્યા. "એમાં તો ખૂબ જ ગમ્મત થયેલી! મારી પાસે આવી તેણે મને પૂછ્યું કે મનને શાંત કરવા માટે તેણે શું કરવું. મેં તેને બધું સમજાવ્યું. મારી સૂચના મુજબ તેણે બધું કર્યું અને નસીબનું કરવું કે તે સફળ પણ થઈ ગયો. અને પછી જુઓ મઝા. એ તો એકદમ બાવરો બની મારી પાસે દોડી આવ્યો! 'અરે, આ તો મારું મગજ સાવ ખાલી થઈ ગયું. કશો વિચાર જ હવે નથી આવતો. હું વિચાર પણ કરી શકતો નથી. આ તો જાણે હું સાવ ઢ બની જવાનો.' પણ ભલા માણસને ખબર ન હતી કે," શ્રી અરવિંદે ફરી હસીને કહ્યું, "માણસે પોતે જે ન હોય તે જ બનવાપણું બાકી રહે છે. હશે. પણ તે દિવસોમાં મારામાં ધીરજ ન હતી. એને મેં પડતો મૂકયો અને એને એક અદ્‌ભુત રીતે સિદ્ધ થઈ ગયેલી શાંતિને મેં એની પાસેથી સરી જવા દીધી."

શ્રી અરવિંદના સુંદર મધુર હાસ્યમાં હું પણ જોડાયો.

"પણ તમારી બાબતમાં," અમારું હસવું શાંત પડયા પછી શ્રી અરવિંદે વાત આગળ ચલાવી, "તમે તો મેં તમને પહેલાં કહ્યું છે તે મુજબ અંતરાત્માને માર્ગે આગળ વધો એ વધુ સલાહભરેલું રહેશે."

"પણ એ તો હું કરું છું," મેં જવાબ આપ્યો, "આપે ખાસ નિર્દેશ કર્યો છે તે મુજબ મારા સંગીત અને કવિતા મારફતે હું તે કરતો જ રહું છું.

---

* મેં મારા હેવાલમાં એમ લખેલું કે: "શ્રી અરવિંદ એમનું શરીર ડોલી ઊઠે એટલું પેટ પકડીને હસ્યા, ઈ." શ્રી અરવિંદે આ વર્ણન કાઢી નાખીને હાંસિયામાં આ પ્રમાણે લખી આપેલું: "આ બરાબર નથી. એ વધારે પડતું અને ઉન્માદસૂચક વર્ણન છે. એ વાંચીને મારા મન આગળ કોઈ ફોલસ્ટાફ કે ચેસ્ટરટનનું ચિત્ર ખડું થાય છે. આનંદ વ્યક્ત કરવાની મારી શૈલી એવી નથી. એવું ભકાભૂપણે અને એકધારું સતત હાસ્ય કરવાનું તો મેં કયારનું યે મૂકી દીધું છે. એવું હાસ્ય કરવા માટે તો મારે અ. અ. વર્ષ ૧ (અતિમાનસ અવતરણ) સુધી રાહ જોવાની રહે છે. અને 'પેટ પકડીને'? એ શબ્દો તો મારા પિતામહને બંધબેસતા આવી શકે, મારા જેવા તેમના પ્રમાણમાં ઓછા સ્ફોટક પૌત્રને માટે એ લાગુ ન પડે."

એ દિશામાં મેં કેવું સખત કામ કર્યું છે તે પણ આપ સારી રીતે જાણો છો. પણ મુશ્કેલી એ છે કે,—અને મને ભય એ છે કે એ મુશ્કેલી વધુ ને વધુ વધતી જ જાય છે—આ પ્રવૃત્તિઓ હવે મને સંતોષ આપતી નથી. આ વાત મેં આપને ઘણીવાર લખી જણાવેલી છે. હું ગમે તેટલો પ્રયત્ન કરું છું, પણ મને કંઈક એવી લાગણી થયા કરે છે કે આવી વસ્તુઓ છેવટે જોતાં તો—એ કેવી રીતે સમજાવું—કહોને કે કશી જ સારરૂપ દેખાતી નથી. તમને રમતમાં રસ ન પડતો હોય અને છતાં તેમાં રસ પડે છે તેવો ઢોંગ કરવા જેવું આ લાગે છે."

"હું જાણું છું," શ્રી અરવિંદે એકાદ ક્ષણ વિચારમગ્ન રહીને કહ્યું, "એ આપણી જૂની વૈરાગ્યવૃત્તિ છે. તમારી પ્રકૃતિમાં કોક ઠેકાણે એ વૃત્તિએ ઘર કરી લીધેલું છે."* શ્રી અરવિંદ અટકયા, મારા ઉપર તેઓ સ્થિર આંખે જોઈ રહ્યા અને બોલ્યા : "તમે જાણો છો કે હું અંગત રીતે વૈરાગ્યને બહુ મહત્ત્વ નથી આપતો. હું હમેશાં સમતાનો—ગીતાએ કહેલો—માર્ગ વધુ પસંદ કરતો કહ્યો છું. એ સમતા એટલે કે કોઈ પણ વસ્તુમાં આસકત ન થવું, કશાથી બંધાવું નહિ."

"હા જી, એ જાણું છું. પણ મારે માટે તો આસકત થવાનો કે બંધનમાં પડવાનો તો કશો ભય નથી. કારણ કે, મારી કવિતામાં કે સંગીતમાં મને પહેલાં જે રસ હતો તે પણ હવે તો રહ્યો નથી. જો કે એમાં એક વસ્તુ તો વિચિત્ર છે જ કે હું લખવા બેસું છું ત્યારે કાવ્યો, ગીતો, સૂરાવલિઓ લગભગ આપોઆપ જ આવ્યે જાય છે."

---

* મારી વૈરાગ્યવૃત્તિ વિષે શ્રી અરવિંદે એક વાર લખેલું : "એ વાત તો સ્પષ્ટ છે કે તમારા પૂર્વજન્મમાં કોઈ અધૂરી રહી ગયેલી વસ્તુ તમને આ વૈરાગ્ય તરફ ધકેલી રહી છે. એ વસ્તુને તેની પોતાની એક ગુપ્ત ઝંખના રહેલી છે અને તેને પૂરી કરવા માટે તેને પૂરી સ્વતંત્રતા મળે તે માટે તે તમારી બાહ્ય પ્રકૃતિ સાથેનો સંબંધ બિલકુલ કાપી નખાવવાને કૃતનિશ્ચય થયેલી છે. એ વસ્તુ તમને કહી રહી છે: 'તમે સફળ થવાના નથી. આ બધો પ્રયત્ન કરવો નકામો છે.' પરંતુ એ અવાજ, તમારે સાંભળવાનો નથી. આધ્યાત્મિકતાના પંથમાં આમ કદી કહેવાનું હોય જ નહિ, ભલે તત્કાલ પૂરતું એ કાર્ય ગમે તેટલું મુશ્કેલીભર્યું લાગતું હોય. તમારાં કાવ્યોમાં તમે ઝંખના આટલી બધી સુંદર રીતે પ્રગટ કરો છો તેને હરકોઈ સંયોગોમાં ટકાવી રાખો. તમારામાં એ ઝંખના રહેલી છે જ અને તે તમારી સાચી ગહન ચેતનામાંથી આવે છે. એને લીધે તમને દર્દ થતું હોય-અને આ જગતમાં તેમ જ પ્રકૃતિમાં આવી મહાન ઝંખનાઓ, તેમની સામે એટલા બધા વિરોધો પડેલા છે કે જેથી કરીને તેમને કારણે દર્દ ભોગવવાનું જ રહે છે-તો પણ ભવિષ્યમાં એ ઝંખનાને બળે એક નવા ઉત્થાનની તથા વિજયની આશા અને ખાતરી પણ રહેલી જ છે." (તા. ૨૧-૧-૩૬)

"હા, એ વખતે તમારા કાવ્ય કે સંગીત દ્વારા અંતરાત્મા પોતે જ અગ્ર ભાગે આવતો હોય છે."

"હા જી, એ તો હું જાણું છું." મેં કરુણ ભાવે કહ્યું, "માત્ર મુશ્કેલી એટલી છે કે કંઈ આખી જિંદગી સુધી બધો જ વખત કંઈ કવિતા કે સંગીત જ કરતા રહેવાય તેવું નથી ને ? અને ખાસ તો ભગવાન જ્યારે એટલા બધા દૂર દૂર લાગે છે કે એમને વિષે કશો ગંભીર પ્રયત્ન પણ કરવો શક્ય નથી બનતો. પણ પાછું," મેં ઉમેર્યું, "આમાં વળી એક બીજી વિચિત્ર અને કંઈક મૂંઝવે તેવી વાત એ પણ છે કે બીજા લોકોને એમ લાગે છે કે હું જાણે કે કોઈ આનંદનો, શ્રદ્ધાનો અને શક્તિનો પણ એક પ્રકાશમય પુંજ ન હોઉં, જ્યારે એવે વખતે હું પોતે તો સાચે જ ખૂબ ઉદાસ, દુર્બળ અને એકલતા જ અનુભવતો હોઉં છું. એમ કેમ થતું હશે ?"

"એ તો તદ્દન સાદી વાત છે." શ્રી અરવિંદે કહ્યું, "લોકો તો કેવળ તમારી આંતર ચેતના સાથે જ સંપર્કમાં આવતા હોય છે, અને એ ચેતનામાં આ બધાં ઉત્તમ તત્ત્વો બરાબર પ્રકાશમાન જ હોય છે. પરંતુ તમારી જે બાહ્ય ચેતના છે તે તમને તમારી આંતર ચેતનાથી વિખૂટા પાડી નાખે છે અને એ તમારા આંતર કેન્દ્રનું તમારું દર્શન ઝાંખુંપાંખું કરી નાખે છે."*

આ ઘટના મારા મનમાં જાગૃત થતાં હું સમજી શક્યો કે શ્રી અરવિંદ જે કહેવા માગતા હતા કે મારી અંદર મને પોતાને ન દેખાતી વસ્તુ બીજાઓને દેખાય છે તેનો અર્થ શો હોઈ શકે. એ હતો મારો અંતરાત્મા, મારી આંતર ચેતના. એને તેઓ પોતાની ચેતનાના પ્રકાશ દ્વારા બહાર લાવી રહ્યા હતા, પોતાની કૃપાના બળે તેને અગ્રભાગમાં ધકેલી રહ્યા હતા. અને એકાએક એમનાં ચરણોમાં બેઠાં બેઠાં હું નમ્રતા અનુભવી રહ્યો—સાચે જ એક મહાકૃતાર્થતા અનુભવી રહ્યો, જો કે સાથે સાથે થોડી શરમ પણ અનુભવવા લાગ્યો.

---

* શ્રી અરવિંદે જ્યારે આ કહ્યું ત્યારે મને ૧૯૩૬માંનો એક વિચિત્ર અનુભવ તાજો થયો. એક સાંજે ઘણી જ ઉદાસ મનોદશામાં ડક્કા ઉપર ફરતો હતો. મારા મનમાં શંકાઓનું રમખાણ ચાલી રહ્યું હતું, મારા ઉપર મને ઘણી જ દયા છૂટતી હતી, એ વખતે મારા એક મિત્ર, મહારાણી ત્યાં મળ્યાં. તેઓ જાણીતા યોગી પાગલ હરનાથનાં શિષ્યા હતાં. અમે ડક્કા ઉપર બેઠાં અને યોગમાં શ્રદ્ધાનું સ્થાન શું છે તે વિષે ચર્ચા કરવા લાગ્યાં. એ વાતચીતમાં હું એકાએક ખૂબ ઉત્સાહમાં આવી ગયો અને શ્રી અરવિંદે શ્રદ્ધા વિષે જે કહેલું છે તે અંગે ખૂબ જ છટાપૂર્વક બોલવા લાગ્યો. શ્રી અરવિંદ કહે છે કે શ્રદ્ધા એ સૂર્યોદય પૂર્વે આકાશમાં છવાઈ જતો જાણે

શ્રી અરવિંદના જ્ઞાનની અગાધતા વિષે, ગુહ્ય સત્યો વિષેના તેમના અભિપ્રાયની સત્યતા વિષે મારા મનમાં શંકા ઊઠવી જ શા માટે જોઈએ ? વળી, તેઓશ્રીએ સાચા ગુરુના કાર્યનું વર્ણન આપતાં જે કહ્યું છે તે મુજબ તેમણે મને 'બોધને બદલે પ્રકાશનું જ દાન' વિશેષ નહોતું કર્યું ? અને એક અસાધારણ સ્પષ્ટતાથી એ વાત મારી આગળ સ્પષ્ટ થઈ રહી કે તેઓએ મારા પ્રશ્નોના જે ધીરજપૂર્વક ઉત્તરો વાળ્યા હતા તેમાંથી મને કેટલી બધી તો પ્રાપ્તિ થઈ હતી. મારી દશા કંઈક પેલા બાળક જેવી જ હતી. અમુક વસ્તુ તરફ બાળક આશ્ચર્યમુગ્ધ બનીને જોઈ રહે છે ત્યારે એ જોવાની ક્રિયા દ્વારા જ તે ઘણી વાર તો અજ્ઞાતપણે કેટલું બધું યે પોષણ મેળવી લે છે.

---

કે એક પ્રકાશ છે, ઈ. ઈ... મારા શબ્દોને મહારાણી ખૂબ જ એકાગ્રતાથી સાંભળી રહ્યાં હતાં. અને તે વખતે મારામાં ખૂણે ખાંચરે ક્યાં ય પણ શંકાનો અંશ દેખાતો ન હતો. એથી યે વધુ ધ્યાન ખેંચતી બીજી બીના તો એ હતી કે એ વખતે આથમતા સૂર્યના પ્રકાશમાં એમની આંખોમાં સાચે જ ઝળહળિયાં આવી ગયેલાં અને અમારા અંતરમાં અમે એક ઘણો જ સમૃદ્ધ સંપર્ક સાધી શકેલાં. પણ પછી હું જ્યારે ઘર તરફ પાછો ફર્યો ત્યારે મને જાણે કે એક મોટા ભયે ઘેરી લીધો. મારી અવદશાની જાણે કે સીમા આવી ગઈ. મને થવા લાગ્યું કે આ બધું હું જે બોલેલો તે શું મારી બનાવટ તો ન હતી ? એ રાણી હતી એટલે એના ઉપર છાપ પાડવા માટે તો મેં આ બધું નહોતું કહ્યું ? એ ખ્યાલ આવતાં મારી પોતાની નજરમાં જ જાણે હું ઊતરી ગયો. જો કે જે વખતે હું વાતચીત કરતો હતો ત્યારે મારામાં કોઈ દંભ કામ કરી રહ્યો છે એવું મને લેશ પણ લાગતું ન હતું. શ્રી અરવિંદને મેં આ વસ્તુ લખી જણાવી અને કહ્યું કે આવી રીતની ધૃષ્ટતા તથા અસત્યતા આચરવા માટે મને તીવ્ર પશ્ચાત્તાપ થઈ રહ્યો છે.

શ્રી અરવિંદે મને ઘણો આશ્વાસનભર્યો જવાબ લખ્યો. લખતી વખતે કદાચ તેઓ અર્ધુંપર્ધું હસતા પણ હશે. "મહારાણી સાથેનો તમારો અનુભવ જાણ્યો. આવું તો દરેકની બાબતમાં બને છે. વ્યક્તિની અંદરની ચેતનાનો એક એવો ભાગ એવે વખતે ઉપર આવે છે જેને આ વસ્તુઓમાં શ્રદ્ધા હોય છે, એટલું જ નહિ, પરંતુ તે સાચી છે તેવું જ્ઞાન પણ હોય છે. તે વખતે વ્યક્તિની અંદરનો ઉદાસ શંકાશીલ અને નકારવાચક ભાગ પાછળ સરી જાય છે યા તો ભૂગર્ભમાં ચાલ્યો જાય છે. માનવના વ્યક્તિત્વની અંદર આ જે બહુરૂપતા રહેલી છે તેનું લોકોને કશું જ્ઞાન નથી અને તેથી પોતાની અંદર યા તો બીજાઓની અંદર એ વસ્તુ દેખા દેતાં તેને તેઓ અસત્યતાનું નામ આપે છે. પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. આપણી પ્રકૃતિની અંદરનો એક ભાગ અમુક માન્યતાઓ અને લાગણીઓમાં બહુ જ દૃઢતાપૂર્વક સ્થિત થયેલો હોય છે. આપણી અંદર ઊઠતાં તોફાનો કે વિષાદના હુમલાઓથી તે વસ્તુઓ ઢંકાઈ જાય છે ખરી પરંતુ તે કદી પણ નાશ તો નથી જ પામતી."

મારા મનના વિચારો શ્રી અરવિંદ સમજી ગયા હોય તેમ લાગ્યું. તેઓ બોલ્યા : "આધ્યાત્મિક ક્ષેત્રમાં આવી વસ્તુઓ બને છે જ કે જેની કલ્પના કરવી મનને માટે ઘણી મુશ્કેલ હોય છે. હું તમને એક દાખલો આપીશ આધ્યાત્મિક અનુભૂતિમાં એ એક હકીકતની વાત છે કે શિષ્ય કરતાં ગુરુમાં ઓછી યોગ્યતા હોય છતાં તે શિષ્યને મદદ રૂપ થઈ શકે છે. એટલું જ નહિ, જે સાક્ષાત્કાર એવા ગુરુને પોતાને પણ કદી થયો નથી હોતો તે સાક્ષાત્કાર શિષ્યને મેળવી આપવામાં તે કરણરૂપ પણ બને છે."

"આ વાત તો—"

"સાંભળો જરા. લેલે ઈચ્છતા હતા કે મને અમુક પ્રકારની અનુભૂતિ પ્રાપ્ત થાય. પરંતુ બન્યું એવું કે એ કરતાં તદ્દન જુદી જ અનુભૂતિ મને મળી આવી. એ અનુભૂતિ નિર્વાણની હતી. અને એ માટે તો તેમણે કદી કલ્પના પણ કરી ન હતી. ખરું જોતાં તો એ અનુભૂતિ શી હતી તે પણ તેઓ સમજી શકયા ન હતા, અને એટલે મને મારા આંતરિક માર્ગદર્શક ઉપર જ શ્રદ્ધા રાખવાનું કહીને તેઓએ વિદાય લીધેલી* પરંતુ તેમનું મન ઈચ્છતું હતું તે રીતે ન બન્યું છતાં યે તેમણે મને મદદ તો આપી જ હતી એમાં શંકા નથી."

મેં અર્ધાપર્ધા ઉત્સાહથી હામાં ડોકું હલાવ્યું.

મારી અસહાય દશા જોઈ શ્રી અરવિંદ હસ્યા અને બોલ્યા : તો લો, તમને હું બીજો દાખલો આપીશ. માતાજી તથા હું તમારા ઉપર અમારી શક્તિ મૂકતાં આવ્યાં છીએ. અને એ રીતે તો અમે બીજા અનેક લોકો ઉપર પણ તે મૂકીએ છીએ—અને એના કાર્યને પરિણામે અનેક વસ્તુઓ બનવા પામી છે. એ બધું કેવી રીતે બન્યું તે તો તમે જોઈ શકયા નથી. પરંતુ અનેક પ્રસંગે તમે પોતે એ કબૂલ કરેલું છે કે તમારે વિષે એવી એવી બાબતો બની છે કે

* શ્રી અરવિંદે મને ૧૯૩૨ના મેમાં પત્રમાં આ લખેલું : "અમે સાથે ધ્યાન કરવા બેઠા અને તેમણે મને જે સૂચના આપી હતી તેનું અમે અક્ષરશઃ પાલન કરવા માંડયું...એના પહેલા પરિણામ રૂપે, તેમણે કદી ધારી પણ ન હતી તેવી પ્રખર અને પ્રચંડ અનુભૂતિઓની હારમાળા ઊભી થવા લાગી, ચેતનાની અંદર આમૂલ ફેરફારો થવા લાગ્યા. એ અનુભૂતિઓ અદ્વૈત અને વેદાન્ત પ્રકારની હતી. અને લેલે પોતે અદ્વૈત વેદાન્તથી વિરુદ્ધ હતા. એ અનુભૂતિઓ થતાં આખું જગત પરબ્રહ્મની વ્યક્તિ-રહિત વિશ્વરૂપતાની અંદર તદ્દન ખાલી રૂપોનો બનેલો એક સિનેમા જેવો ખેલ ચાલી રહ્યો હોય તેવું અત્યંત તીવ્ર રૂપે મને દેખાવા લાગ્યું."

જેને તમે ચમત્કાર જેવી જ ગણો. હવે, જો તમે તમારી અંદર આંતરિક રીતે કામ કરી રહેલી શક્તિને પિછાની શકયા હોત, તો તે બનાવો પાછળની આખી યે પ્રક્રિયા તમને નજારોનજર દેખી શકાઈ હોત. તમે એ કરી ન શકયા, એટલે એ બનાવોને તમે ચમત્કાર ગણી લીધા અને શાણા બનીને શંકાઓ ઉઠાવ્યા કરી કે એ ચમત્કાર બનવા પાછળ અમારી શક્તિનો હાથ સાચેસાચ હતો કે નહિ."

"જી, એમાં તો એમ હતું કે," મેં સહેજ છોભીલા પડી જઈને ક્ષમા માગતાં કહ્યું : "મને આપના કહેવા ઉપર શંકા હતી એવું તો કંઈ નહોતું. પણ મને જરા નવાઈ થતી હતી કે—આપને કેવી રીતે કહું એટલે કે હું મને પોતાને એ પ્રશ્ન પૂછતો હતો કે આપ જે શક્તિની વાત કરતા હતા તે કોઈ સાચી નક્કર શક્તિ હતી કે કેમ ?"

"નક્કર ? વાસ્તવિક ? તમે કોને નક્કર અને વાસ્તવિક કહો છો ? આધ્યાત્મિક શક્તિને પણ તેની પોતાની નક્કર વાસ્તવિકતા છે. એ શક્તિ આપણે જાણી શકીએ તેવું, દા. ત. પ્રવાહ જેવું રૂપ લઈ શકે છે અને આપણી ઇચ્છા મુજબ ગમે તે પદાર્થ ઉપર આપણે તેને મોકલી શકીએ છીએ, તદ્દન વાસ્તવિક દેખાય એવી નક્કર રીતે.

આધ્યાત્મિક ચેતનાની અંદર સ્વાભાવિક રીતે જ રહેલી શક્તિની આ એક સિદ્ધ હકીકત છે. પરંતુ આ સિવાય બીજા પણ હરકોઈ સૂક્ષ્મ બળનો સંકલ્પપૂર્વક પ્રયોગ થઈ શકે છે. એ બળ પછી આધ્યાત્મિક હોય, મનોમય હોય, યા તો પ્રાણનું પણ હોઈ શકે છે. અને જગતમાં કોઈપણ ધારેલે સ્થળે અમુક ધારેલું પરિણામ લાવવા માટે તે વાપરી શકાય છે. જેવી રીતે અદૃશ્ય ભૌતિક શક્તિઓ (વિશ્વ-તરંગો ઈ.)નાં મોજાં હોય છે, વિદ્યુતના પ્રવાહો હોય છે, તેવી જ રીતે મનઃશક્તિનાં પણ આંદોલનો હોય છે, વિચારોના, ઊર્મિઓના—દા. ત. ક્રોધ, શોક ઈ.ના પ્રવાહો પણ હોય છે. એ પ્રવાહો નીકળીને બીજાઓ પર અસર કરે છે. લોકોને એ પ્રવાહો કયાંથી આવે છે તેની ખબર નથી હોતી, પ્રવાહ જેવું કશું આવ્યું કે કેમ તેની પણ કશી ખબર નથી હોતી. લોકો એનું જે પરિણામ આવે છે તે જ માત્ર અનુભવે છે. જેનામાં સૂક્ષ્મ અથવા તો આંતરશક્તિઓ જાગૃત થઈ હોય છે તેઓ આ પ્રવાહોને આવતા, પોતાના પર હુમલો કરતા અનુભવી શકે છે. એ જ રીતે સારી કે નરસી અસરો પણ પોતાનો ફેલાવો કરી શકે છે. એ ફેલાવો કશો ઈરાદો ન હોય તો પણ સ્વાભાવિક રીતે થતો રહે છે. પરંતુ આવી અસરોને ઈરાદાપૂર્વક પણ ઉત્પન્ન કરી શકાય છે.

વળી કોઈ ખાસ હેતુસર આધ્યાત્મિક બળને અથવા તો બીજા કોઈ બળને પણ નવું ઉત્પન્ન કરી શકાય છે. વળી કોઈ બાહ્ય ક્રિયા, સંભાષણ કે બીજા કોઈ સાધનની મદદ લીધા વિના, સંકલ્પશક્તિનો કે વિચારનો પણ સીધેસીધો અસરકારક પ્રયોગ કરી શકાય છે. આવો બાહ્ય સાધનોની મદદ વિનાનો પ્રયોગ મૂર્ત રૂપનો ન લાગે છતાં તેની અસર તો થાય છે જ. આ વસ્તુઓ ખાલી કલ્પનાઓ, ભ્રાંતિઓ કે ધતિંગ નથી એ સાચી ઘટનાઓ છે." *

શ્રી અરવિંદ જેમ જેમ બોલતા ગયા તેમ તેમ તેમનો ચહેરો વધુ ને વધુ દીપ્તિમાન બનવા લાગ્યો. મારી અંદર એક રોમાંચ પ્રગટી રહ્યો અને, એક જ ક્ષણમાં, એમની શક્તિ જાણે કે મારામાં ઊતરી આવી. મને થઈ આવ્યું કે જાણે હું આખો ને આખો શ્રદ્ધાની મૂર્તિ રૂપે પલટાઈ ગયો હતો; શંકાનો અંધકાર હવે જાણે એકાએક જ કોઈ દૂર દૂરની વસ્તુ બની ગઈ હતી! પરંતુ આ ઉત્સાહ અને અદ્ભુતતાનો ભાવ અનુભવવા ઉપરાંત, તેમની સન્મુખ બેસીને તેમના શબ્દોનું પાન કરવામાંથી પ્રગટતા અકલ્પ્ય રસાસ્વાદ ઉપરાંત મારામાં એક ગંભીર માનવૃત્તિ પણ જાગૃત થઈ રહી હતી કે શક્તિ અને જ્ઞાનના અવતાર રૂપ આ વ્યક્તિ મારી સાથે એક મિત્રભાવે મોઢામોઢ વાત કરી રહી છે! પરંતુ એ ભાન થતાં મારામાં કોઈ અભિમાન ન જાગ્યું, હું એક ઊંડી વિનમ્રતા અનુભવી રહ્યો. અને એ વિનમ્રતા તે એટલી હદ સુધીની કે આ વાતનો સ્વીકાર કરતાં પણ મને સંકોચ થવા લાગ્યો કે મૂર્તિમંત પ્રકાશ અને પ્રેમની બનેલી આ વિભૂતિએ મને તેમની સાથે બેસીને હાસ્યવિનોદ કરવાનો અધિકાર આપ્યો છે, તેમની સાથે વિચારોની આપલે કરવાનો—અરે તેમની સાથે દોસ્તી ભાવે દલીલમાં ઊતરવાનો પણ હક્ક આપ્યો છે! બેશક, મારી આ લાગણી તે જ વખતે તેમની સમક્ષ પ્રગટ કરવાનો તો પ્રશ્ન ન જ હતો, તેમ કરવું જરૂરી પણ ન હતું. અમારો વાર્તાલાપ હવે થંભી ગયો. મને થતું હતું કે હવે કયો વિષય આવશે. પરંતુ શ્રી અરવિંદ કશું બોલ્યા વિના જ બેસી રહ્યા. મેં તેમનાં ચક્ષુ તરફ જોયું અને પછી મારી નજર ફેરવી લીધી. તો પણ તેઓ કશું બોલ્યા નહિ. અને તે પછી મેં એક વિચિત્ર વસ્તુ કરી. એ કેવી રીતે બન્યું તે પણ હું સમજાવી શકતો નથી. કોઈ પણ વાતનો ખ્યાલ કર્યા વિના મારાથી એક

* આ આખો પૅરેગ્રાફ શ્રી અરવિંદે પોતે મારી વિનંતી પરથી લખી આપ્યો હતો.

આ તથા 'હું અતિમનસને...'થી શરૂ થતો પૅરા આ પૂર્વે 'દક્ષિણા'માં પ્રસિદ્ધ થઈ ચૂકેલા છે.—તંત્રી

સીધો જ પ્રશ્ન પુછાઈ ગયો. મેં તેમના તરફ એક ઝડપી નજર નાખી અને પૂછયું : "આપ બહાર કયારે આવશો ?"

તેઓ હસ્યા અને બોલ્યા : "મને ખબર નથી."

"એ તે કેમ બને ? આપને તો ખબર હોવી જ જોઈએ."

શ્રી અરવિંદ હસી પડયા. "ના, તમને જે રીતે જ્ઞાનનો ખ્યાલ છે તે રીતે હું નથી જાણતો." કહી તેઓ મારા તરફ એકાગ્ર દૃષ્ટિથી જોઈ રહ્યા. અર્ધીક ક્ષણ તેઓ શાંત રહ્યા અને પછી કંઈક ચીમકી આપતા હોય તેમ બોલ્યા, 'હવે હું મનની ભૂમિકા ઉપર નથી રહ્યો. હું મારા નિર્ણયો મન દ્વારા નથી કરતો."

"તો પણ," મેં આગ્રહ જારી રાખ્યો, "આપ એમ તો કહેવા નહિ જ માગતા હો કે આપના જેવી પરમ જ્યોતિર્મય વ્યક્તિ હમેશને માટે આ નાનકડા ઓરડામાં જ પુરાઈ રહેવાની છે ?"

"પણ મેં તમને કહ્યું છે કે મારે વિષે વસ્તુઓ આગળથી નક્કી કરી રાખેલી હોય એમ બનતું નથી આવ્યું." તેમણે તદ્દન સ્વસ્થ ભાવે કહ્યું. "અત્યારે તો હું એટલું જ કહી શકું કે હું જો લોકોને મળવા કરવા વગેરેમાં જ મારો વખત આપ્યા કરું તો પછી મારે જે કરવાનું છે તે મારાથી નહિ થઈ શકે."

હું તેમનું કહેવું સમજી ગયો અને તેમના વકતવ્યને વધુ સ્પષ્ટ કરવા માટે કશો આગ્રહ ન કર્યો. તેમણે મને થોડા વખત ઉપર જ (૩૦–૫–૪૨) લખેલો એક પત્ર મને યાદ આવ્યો. તેમાં તેમણે સમજાવ્યું હતું કે પોતાના શિષ્યોના પત્રના જવાબ આપવાનું પણ તેમણે શા માટે બંધ કર્યું હતું.*

થોડીક ક્ષણોના વિરામ પછી શ્રી અરવિંદે કહ્યું : "મારા છેલ્લા પત્રમાં

---

* શ્રી અરવિંદે આ મુજબ લખેલું :

"મેં આ નિયમ કર્યો તેની પાછળ કોઈ અંગત રુચિનો કે ગમા અણગમાનો પ્રશ્ન ન હતો. પરંતુ પત્રવ્યવહાર એટલો બધો વધી પડેલો કે મારા વખત તથા શક્તિનો મોટો ભાગ તેની પાછળ જ ખરચાઈ જવા લાગેલો અને પરિસ્થિતિ એવી થયેલી કે જો હું મારી કાર્યપદ્ધતિ ન બદલું તો પછી જે મારું કાર્ય હતું તે વીસરાઈ જવાનો યા તો અધૂરું જ રહી જવાનો ભય ઊભો થયેલો. આમ મારે મારા કાર્ય ઉપર જ મારું બધું ધ્યાન અને શક્તિ વાપરવાં એ અનિવાર્ય બની ગયું હતું. અત્યારે પણ

મેં તમને, હું અત્યારે શું કરી રહ્યો છું તે વિષે કંઈક સ્પષ્ટતા કરેલી છે. પણ તમે એ કલ્પી શકશો કે મારા કાર્યમાં બીજા પણ કેટલા ય પ્રકારના વિરોધો થઈ રહેલા છે અને તે મારે વશ કરવાના છે."

"પણ મને આટલું તો જરૂર કહો." મેં મારો આગ્રહ ચાલુ કર્યો, "આપે મને પૃથ્વીની પ્રકૃતિમાંથી થઈ રહેલા વિરોધ સામે ઘણી વાર લખેલું છે. માતાજીએ પણ મને થોડા વખત ઉપર કહેલું કે જગતમાં જે ઊથલપાથલો અને મહા આફતો બની રહી હોય છે તે ઘણીવાર એમ સૂચવે છે કે જગતમાં એક નવું અવતરણ અથવા તો આવિર્ભાવ થવાની ઘડી બહુ જ નજીક આવી રહી છે. તેમનું કહેવું હું બરાબર સમજ્યો છું?"

શ્રી અરવિંદે હા કહી. "જેમને જેમને સૂક્ષ્મ વિદ્યાનું જ્ઞાન છે તેમણે બધા યે આ વાત એકી અવાજે હરેક યુગમાં કહેલી છે."

---

જગતની આજની કટોકટીના સમયે મારે સંપૂર્ણ સાવધાન રહેવાનું રહે છે. આખો યે વખત એકાગ્રતા જાળવવાની રહે છે...વળી આ આંતરિક આધ્યાત્મિક કાર્યની અંદર જે મુખ્ય વસ્તુ છે તેના ઉપર પણ પેલી બાહ્ય પરિસ્થિતિના જેટલું જ એકાગ્ર રહેવું અને તેમાં સતત અનુસંધાન રાખવું જરૂરી છે. એટલે એ નિયમને દૂર કરવો મારે માટે હાલ શક્ય નથી. વળી, દરેક સાધકના વ્યક્તિગત હિતને ખાતર પણ આ મુખ્ય આધ્યાત્મિક કાર્ય સિદ્ધ થઈ જાય એ જરૂરનું છે. કેમકે એ કાર્ય સિદ્ધ થતાં એવી પરિસ્થિતિ રચાશે કે જેને લીધે સાધકની પોતાની મુશ્કેલીઓનો ઉકેલ પણ બહુ સહેલાઈથી આવી શકશે."

વળી શ્રી અરવિંદનો એક બીજો પત્ર પણ મારી સ્મૃતિમાં તાજો થયો. મેં તેમને પૂછેલું કે અતિમાનસના અવતરણ જેવી કોઈક મહાન વસ્તુ સિદ્ધ કરવા માટે પણ માણસે પ્રયત્ન કરવો એ ફરજિયાત શા માટે હોવું જોઈએ. વળી મેં એમ પણ પૂછેલું કે જે વસ્તુ કૃષ્ણ જેવાને પણ શક્ય ન લાગેલી તે તત્ત્વનું અવતરણ કરવા માટે પ્રયત્ન આદરવો એ શું ઇષ્ટ ગણાય ખરું? આના જવાબમાં શ્રી અરવિંદે લખેલું: (તા. ૧૦-૨-૩૫)

"હું અતિમનસને પૃથ્વી ઉપર લઈ આવવા માગું છું તે મારી પોતાની મહત્તા વધારવા માટે નથી. માણસો જેને મહત્તા અલ્પતા સમજે છે તેની મને લેશ પણ પડી નથી, હું તો ફક્ત એક જ વસ્તુ કરવા માગું છું. પૃથ્વીની ચેતનાની અંદર હું પ્રકાશ, સંવાદ, શાંતિ લઈ આવવા માટે, ઊર્ધ્વના સૂક્ષ્મ સત્યનું એકાદ તત્ત્વ અહીં સ્થાપિત કરવા માટે મથી રહ્યો છું. એ તત્ત્વ ઊર્ધ્વમાં છે તે હું જોઈ રહ્યો છું, એ શું છે તે હું જાણું છું. ઊર્ધ્વમાં રહ્યું રહ્યું એ તત્ત્વ ત્યાંથી પોતાનો પ્રકાશ મારી ચેતના ઉપર અખંડ રેલાવી રહ્યું છે તે હું અનુભવી રહ્યો છું. માનવ પ્રકૃતિ અત્યારે જે અર્ધા પ્રકાશમાં અને અર્ધા અંધકારમાં અટવાઈ રહી છે, તેમાંથી તેને મુક્ત કરી આખી માનવ ચેતનાને હું પેલા તત્ત્વના હાથમાં મૂકી દેવા માગું છું અને એ તત્ત્વ

"પરંતુ આ બાબતમાં આપનો મત શો છે, આપને શું જણાયેલું છે—અથવા તો આપની શી અનુભૂતિ છે તેમાં મને વધુ રસ છે, આપ જો કહી શકો તો.*

શ્રી અરવિંદે કંઈ જવાબ ન આપ્યો. એટલે મેં ફરીથી પૂછ્યું; "આપને આ પ્રકારની બાબતમાં ટેકો આપે તેવો કોઈ પ્રત્યક્ષ પુરાવો મળેલો છે ખરો?"

શ્રી અરવિંદના હોઠ ઉપર એક આછું સ્મિત ફરક્યું. મને જવાબ આપ્યા વિના થોડીક ક્ષણો સુધી તેમણે પોતાની નજર મારી નજર સામે માંડી રાખી અને પછી બોલ્યા: "હા, છે."

"તો એનો અર્થ હું એમ કરી શકું કે તમારું આ અતિમનસ ત્યારે છેવટે કંઈ કરવા માગે છે ખરું—એટલે કે અમારે માટે, માણસ લોકો માટે તે છેવટે નીચે આવવાનું છે ખરું?"

શ્રી અરવિંદનું સ્મિત હવે હાસ્યમાં પલટાઈ ગયું. "હા," તેમણે ફટકો લગાવતાં કહ્યું, "પણ એમને બધાને મળો ત્યારે તમે કહેજો કે એ બાબતમાં તેમણે માથું મારવાનું નથી."

"કોને કહું?"

---

આ કાર્યમાં સફળ થાય તે માટે હું મથી રહ્યો છું. આ સત્ય પૃથ્વી ઉપર અવતરિત થાય, અને તેના અહીં આવવાથી દિવ્ય ચેતનાના વિકાસનો માર્ગ ખુલ્લો થાય એમાં જ આ પૃથ્વી પર થઈ રહેલા વિકાસક્રમનું અંતિમ રહસ્ય છે એમ હું માનું છું. જગતમાં મારા કરતાં વધારે મહાન પુરુષોને આ વસ્તુ દેખાઈ ન હોય, અને આ આદર્શ જડયો ન હોય એ સંભવે છે, પરંતુ તેટલા ઉપરથી, મને જે સત્યનું દર્શન લાધ્યું છે, મને જે સત્યનું જ્ઞાન પ્રત્યક્ષ થયું છે તેનું અનુસરણ મારે બંધ રાખવું એવો અર્થ તો ન જ થઈ શકે. જે વાત શ્રી કૃષ્ણે હાથ નહોતી ધરી તે સિદ્ધ કરવા માટે હું કોશિશ કરી રહ્યો છું. માનવ બુદ્ધિને જો એમ લાગતું હોય કે મારો આ પ્રયત્ન મૂર્ખાઈ ભરેલો છે તો એ અભિપ્રાયની મને લેશ પણ પરવા નથી. આમાં अ, ब કે કોઈ બીજા ત્રીજાને વચ્ચે લાવવાની જરા પણ જરૂર નથી. એ સવાલ માત્ર મારી અને ભગવાન વચ્ચેનો જ સવાલ છે. મારે માત્ર એટલું જ જોવાનું છે કે આ વસ્તુ એ પ્રભુનો પોતાનો જ દિવ્યસંકલ્પ છે કે નહિ, એ વસ્તુને અહીં નીચે લઈ આવવા માટે, અથવા તો એના અવતરણ માટે માર્ગ તૈયાર કરી આપવા માટે, અથવા તો એ ઘટનાની શકયતા વધારી આપવા માટે મને અહીં મોકલવામાં આવ્યો છે કે નહિ—મારે માટે એ જ મુદ્દાની વાત છે. મારી આ ધૃષ્ટતા માટે આખા જગતે મારી હાંસી કરવી હોય તો તે ભલે કરે, મારા પર આભ તૂટી પડવાનું હોય તો ભલે તૂટી પડે. હું તો મારે આગળ ધપ્યે જ જવાનો છું, એ કાર્યમાં કાં તો મારો વિજય થશે, યા તો હું ખતમ થઈ જઈશ. મારી કૂચ ત્યારે જ અટકશે. અતિમનસની સાધના હું આવી ભાવનાથી કરી રહ્યો છું. એમાં મને પોતાને કે બીજા કોઈને મહાન બનાવવાની વાત લેશ પણ આવતી નથી.

* આ સંબંધે થોડાં વરસો પછી મેં શ્રી અરવિંદને જગતની એકંદર પરિસ્થિતિ વિષે મારી અમુક ગ્લાનિમય ઝાંખીઓ લખી જણાવેલી તેના જવાબમાં તેમણે લખ્યું

શ્રી અરવિંદ ફરીથી હસ્યા, "કોને? કાં, તમે હમણાં જે માણસ લોકોની વાત કરતા હતા તેમને, અથવા એમ કહો કે** જે કેટલાક લોકો પોતાના જ મનથી ઊભી કરેલી કોઈક વસ્તુને અતિમનસ તરીકે સમજી બેઠેલા છે તેમને. અતિમનસ જો અહીં આવશે અને એ લોકોએ પહેલેથી બાંધી રાખેલા ખ્યાલો અને કલ્પના મુજબનું તે ન નીકળ્યું તો એ બિચારાઓએ ભારે નિરાશ થવું પડશે."

હું હસી પડયો. "પણ તો શું અતિમાનસને ઉતારવા નીકળનાર પણ છે ખરા?"

"કેમ નહિ"? શ્રી અરવિંદે સ્મિત સાથે કહ્યું. "કેમ, તમને પોતાને પણ શું** અમુક માણસોનો ભેટો નથી થયો કે જેમણે પોતે અતિમાનસને નીચે ખેંચવાનો પ્રયત્ન કરેલો અને જગતમાં પોતે જ પહેલા અતિમાનસ માનવો બનવાની ઈચ્છા સેવેલી, અને તેમની કેવી તો બૂરી દશા થયેલી?" શ્રી અરવિંદ ફરી હસ્યા અને બોલ્યા: "લોકોએ તેમની અત્યારની અવસ્થામાં અતિમાનસના વિષયમાં માથું મારવું ઈષ્ટ નથી. તેમણે તેઓ જે સ્થાને હોય ત્યાં રહ્યાં રહ્યાં જ જે કાર્ય કરવા જેવું હોય તે કરતા રહેવું જોઈએ. અતિમાનસ એ મારો વિષય છે. અને તેમાં કોઈએ હસ્તક્ષેપ કરવા જેવો નથી."

અમારું હસવું શાંત પડયા પછી મેં પાછી મારી પૃચ્છા ચાલુ કરી: "તો હું એમ સમજી શકું ખરો કે આસુરી શક્તિઓ ઉપર વિજય થતાં અતિ-માનસનું અવતરણ શરૂ થવા માંડશે?"

---

(૯ એપ્રિલ, ૧૯૪૭). "આ બધી પરિસ્થિતિ પછી તે ભલે ગમે તેટલી ઉગ્ર દેખાતી હોય તો પણ એક કામચલાઉ ઘટના છે. જે લોકોને જગતમાં કાર્ય કરી રહેલી શક્તિનું તથા આત્મતત્ત્વનું સહજ પણ જ્ઞાન છે તેઓ આ માટે તૈયાર જ રહેલા છે. મેં પોતે પણ પહેલેથી જોયું હતું કે આ અત્યંત ખરાબ પરિસ્થિતિ, ઉષાના આગમન પૂર્વની ઘોર અંધારી રાત જગતમાં આવવાની છે. અને તેથી આ પરિસ્થિતિ જોઈને હું નિરુત્સાહિત નથી થતો. આ અંધકારની પાછળ કઈં વસ્તુ તૈયાર થઈ રહી છે તે હું જાણું છું અને તેના આગમનનાં પ્રથમ ચિહ્નોને હું જોઈ શકું છું તથા અનુભવી શકું પણ છું. જેઓ પ્રભુને શોધવા માટે નીકળેલા છે તેમણે આવે વખતે અચલ રહેવાનું છે અને પોતાની સાધનામાં મચ્યે રહેવાનું છે. થોડા વખત પછી આ અંધકાર ચાલ્યો જવાનો છે અને પ્રકાશ આવવાનો છે."

બીજા એક પત્રમાં (૨૦-૧૦-૪૬) તેમણે મને લખેલું: "પરંતુ આ જે કંઈ બની રહેલું છે તેથી હું નિરુત્સાહિત નથી થતો. કારણ કે હું જાણું છું અને મેં સેંકડો વાર એ અનુભવ્યું છે. કે જે ભગવાનના હાથમાં કરણ બની રહેલો છે તેને માટે તો ઘોરમાં ઘોર અંધકારની પાછળ પ્રભુના વિજયનો પ્રકાશ આવી રહેલો જ છે."

** આ તેમ જ નીચેના પેરામાં બે ફૂદડીથી શરૂ થતો ભાગ શ્રી અરવિંદે પોતે સુધારીને લખી આપેલો છે.

"ના એટલા માત્રથી તે નહિ બને." કહેતાં શ્રી અરવિંદની દૃષ્ટિ કોઈ, દૂર દૂર ચાલી ગયેલી દેખાઈ. "પરંતુ એ વિજયથી એવી પરિસ્થિતિ ઊભી થશે કે જેને લીધે એ અવતરણ શક્ય બનશે."

શ્રી અરવિંદના અવાજમાં અને દૃષ્ટિમાં કંઈક એવું હતું કે જેણે મારી અંદર કોઈક ઊંડા તારને રણઝણાવી મૂક્યો. એકાદ ક્ષણ તો હું અચકાયો, પણ છેવટે મેં મારો સવાલ વહેતો મૂકી દીધો. શા માટે? શું એમને સ્વમુખેથી જ મારે એનો જવાબ જોઈતો હતો? કોણ જાણે. મને માત્ર એટલી જ ખબર છે કે મારી અંદરથી કોક અદમ્ય પ્રેરણા મને ધકેલી રહી હતી. અને મેં પૂછી નાખ્યું:

"તો શું આપનું સાચું કાર્ય તે આ અતિમાનસને અવતારિત કરવાનું છે?"

"હા," શ્રી અરવિંદે જવાબ આપ્યો, બહુ જ સરલ ભાવે. "હું એટલા માટે જ આવ્યો છું."

અને આમ હું શ્રી અરવિંદની સાથે હસતો રહ્યો, દલીલો કરતો રહ્યો, તેમના દૃષ્ટિબિંદુની પરીક્ષા કરતો રહ્યો...અને એમ કરી શકવાનું કારણ એક જ હતું, તેમણે તેમની અનંત કરુણામાંથી મને પોતાનો 'મિત્ર અને પુત્ર' કહીને આમ વર્તન કરવાનો હક્ક આપ્યો હતો! પરંતુ એ બધાને અંતે અર્જુનને થયેલો શોક મને પણ એવી જ રીતે ઘેરી વળ્યો:

ગણી સખા મેં કહ્યું હોય આપને ઉતાવળે, પ્રેમ-પ્રમાદથી વા,
કે મશ્કરીમાં કરી હો અવજ્ઞા, પ્રાર્થું ક્ષમા તે સહુ કાજ આપની.

❀

શ્રી અરવિંદની પાસેથી વિદાય લેતા પહેલાં મેં તેમને પ્રણામ કર્યા અને તેમની મહાન કૃતિ 'અહના'નો અંત ભાગ કે જેમાં દેવી ઉષા, તેની પાસે પ્રકાશ માગવા આવેલા માનવોને પ્રત્યુત્તર આપે છે તે વાંચી સંભળાવવા મેં વિનંતી કરી. એ વિનંતી તેમણે તરત જ સ્વીકારી લીધી અને પોતાના સુંદર લયબદ્ધ અવાજે મને આ વાંચી સંભળાવ્યું:

હે ઈન્દ્રિયે બદ્ધ મનુષ્ય મર્ત્ય! હે શાશ્વતી ઝંખનપૂર્ણ માનવ!
તારી કથા, તાહરી આંતર વ્યથા મારે ઉરે આવી નિવિષ્ટ છે થઈ.
તારું અહા બંધનબદ્ધ જીવન, તું ઈન્દ્રિયોને વશ આત્મ હા પડ્યો!
અસ્તુ. હવાં આવી હું જાણ વત્સ હે! મુક્તિ તને અર્પું—વિધાત્રી પાશથી.

વિધાત્રી એ ચંચલ ને સુઘોર,
આકર્ષતી ને તરછોડતી વળી,
હાવાં મળી આપણ લેઈશું ગ્રસી
ને બાંસુરીનો વળી તેહ વાદક
હે માનવીપુત્ર, સજ્યો કિરીટ તેં
દઝાડનારા રસ જેહ સૃષ્ટિના
આવી હવે કિંતુ રહી હું, વત્સ, જો,
જો જો, અહીં આ પગલી પડી મુજ,
જો આવતી આ મુજ પૂંઠ જ્ઞાનની
આવી રહી શક્તિ, સુદિવ્ય સુપ્રભ,
ને કો મુદાને નિજ વક્ષ પે વહી
હવાં થઈ સિંહણ શી•હું તાહરી
જોજે પછી તું મુખ દિવ્ય એહનું
એ ક્રીડતી, સ્વર્ગ વિષે પુરા યથા,
તારે હવે નિત્ય ન દાઝવું રહ્યું,
મારી કને કૈંક ઈલાજ છે હવે:
એના મહા ચંચલ પાદ, મેં રચ્યો
તો આવ વૃંદાવન, લાવ તાહરો
હું શ્યામ આપું તુજને અહીં હવે,
તારા પ્રભુ, એહની સંગતે હવે
એ બાંસુરીના સ્વર તું શ્રવી રહે,
તને કરંતી વશ જે મુદા તે
દેતી તને જે અવમાન માધુરી
તદા તને નૃત્ય-રહસ્ય લાધશે,
તું મેઘનાં ગર્જનમાં સુણી લે
એના ગ્રહી વિદ્યુત-સ્પર્શ, માણજે
તદા તને આંતર મર્મ લાધશે
તદા તને ગૂઢ રહસ્ય લાધશે
હે વત્સ, આ વિશ્વ વિરાટ રાસમાં
ને ભાવિમાં જે રસ સિદ્ધ છે વસ્યો

માધુર્યથી મંડિત, છદ્મરૂપિણી,
દીધાં તને અમ્રત ને વળી વિષ.
આ વિશ્વમાં ગુંજત પેલી બાંસુરી,
લેશું ગ્રસી નિષ્ઠુર તે મહાનને.
આ પૃથ્વીનાં ગંધવિહીન પુષ્પથી,
આસ્વાદવા તે શ્રમ તેં કર્યા મહા.
જાશે ફિટી ઘોર નિશા સદા હવે,
ને આવી કો પૂંઠળ માહરી રહ્યું.
દેવી પ્રભા, જ્ઞાનની પૂંઠને ગ્રહી
પ્રગર્જતી, વ્યોમ ભરંતી, વાધતી,
તારી ભુજામાંહિ ધરી રહી એ.
ગ્રસી અને ભક્ષી જઈશ વાસના:
શિશુ સમું પુષ્પ સમું સુનિર્મલ,
નિર્દોષ, નિર્બંધ, ન ભીત ક્રીડને.
ન ક્રન્દવું મોહનિબદ્ધ, ત્યક્ત થૈ.
મેં છે રચી જાળ, ગ્રહીશું એ વિષે
છે પાશ એને ગ્રસવા જ સર્વતઃ
મુદાભર્યો આત્મ અહીં તું રાસમાં.
બની રહે એ તવ દાસ, એ બને
તું નૃત્યના વેગ વિષે ચગ્યો જા.
તું જાગૃતિ ઉન્નતિ આત્મમાં ભરી.
તારાં પદો હેઠળ ભીંસી તું દિયે,
તેનાં પદે તું જઈને ઠરી લિયે.
તું ગાન ને ગાયકને ય તાગશે.
એ નૃત્ય કેરા લયબદ્ધ છંદને,
રોમાંચ એની કર-અંગુલિનો.
વૃંદાવને ગુંજતી મર્મરોના,
કલ્લોલવંતાં યમુના જલોનાં.
તો આવ તારું લઈ લે તું સ્થાન ત્યાં,
તેનો લઈ લે તવ ભૂરિ ભાગ તું.

અનુ. સુન્દરમ્ [શ્રી અરવિંદ મંદિર વાર્ષિક (૧૯૪૯) માંથી] 'દક્ષિણા', એપ્રિલ ૧૯૫૦

# શ્રી અરવિંદ–પરમ વિભૂતિ

## ક. મા. મુનશી

**શ્રી** અરવિંદનું જીવન અને કાર્ય વિશ્વકોષ જેવાં છે. તેમના વ્યક્તિત્વનાં અને તેમની સિદ્ધિઓનાં જુદાં જુદાં અનેક સ્વરૂપો છે. એમાંનાં કંઈ નહિ તો પાંચ સ્વરૂપ તો અતિ સ્પષ્ટ છે જ. એમનું એક સ્વરૂપ છે વ્યક્તિ તરીકેનું, બીજું છે કર્મવીર તરીકેનું, ત્રીજું છે સાહિત્યસર્જક તરીકેનું, ચોથું છે દ્રષ્ટા તરીકેનું, પાંચમું છે યોગી તરીકેનું.

શ્રી અરવિંદ એક મહા વિશાળ બુદ્ધિ ધરાવતા હતા. તેમની ભાવનાઓ અતિ મહાન અને ઉમદા હતી. તેમની અભીપ્સાઓને સીમા ન હતી. અમેયને માપવું એ એમની મહત્ત્વાકાંક્ષા હતી. જીવનના ઠેઠ પ્રારંભથી જ તેમની કર્તવ્ય-ભક્તિ અચલ હતી, અને તે વખતે તેમણે જીવનની એક યોજના વિચારી અને તેને મક્કમતાથી વળગી રહ્યા. આગળ જતાં આ કર્તવ્યનું દર્શન વિશાળ ને વિશાળ બનવા લાગ્યું અને સારી યે માનવજાતિને, તેનાં સર્વ સ્વરૂપોમાં, તેમણે એક પિતાના પ્રેમભાવથી પોતાના આલિંગનમાં લઈ લીધી.

શ્રી અરવિંદ જીવનના કલાકાર હતા. તેઓ કેવા તો પૂર્ણ અધ્યાપક હતા તે તો મેં નજરે જોયું હતું. ૧૯૦૭માં તેઓ માતૃભૂમિના એક તીવ્ર ભક્ત હતા. માતૃભૂમિની મુક્તિ અને મહત્તાને માટે તેમનામાં એક પ્રખર ઝંખના રણઝણતી હતી. ૧૯૫૦ના જુલાઈની ૯મીએ, મને એમનાં છેલ્લાં દર્શન થયાં ત્યારે મેં જોયું કે તેઓ એક મૂર્તિમાન સૌંદર્ય હતા. તેમના કંઠમાંથી, તેમના હલનચલનમાંથી, તેમનાં વસ્ત્રમાંથી સૌંદર્ય નીતરતું હતું. માનવની અંદર આપણે સામાન્ય રીતે જે સૌન્દર્ય જોઈએ છીએ તેના કરતાં કોઈ અનંતગણું સૌન્દર્ય તેમનામાં મૂર્ત થયું હતું.

પ્રશ્ન થશે કે શ્રી અરવિંદ વળી કર્મવીર હતા ખરા? કામની ધાંધલ કરી મૂકવી, રાતદિન માણસોમાં અથડાતા રહેવું, સભાઓ પર સભાઓ કર્યે જવી, છાપાંઓનાં મથાળામાં ચમકતા રહેવું આ વસ્તુઓને આપણે કર્મવીરનાં લક્ષણ ગણતા હોઈએ તો તે એક બહુ છીછરી દૃષ્ટિ છે. માણસોનાં હૃદય હાલવી મૂકવાં, તેમને ગતિમાં મૂકવા, પ્રેરવા એ વસ્તુ જો કર્મ કહેવાય તો

શ્રી અરવિંદ સાચે જ એક મહા કર્મયોગી હતા. અનેક લોકો જેને ઝંખતા હતા તે આઇ. સી. એસ.ની સિવિલ સર્વિસને તેમણે પડતી મૂકીને દેશનું કાર્ય હાથ લીધેલું. એક અજ્ઞાત એવા પ્રોફેસર તરીકે તેઓ હતા ત્યારે 'જૂનાને બદલે નવા દીવા'ની લેખમાળામાં તેમણે હિંદભરમાં સૌથી પ્રથમ 'સ્વતંત્રતા' માટેનો બુલંદ પુકાર જગાવ્યો. બંગાળના ભાગલાના દિવસોમાં તેઓ સાચેસાચ રાષ્ટ્રીય આંદોલનમાં આવીને ઊભા રહી ગયા. તેમણે નોકરી અને નોકરીમાંથી મળતા ભાવિ લાભો તજી દીધા, 'વંદે માતરમ્' શરૂ કર્યું; એક ટેકનોલૉજિકલ સંસ્થાની સ્થાપના કરી, અને પોતાની પ્રબળ લેખની અને પ્રબળ વાણીના સૂર ઉપર તેમણે માણસોને નાચતા કરી મૂકયા, કાર્યની અંદર મૂકી આપ્યા. તેમની પ્રેરણાએ હજારો હજારો લોકોને બ્રિટીશ માલનો બહિષ્કાર કરતા કરી મૂકયા, 'વંદે માતરમ્' ગાતા કરી આપ્યા. શ્રી અરવિંદ કારાગારમાં ગયા અને હિંદમાંના પ્રથમ ત્રાસવાદી આંદોલન સાથેના તેમના બહુ ગાઢ નહિ એવા દૂર દૂરના સંબંધને લીધે પણ તેમણે પોતાનું જીવન જોખમમાં મૂકયું.

તે પછી તેઓ નિવૃત્ત થયા. પરંતુ આ 'નિવૃત્ત' શબ્દ બરાબર નથી. કારણ કે આમ લોકો સાથે પ્રત્યક્ષ સંપર્કમાંથી તેઓ હઠી ગયા હતા છતાં પોતાની કલમ દ્વારા તેમ જ પોતાના વ્યક્તિત્વ દ્વારા તેઓ લોકોનાં મન અને કર્મને જાણે કે વિદ્યુતના પ્રવાહથી ભરી દેતા હતા. ખરેખર, શ્રી અરવિંદ તરફથી માણસોને કર્મની પ્રેરણા મળતી હતી ખરી ? હા. હવે તેમનું વ્યકિતત્વ એક પૂર્ણતામાં પહોંચ્યું હતું. લોકોમાં કર્મનો સ્ફુલિંગ ચેતાવવા માટે તેમને સ્થૂલ સંપર્કની જરૂર રહી ન હતી. હવે તો તેમનો શબ્દ, તેમના પૂર્ણ વ્યકિતત્વની અકલ્પ્ય શક્તિ એ સ્ફુલિંગ જગવી શકતી હતી. અને શબ્દ કે કલમ કે સામાજિક સંપર્ક કરતાં યે આ વ્યક્તિત્વનો પ્રભાવ એ કર્મ માટેનું એક ઘણું ઘણું વિશેષ સમર્થ સાધન છે. જગતનાં દૂર દૂરનાં સ્થળોમાં, ભક્તિસભર હૃદયોની અંદર તેમના શબ્દના પડઘા પડતા હતા, અને લોકો પોતાના જીવનને જ એક પ્રયોગશાળા કરવા માટે પ્રેરાતા હતા.

સાહિત્યસર્જક તરીકે શ્રી અરવિંદ જગતના કોઈપણ કાળના મહાનમાં મહાન સર્જકની હરોળમાં બેસે તેવા સર્જક હતા. તેમણે બૌદ્ધિક તેમ જ ભાવનાત્મક પ્રકારના લગભગ સર્વ વિષયો ઉપર લખેલું છે. તેમની કવિતામાં રહેલી કલ્પનાની પ્રબળતા અર્વાચીન સાહિત્યમાં બીજે કયાં ય જોવા મળે તેમ નથી. ગ્રીક અને સંસ્કૃત સાહિત્યના ઉત્તમોત્તમ સંસ્કારોથી સમૃદ્ધ બનેલી તેમની વાણી સૌન્દર્યનું એક જીવંત વાહન બની રહી હતી. ૧૯૦૫ અને ૧૯૦૭માં

તેમણે 'વંદે માતરમ્'ના અગ્રલેખમાં હિંદના મૉડરેટ નેતાઓની જે ખબર લેવા માંડી હતી તે વખતની તેમની વાણીમાં જે સણસણતો કટાક્ષ રહેતો, જે તીવ્ર વેધક પ્રહારકતા રહેતી તેનું સ્મરણ આજે બહુ થોડાને હશે. તે દિવસોમાં શ્રી અરવિંદના શબ્દો શક્તિની પાંખે ઊડતાં ઝેરી અણીવાળાં બાણ જેવા હતા. પછીના કાળમાં તેમણે પોતાના શિષ્યોને લખેલા પત્રોમાં આપણને એક વિરલ સ્નેહનું, એક કોમળ સ્પર્શનું, એક પ્રેમભરી કરુણાનું દર્શન થાય છે. ઉત્તરપાડા જેવાં તેમનાં કેટલાંક આરંભના વ્યાખ્યાનોમાં વાણીનું એક હૃદયવેધક સીધાપણું અને સરલતા જોવા મળે છે. અને એક સિદ્ધપુરુષની આજ્ઞાપક શક્તિવાળી, દૂરદર્શી, પ્રેરક વાણી આપણા આત્માને વિવશ કરી લે છે. જિસસને વિષે કહેવાયું છે તે મુજબ શ્રી અરવિંદ પણ ઘણી વાર 'જ્ઞાતા'ની રીતે બોલતા અને લખતા.

સામાન્ય વાચકને માટે તેમના તત્ત્વજ્ઞાનના ગ્રંથો ઘણા કઠિન નીવડે તેમ છે. એટલું જ નહિ, પણ જેઓ તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ છે તેમને પણ શ્રી અરવિંદની વિચારગતિને અનુસરવું મુશ્કેલ પડે છે. શ્રી અરવિંદની મેધા એક વિશિષ્ટ કોટિના વિચારોની સૃષ્ટિમાં ગતિ કરતી રહે છે, અને તેઓ જે સૃષ્ટિમાં વિચરતા હતા અને જેમાં તેમનું સ્વરૂપ સ્થિર થયેલું હતું તે સૃષ્ટિની સાથે પરિચયમાં આવ્યા પછી જ એ વિચારોને ઝીલી શકાય તેમ છે.

દ્રષ્ટા તરીકે શ્રી અરવિંદ જગતના એક મહાનમાં મહા દ્રષ્ટા હતા. શબ્દમાં અને વાકયમાં, જીવનમાં અને વ્યક્તિમાં વસતા સૌન્દર્યને જાણવા તેમણે પ્રયત્ન આદર્યો હતો. હિંદ અને બ્રિટન વચ્ચે રહેલા વિરોધનું સ્વરૂપ બરાબર પિછાની લેનાર પુરુષ હિંદમાં તેઓ જ સૌથી પહેલા હતા. વળી બ્રિટિશોને હિંદમાંથી હાંકી કાઢવા માટે એક વિરાટ સંગ્રામ ખેડવો પડશે એ વસ્તુ પણ સૌથી પ્રથમ તેમણે જ જોઈ હતી. રૂસો-જાપાનીસ યુદ્ધ પછી 'એશિયાવાસીઓનું જ એશિયા' એ સૂત્ર સૌથી પ્રથમ તેમણે જ આપણને આપેલું હતું. બંગાળના ભાગલા અંગેના આંદોલન વખતે તેમણે તે કાળના દીવાનખાનામાં પુરાયેલા રાષ્ટ્રવાદને બહાર મેદાનમાં લાવી તેને એક લડાયક અને અને પ્રબળ સર્વવ્યાપી ભાવનારૂપે સર્જી આપ્યો. બ્રિટિશ માલના બહિષ્કારમાં તેમણે એક નવું રાજકીય રહસ્ય મૂકી આપ્યું. 'વંદે માતરમ્' શબ્દોને તેમણે એક જ્વલંત ભાવનાભરેલો, ભારતની મુક્તિ અને ગૌરવ સાધવા માટેનો એક અમર શહીદીનો મંત્ર બનાવી આપ્યો. હિંદની સ્વતંત્રતા અહિંસાની રીતે આવશે એ વસ્તુ ઉપર ભાર દેનાર પણ તેઓ જ સૌથી પ્રથમ હતા. જો કે યોગ્ય સમયે પણ હિંસાનો

આશ્રય કદી ન જ લઈ શકાય એવો સિદ્ધાંત તેમણે કદી બાંધ્યો ન હતો. અને તેમણે ભવિષ્યવાણી ઉચ્ચારેલી કે તેમના પછી એક એવો નેતા આવશે જે તેમણે અધૂરી મૂકેલી વસ્તુ પૂરી કરી આપશે.

શ્રી અરવિંદે હિંદની સારી યે સંસ્કૃતિનું પોતાની સર્જક દૃષ્ટિ વડે એક અવલોકન આદર્યું હતું. આપણી કળા, આપણી કવિતા, આપણા મહા ગ્રંથો, આપણી ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ એ સર્વની અંદર તેમણે એક નવું રહસ્ય શોધી આપ્યું. અને એ રીતે શ્રી અરવિંદ ભારતના પુનરુત્થાનના પયગંબર બનેલા છે.

વળી તેમણે હિંદના તત્ત્વદર્શનનું અને ધર્મપ્રવાહોનું પૂર્ણ રીતે પાન કરેલું અને હિંદુ ધર્મની ભાવનાને તેમણે સંકુચિતતામાંથી મુક્ત કરવામાં મોટી સહાય આપી. તેમને પોતાના હૃદયની આરાધ્ય દેવતા માતૃભૂમિમાં દેખાઈ. તેમણે જોયું કે એ ભૂમિની મુક્તિ અને ગૌરવને ખાતર શહીદીને ભેટવી એમાં કર્મયોગ છે. અને ઉત્તરપાડા વ્યાખ્યાનમાં તેમણે જ્યારે કહ્યું કે 'રાષ્ટ્રવાદ એ જ સનાતન ધર્મ છે અને સનાતન ધર્મ એ જ રાષ્ટ્રવાદ છે' ત્યારે માનવ-જાતિના ઉદ્ધારની જે વ્યાપક ભાવના હિંદ ભૂતકાળમાં સદા યે સેવતું રહ્યું હતું તે ભાવના પાછી હિંદને તેમણે ફરીથી મેળવી આપી. તેમની દૃષ્ટિએ સનાતન ધર્મ એટલે જ્ઞાતિઓ, સંપ્રદાયો, મંદિરો, વિધિઓ એવો અર્થ ન હતો. એમનો સનાતન ધર્મ સારી યે માનવતાને પોતાના આશ્લેષમાં લઈ ઊંચે ઉઠાવતો આત્માનો એક વિશ્વવ્યાપક અનન્ય ધર્મ હતો.

વેદોને તેમણે એક નવું જ મૂલ્ય આપ્યું. જગતમાં આજ લગીમાં પ્રગટેલાં સર્વ તત્ત્વદર્શનોથી પાર જઈ તેમની દૃષ્ટિએ વિશ્વનું રહસ્ય પારખ્યું હતું અને શંકર, કાન્ટ કે સ્પેન્સરે ઉપજાવેલી મીમાંસા કરતાં પણ એક ઘણી વિશેષ વ્યાપક તત્ત્વમીમાંસા તેમણે યોજી આપી હતી. અને એક સાચા પયગંબરની માફક એ તત્ત્વજ્ઞાનને તેમણે પાછું જીવનની નક્કર ભૂમિની અંદર રોપી આપ્યું. આ સામાન્ય પ્રાકૃત 'જીવનની હકીકતને ઊંચે ઉપાડી, જડતત્ત્વ, પ્રાણ અને મનની સાંકળમાં વિકસી રહેલા જીવનનો તંતુ તેમણે આગળ લંબાવ્યો, અને વિકાસક્રમની આ ગતિમાં અધિમનસની સાધનામાં મંડાણ કરાવી આપ્યાં. અને એ રીતે આજની આ નીચલી પાયરીની માનવજાતિનું સ્થાન લેનારી એક નવી માનવજાતિના સર્જનનો આરંભ કરી તેમને અતિમનસના સાક્ષાત્કાર માટે તૈયાર કરી આપી.

શ્રી અરવિંદની દૃષ્ટિ વસ્તુના ઊંડામાં ઊંડા મર્મમાં જઈ શકતી હતી. ૧૯૫૦ના જુલાઈમાં તેમણે મારી સાથે ૨૦થી પણ વધુ મિનિટ સુધી જગતના ચાલુ પ્રવાહો ઉપર વાર્તાલાપ કર્યો હતો. અને મેં જોયું કે જગતમાં બનતી ઘટનાઓ વિષે તેમની પકડ પૂરેપૂરી હતી. હિંદની રાજકીય પરિસ્થિતિ વિષે તેમની દૃષ્ટિ હંમેશા સાચી રહેલી છે. ૧૯૩૯માં જ્યારે વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે આપણો આખો યે દેશ તટસ્થ રહેવા માગતો હતો. પરંતુ સત્યની એ અચૂક દૃષ્ટિવાળા પુરુષે તે વખતે કહેલું કે ઈંગ્લૅન્ડ અને ફ્રાન્સનો વિજય એ આસુરી બળો ઉપર દૈવી બળોના વિજય રૂપ બની રહેશે. એ સાંભળીને આપણે તો બહુ ગુસ્સે થઈ ગયા હતા. પણ એમણે જે કહેલું તે ખરી હકીકત હતી. જો મિત્રરાજ્યો જીત્યાં ન હોત તો ફાસીઝમનો અંધકાર માનવજાતિ ઉપર ઊતરી ચૂક્યો હોત.

વળી સર સ્ટૅફર્ડ ક્રિપ્સ પોતાની પ્રથમ દરખાસ્ત લઈને આવ્યા ત્યારે પણ શ્રી અરવિંદે પોતાનું મૌન તોડેલું. તેમણે કહેલું કે, 'હિંદે એ દરખાસ્તો સ્વીકારી લેવી જોઈએ.' એ સલાહ આપણે ઠોકરે મારેલી. એ સલાહને ન માનવા માટે આપણી પાસે મજબૂત કારણો હતાં. પરંતુ આજે આપણને એ સમજાય છે કે ક્રિપ્સની એ દરખાસ્તો જો સ્વીકારાઈ હોત તો આજે હિંદના ભાગલા ન હોત. નિર્વાસિતો ન હોત, કાશ્મીરનો પ્રશ્ન ન હોત.

ગયે વર્ષે શ્રી અરવિંદે કોરિયાના યુદ્ધમાં સંયુક્ત રાષ્ટ્રોને ટેકો આપવાના પક્ષમાં પોતાનો અભિપ્રાય આપ્યો હતો. આ વેળા પણ તેઓ સાચા જ હતા. કોરિયામાં સંયુક્ત રાષ્ટ્રોએ જે પગલું ભર્યું તેમાં જગતની સુધરેલી પ્રજાઓ અન્યાયી આક્રમણનો સામનો કરવાને પહેલી વાર જ એકઠી મળી હતી. જગતના ઈતિહાસમાં પ્રથમ વાર જ આખા જગત તરફથી એક સંગઠિત પગલું હકીકત રૂપ બની શક્યું. કોરિયામાં જો સંયુક્ત રાષ્ટ્રોએ પગલું ન ભર્યું હોત તો આજે જગત કોક જુદું જ હોત.

ગયા વર્ષની અમારી વાતચીતમાં શ્રી અરવિંદે હિન્દ અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો વિષે પણ મને કહેલું. એક પયગંબરી વાણીમાં તે બોલેલા, 'એ બંને એક થશે.' મારો મતભેદ મેં માનપૂર્વક વ્યક્ત કર્યો. તેમણે ઉમેર્યું, 'પાકિસ્તાનને વર્તુળની અંદર લાવવું જોઈશે.' હા, સહકારના, સંગઠિત બલના વર્તુળમાં. પણ ક્યારે ?

શ્રી અરવિંદનું હવે છેલ્લું સ્વરૂપ, યોગી તરીકેનું સ્વરૂપ જોઈએ. અમારા એ યુરોપિયન ઢબના પ્રોફેસર કેવી રીતે યોગ તરફ વળી રહ્યા હતા તે જોવાની

તક મને ૧૯૦૪ થી ૧૯૦૬ સુધી મળી હતી. એમના પ્રભાવ હેઠળ ઊછરતા અમે વિદ્યાર્થીઓ પણ, અમારા પ્રોફેસરે યોગ કરવા માંડયો હતો એટલે અમે પણ યોગ શું છે તે શોધવા નીકળી પડયા હતા. યોગનો અભ્યાસ અને યોગની સાધના કર્યા સિવાય યોગી વિષે કોઈ પણ કાંઈ કહી નહિ શકે. પરંતુ જે વ્યક્તિ પાસેથી શ્રી અરવિંદે યોગનો અભ્યાસ શરૂ કર્યો હતો તેમને હું પિછાનતો હતો. તેઓ ખરેખર એક જાણકાર વ્યક્તિ હતા. આજથી ૪૫ વર્ષ ઉપર, યોગસાધનાના પ્રથમ પ્રયત્ને જ, શ્રી અરવિંદ યોગના ઘણાયે અભ્યાસીઓ કરતાં એક ઘણી ઊંચી અવસ્થામાં પહોંચી શકયા હતા. ૧૯૦૯માં તેઓને પ્રભુ સાથે સંપર્ક રચાઈ ગયો અને તેમાંથી તેમના જીવનનું પરિવર્તન આવ્યું. ૪૦ વર્ષો સુધી તેઓ પોતાના સાક્ષાત્કારને આગળ ને આગળ વધારતા ગયા. યોગ વિષે આપણે ત્યાં વિશાળ સાહિત્ય પડેલું છે. પરંતુ યોગ અંગેની વ્યવહારુ સૂચનાઓ આપણને ફક્ત શ્રી અરવિંદે પોતાના શિષ્યોને લખેલા પત્રોમાંથી જ મળે છે. એ પત્રોમાં આપણે જોઈએ છીએ કે મન અને આત્મા ઉભયનું દિવ્ય ચેતનાની અંદર રૂપાંતર કરવાની સારી યે સાધના ઉપર તેમનું પ્રભુત્વ કેવું અગાધ હતું. શ્રી અરવિંદનાં સર્વ લખાણોની અંદર દૃષ્ટિની આ સંપૂર્ણ વ્યાપકતા, આત્માની સક્રિય ગતિ, અને ભય, ક્રોધ અને આસકિતમાંથી મુક્તિ-મુક્ત પુરુષનાં આ પરમ લક્ષણો જોવા મળે છે. શ્રી અરવિંદ દિવ્ય ચેતનાના જે અવતરણની વાત કરી રહ્યા છે તે અવતરણ પણ આત્મતત્ત્વના અણખેડાયેલા પ્રદેશોમાં પહોંચવા માટેની નિર્ભીક સાધનામાંથી લાધતી અનુભૂતિને પરિણામે પ્રાપ્ત થાય છે. યોગી એટલે કે દિવ્ય ચેતનામાં આરોહણ સાધવા માટે નીકળેલી વ્યક્તિ. અવતાર એટલે કે દિવ્ય ચેતના લઈને જ જન્મેલી વ્યક્તિ. શ્રી અરવિંદ જ કદાચ એવા એકમાત્ર યોગી હશે કે જેમણે વ્યક્તિગત રીતે દિવ્ય ચેતનાની અંદર આરોહણ સાધેલું છે અને સારી યે સમષ્ટિના કલ્યાણ માટે તેને નીચે લઈ આવવાનો પ્રયત્ન આદર્યો છે. રામકૃષ્ણના વારસદાર એવા આ સિદ્ધ પુરુષે ભારતની સંસ્કૃતિને એક નવી જીવનશક્તિ આપી છે, એક નવી પ્રતિષ્ઠા આપી છે, અને જગતને એક આશાનો સંદેશ આપ્યો છે.

અને અહીં હવે આપણે એક એવા પ્રદેશમાં પહોંચીએ છીએ કે જ્યાં માણસની સામાન્ય શકિતઓ, પૂર્ણ નમ્ર ભાવે, મૂક બનીને ઊભી રહે છે.

(નવી દિલ્હી, કૉન્સ્ટિટયુશન કલબમાં શ્રી અરવિંદ નિકેતન સભા સમક્ષ ૧૬મી ઑગસ્ટ ૧૯૫૧ એ સાંજે સાત વાગે આપેલું વ્યાખ્યાન.)

('દક્ષિણા', નવેમ્બર : ૧૯૫૧)

---

# મેં પૂર્ણતા નિહાળી

## કનૈયાલાલ મુનશી

પોતાના જીવનમાં ઊભા થતા સર્વ મહત્ત્વના પ્રશ્નોનો ઉકેલ હરેક પ્રજા અમુક મૂળભૂત મૂલ્યોની દૃષ્ટિએ લાવવાનો પ્રયત્ન કરે છે. આ મૂલ્યો અમુક થોડીએક ભાવનાની આસપાસ રચાયેલાં હોય છે. અને એ ભાવનાઓ પણ પાછી તે સર્વની એક કેન્દ્રરૂપ ભાવનાની અંદરથી આવેલી હોય છે. પ્રજાના ઉત્તમોત્તમ પુરુષો આ કેન્દ્રરૂપ ભાવના અનુસાર પોતાનું જીવન ગાળવા મથતા હોય છે અને તેમાં જ તેઓ પોતાના જીવનનું સાફલ્ય ગણતા હોય છે. આ કેન્દ્રરૂપ ભાવનાને બળે સંસ્કૃતિનો પ્રવાહ કાળના કિનારાઓ વચ્ચે વહેતો થાય છે. એ પ્રવાહ પોતાનો માર્ગ બદલતો રહે છે, પોતાનાં નવાં નવાં રૂપો ઊભાં કરતો રહે છે, નિરુપયોગી કચરાને પાછળ મૂકતો જાય છે. જે જે સમયે પ્રજા પાસે જે રીતની ભૌતિક સાધનસામગ્રી હોય છે, તેમ જ તે સમયની જે તત્કાલીન પરિસ્થિતિનું દબાણ હોય છે તે મુજબ એ પ્રવાહ કદીક ધીમે ધીમે વહે છે તો કદીક ધસમસાટ વેગથી ધપે છે. પરિસ્થિતિ પલટાતાં એ પ્રવાહમાં પાછાં નવાં નવાં મોજાં ઊભાં થતાં રહે છે, તો પણ એ પ્રવાહનાં વિશિષ્ટ તત્ત્વો, એ પ્રવાહની દિશા તો એનાં એ જ રહે છે. પ્રજાના જીવનમાંથી આ કેન્દ્રસ્થ ભાવનાનો આધાર હઠી જાય છે, એમાંથી મળતી પ્રેરણા અટકી જાય છે ત્યારે એ સંસ્કૃતિ નાશ પામે છે અને સાથે સાથે એ પ્રજા પણ નાશ પામે છે.

હિંદના વર્તમાન તેમ જ ભૂતકાળના મહાપુરુષોનાં જીવનમાંથી હું આ વસ્તુ શીખ્યો છું. દયાનંદ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, ટિળક, ગાંધીજી અને શ્રી અરવિંદના જીવન અને તત્ત્વદર્શન સાથે નિકટનો પરિચય સાધીને મેં આ દૃષ્ટિ મેળવી છે. આપણા ઉત્તમોત્તમ પુરુષો આપણી સંસ્કૃતિની કેન્દ્રરૂપ ભાવના અનુસાર પોતાનું જીવન રચતા રહ્યા છે, અને તેમાં જ પોતાના જીવનની સાર્થકતા શોધતા રહ્યા છે. આપણી સંસ્કૃતિ આ કારણે જ જીવંત રહી છે. આપ જાણો છો કે હું વરસો લગી ગાંધીજીનાં ચરણોમાં બેઠો છું, એમના દિનોદિન વિકસી રહેલા વ્યક્તિત્વને મેં નિહાળ્યું છે અને આપણી સંસ્કૃતિની કેન્દ્ર ભાવનામાં પહોંચવાને તેઓ કેવો પુરુષાર્થ કરી રહ્યા હતા તે મેં નજરોનજર જોયું છે. થોડા દિવસ ઉપર મને શ્રી અરવિંદના સાંનિધ્યમાં

જવાનું વિરલ સદ્ભાગ્ય મળ્યું હતું. મેં છેલ્લે એમને ૧૯૦૯ માં મુંબાઈમાં જોયા હતા. પરંતુ આ વખતે મને કંઈક જુદું જ જોવાનું મળ્યું: મેં એક પરમ સુંદર વાર્ધક્યનાં દર્શન કર્યાં. એમની આસપાસના વાતાવરણમાં એક પ્રેરક ગાંભીર્ય ભરેલું હતું. શ્રી અરવિંદ એક ગાદી મઢેલી ખુરસી ઉપર શાંત અનાક્રમક ગૌરવથી બેઠેલા હતા. એમની આછી એવી સફેદ દાઢી, સરસ હોળેલા લાંબા સફેદ વાળ, એની વચ્ચે એમની કાંતિમાન મુખાકૃતિ ઓપી રહી હતી. એ અપરિચિત સ્વરૂપ એક પૂજ્ય ભાવ પ્રેરી રહ્યું હતું. એ પૂજનીયતાના પ્રખર ભારણ આગળ હું નમ્ર અતિનમ્ર બની રહ્યો. એમનાં ચક્ષુની અંદર જ્ઞાન અને પ્રજ્ઞાનો એક ગહન પ્રકાશ પ્રગટી રહ્યો હતો. એમને લાધેલી આત્માની વિશાળ પ્રશાંતિએ એમના આખા યે વ્યક્તિત્વને એક ઓજસ્વી મૂર્તિમંત સત્ત્વ રૂપે પલટી નાખ્યું હતું. પણ એ કોઈ વજ્ર વીંઝતું રુદ્ર સ્વરૂપ ન હતું, એ હતું આંતર ચૈતન્યની જ્યોતિથી ઝળહળતું કોક પરમ સ્વરૂપ.

આ હવે મારા ભૂતકાળના પ્રોફેસર ન હતા કે જેમને હું દૂર બેઠો બેઠો મુગ્ધ ભાવે જોયા કરતો હતો. એ મારે માટેના એક કાળના તત્ત્વદ્રષ્ટા ન હતા કે જેમના તત્ત્વદર્શનમાંથી મેં મારા જીવનમાં અમુક અમુક વખતે થોડી થોડી વસ્તુઓ ઝીલી હતી. અત્યારે હું જે જોઈ રહ્યો હતો એ તો એક પરિપૂર્ણ સ્વરૂપ હતું. મારાં લખાણોમાં મેં પૂર્ણતા વિષે લખેલું છે. મારાં સ્વપ્નોમાં—કલ્પનોમાં મેં એ પૂર્ણતા નિહાળેલી છે. મારી નવલકથામાં મેં એને આલેખેલી છે. સત્ય અને અહિંસાના સાક્ષાત્કાર માટે મથી રહેલા ગાંધીજીના વિરાટ પ્રયત્નોમાં મને એની ઝાંખી થયેલી હતી. એ પૂર્ણતા મેં અહીં નિહાળી, એના પરિપૂર્ણ અંતિમ સ્વરૂપમાં. આસક્તિ, ક્રોધ અને ભયનાં તત્ત્વો રૂપાંતર પામીને એક શક્તિ રૂપ બની ગયાં હતાં; પરંતુ એ શક્તિ સાથે સાથે સૌન્દર્યમયી પણ હતી, શાંત પણ હતી. મેં જોયું કે આર્ય સંસ્કૃતિની કેન્દ્રગત ભાવના અહીં વિરાજતી હતી, મૂર્તિમંત, માનવ દેહે સદેહ બનીને. આપણાં ધ્યેય તત્ત્વોની અંદર શ્રી અરવિંદનો પણ મેં સમાવેશ કર્યો છે, અને માનવ જીવનની સર્જનાત્મક રીતે ઘટના કરનારા આપણા સ્થપતિઓમાં એમને એક મહાસ્થપતિ તરીકે મેં વર્ણવ્યા છે. એ વખતે તો એ મારો એક માનસિક અંદાજ જ હતો. પરંતુ પોંડિચેરીમાં એ ક્ષણે મેં જોયું, મેં અનુભવ્યું કે સાચે જ શ્રી અરવિંદ જીવનસર્જક મહાસ્થપતિ છે.

[મુંબઈમાં મુંબાદેવી સંસ્કૃત મહાવિદ્યાલય અને ગીતા વિદ્યાલયના પદવીદાન સમારંભ પ્રસંગના અભિભાષણમાંથી.]

———

# મહતો મહીયાન્

## કનૈયાલાલ મુનશી

શ્રી અરવિંદ અવસાન પામ્યા છે. જાણે કે માની શકાતું જ નથી. થોડાએક મહિના ઉપર તો હું એમનાં દર્શને ગયો હતો અને એમના સ્વમુખેથી મેં જ્ઞાનામૃતનું પાન કર્યું હતું. તે વેળા તો તેઓ પૂર્ણ તંદુરસ્ત હતા. થોડાક દિવસો પહેલાં તો તેઓએ પોતાના શિષ્યોને દર્શન આપ્યાં છે. ૧૯૫૧ના ઑગસ્ટમાં તો એઓશ્રીનો ૮૦મો જન્મ મહોત્સવ ઉજવવાની અમે તૈયારી આદરી હતી. અને એકાએક તેમને બોલાવી લેવામાં આવ્યા છે. ભારતમાતાએ પોતાનો એક મહતો મહીયાન્ પુત્ર ખોયો છે.

શ્રી અરવિંદનું જીવન, તેમના ગ્રંથો અને તેમનું દર્શન, એ વસ્તુઓનું મૂલ્ય સામાન્ય માણસો માટે આંકવું સહેલું નથી. ૧૮૯૩માં તેઓ ઇંગ્લેન્ડમાં ૧૪ વર્ષ સુધી અભ્યાસ કરીને હિંદ પાછા ફર્યા. ત્યાં તેમની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. આઈ. સી. એસ.ની પરીક્ષામાં તેઓ જાણી કરીને નાપાસ થયા. ૧૯૦૩માં હું વડોદરા કૉલેજમાં અભ્યાસ માટે ગયો ત્યારે તેઓ અમારા પ્રોફેસર હતા. થોડોક વખત તેઓ શ્રી સયાજીરાવના પ્રાઈવેટ સેક્રેટરી રહ્યા હતા. ૧૯૦૫માં બંગાળના ભાગલાનું આંદોલન જાગ્યું. અને એ આંદોલનમાં તેઓ ઉગ્ર રાષ્ટ્રવાદનો પુરસ્કાર કરતા પ્રખર રાષ્ટ્રનેતા તરીકે જાહેરમાં આવ્યા. તેમણે 'વંદે માતરમ્' પત્ર દ્વારા આપણી રાજકીય પ્રવૃત્તિને એક નવી જ દિશામાં વાળી આપી, તેમાં એક નવું જ તત્ત્વ ભરી આપ્યું અને આપણી સ્વતંત્રતાની આશા જ્યારે એક દૂર દૂરની ઝાંખી ઝાંખી જ્યોતિ જેવી દેખાતી હતી ત્યારે દેશને ખાતર તેમણે પોતાનું સર્વસ્વ હોમી દીધું. શ્રી અરવિંદે આપણા આંદોલનનું ધ્યેય શું હોઈ શકે તેની વ્યાખ્યા બાંધી આપી, આપણા દેશને ગુલામીમાંથી મુક્ત કરવાની ટેકનિક બતાવી અને તે માટેનાં સાધનો યોજી આપ્યાં. મને યાદ છે કે, તેમનાં શરૂઆતનાં લખાણોમાં તેમણે સ્વરાજપ્રાપ્તિ માટે અહિંસક પદ્ધતિની જરૂર ઉપર પણ ભાર મૂક્યો હતો અને એ પદ્ધતિ દ્વારા હિંદની સ્વાધીનતા મેળવી આપનાર એક બીજા નેતા પણ હિંદને મળશે એવી ભવિષ્યવાણી પણ તેમણે ભાખી હતી.

શ્રી અરવિંદ જગતમાં અંગ્રેજી ભાષાના એક મહાનમાં મહાન સિદ્ધહસ્ત સ્વામી હતા. 'વંદે માતરમ્'માંના તેમના ગર્જનાપૂર્ણ અગ્રલેખો લોકોને માટે એક મોટું આકર્ષણ બની રહેલા હતા અને તે આકર્ષણનું કારણ તેમાં રહેલી શક્તિ ઉપરાંત તેમાં વ્યક્ત થતું ભાષાપ્રભુત્વ પણ હતું. શ્રી અરવિંદના કાવ્યગ્રંથો એ અંગ્રેજી સાહિત્યમાં હિંદ તરફનો એક ફાળો બની રહેલા છે. તેમના ગ્રંથોમાં ભાષાનું ઔચિત્ય અને કલ્પનાની સમૃદ્ધિ સભર ભરેલાં છે.

૧૯૦૪માં શ્રી અરવિંદે યોગ આરંભ્યો અને પોતાની અંગ્રેજી ઢબની રહેણીકરણી છોડી દીધી. ૧૯૦૭માં તેમણે લોકમાન્ય ટિળક અને લાલા લજપતરાયની સાથમાં રહીને સૂરતમાં ફિરોઝશાહ મહેતા અને સુરેન્દ્રનાથ બેનરજીની સામે ઉગ્ર રાષ્ટ્રવાદી નવજવાનોનું નેતૃત્વ લીધું. પરંતુ થોડા જ સમયમાં તેઓ રાજકારણથી પર ચાલ્યા ગયા. તેઓ ફક્ત રાજકીય નેતા જ ન રહેતાં તેથી પણ કંઈક વિશેષ બની રહ્યા. રાજકીય જીવન કરતાં પણ એક વધુ મહાન જીવન તરફ તેમણે ડગલાં ભરવા માંડયાં હતાં. ૧૯૦૯માં જ્યારે તેમના પર કેસ ચાલતો હતો ત્યારે કેદી તરીકે તેમને લગભગ એક વર્ષ જેલમાં ગાળવાનું થયું હતું. એ વર્ષ તેમને માટે એક મૌનનો અને આધ્યાત્મિક અનુભૂતિનો સમય બની રહ્યો હતો. એ અનુભૂતિનો સાર આપતાં તેમણે આ પ્રમાણે કહ્યું :

> "એ એકાન્તવાસમાં મને પ્રભુનો પ્રથમ વાર સાક્ષાત્કાર થયો, મને મારો પહેલો પાઠ ભણવાનો મળ્યો. ત્યારે મને યાદ આવ્યું કે મારી ધરપકડ થઈ તે પહેલાં એકાદ મહિના ઉપર મને સ્પષ્ટ સાદ સંભળાયો હતો કે, 'તું બધી પ્રવૃત્તિઓ બાજુએ મૂકી દે. એકાન્તમાં ચાલ્યો જા. તારા અંતરમાં દૃષ્ટિ કર. એમ કરવાથી તું પ્રભુના ગાઢ સંપર્કમાં આવી શકીશ."

૧૯૧૦માં શ્રી અરવિંદ પોંડિચેરીમાં નિવૃત્તિવાસમાં ચાલ્યા ગયા. આ પછીનો સમય શ્રી અરવિંદના જીવનનો એક અતિ મહત્ત્વનો કાળ બની રહ્યો છે. ભારત દેશે જે કાંઈ સંસ્કૃતિવિકાસ પ્રાપ્ત કરેલો છે તે સર્વનું શ્રી અરવિંદ એક સર્જનાત્મક રીતે અર્થદોહન આપવા લાગ્યા. આ ગાળામાં તેમણે પોતાના ગ્રંથોમાં ભારતીય સંસ્કૃતિનું અત્યંત વ્યાપક રૂપે નિરૂપણ કરતો મહા સમન્વય સાધી આપ્યો છે. એ સમન્વયને રજૂ કરતા ગ્રંથોમાં મુખ્ય મુખ્ય ગ્રંથો આ છે : ગીતા નિબંધો, યોગ સમન્વય, વેદ રહસ્ય, દિવ્ય જીવન, સામાજિક વિકાસની મનોભૂમિ, માનવ એકતાનો આદર્શ, ભાવિ કવિતા, ભારતીય સંસ્કૃતિ–એક બચાવનામું. દયાનંદ સરસ્વતી અને રામકૃષ્ણ પરમહંસે રચેલા કાર્ય ઉપર શ્રી

અરવિંદે પોતાનું કાર્ય ચણ્યું, ભારતીય સંસ્કૃતિનું પુનઃગઠન કર્યું અને ભારતના સનાતન ધર્મમાં એક વિશ્વ–વ્યાપી રહસ્ય મૂકી આપ્યું અને એ રીતે શ્રી અરવિંદ અર્વાચીન હિંદના પયગંબર બની રહ્યા. રોમાં રોલાંએ શ્રી અરવિંદને એશિયા અને યુરોપની પ્રતિભાઓના આજ સુધીમાં સધાયેલા વધુમાં વધુ સંપૂર્ણ સમન્વય સાધક તરીકે વર્ણવ્યા છે તે સાચું જ છે.

વ્યવહારની બાબતોમાં પણ શ્રી અરવિંદની દૃષ્ટિ સ્ફટિક જેવી પારદર્શી અને સ્પષ્ટ હતી. છેલ્લા બીજા વિશ્વયુદ્ધ વખતે તેમણે મિત્રરાજ્યોના પક્ષને ખુલ્લે ખુલ્લી રીતે પોતાનો ટેકો આપ્યો હતો, જો કે તે વખતે આખો યે દેશ આ દૃષ્ટિબિંદુથી વિરુદ્ધ વલણ ધરાવતો હતો. આજે આપણે જોઈએ છીએ કે શ્રી અરવિંદનું દર્શન સાચું હતું. હમણાં તાજેતરમાં તેમણે જણાવ્યું હતું કે દક્ષિણ કોરિયા ઉપર થયેલું આક્રમણ એ એશિયાને કબજે કરવાની દિશામાં પ્રથમ પગલું છે. થોડા સમય ઉપર તેમની સાથેના મારા મિલન પ્રસંગે તેમણે જગતના ચાલુ પ્રશ્નો અંગે જે ડોકિયું કરેલું તેની પાછળ એક મહા વિચક્ષણ દૃષ્ટિ વરતાતી હતી. તેઓ કેવળ ભાવનાવાદી જ ન હતા. એ જીવનદ્રષ્ટાએ ભાવનાને જીવનની વાસ્તવિકતા સાથે સાંકળી લીધાં હતી. શ્રી અરવિંદ યોગી હતા અને સત્ય પોતાના પૂર્ણ સ્વરૂપે તેમની સમક્ષ મુક્ત ભાવે પ્રગટ થતું હતું.

જગતે શ્રી અરવિંદને અર્વાચીન યુગના મહાનમાં મહાન તત્ત્વદ્રષ્ટા તરીકે સ્વીકાર્યા છે. તેમને પોતાની સાધનામાં 'અતિમનસ' ચેતનાનું દર્શન લાધેલું છે. આ અતિમનસની શોધ એ માનવજાતિના તત્ત્વવિચારની અંદર, તેમ જ આધ્યાત્મિકતાના વિકાસની અંદર શ્રી અરવિંદ તરફથી મળેલો એક અત્યંત વિશિષ્ટ ફાળો છે. હું ઉપર કહી ગયો તે મુજબ શ્રી અરવિંદે ૧૯૦૪માં યોગ શરૂ કરેલો. તે પછી તેમને એક પછી એક વધુને વધુ ઉચ્ચ સાક્ષાત્કારો સિદ્ધ થવા લાગ્યા. ૧૯૨૬માં નવેમ્બરની ૨૪મીએ શ્રી અરવિંદ આ સાક્ષાત્કારોના ઉચ્ચમાં ઉચ્ચ શિખરે પહોંચ્યા. તેમને સિદ્ધિ મળી અને તેમણે આ પાગલ બનેલા જડ-વાદી જગતને દિવ્ય ચેતનાના અવતરણનો મંત્ર આપ્યો, માનવજાતિના જીવનમાં અને ચિત્તમાં દિવ્ય ચેતનાના આગમનને તેમણે એક જીવંત સ્થાન રચી આપ્યું.

શ્રી અરવિંદનું પોંડિચેરીમાંના આશ્રમમાંનું એકાંત જીવન, અને તેમની આધ્યાત્મિક અનુભૂતિઓનું વર્ણન તેમની પોતાની વાણીમાં જ ઘણી ઉત્તમ રીતે કરી આપે છે. તેઓ કહે છે :

મુજ અહીં ભોમમાં રમી રહું એકાંત તણી સંગતમાં,
સૌ વિકટ સંકટો ગ્રહી લીધાં મેં મુજ મૈત્રી પંગતમાં,

'રે ચહે કોણ કો વિશાળ જીવન, મુક્ત જીવનની યાત્રા ?
તે અહીં આવજો પવન સપાટે ભર્યા ઉચ્ચ આ દેશે.
હું ગિરિઓનો અધીશ છું, હું શાસક સૌ ઝંઝાનો,
મુક્તિ તણો હું આત્મા છું, હું પ્રાણ મહા ગૌરવનો.
જે મુજ સંગે ચહે વિચરવું, મુજ વાંછે સામ્રાજ્ય,
એ હોય મહા બલવંત, મહા એ સંત્રી સકલ ભય કેરો.'

હું જ્યારે શ્રી અરવિંદની વાત કરું છું ત્યારે ગાંધીજીનું પુણ્ય નામ પણ મારા સ્મરણપટ પર ખડું થાય છે. એ ગુરુનાં ચરણોમાં પણ હું બેઠેલો છું. આ બંને ગુરુઓ આર્ય સંસ્કૃતિના ઉત્તમમાં ઉત્તમ પરિપાક જેવા હતા, અને બંનેએ પોતપોતાની રીતે આર્ય સંસ્કૃતિનું અર્વાચીન રૂપે પુનર્વિધાન કરવામાં ભાગ ભજવ્યો છે.

શ્રી અરવિંદ જીવનના એક મહા કળાકાર હતા. માનવને વળગેલી મૂળ પાયાની મર્યાદાઓ તેમણે ઓળંગી લીધી હતી, અને પ્રભુના દિવ્ય સંકલ્પનું તેઓ વાહન બની રહ્યા હતા. તેઓ મહાજ્ઞાની હતા, દૂરદષ્ટિ હતા. ગાંધીજીએ માનવની મર્યાદાઓને પોતાના કામમાં જોતરી લીધી હતી અને પ્રભુનું કરણ બની કામ કરતા હતા, જીવનમાં તેઓ રચના કરતા હતા, જીવનને ઊંચે ઉઠાવતા હતા.

શ્રી અરવિંદ શ્રી રામકૃષ્ણ અને વિવેકાનંદની દિશામાં જઈ રહ્યા હતા. તેઓ યોગી હતા. આ પરમ જીવનકળાના તેઓ એક મહાન જીવંત દૃષ્ટાંત હતા. ગાંધીજી દયાનંદની વધુ નજીક હતા. તેઓ કર્મયોગી હતા, 'પૂર્ણ કર્મના સ્વામી હતા' —योगः कर्मसु कौशलम् । કહો કે, જગતના સર્વ કર્મયોગીઓમાં તે શ્રેષ્ઠ કર્મયોગી હતા. જગતના નૈતિક ક્રમના બંને મહાન પુરસ્કારકો હતા. આત્મ-શિલ્પની કળાના બંને મહાશિલ્પીઓ હતા. બંને એક મહા સક્રિય શકિત તરીકે પશ્ચિમમાંથી ધસી આવતા અંધકારને પડકારી રહ્યા હતા.

અને ગયા વર્ષના જુલાઈમાં જ્યારે શ્રી અરવિંદનાં મેં દર્શન કર્યાં ત્યારે મેં જોયું કે એ હવે મારા જૂના પ્રોફેસર ન હતા, આ કોઈક જુદી જ વ્યક્તિ હતી. આ તો માનવ વ્યક્તિત્વની એક સંપૂર્ણ પરિપૂર્ણતા હતી. આસકિત, ક્રોધ અને ભયનાં તત્ત્વો એમનામાંથી વિગલિત થઈને એક શકિત રૂપ બની ગયાં હતાં. અને એ શકિત સૌન્દર્યમયી હતી, સ્વસ્થ શાંત હતી. આર્ય સંસ્કૃતિના હાર્દમાં વસેલી ભાવના માનવદેહ બનીને અહીં વિરાજતી હતી.

તેઓ પોતાની જ વાણીમાં જાણે કહેતા હતા :

વટાવી ક્ષિતિજોની પાળ મુજ આત્મ હાવાં અહીં
અસીમ દ્યુતિના પ્રદેશ વિચરી રહ્યો મુક્ત હા,
શરીર મુજ સુપ્રસન્ન પરમાત્મનું યંત્ર આ,
અમર્ત્ય દ્યુતિનો વિરાટ રવિ આત્મ મારો હવે.

આવી મહાન વિભૂતિ એકાએક ચાલી જતાં જીવનમાં સ્વાભાવિક રીતે એક મોટો ખાડો પડેલો લાગે છે. પરંતુ પૃથ્વી ઉપર શ્રી અરવિંદ પોતાનું કામ પૂરું કરી ગયા છે. શ્રી અરવિંદ દિવ્ય ચેતનામાં વસતા હતા. તેમનું સ્વરૂપ દિવ્ય ચેતનામાં સ્થિત બનેલું હતું. તેમણે આ મર્ત્ય દેહ તો મૂકી દીધો છે પણ તેથી કરીને, તેમની અધ્યાત્મ પ્રભાના વિસ્તારમાં કશી ઊણપ આવવાની નથી. એક પરમ શાંતિને માર્ગે તેમની અધ્યાત્મ શક્તિ જગત ઉપર પોતાનો પ્રભાવ વિસ્તારતી હતી અને એ પ્રભાવ તે આત્મરૂપે સદા યે વિસ્તારતી રહેશે.

પ્રભુમાં જીવન ધારણ કરનાર આવા સિદ્ધ પુરુષોનો આત્મા જયાં લગી આ પૃથ્વી ઉપર વિચરતો રહેશે ત્યાં લગી માનવ જાતિના ભાવિ વિષે આપણે નિરાશ થવાનું નહિ રહે. આ સિદ્ધાત્માઓની આત્મશક્તિ માનવને દેવની કોટિએ અવશ્ય લઈ જશે.

[The Indian Listener, December, 24, 1950]

# શ્રી અરવિંદ આશ્રમ : એક યાત્રા

ક. મા. મુનશી
રાજભવન, લખનૌ
૧૫ ઑગસ્ટ, ૧૯૫૨

મારા યુવાન મિત્ર,

ઑગસ્ટ ૧૫. આ એક અદ્દભુત દિવસ છે. આ દિવસે આપણી સ્વતંત્રતા આવી, શ્રી અરવિંદ જન્મ્યા અને લોકમાન્યે આપણને આપણા જન્મસિદ્ધ હક્કનો વારસો આપ્યો.

'૫૨ના માર્ચની ૧૨મીએ હું મદ્રાસ સ્ટેશને ઊતર્યો અને કારમાં પોંડિચેરી ગયો. પિથાપુરમ્‌ના યુવરાજ, મદ્રાસના એક જમીનદાર, મારી સાથે જોડાયા. આ પહેલાં પણ એક વાર તે મારી સાથે પોંડિચેરી આવેલા. જીવનની હરેક ઘટનાને આનંદપૂર્વક વધાવી લેતા આ ભલા માણસના જીવનમાં શ્રી અરવિંદ એક વિલક્ષણ રીતે આવ્યા હતા. એક વાર આ યુવરાજને સ્વપ્નમાં એક મહા પૂજ્ય વૃદ્ધ પુરુષનાં દર્શન થયેલાં. કેટલાક મહિના પછી તે પોંડિચેરીમાં શ્રી અરવિંદના દર્શને ગયા. શ્રી અરવિંદનાં દર્શન થતાંવેંત જ તેમણે જોયું કે આ તો જેમને મેં સ્વપ્નમાં જોયેલા તે જ છે. અને તે પછી શ્રી અરવિંદનો પ્રભાવ તેમના જીવનમાં કામ કરવા લાગ્યો. બેશક, આ પછી એમનું જીવન એકાએક બદલાઈ ગયું એમ તો નથી જ, તેમજ તેમણે 'લાઈફ ડીવાઈન'નાં ગહન રહસ્યોનું અવગાહન પણ કરેલું નથી. પરંતુ તેમને શ્રી અરવિંદ પ્રત્યે એક અગમ્ય છતાં ઘણો જ પ્રબળ પૂજ્ય ભાવ પ્રગટ થયો. એક ગૂઢ આધ્યાત્મિકતાની ધારા તેમની અંદર ખૂલી ગઈ અને જીવનમાં તેમને જે આશ્વાસન જોઈતું હતું તે મળી ગયું.

મારા જીવનમાં મને ત્રણ ગુરુઓનો જીવંત સંપર્ક લાધેલો છે: શ્રી અરવિંદ, મિસિસ એની બેસન્ટ, ગાંધીજી. બેસન્ટનો પ્રભાવ મારા પર થોડોએક હતો, ગાંધીજીનો પ્રભાવ બહુ જ નિકટનો હતો. શ્રી અરવિંદનો પ્રભાવ, મારી છેક બાળવયથી હું એમના સંપર્કમાં આવેલો છું, અતિ ગહન હતો. હું આ ત્રણેને ગુરુઓ કહું છું. પણ હું 'ગુરુ' શબ્દનો પ્રયોગ કરું છું, એનો અર્થ એ

નથી કે હું ભક્ત તરીકેના ગૌરવનો કે અપરાધનો અધિકારી થવા માગું છું. આવી વ્યક્તિઓ મારે માટે પૂર્ણ જીવન અંગેનાં જીવતાં મહાભાષ્યો જેવી છે. હું એમના પ્રભાવને મારામાં ઊંડે ઊતરવા દઉં છું, એ પ્રભાવના પ્રકાશમાં હું નાહું છું, તાજગી પામું છું. પરંતુ મારી જીવનપ્રણાલી બદલી નાખી તેમની જીવનપ્રણાલીનો સ્વીકાર મેં કર્યો નથી. મારે માટે આ વ્યકિતઓ આત્માની દીવાદાંડી જેવી રહેલી છે. એમના તરફથી મને મળતા પ્રકાશ માટે કૃતજ્ઞ રહીને મારી નાનકડી હોડી હું મારે પોતાને માર્ગે હંકાર્યે જાઉં છું.

તમને ખબર હશે કે શ્રી અરવિંદ વડોદરા કોલેજમાં અમારા પ્રોફેસર હતા. ૧૯૦૪નો એમનો પ્રખર રાષ્ટ્રવાદ મારી જીવનદષ્ટિને આરંભમાં ઘાટ આપી ગયો હતો. તે પછી હું તેમના ગ્રંથો પ્રસંગોપાત્ત વાંચતો રહેલો. છેલ્લાં થોડાં વરસોથી એમનું ગૂઢ વ્યકિતત્વ મને વારંવાર આકર્ષવા લાગેલું. અને મેં જોયું છે કે એમનો પ્રભાવ મને વધુ ને વધુ સ્પષ્ટ રીતે લાભદાયક નીવડયો છે. પહેલાં ઘણી યે વાર મને પોંડિચેરી જવાની ઈચ્છા થયેલી પરંતુ જે પુરુષને હું અત્યંત માનપૂર્વક નિહાળું છું તેમની પાસે માત્ર વિવેકને ખાતર જવાનું મને ઠીક લાગતું ન હતું. પણ ૧૯૫૦ના જુલાઈમાં આશ્રમમાં જવાની મને ખૂબ જ તીવ્ર લાગણી થઈ આવી. સામાન્ય રીતે તો, તમે જાણો છો કે, શ્રી અરવિંદ લોકોને વરસમાં ત્રણ દિવસ સિવાય મળતા નથી; પરંતુ મારી બાબતમાં, તેમણે આશ્રમના સેક્રેટરીને કહેલું કે તેઓ મને એક શિષ્ય તરીકે ગણીને આ નિયમમાં અપવાદ કરી શકશે.

અને પછી, ૪૦ કરતાં પણ વિશેષ વરસોના ગાળા પછી મેં શ્રી અરવિંદનાં દર્શન કર્યાં. અને મેં જોયું કે આ તો એક સંપૂર્ણ બદલાઈ ગયેલું, નવીન સ્વરૂપ જ છે. એ એક તેજોમય, આનંદમય સ્વરૂપ હતું. તેમની આસપાસ કોઈ દેવના જેવી શાંતિનું વાતાવરણ હતું. તેઓ એક હળવા, સ્પષ્ટ અવાજે બોલતા હતા, અને એમની એ વાણી મારા ઊંડામાં ઊંડા મર્મને સ્પર્શી જતી હતી.

મેં તેમની સમક્ષ મારી આધ્યાત્મિક જરૂરિયાતોની વાત કરી. મેં કહ્યું, 'હું તો સાવ અટકી પડયો છું. દુનિયાએ મને ખૂબ ખૂબ ઘેરી લીધો છે.'

અને એ ઋષિએ જવાબ આપ્યો, 'આત્મ–સાક્ષાત્કાર મેળવવા માટે તમારે જગત છોડી દેવાની કશી જરૂર નથી. પણ તમે અધીરા થઈને આગળ નહિ વધી શકો. મેં તમને લખ્યું હતું કે હું તમને મદદ કરીશ અને મારી પોતાની

રીતે તો હું તમને મદદ કરી પણ રહ્યો છું'.........'તમારી અંદર તીવ્ર ભાવના છે અને પ્રકાશ પણ છે. તમારે પોતાને માર્ગે જ આગળ વધો. તમારા નૈસર્ગિક વિકાસમાં તમને જે શ્રદ્ધા છે તેમાંથી ચલિત ન થશો. તમારી પ્રગતિ ઉપર હું ધ્યાન રાખીશ.'

તે પછી અમે હિંદની સંસ્કૃતિની, તેની વર્તમાન કટોકટીની વાતો કરી. હિંદુ કોડ બિલ પણ અમારી વાતમાં આવ્યો. મેં કહ્યું કે, 'અત્યારની જુવાન પેઢીને એવી એવી તો માન્યતાઓ અને વાદો ઉપર ઉછેરવામાં આવે છે કે તેને લીધે હિંદના જીવનમાં ઊર્ધ્વ તત્ત્વોનો વિનાશ થઈ રહેલો છે.' અને શ્રી અરવિંદે તેના જવાબમાં કહ્યું, 'આ શ્રદ્ધાનો અભાવ તમારે જીતવો જોઈશે. આપણી સંસ્કૃતિ નિર્મૂળ થઈ શકવાની નથી એની ખાતરી રાખજો. આ તો એક માત્ર કામચલાઉ અવસ્થા છે.'

અને પછી તેમણે મને એક ચોંકાવતો પ્રશ્ન પૂછયો, 'હિંદના ભાગલાનું ફરી જોડાણ થવાની આશા તમને કયારે લાગે છે?'

પ્રશ્ન સાંભળીને હું તો સડક જ થઈ ગયો. આપણા નેતાઓએ ભાગલા પાડવાનું કેવી રીતે કબૂલ કર્યું હતું તે મેં તેમને સમજાવ્યું. 'આપણા નેતાઓની આ પેઢી ચાલુ રહેશે ત્યાં સુધી આ બે દેશો—હિંદ અને પાકિસ્તાનનું કદી જોડાણ થાય એવી આશા મને દેખાતી નથી.'

શ્રી અરવિંદે સ્મિત કરતાં કહ્યું, 'હિંદ ફરીથી એક થઈ જશે. હું સ્પષ્ટ જોઉં છું.' આ શું એક અભિપ્રાય હતો કે ભવિષ્યવાણી હતી? કે પછી એક સ્પષ્ટ દર્શન હતું?

મેં શંકામાં માથું ધુણાવ્યું અને હિંદ કઈ રીતે ફરીથી એક થશે તે પૂછયું. બે જ ટૂંકાં વાકયોમાં શ્રી અરવિંદે પાકિસ્તાનનું સ્વરૂપ વર્ણવી બતાવ્યું અને આ બે દેશો કઈ રીતે જોડાઈ શકે તે સમજાવ્યું; પરંતુ આપણા રાજકીય નેતાઓને હું જે રીતે જાણતો હતો તે જોતાં મારી શંકા જેમની તેમ જ રહી અને ફરી વાર મેં માથું ધુણાવ્યું.

હવે અમે પોંડિચેરી વિષેની વાત ઉપર આવ્યા. શ્રી અરવિંદે મને કહ્યું કે આ પ્રદેશ હિંદમાં પાછો મતગણતરી દ્વારા નહિ, પણ આંતરરાષ્ટ્રીય વાટાઘાટોથી જ આવશે.

એ વેળાએ શ્રી અરવિંદ તરફના માનથી પ્રેરાઈને મેં આ વાતચીત માત્ર અમુક માણસોને જ જણાવી હતી. શ્રી અરવિંદની હાજરીમાં હું એક નમ્રતા અનુભવી રહ્યો હતો અને તેમને મળીને બહાર આવ્યો ત્યારે મારું ચિત્ત સ્તબ્ધ બની ગયેલું હતું. એ બાબત તો નિ:શંક છે કે શ્રી અરવિંદમાં કાંઈક એવી વસ્તુ હતી કે જેને લીધે મારા વિચારો વારંવાર એમના તરફ જ વળતા હતા.

૧૯૫૦ ના ડિસેમ્બરમાં શ્રી અરવિંદે દેહ છોડયો. દિલ્હીમાં આ ખબર સૌ પહેલાં મને મળ્યા. આપણા કોન્સલ જનરલે પોંડિચેરીથી ટેલિફોન ઉપર મને સમાચાર જણાવ્યા. બે કલાક સુધી મારું મન શૂન્ય થઈ ગયું. એમ શા માટે બન્યું તે હું કહી શકતો નથી.

જાણે કે કોઈ જબ્બર ગૂઢ આઘાત થયો હોય તેવી એક ઝાંખી લાગણી મને થઈ રહી. ગાંધીજીનું મૃત્યુ થયું ત્યારે મને આ પ્રમાણે નહોતું થયું. અને ગાંધીજી તો મને ઘણા નિકટના હતા. અને શ્રી અરવિંદને હું મૃત્યુ પામતા જોઈ રહ્યો. પણ તે પછી, મારું ચિત્ત વળીવળીને તેમની પાસે જ જવા લાગ્યું.

શ્રી અરવિંદની સારવાર કરનાર ડૉ. બી. સી. સન્યાલે મને શ્રી અરવિંદના છેલ્લા દિવસોની કથા સંભળાવી. તે કલકત્તાથી પોંડિચેરી પહોંચ્યા ત્યારે શ્રી અરવિંદ પથારીમાં અર્ધા સૂતેલા બેઠા હતા, આંખો બંધ હતી. ડોકટરે તેમની પાસે જઈને તેમનો ચરણસ્પર્શ કર્યો. શ્રી અરવિંદે આંખો ખોલી એક ખાસ દષ્ટિવાળું સુંદર સ્મિત કર્યું અને ડોકટરના માથે પોતાનો હાથ મૂકયો. ડોકટરે પૂછયું, 'આપને કેમ છે, શી તકલીફ છે?'

અને શ્રી અરવિંદે જવાબ આપ્યો : 'ઓ! કંઈ ખાસ બહુ નથી.' કાંઈ દવા લેશો? એ સવાલના જવાબમાં તેમણે પૂછયું, 'કઈ દવા મને આપી શકશો?'

બીજે દિવસે શ્રી અરવિંદને વધારે સારું હતું. તેઓ હસતા હતા, મશ્કરી કરતા હતા. એમ હસતાં હસતાં એક ડોકટરે શ્રી અરવિંદની શારીરિક માંદગીની વાત કાઢી પૂછયું, 'અહીં આપના પ્રભુ હવે શું કરે છે?' અને શ્રી અરવિંદનો જવાબ આવ્યો, 'પ્રભુની દિવ્ય શક્તિ પ્રભુના જેટલી જ સમર્થ છે.'

ડિસેમ્બરની ૩ જીએ શ્રી અરવિંદની તબિયત વધુ બગડી. શ્રી માતાજી પ્લેગ્રાઉન્ડમાંથી આશ્રમમાં આવ્યાં, અને ઠીક ઠીક વખત સુધી શ્રી અરવિંદને નિહાળતાં ઊભાં રહ્યાં અને બોલ્યાં : 'શ્રી અરવિંદ દેહમાંથી ખસી રહ્યા છે'.

"૪થીની રાતે શ્રી અરવિંદનો શ્વાસ ભારે થવા લાગ્યો, જો કે બીજી રીતે તો તેઓ બહુ જ શાંત હતા. શ્રી માતાજી બોલ્યાં કે આપણે માટે આજની રાત બહુ ભારે જશે. શ્રી અરવિંદને શ્વાસ લેવામાં વધુ ને વધુ મુશ્કેલી પડવા લાગી. હું તેમના મસ્તકની સાવ નજીકમાં જ ઊભો હતો. શ્રી અરવિંદના શરીરમાં એક કંપ આવતો મેં જોયો. અને પછી એકાએક એમનું હૃદય અટકી ગયું." પરંતુ શ્રી અરવિંદનો દેહ કોઈ વિલક્ષણ પ્રકાશ વડે ચમકતો રહ્યો. દાકતરી તપાસમાં જણાવ્યું હતું કે ૧૦૦ કલાક સુધી શરીરમાં લેશ પણ વિકાર થયો ન હતો. શ્રી અરવિંદ મૃત્યુ પામ્યા છે કે પછી માત્ર સમાધિમાં સૂતા છે એ કહેવું મુશ્કેલ હતું. પછીથી એ શરીરને દીપાવનાર અદ્‌ભુત પ્રકાશ અદશ્ય થયો અને આશ્રમવાસીઓએ શ્રી અરવિંદના પાર્થિવ દેહને સમાધિમાં પધરાવ્યો.

૧૯૫૨ ના માર્ચમાં હું સરકારી રૂએ મદ્રાસમાં અછતવાળા પ્રદેશની મુલાકાતે ગયો. અને એ વેળા આશ્રમની મુલાકાત તો નક્કી જ હતી. આ વખતે પોંડિચેરી જવામાં મને એક બીજી વસ્તુ પણ પ્રેરી રહી હતી. મારે શ્રી માતાજીને સમજવાં હતાં. શ્રી માતાજી—બાવન વર્ષ ઉપર એ માદામ પૉલ રિશાર હતાં. ફ્રાન્સમાં જન્મ પામેલાં એ એક વખતે ગૂઢ વિદ્યાનાં મહા જાણકાર હતાં. એક દૂર દૂરના મુલકમાં પડેલી એ મીરા પોતાના સ્વપ્નના શ્રી કૃષ્ણને ઝંખી રહેલી હતી અને પોંડિચેરીમાં શ્રી અરવિંદમાં તેમને એ શ્રી કૃષ્ણ મળી આવ્યા. હું જેને અવિભક્ત આત્મા કહું છું તેનો તેમણે પોતાના જીવનમાં સાક્ષાત્કાર કર્યો હતો અને પરમાત્માની ખોજમાં તેઓ શ્રી અરવિંદ સાથે જોડાયાં હતાં. હૃદયને સ્પર્શી જાય તેવા આધ્યાત્મિક સંદેશ તેમની પ્રેરિત વાણીમાંથી વહેતા હતા. પછીથી તેઓ શ્રી માતાજી થયાં. શ્રી અરવિંદે અને તેમના સર્વ શિષ્યોએ તેમને શ્રી માતાજી તરીકે ઓળખાવ્યાં, સ્વીકાર્યાં અને અભિષેક્યાં. શ્રી અરવિંદના 'અમે'માં એકરૂપ થઈ ગયેલો આ અંશ—શ્રી માતાજી, ઘણાને માટે, મારે માટે પણ એક સમસ્યા હતાં અને છે. તેમને વિષે મિત્રો સાથે મેં ઘણી ચર્ચાઓ કરેલી છે. તેઓ કોણ છે? તેમની આધ્યાત્મિક સિદ્ધિ શી છે? તેમની પ્રેરણાનું મૂળ શું છે? અને એક મૂંઝવતો પ્રશ્ન એ પણ છે કે તેમને પૈસા ક્યાંથી મળે છે? અને એક બીજો ચિંતાપ્રેરક પ્રશ્ન—તેઓ નહિ હોય ત્યારે શું થશે?

માર્ચની ૧૨ મીની સવારે અમારી કાર પોંડિચેરીની દિશામાં વધી રહી હતી. કારની કલગી ઉપર રાષ્ટ્રીય ધ્વજ પવનમાં આનંદથી લહેરાતો ફરકી રહ્યો હતો. યુવાન પિથાપુરમ્ અને હું વળી વળી શ્રી માતાજીની સમસ્યાના વિચારમાં ઊતરી જતા હતા. ૭૨ની વયની, એક ટૅનિસની રમનારી, માથા પર એક જાળીદાર વસ્ત્ર અને અંગ ઉપર રેશમી કપડા સજનારી, રોજ-બ-રોજ માર્ચ પાસ્ટ વેળાએ આશ્રમવાસીઓની સલામી ઝીલનારી આ સન્નારી એ હિંદના રૂઢિગત પ્રાકૃત માનસને આધ્યાત્મિકતાની પ્રતિમૂર્તિરૂપ ભાગ્યે જ લાગે તેમ છે. આ માતાજી કોણ છે? એ તે કોઈ જાદુગર છે કે માત્ર કોઈ કળાકાર છે? શ્રી અરવિંદનું કાર્ય તેઓ શું આગળ વધારી રહ્યાં છે? એ કાર્ય શું આ રીતે જ વધવું જોઈએ? આવા આવા પ્રશ્નો અમને ઊઠતા હતા. અને તેમના નિરાકરણ માટે, શ્રી માતાજીને સમજવા માટે, મેં ઉપર કહ્યું તેમ, હું આશ્રમમાં જઈ રહ્યો હતો. હિંદની જકાત દોરી અમે ઓળંગી. બિચારી એ જકાત દોરી—એનો આજે કશો અર્થ રહેલો નથી. એને ભેદીને રોજ રોજ હીરા, કાપડ, દારૂ હિંદની અંદર આવતાં રહે છે. મારા મિત્ર મહાવીર ત્યાગી એ જાણી કેટલા યે અકળાય છે, તો કાયદાની છક્કડ આપવાની કળામાં પાવરધા લોકો એ જકાતદોરીથી રાચે છે.

પોંડિચેરીમાં હિંદના વાઈસ કૉન્સલ જનરલ રાવ અમને આશ્રમમાં લઈ ગયા. ત્યાં અમારા સ્વાગત માટે ચારુપદ, આશ્રમના એક જાતના સ્વાગત અધિકારી, હાજર હતા. મારી પત્નીએ ૧૯૩૦માં એમને કાંઈ સહાય કરી હશે એ વાત યાદ કરી તેમણે મારી પત્નીની પ્રશંસા કરી અને મારામાંના પતિહૃદયને પુલકિત કરી આપ્યું.

નગીનદાસ મને ખૂબ જ ઊભરાતા પ્રેમથી મળ્યા. ૧૯૧૨થી મારે એમનો પરિચય છે. હજીરાના એ દિવસોમાં અમારી મુશ્કેલીઓ, આનંદો અને અનંત મહત્ત્વાકાંક્ષાઓના એ ભાગીદાર હતા. એમને મુંબઈ જવામાં અને સૉલિસિટર થવામાં મેં મદદ કરેલી. વરસો પછી એમણે પોતાનો ધંધો મૂકી દીધો, કૉમ્યુનિઝમની હવાથી બરબાદ બની રહેલું એક વારનું પોતાનું સુખી ઘર તેમણે છોડી દીધું, પોંડિચેરીમાં આવ્યા અને જીવનમાં અત્યાર સુધી ન મળેલી એવી શાંતિ, સુખ અને આત્મસાક્ષાત્કારનો ભાવ એમને મળી રહ્યો.

તે પછી આશ્રમના સેક્રેટરી નલિનીકાન્ત ગુપ્ત મને મળ્યા. મોટી વયના, ચપળ, અનાડંબરી, આશ્રમને ચલાવનાર એ આશ્રમના એક મહાચક્ર જેવા છે. શ્રી માતાજીને ખાતર, શ્રી માતાજીના નામે અને શ્રી અરવિંદના વિજયને માટે

તેઓ આશ્રમ ચલાવી રહેલા છે. અમને ગોલકોંડમાં, આશ્રમના એક વિલક્ષણ ઘાટના, વિચિત્ર ઢબે બાંધેલા અતિથિગૃહમાં લઈ જવામાં આવ્યા. એ મકાનને દીવાલો નથી, માત્ર સિમેન્ટનાં શટર છે, તમે ઈચ્છો ત્યારે એ બારી બની શકે છે અને દીવાલો પણ બની શકે છે. એના ઓરડા એ ફક્ત સમચોરસ ચોસલાં જેવા છે, પરંતુ સાદી પણ રસિક રીતે સજાવેલા છે.

એ અતિથિગૃહની વ્યાયામની ટૂંકી ચડ્ડી અને ખમીસમાં સજ્જ અધ્યક્ષાએ અમારું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. નગીનદાસને મારી સાથે મારા રૂમમાં આવવાની તેણે ઉદાર ભાવે સંમતિ પણ આપી. આ તો એક વિરલ લાભ ગણાય, કારણ મહેમાનોને, મુલાકાતના કલાકો સિવાય, બાકીના વખતમાં ધ્યાનમગ્ન રહેવા માટે એકલા જ રહેવા દેવામાં આવે છે. અને મેં નગીનદાસ ઉપર આશ્રમ વિષેના પ્રશ્નોનો મારો ચલાવ્યો—મારે માટે એ બહુ દુષ્ટ કામ કહેવાય ! પણ એમણે સરળતાથી, નિખાલસતાથી, મને વિશ્વાસમાં લઈને બધા જવાબો આપ્યા. આશ્રમમાં શ્રી અરવિંદનું સાંનિધ્ય સૌ કોઈના અનુભવમાં આવતું હતું. શ્રી અરવિંદ મૃત્યુ પહેલાં આશ્રમમાં હતા તેવા જ હમણાં પણ હતા. શ્રી માતાજી—હા, શ્રી માતાજી પણ સર્વત્ર હાજર હતાં. તેઓ યોજના ઘડે છે. નાણાં આપે છે, નિયમન કરે છે, કેળવણી, મકાનો, કારખાનાંની યોજના દોરી આપે છે. અને આથી યે વિશેષ તો દરેક સાધકને તે ખૂબ ગાઢ રીતે પિછાણે છે. તેની જરૂરિયાતો, તેની નબળાઈઓ જાણે છે. દરેક સાધકને શ્રી માતાજી તેનું કામ નક્કી કરી આપે છે, તેના ખોરાક કપડાંની વ્યવસ્થા કરે છે, અને સાધક પૂછે ત્યારે તેની આધ્યાત્મિક શંકાઓનું નિરસન પણ કરે છે. પણ દરેક જણ અહીં સભ્ય વ્યવહારના અમુક નિયમોની મર્યાદામાં રહી પોતાનો વિકાસ કરવાને, વાતાવરણમાંથી દિવ્ય ચેતનાને પોતાની રીતે ઝીલવાને સ્વતંત્ર છે.

આશ્રમ માટે નાણાં ક્યાંથી આવે છે? શિષ્યો તરફથી, મિત્રો અને સહાનુભૂતિદર્શકો તરફથી શ્રી માતાજીને એ મળી રહે છે. આશ્રમમાં શિસ્તનો અમલ કેવી રીતે થાય છે? એ માટે કોઈ સજા નથી, ઠપકો નથી. સાધક તરીકે શ્રી માતાજી તમારો સ્વીકાર કરે એ પહેલી વાત છે. એ પછી તમારે આશ્રમજીવનનો સ્વીકાર કરવાનો રહે છે અને તમને આપેલું કામ કરવાનું રહે છે. તમને અહીંનું તંત્ર પસંદ ન હોય તો તમે ચાલ્યા જાઓ છો. 'તમને સોંપેલું કામ તમે ન કરો તો?' મેં પૂછ્યું. પ્રશ્ન સાંભળી નગીનદાસને સહેજ આશ્ચર્ય થયું, 'તો કાંઈ નહિ. તમને કોઈ કાંઈ નહિ કરે, અથવા તો બીજું કામ તમને અપાશે. વધુમાં વધુ તમને આશ્રમમાંથી ચાલ્યા જવાનું કહેવામાં આવશે, એટલે

કે તમને ખોરાક કપડાં મળતાં બંધ થશે, રહેવાનું મકાન નહિ મળે, શ્રી માતાજી તમને દર્શન નહિ આપે. અને પછી તમારે વિદાય જ લેવાની રહે છે.'

નગીનદાસે પોતે એક નાનકડું મકાન ખરીદ્યું છે, તેને સમરાવ્યું છે, અને તેમાં રહે છે. એમની પાસે રહેવાનું સાધન છે એટલે પોતાનાં ભોજન ખર્ચ પેટે વરસે લગભગ ૭૫૦ રૂા. આશ્રમને આપે છે. શ્રી માતાજીએ આંકી આપેલા પરિક્રમણ માર્ગ ઉપર એક નાનકડા ગ્રહની માફક આનંદપૂર્વક ભમતા ભમતા એ ગતિ કરતા રહે છે અને શ્રી અરવિંદની અદશ્ય હાજરીમાં, તેમની પ્રેરક શક્તિમાં તેમને જોઈતું બધું મળી રહે છે.

અમે પાછા આશ્રમના મૂળ મકાનમાં આવ્યા. એના પાછળના ભાગમાં શ્રી અરવિંદ રહેતા હતા. હાથમાં ફૂલો સાથે હું નલિનીકાન્તની પાછળ પાછળ શ્રી અરવિંદની સમાધિ પાસે ગયો.

આશ્રમના આ મુખ્ય મકાનમાં વચ્ચે એક સુંદર એવો નાનકડો ચોક છે, અને ફરતે ઓરડાઓની પાંખો ઉતારેલી છે. ચોકમાં થોડાંએક વૃક્ષ છે. એ વૃક્ષોની છાયા હેઠળ લંબચોરસ આકારની સમાધિ છે. એની બાજુઓ આછા લીલા રંગથી રંગેલી છે. સમાધિની ઉપર કોઈ મહા ભવ્ય રંગનાં ફૂલો બિછાવેલાં હતાં. ફૂલોની ગોઠવણી પાછળ ખરેખર કોઈ વિરલ રસવૃત્તિ દેખાતી હતી. કલા એ પણ આધ્યાત્મિક વિકાસનું એક અંગ છે એ બાબત પોતાના ગ્રંથોમાં ગંભીર ચિંતન અને લેખન કરનાર આ મહા ગુરુને જાણ્યે અજાણ્યે પણ આ એક ઘણી સુયોગ્ય અંજલિ હતી. સમાધિના મધ્ય ભાગમાં એક ફૂલોથી ભરેલું ફૂલદાન હતું.

એક ત્રીસેકની વયની બહેન સમાધિ ઉપર મસ્તક મૂકીને ભક્તિભાવમાં મગ્ન બેઠી હતી.

અને મારામાં નમ્રતા પ્રગટવા લાગી. મારી અંદર પૂજ્યભાવનાં મોજાં પર મોજાં ઊભરાઈ રહ્યાં. આ પથ્થરના સમાધિસ્થાનની અંદર એક પુરુષના અવશેષ રહેલા છે. સાઠ વરસ લગી આ મહા ઋષિ હિંદનો સાચો સંદેશ પોતાના જીવનમાં જીવી રહ્યા હતા અને પ્રબોધી રહ્યા હતા. જગતનું જીવન વિશાળ બનીને દિવ્ય ચેતનામાં પહોંચે તેટલા માટે ચાલીસ ચાલીસ વરસ સુધી તેમણે અજ્ઞાનના દુર્ગ ઉપર પોતાની સાધનાનો મારો ચલાવ્યો હતો.

અને મારી પોતાની અપૂર્ણતાઓથી સભાન, અતિ સભાન એવો હું સમાધિ ઉપર નમ્ર ભાવે પુષ્પ ચડાવી રહ્યો.

પછી અમે શ્રી અરવિંદના નિવાસ ખંડમાં ગયા. ભાગ્યે જ ૨૦×૧૦ ફૂટના આ ખંડમાં શ્રી અરવિંદ રાત દિન રહેલા છે. અહીં હરેલા ફરેલા છે, લગભગ ત્રીસ વરસ સુધી અહીં કામ કરેલું છે. મારી પહેલાંની મુલાકાત વેળાએ મેં નહિ જોયેલું તે હમણાં મેં જોયું. ૧૯૫૦ના જુલાઈની ૯મીએ જે ખુરશી ઉપર તેઓ બેઠેલા હતા તેની પાસે તેમનો પલંગ હતો. તેના ઉપર એક વ્યાઘ્ર-ચર્મ હતું. એક ખૂણામાં એક કબાટ હતું. બીજા ખૂણામાં એક લખવાનું ટેબલ હતું. આટલી જ સામગ્રી અહીં હતી.

ત્યાંથી નીકળી અમે પાસેના નાનકડા પ્રવેશ-ખંડમાં આવ્યા. ત્યાં એક વ્યાઘ્રચર્મ બિછાવેલા સોફા ઉપર શ્રી અરવિંદની છબી હતી અને ખૂણામાં શ્રી માતાજીની ઊંચી પીઠવાળી ખુરસી હતી.

આ નાના ખંડની પડખે જ માતાજીનો ખંડ હતો. એક ગહન, વિશાળ શાંતિ-શ્રી અરવિંદ વર્ણવે છે તે મુજબ-આ ખંડો ઉપર ઝૂકી રહેલી હતી. અહીં સાદાઈ હતી, છતાં કળા હતી. હરેક નાનકડી વિગત ખૂબ જ સુંદર રીતે વિચારાયેલી, યોજાયેલી હતી.

અમે બહાર આવ્યા ત્યારે એ પ્રવેશ-ખંડમાં શ્રી માતાજી ઊભાં હતાં. તેમણે કહ્યું, હું તમને સાંજે મળીશ અને મને એક ફૂલ આપ્યું. અને અમે ત્યાંથી બહાર નીકળ્યાં.

સીડીનાં ગાદી વાળાં પગથિયાં ઊતરતા અમે નીચે આવ્યા અને ત્યાંથી ભોજનગૃહમાં ગયા. આશ્રમ એ માત્ર એક મકાન નથી. આશ્રમનાં સો કરતાં યે વધુ મકાનો છે, જાણે કે એ પોંડિચેરીનું એક નાનકડું પરું જ છે. આશ્રમનું મુખ્ય મકાન, સાધકો માટે રહેવાનાં મકાનો, સંસ્થાઓ તેમજ નગીનદાસ જેવા આશ્રમની અંદર ન રહેતા સાધકોનાં પોતાનાં ઘરો તેમજ તેમણે ભાડે લીધેલાં ઘરો, આ બધું આશ્રમમાં છે.

ભોજનગૃહ એ સંગઠનશક્તિનો એક અદ્ભુત નમૂનો છે. અમે જઈને જોડા ઉતાર્યા અને ત્યાં એક નોટિસ વાંચી કે મરચાં ડુંગળી વગેરે ચીજો અહીં લાવવાની નથી.

અમે પીરસવાના ખંડમાં ગયા. કાફેટેરિયામાં હોય છે તેમ અહીં ટેબલ ઉપર દરેક વાની એક એક પીરસનાર પાસેથી મળતી હતી. વાડકોએક ભાત, થોડાંક શાક નાખેલી દાળ, બે કેળાં, બ્રેડનો એક ટુકડો, ટામેટાં, દહીં એ ભોજનની વાનીઓ હતી. મને કહેવામાં આવ્યું કે શાસ્ત્રીય રીતે આ સંપૂર્ણ ખોરાક છે.

અમે સાધકોની સાથે જમવા બેઠા અને અમારા સાદા ભોજનને આનંદથી આરોગવા લાગ્યા. અમારા ચપરાસીઓ અને ડ્રાઈવરોને પણ અહીં જ ભોજન આપવામાં આવ્યું, પણ વિવેકને ખાતર તે બધા બીજા સાધકો સાથે પાસેના ઓરડામાં જઈને બેઠા. પ્રભુની ખોજમાં આવેલા, આ સ્ત્રી–પુરુષોના સમુદાયની અંદર, એક પ્રધાન, તે એ સૌને માટે એક 'અસ્પૃશ્ય' જેવો માણસ હતો. સત્તાનું મિથ્યાભિમાન કેવું હોય છે તેની યાદ આમ જરા આઘાત આપે તેવી રીતે થઈ જતી હતી !

જમીને અમે ગોલકોંડમાં–અમારા અતિથિગૃહમાં થોડોક આરામ લેવા ગયા. આપણા વાઈસ કોન્સલ રાવ સાથે મારે વાતચીત થઈ. પોંડિચેરીની પરિ-સ્થિતિ વિષે તેમજ આશ્રમ વિષે પણ મેં તેમને ખૂબ ખૂબ પ્રશ્નો પૂછયા.

રાવના કહેવા મુજબ આશ્રમ જાણે કે એક સૂર્યમાળા હતી. અને એ સૂર્યમાળામાં નાના તેમજ મોટા ગ્રહો શ્રી માતાજીની ફરતે બરાબર યોજાયેલી પરિક્રમણ રેખા ઉપર વગર અવાજે ધૂમતા હતા. શ્રી માતાજી હરેક જણમાં રસ લેતાં હતાં. દરેક જણ તેમના પ્રત્યે વિશ્વાસના ભાવથી જોતું હતું. અને છતાં દરેક જણને શ્રી અરવિંદના યોગમાર્ગ મુજબ પોતપોતાને માર્ગે આગળ વધવાની સ્વતંત્રતા હતી.

અને મારા રૂમમાં એકાએક દિલીપકુમાર આવી ચડયા. પીળી કફની, પીળી ટોપી, માળા અને એમની બધી સજાવટ. મારે માટે ગોઠવાયેલા કાર્યક્રમ મુજબ હું એમને હજી પછીથી મળવાનો હતો. પણ દિલીપકુમાર એની કાંઈ રાહ જુએ તેમ ન હતા. હું આવ્યો છું એ ખબર મળતાં જ તે ધસી આવ્યા, નિયમ–બિયમ માર્યા ફરે.

અમે ભેટયા. એ મારા એક ઘણા પ્રિય મિત્ર છે. મારા પ્રત્યેનો એમનો પ્રેમ સદા યે ઉભરાતો છલકાતો રહે છે. એમના પ્રેમપ્રવાહ સામે ટકવું અશક્ય છે. બધાં જ બંધન એ તોડીફોડી નાખે છે. એમણે ગુરુદેવની વાતો કરી, કૃષ્ણની, ચૈતન્યની અને મીરાંની વાતો કરી, ભક્તની ઊર્મિસભર રીતે. હું આવ્યો એથી

એમને બહુ જ આનંદ થયો હતો, અને તેમાં યે આજને દિવસે હું આવ્યો એથી તો વિશેષ. કારણ આજે હોળી હતી. હું તો એ બધું વીસરી જ ગયેલો–ચૈતન્યનો જન્મદિન.

આમ મારું પ્રેમપૂર્વક સ્વાગત કરી તે ચાલ્યા ગયા. થોડુંક સૂઈ લેવા મેં પ્રયત્ન કર્યો, પરંતુ અહીંની શાંતિના આ અપરિચિત વાતાવરણમાં, અને નવાં નવાં સંવેદનોના ધસારા હેઠળ, મારાથી એક મટકું પણ ન મરાયું.

આ વિશિષ્ટ વાતાવરણનું–એક અદેહ બનેલા ગુરુના ચૈત્ય પ્રવાહથી સભર અને સમૃદ્ધ એવા આ વાતાવરણનું રહસ્ય શું હશે ? અને શ્રી માતાજી, આ સાતસો સાડી સાતસો આત્માઓના મહા બીન ઉપર, લગભગ અદશ્ય રહીને આવી સુમેળમય રાગિણીઓ સરજી રહેલાં શ્રી માતાજીની શકિત વિષે પણ હું આશ્ચર્યભાવથી વિચાર કરી રહ્યો. દિલ્હીમાં, મુંબઈમાં હું હોઉં છું તેના કરતાં અહીં મને જુદું કેમ લાગે છે ? મારા જૂના પ્રોફેસર સાહેબનો આત્મા મારી અંદર શું ખરેખર એક જીવંત ચૈતન્યરૂપે ફૂટી રહ્યો હતો ?

અમારે મુકરર થયેલા વખતથી સહેજ વહેલાં ચારુપદ આવી ગયા. મને તમામ 'રચનાત્મક પ્રવૃત્તિઓ' બતાવવા માટે તેમણે કમર કસી લીધી હતી. અને અમે નીકળી પડયા. પહેલાં પ્રેસમાં ગયા. રજાનો દિવસ હતો છતાં સાધકો કામ કરતા હતા. મોનોટાઈપ મશીન ઉપર બે યુવતીઓ કામ કરતી હતી, થોડાએક જુવાનો મશીન ઉપર હતા. બીજા કેટલાક જુદાં જુદાં ખાતામાં કામ કરતા હતા,

પ્રેસ બહારનું કામ બહુ ઓછું લેતું હતું. 'બહુ મોંઘું પડતું હશે.' મેં કહ્યું, અમારે ભવનનું પ્રેસ છે અને અમને એ કેવું તો ભારે પડે છે તે હું જાણું છું. પ્રેસ મોટે ભાગે શ્રી અરવિંદનાં પુસ્તકો છાપવા માટે તેમજ બીજી હિંદી તેમજ યુરોપી ભાષાઓમાં આશ્રમનું સાહિત્ય છાપવા માટે જ ચાલે છે, મને જવાબ મળ્યો. એનું ખરચ તો નથી જ નીકળતું. એની ખોટ શ્રી માતાજી ભરી આપે છે.

પછી અમે બીજી જુદી જુદી સંસ્થાઓમાં ગયા. આશ્રમ માટેનું ફર્નિચર તેમજ સરસામાન બનાવતી એક વર્કશોપ હતી. સિમેન્ટના બ્લોક, લાદી, સંડાસ, આશ્રમ માટે સસ્તાં ઝૂંપડાં બનાવનાર એક બાંધકામ ખાતું જોયું. એક ગૌશાળા જોઈ, સિંધી ઓલાદ તેમજ 'વોંગ' નામની સ્થાનિક ગાયોનું એક નાનકડું ધણ આશ્રમને દૂધ પૂરું પાડતું હતું.

મેં ચારુપદને કહી દીધું કે, મારી શારીરિક શકિતને પણ ભાઈ, હદ હોય છે તે ધ્યાન રાખજો, ખાસ કરીને આજના દિવસે. પણ તે મચક આપે તેમ ન હતું. તે અમને ખેતીવાડીના ફાર્મ ઉપર લઈ ગયા. ત્યાં ડાંગર, બીજાં ધાન્ય, ટમાટા અને શાક વાવેલાં હતાં. એક આર્ટિઝન–પાતાળ કૂવો ત્યાં હતો. ફાર્મ બહુ જ વિકાસ પામેલું હતું. આશ્રમનું ઘણુંખરું અનાજ એમાંથી આવતું હતું.

'ફાર્મના ખર્ચનું શું કરો છો ?' મેં કહ્યું. 'શ્રી માતાજીને અમે હિસાબ આપીએ છીએ અને અમારે પૈસાની જ્યારે જ્યારે જરૂર પડે છે ત્યારે શ્રી માતાજી અમને આપતાં રહે છે.'

આશ્રમની આખી યે યોજના મારી આગળ હવે સ્પષ્ટ બની ગઈ. પોતાની જરૂરિયાતોમાંથી જેટલું બને તેટલું આશ્રમ પોતે જ પકાવી લે છે તેમ જ બનાવી લે છે. સાધકો માટેની બધી જરૂરની ચીજો આશ્રમમાં છે. આશ્રમમાં જોઈતો લગભગ બધો જ ખોરાક, સાડીઓ, કપડું, બાંધકામની સામગ્રી, આશ્રમવાસીઓ માટે પગનાં મોજાં પણ તે બનાવે છે. આ બધી વસ્તુઓ સાધકોનાં નિવાસસ્થાનો, ભોજન, વસ્ત્ર ઈ.માં વપરાય છે. શ્રી માતાજી દરેક સાધકને તેની જરૂર પ્રમાણેની વસ્તુઓ વિના મૂલ્યે આપે છે. વાચન માટે આશ્રમમાં એક લાયબ્રેરી છે, સાહિત્ય તૈયાર કરવા માટે પ્રેસ છે, શરીરના વિકાસ માટે એક વ્યાયામશાળા અને પ્લેગ્રાઉન્ડોની સગવડ છે, બાળકો માટે એક શાળા છે. આમ આશ્રમવાસીઓ માટે અહીં બધું જ છે. કશી પણ દાદ–ફરિયાદ કે ટંટોફિસાદ કર્યા વિના શ્રી માતાજીએ સોંપેલું કાર્ય પાર પાડવું એ આશ્રમ–જીવનનો એક ભાગ બની રહે છે.

આમ, મેં અહીં એક અજોડ પ્રયોગ ચાલી રહેલો જોયો. એ પ્રયોગ અહીં લોકોને એક સ્વ–પર્યાપ્ત એવું સમૂહજીવન જીવવાની બધી સહાય આપતો હતો. અને મેં ચારુપદને કહ્યું, 'જગત ઉપર જો પાછો જળપ્રલય થવાનો હશે, અને તેમાં જો આશ્રમ બચી જશે તો પછી તમારે 'નોઆહની આર્ક'ની જરૂર નહિ રહેશે. આશ્રમમાંથી તમે પાછું આખું જગત શરૂ કરી શકશો.' અને મારા મનમાં મેં કહ્યું, 'અને એ જગતમાં જીવનને પ્રાણવાન બનાવવા માટે તમારે સાપ, વાઘ કે નાસ્તિકોની જરૂર નહિ પડે.'

આશ્રમમાં આ પ્રાણશક્તિ, આ એકતા શેમાંથી આવતી હતી? અને આ અદ્‌ભુત વાતાવરણ કોણે સર્જ્યું હતું અને કેવી રીતે સર્જ્યું હતું ? અને

શ્રી માતાજીએ આ શા માટે કર્યું હતું ? પૃથ્વી ઉપર એક શાંતિનો નાનકડો ટાપુ રચવો, અને એ ટાપુ ઉપર જીવન મહા પુનિત સ્વરૂપ ધારણ કરે એ મહા હેતુ શું અહીં કામ કરતો હતો ? કે પછી માનવો જીવનના વિસંવાદમાંથી એક વધુ મધુર સંવાદની સાધના કરે અને એ રીતે દિવ્ય ચેતનાનું અવતરણ તેઓ પોતામાં ધારણ કરે એ માટે શું આશ્રમ રચાયો હતો ? આશ્રમના સર્જન પાછળનો દાવો આ પ્રમાણે દેખાતો હતો અને તે સાચે જ સાચો હતો.

આશ્રમનું વાતાવરણ એક મહા પુરુષના જીવંત અને સ્થાયી પ્રભાવની અંદરથી સર્જાઈ રહેલું છે. આપણે ધ્યાનમાં રાખીએ કે અહીં શ્રી અરવિંદની ખાલી સ્મૃતિ જ નથી, પણ એક જીવંત પ્રભાવ છે. લગભગ ચાર દસકાથી અહીં રહેતા અને વરસમાં માત્ર ત્રણ વાર અમુક મિનિટો જ જેનાં દર્શન થતાં એવા એ પુરુષનો પ્રભાવ આશ્રમના વાતાવરણને સરજી રહેલો છે. આ પુરુષ પોતાની ઈચ્છા થાય તો જ કોઈને મળતા હતા. પણ હું મારી જાતને પૂછું છું કે આ પ્રચંડ પ્રભાવ ક્યાં સુધી ટકશે ? જીવનમાં એક સૌથી કરુણ ઘટના તો એ છે કે સ્મૃતિ પણ છેવટે ભૂંસાઈ જાય છે.

હું મૂંઝાઈ ગયો, અને કબૂલ કરું છું કે હજી પણ હું મૂંઝાયેલો જ છું.

મદ્રાસથી હું મારી સાથે એક હાર લઈ આવ્યો હતો, પણ પિથાપુરમૂની કારમાં તે રહી ગયેલો, અને એ કાર વખતસર આવેલી નહિ. હવે એ હાર આવી ગયો. એ હાર લઈ હું ફરીથી સમાધિ પાસે ગયો. સવારમાં જે બહેન ત્યાં બેસી ધ્યાન કરતાં હતાં તે હવે સમાધિ ઉપર વચ્ચે ગોઠવેલા ફૂલદાનમાં એક સુંદર કમળ ગોઠવી રહ્યાં હતાં.

સમાધિ સામે મુખ કરી હું બેઠો અને મારી આંખો બંધ કરી હું ધ્યાનમાં ઊતર્યો. પણ મારા મનની અંદર સવાલો પર સવાલો ઊભરાવા લાગ્યા. 'આપ મારા એક ગુરુ હતા. આપ દિવ્ય ચેતનાને નીચે લાવવા માટે મથતા હતા. એ શી વસ્તુ છે ? મારા જેવો દુનિયાદારીનો માણસ એની ઝાંખી કેવી રીતે કરી શકે ? મને એનો એકાદ તણખો પણ આપો. મને એ જોવા દો, જાણવા દો, અનુભવવા દો. આપે કહેલું કે હું તને માર્ગ બતાવીશ. બતાવી શકશો ? બતાવશો ? બતાવો બતાવો, જ્યાં હોય ત્યાંથી, કૃપા કરો.'

થોડી મિનિટ બાદ હું ઊઠયો અને દિલીપને ત્યાં ગયો. દિલીપે મને ઈન્દિરાનો પરિચય કરાવ્યો. કેપ્ટન કિરપારામની એ પુત્રી હતી. અને એમને હું

સારી રીતે ઓળખતો હતો. અમારા એ જૂના અસીલ હતા. ઈન્દિરા લગભગ ત્રીસની વયની હશે. બે બાળકોની માતા હતી. તેના ચહેરા પર એક તીવ્ર, થાકેલો ભાવ હતો. તેનામાં એક સંવેદનશીલ ચૈત્ય તત્ત્વ દેખાતું હતું.

એકાદ બે સંસ્થાઓ જોઈને અમે આશ્રમના કવાયત સ્થાને—પ્લેગ્રાઉન્ડ પર ગયા. અને શ્રી માતાજી આવ્યાં, હળવી સ્ફૂર્તિમય ચાલે. ટેનિસ રમીને આવતાં હતાં. પહેલાંના જેવાં જ વસ્ત્ર હતાં, એમના કંઠની ફરતે ભૂરા લીલા રંગનો સિરબંધ ફરકતો હતો.

પછી તેઓ એક નાનકડી ઓફિસમાં ગયાં. થોડી વાર પછી મને ત્યાં લઈ જવામાં આવ્યો. શ્રી માતાજી એક ઊંચી પીઠવાળી નાનકડી ખુરસીમાં બેઠાં હતાં, તેમના પગની નીચે એક પાટલી હતી. એમની આંખો પારદર્શક હતી. લગભગ સ્ફટિક જેવી સ્વચ્છ હતી.

મેં તેમને મારા અંગત પ્રશ્નો કહ્યા, મારાં જૂનાં મંથનો, શ્રી અરવિંદનો સંદેશ અને ગંગોત્રીનો સંદેશ એ વિષે કહ્યું.

શ્રી માતાજીએ શાંત, દૃઢ સ્વરે, સાદી અને તદ્દન સીધી રીતે જવાબ આપ્યા. પોતે ગુરુ છે કે ગુહ્યવિદ્ છે કે કોઈ મહા શક્તિ ધારણ કરે છે એવો લેશ પણ ભાવ તેમનામાં ન હતો. 'શ્રી અરવિંદ પાસેથી મેં તમારે વિષે સાંભળ્યું હતું', તેમણે મને કહ્યું, 'તેમણે મને તમારો એક પત્ર પણ બતાવ્યો હતો.' અને કાંઈક યાદ કરવાનો પ્રયત્ન કરી બોલ્યાં, 'એ ૧૯૫૦ ના ઑકટોબરમાં હતું, જો મને બરાબર યાદ હોય તો.'

હું પોતે એ વિષે બધું જ ભૂલી ગયો હતો. જાહર મારફતે મેં શ્રી અરવિંદને એક પત્ર મોકલ્યો હતો ખરો. 'શ્રી અરવિંદે તમારો પત્ર મને બતાવેલો', શ્રી માતાજી કહેવા લાગ્યાં, 'અને કહેલું કે તમને જવાબ મોકલવાની તેમને ઇચ્છા નથી. પરંતુ તેમણે કહેલું કે તમારામાં શક્યતાઓ રહેલી છે અને એક દિવસ તમને તમારા આત્માનો સાક્ષાત્કાર થશે.' શ્રી માતાજી અહીં અટકયાં.

'એ વખતે' તેમણે આગળ કહેવા માંડયું', 'શ્રી અરવિંદ આખા જગતમાં દુષ્ટતાનું જે પ્રાકટય થઈ રહેલું હતું તે વિષે બહુ જ સચિંત રહેતા હતા. અને જગતમાં પ્રકાશ લઈ આવવા માટે તેઓ પોતાની સર્વ શક્તિ એકાગ્ર કરી રહ્યા હતા. તેમણે દેહ મૂકી દીધો ત્યાર પછી તેમના આત્મપ્રકાશનું એ દેહમાં ખૂબ જ

એકાગ્ર અવતરણ થયેલું. એ વેળા શ્રી અરવિંદ બહુ જ ભવ્ય લાગતા હતા. અને શ્રી અરવિંદ દેહમાંથી ખસી ગયા ત્યાર પછી તો એ દેહ પહેલાં કરતાં પણ વધારે ભવ્ય બની રહ્યો હતો. જરાકે વિકાર તેમાં થયો નહોતો. પછી થોડાક દિવસ બાદ ચહેરો સુકાવા લાગ્યો અને દેહને સમાધિ આપવામાં આવી'.

અને આ બોલતાં શ્રી માતાજીએ પોતાની ડાબી પાંપણ ઉપર આંગળી ફેરવી. એ કદાચ સહજ ક્રિયા જ હશે, કારણ તેમની આંખોમાં ભીનાશ ન હતી. તેઓ બરાબર સ્વસ્થ ભાવે બોલ્યે જતાં હતાં, જો કે તેમના અવાજમાં જાણે કે શ્રી અરવિંદ હજી પણ જીવંત જ છે એ રીતનો એક શાંત પ્રકારનો ભાવ વ્યક્ત થતો હતો. 'પણ શ્રી અરવિંદ હજી પણ જીવે જ છે, પહેલાંની માફક જ', શ્રી માતાજીએ આગળ કહેવા માંડયું, 'અને જીવતા જ રહેવાના છે. અમે એ વાત રોજ રોજ અનુભવીએ છીએ. તમે મને કહેતા હતા કે ઘણાએક મહિના સુધી શ્રી અરવિંદ તમારી પાસે આવતા રહેલા એવું તમને લાગતું હતું. આ માત્ર તમારો જ અનુભવ છે એમ નહિ, બીજા અનેકના પણ એવા અનુભવ છે.'

હું શાંત જ રહ્યો, શ્રી માતાજી આગળ બોલ્યે ગયાં : 'શ્રી અરવિંદ જે કાર્ય માટે જીવતા હતા તેને પાર પાડવાનો અમે—શ્રી અરવિંદ અને મેં—દૃઢ નિશ્ચય કરેલો છે.' અને પછી થોડીએક ક્ષણ તેઓ શાંત રહ્યાં અને મારાથી દૂર દૂર ઊંચે અવકાશમાં નજર ઠેરવી, અને પછી એક ધીમા અવાજે જાણે કોઈ વસ્તુ સ્મૃતિમાં તાજી કરતાં હોય તેમ બોલ્યાં : 'હિંદે જગતનું આધ્યાત્મિક નેતૃત્વ ટકાવી રાખવું જ જોઈશે. હિંદ જો જગતના આધ્યાત્મિક ગુરુપદે નહિ રહે તો તે પડી ભાંગશે, અને તેના પતન સાથે આખું યે જગત નાબૂદ થઈ જશે.'

'તમારે વિષે તો' શ્રી માતાજી કહેતાં ગયાં, 'શ્રી અરવિંદ બહુ સ્પષ્ટ રીતે કહેતા હતા. તમારા પોતાના વિકાસને માર્ગે જ તમે આગળ વધ્યે જાઓ. અને શ્રી અરવિંદે કહ્યું છે તેમ તમને તમારા આત્માનો સાક્ષાત્કાર થશે. તમને જે સંદેશ મળેલો છે તે બાબત તો મારે મન તદ્દન સ્પષ્ટ છે. તમારા સત્યને જાહેર કરવામાં તમારી બધી શક્તિ વાપરજો.'

અમારી વચ્ચે એક નાનકડી શાંતિ આવી ગઈ, વાતાવરણમાં સહેજ તીવ્રતા આવી. અને પછી હું વાતચીતને સામાન્ય ભૂમિકા ઉપર લઈ આવ્યો. શ્રી અરવિંદ યુનિવર્સિટીની પ્રગતિ વિષે મેં પૃચ્છા કરી. 'અમે કઈ રીતે આરંભ કર્યો છે એ તો તમે જોયું છે.' શ્રી માતાજીએ જવાબ વાળ્યો. 'તો પછી થોડા

પ્રોફેસરોને અહીં આવવા માટે, અને શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાન અને ગુહ્યવિદ્યાને. અભ્યાસ કરવા માટે આમંત્રણ કેમ ના આપો ?' મેં પ્રશ્ન કર્યો. શ્રી અરવિંદના સંદેશમાં રસ લેનાર કેટલાંક માણસો અહીં આવવા માગે છે. તેમના તરફથી મારા ઉપર પત્રો આવવા લાગ્યા છે.' શ્રી માતાજીનો જવાબ મળ્યો. 'વળી પોતાનાં બાળકોને અહીં મૂકવા ઇચ્છતાં માબાપો તરફથી પણ પત્રો આવે છે, પરંતુ હું કામનો આરંભ બહુ આડંબરથી કરવામાં માનતી નથી. હું ધીરે ધીરે, એક એક પગથિયું કરીને, પણ મક્કમપણે બાંધી રહી છું. અને દસ વરસમાં તમે જોશો કે આ યુનિવર્સિટી કેવી તો બને છે.'

એક સાધક શ્રી માતાજીને બોલાવવા આવ્યા અને અમે બંને સાથે બહાર નીકળ્યાં. બહાર પરેડ ગ્રાઉન્ડમાં શ્રી માતાજીએ સાધકોની સલામી લીધી અને પછી સંઘ વ્યાયામ શરૂ થયો. આ કાર્યક્રમ લગભગ ત્રીસેક મિનિટ ચાલ્યો. બધા સાધકો, સ્ત્રીઓ અને પુરુષો બંને, જુદાં જુદાં દલોમાં કવાયત કરે છે. અહીં પુરાણીની દીકરી પણ મળી ગઈ. નાની અમથી છે, પણ બરાબર પુરાણી કુટુંબનું જ સંતાન છે. કેટલીક છોકરીઓને તે કસરત શીખવતી હતી. જાણે કે નાનકડી પરી જ જોઈ લો, પણ અર્વાચીન યુગની, ખમીશ ચડ્ડી પહેરેલી.

તે પછી આશ્રમના કેટલાક જાણીતા સાધકો ઈન્દ્રસેન, ઋષભચંદ ઈ.નો મને ભેટો કરાવવામાં આવ્યો. આપણા ગુજરાતના જાણીતા કવિ સુન્દરમ્ પણ મળ્યા. કવાયત પૂરી થયા પછી ધ્યાન થયું અને તે બાદ શ્રી માતાજી, પાસેના એકબીજા નાનકડા મેદાનમાં ગયાં. અમે પણ પાછળ પાછળ ગયા. નાનાં બાળકોને શ્રી માતાજી મીઠાઈ તેમજ ફૂલો વહેંચતાં હતાં. અમે ત્યાં પાસે ગયા ને મેં કહ્યું, 'અમને પણ કંઈ આપો ને! અને તેમણે અમને ચોકલેટ અને ફૂલો આપ્યાં.

પછી તે એક ખુરશી ઉપર બેઠાં, તેમની આસપાસ નાનાં બાળકો બેસી ગયાં અને તેમણે કાંઈ પાઠ લેવા શરૂ કર્યા.

હવે દિલીપના કીર્તનનો સમય હતો. એટલે હું ત્યાં જવા નીકળ્યો.

કીર્તન ખંડમાં હું એકલો જ ગયો. કાચ ઉપર દોરેલી શ્રી કૃષ્ણની એક છબી પાસે એક કટકાથી ઢાંકેલા થાળમાં પ્રસાદ હતો. ભક્તિથી છલકાતા હૃદયે દિલીપ ગાતા હતા. પાસે ઈન્દિરા હતી, ધ્યાનમાં મીંચેલી આંખે. એક બીજા માણસ ઉત્સાહથી અને હોશિયારીથી તબલાં બજાવતા હતા. એક જુવાન માણસ પણ ત્યાં હતો, એ બધાંની પાસે હું ભોંય પર બેઠો.

વાતાવરણ પ્રેરક હતું. ઉન્માદ, ઝંખના, સમર્પણ હવામાં હતાં. મેં મારી જાતને વહેતી મૂકી દીધી. મીરાંની દૈવી ભક્તિથી નીતરતી પુનિત હવા મારા હૃદયમાં ભરાવા દીધી. અને સંગીત અટક્યું. કોઈ અદ્‌ભુત સ્વપ્નમાંથી જાણે કે કોઈએ આંચકો મારી જગાડી દીધા.

સાંજના પછી સાધકો માટે દિલીપને ત્યાં સંગીત અને નૃત્યનો કાર્યક્રમ હતો. ઈન્દિરાએ નૃત્ય કર્યું, દિલીપે ગાયું. મીરાંનું પ્રખ્યાત 'ચાકર રાખોજી' ગીત જુદા જુદા શબ્દોમાં ગવાતું હતું. દિલીપ પાસે મેં પણ શંકરાચાર્યનું 'નિર્વાણ સ્તોત્ર' ગવરાવ્યું. દિલીપના બુલંદ સૂરે ગવાતું આ અદ્‌ભુત સ્તોત્ર ખરેખર ખૂબ જ પ્રેરક બની રહે છે.

અને હું નીકળ્યો, હૃદયમાં ખૂબ ખૂબ આનંદ ભરીને. હું એક નવી, જ્ઞાનીઓની દુનિયામાં હતો. માનવનાં હૃદયો અહીં સુંદર કુસુમો જેવાં વસંતની તાજી હવામાં ડોલી રહેલાં હતાં. કંઈ નહિ તો મને પોતાને તો આમ દેખાયું અને લાગ્યું પણ ખરું.

બીજે દિવસે સવારે મદ્રાસ જવાને મેં પોંડિચેરી છોડ્યું, ત્યારે હૃદયમાં પારાવાર દર્દ થઈ રહ્યું.

અને અમે શ્રી માતાજી વિષે જે ટીકા કરતા હતા તે મને યાદ આવી. ખરું છે, એક વખતે મેં પણ એમની ટીકા કરી હતી.

ધારો કે આ ફ્રેન્ચ સન્નારી બીજી બધી રીતે એનાં એ હોત, પણ એમણે જો સંન્યાસીનાં ભગવાં વસ્ત્ર પહેરેલાં હોત અને આશ્રમવાસીઓ આજની કવાયત કરવાને બદલે હઠયોગનાં આસનો કરતા હોત-અને ટેનિસ ખેલવાને બદલે શ્રી માતાજી શીર્ષાસન કરતાં હોત અને રેંટિયો કાંતતાં હોત–અને આશ્રમના સાધકો સંચામાં લોટ દળાવવાને બદલે પોતે હાથઘંટીએ દળતા હોત તો આપણો એમના વિષે કેવો અભિપ્રાય બંધાત ?...હિંદુસ્તાન શ્રી માતાજીનાં ચરણોમાં મહા ભક્તિભાવથી લળી લળી પડ્યું હોત.

આપણે પોતે રેશમી કપડાં પહેરીએ છીએ, સંચાનો દળેલો લોટ ખાઈએ છીએ, ટેનિસ ખેલીએ છીએ, પણ આધ્યાત્મિક ઉદ્ધાર માટે આપણને માત્ર પાંચ હજાર વરસની જૂની રીતરસમો જ કામની લાગે છે. અને તેટલા જ કારણે કદાચ, અજાણપણે, આપણે આજના અર્વાચીન જીવનમાંથી આત્મતત્ત્વને દૂર ને દૂર રાખી રહેલા છીએ.

પરંતુ આપણી માન્યતા ખરી હોય તો પછી જનક વિદેહીનું શું? શ્રી કૃષ્ણનું, સ્વયં યોગેશ્વરનું શું?

આપણે આત્મતત્ત્વને જો જીવનમાં સર્વવ્યાપક બનાવવું હશે અને તેના દ્વારા જીવનનું રૂપાંતર કરવું હશે તો પછી આપણે જે રીતનું જીવન જીવીએ છીએ તે રીતના જીવન દ્વારા જ તે કરવાનું રહે છે. અને શ્રી અરવિંદના આશ્રમની ખાસ વિશેષતા તે કદાચ આ જ છે.

('કુલપતિ પત્રો' સ્વાતંત્ર્ય પૂર્તિ) તમારો

દક્ષિણા : નવે. ૧૯૫૨ ક. મા. મુનશી

# ઋષિના આશ્રમમાં

**ડૉ. સી. આર. રેડ્ડી ***

**[ઈ. સ. ૧૯૪૮ના ડિસેમ્બરમાં શ્રી અરવિંદને આંધ્ર યુનિવર્સિટી તરફથી રાષ્ટ્રિય પારિતોષિક આપવા ડૉ. રેડ્ડી આશ્રમમાં આવેલા. એ મુલાકાતમાંથી આ લેખ જન્મ્યો છે.]**

**કોઈ એક મહા** પ્રબળ શક્તિ, અણધાર્યા બનાવો મારફતે મને ગયા ડિસેમ્બરમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજી પાસે ખેંચી ગઈ. તેમના આશ્રમમાં મેં થોડા દિવસ ગાળ્યા. એ સમયે જાણે કે કોઈ દિવ્ય વાતાવરણમાં હું હતો. સંભવે છે કે એટલા વખત પૂરતું તો હું મારી જાતને જ લગભગ ભૂલી ગયો હોઉં. કોઈક ઊર્ધ્વ વસ્તુએ મને જાણે કે પોતાની પકડમાં લઈ લીધો હતો. હું ત્યાંથી નીકળ્યો, પરંતુ એ સ્થાન છોડવા માટે મારા પગ ઊપડતા ન હતા. આશ્રમમાં મારું અદ્ભુત સ્વાગત મેં જોયું. એવા સ્વાગત માટે હું લેશ પણ પાત્ર ન હતો. એની પાછળ તો શ્રી અરવિંદની નિષ્કારણ કરુણા જ કામ કરતી હતી, શ્રી માતાજીની અવર્ણનીય પ્રેમળતાએ જ મને એ પાત્રતા આપી હતી. આજે એ બધા પ્રસંગો ખૂબ જ આનંદપૂર્વક મારા સ્મરણમાં ફરી ફરીને જાગે છે.

અત્યારે હું આધ્યાત્મિકતાનો વિષય ચર્ચવા નથી ઇચ્છતો. આ લેખમાં હું શ્રી અરવિંદના આશ્રમનું જે સ્વરૂપ આપણને નજરે પડે છે, અને તેનું જે રહસ્ય છે તે વિષે લખવા ઇચ્છું છું, અને એમાંથી મારા મનમાં જે વિચારો પ્રગટ્યા તે જણાવવા માગું છું. આ આશ્રમ કેવળ હિંદુઓ માટે જ નહિ, પરંતુ સારી યે માનવજાતિને માટે ઘણું મહત્ત્વ ધરાવે છે. શ્રી અરવિંદના તત્ત્વદર્શનમાં તથા સાધનામાં 'હિંદુ' કહેવાય તેવું કશું ખાસ નથી. આત્મા કંઈ હિંદુ નથી, પ્રભુ કાંઈ હિંદુ નથી. આત્મા, પ્રભુ એ તો વિશ્વવ્યાપી સર્વસામાન્ય તત્ત્વો છે. જગતમાં ઉત્પન્ન થયેલા ધર્મોમાંથી હરેકનું મૂળ સ્થલમાં અને કાળમાં આવેલી કોઈ એક ખાસ ઉચ્ચ ભૂમિકામાં આપણે શોધી શકીએ છીએ. પરંતુ ગંગા અને ગંગા જેવી અન્ય પુનિત સરિતાઓ છેવટે તો શાશ્વતતાના એક જ સાગરમાં જઈ ભળે છે.

---

* વાઇસ ચાન્સેલર, આંધ્ર યુનિવર્સિટી

શ્રી અરવિંદાશ્રમની સાધના અને તત્ત્વદર્શનનાં મૂળ ઠેઠ વૈદિક સંસ્કૃતિના ઉચ્ચ ગૂઢ પ્રદેશમાં આવી રહેલાં છે. પરંતુ જગતમાં ઈશ્વર તેમ જ માનવ સર્વત્ર એક જ છે, આત્મપ્રદેશનાં સત્યો સ્થલ, કાલ તેમ જ શરીર કે જાતિની મર્યાદાઓથી ઉપર જ રહેલાં હોય છે. એ સત્યો આખા જગતને સદાને માટે લાગુ પડતાં હોય છે.

આશ્રમની અંદર અનેક પુનિત સ્ત્રી પુરુષો આવીને રહેલાં છે. તેઓ જન્મે જુદા જુદા ધર્મનાં છે. એમાં હિંદુઓની સંખ્યા સૌથી વધુ હોય એ સ્વાભાવિક છે. હિંદુઓને આધ્યાત્મિક સંસ્કારો વારસામાં જ મળેલા હોય છે, તેમ જ આશ્રમ હિંદુઓના દેશની અંદર જ રહેલો છે એટલે આમ બનવું તદ્દન સ્વાભાવિક છે. હિંદુઓ ઉપરાંત આશ્રમમાં ખ્રિસ્તીઓ, પારસીઓ, મુસ્લિમો અને બીજા ધર્મોના અનુયાયીઓ પણ છે. પરંતુ આ બધાંનું જીવન અને જીવનભાવના હવે એકરસ જ બની ગયાં છે. એટલે આશ્રમમાં મૂર્ત થયેલી જીવનભાવના એ આખા જગતની ભાવના થઈ શકે તેવી છે. એ જીવનભાવના બુદ્ધિને જાકારો આપતી નથી. આશ્રમના સાધકોએ પોતાના વિકાસ માટે, તેમજ જીવનના સાફલ્ય માટે અહીં એક સાધના સ્વીકારી છે, અને એ સાધનામાં તેઓ સંપૂર્ણ સમાન રીતે ભાગ લઈ રહ્યાં છે. એ સાધના સર્વને એક એકતામાં બાંધી રહી છે. એ એકતા સંવાદમાંથી જન્મેલી છે, કોઈ યાંત્રિક એકરૂપતામાંથી યા તો એકવિધતામાંથી તે ઊભી થયેલી નથી અને એટલે જ આ સાધનામાંથી જાણે કે કોઈ દિવ્ય સંગીતનો એક મહા પ્રવાહ ઊભરાઈ રહ્યો છે.

શ્રી અરવિંદના આશ્રમનું સ્વરૂપ હજી સર્વ લોકો સમજી શકયા નથી. એ એક ખેદકારક બીના છે. જ્યાં સમજનો જ અભાવ હોય છે ત્યાં પછી કદરનો તો પ્રશ્ન જ રહેતો નથી. શ્રી અરવિંદના આશ્રમની કેટલાક લોકો ટીકા કરી રહ્યા છે, પરંતુ મારા મતે, તેઓ આ આશ્રમને સમજી શકયા નથી અને માટે જ તેની કદર પણ કરી શકતા નથી.

આ ગેરસમજૂતીના મૂળમાં એક ખ્યાલ એ રહેલો છે કે શ્રી અરવિંદ સંન્યાસી છે, તેમણે જગતનો ત્યાગ કરી દીધેલો છે અને હવે તેમાં પાછા ફરવાનો તેમણે અધિકાર ગુમાવી દીધો છે. આ રીતની વિચારસરણીમાં સંન્યાસી અને ઋષિ વચ્ચેના તફાવતનું અજ્ઞાન રહેલું છે. આ ટીકાકારો જે વસ્તુ કહે છે તે કોઈ સંન્યાસીને ભલે લાગુ પડતી હોય પરંતુ શ્રી અરવિંદને તો તે નથી જ લાગુ પડતી. શ્રી અરવિંદ કોઈ સંન્યાસી નથી, ઋષિ છે.

જેમના હૃદયમાં કરુણા ભરેલી છે તેવા મનુષ્યો જગતનો સદંતર અને સંપૂર્ણ ત્યાગ નથી કરી શકતા. પૂર્ણ જ્ઞાનની સાથે કે શકિતની સાથે મેળ ન ખાય તેવી અમુક અમુક વસ્તુઓને તેઓ તજી દેતા હશે પરંતુ આ દુઃખી, રિબાતી, પડતી આખડતી દુનિયાને તેઓ તરછોડી શકતા નથી. તે દુનિયા તરફ તેઓ પોતાનો આશ્વાસક હાથ હમેશાં પસારે છે. કોમળ હૃદયના આ દયાળુ અને સમર્થ આત્માઓ માનવ પ્રાણીના જીવન તરફ ઉદાસીન રહી શકતા નથી. એક સંન્યાસી એમ માની શકે છે કે વ્યકિતએ ચિંતામાંથી મુક્ત થવું હોય તો તેણે બીજા મનુષ્યો વિષેની તમામ ચિંતાનો ત્યાગ કરી દેવો જોઈએ. પરંતુ કોઈ ઋષિ કે કોઈ બોધિસત્ત્વ એવો ભાવ સેવી શકતો નથી. પોંડિચેરી આશ્રમમાંનાં શ્રી માતાજી કે શ્રી અરવિંદના હૃદયમાં પણ એવા ભાવને સ્થાન નથી. બોધિસત્ત્વે નિર્વાણમાં પ્રવેશ કરવાનો હશે તો પણ તે જગતને માટેનું કરુણાકાર્ય પૂરું કર્યા પછી જ કરી શકાશે. અને તેથી જ આપણાં આ ઉભય જગદુદ્ધારકોમાં આ ત્રણ પરમ તત્ત્વો—જ્ઞાન, શકિત અને કરુણા આવી રહેલાં છે. એટલા માટે જ તેઓ આપણી વચ્ચે આવીને વસ્યાં છે, અને આપણે માટે કાર્ય કરી રહેલાં છે. તેઓ આ કઠોર પૃથ્વીને સ્વર્ગમાં આરોહણ કરવાના એક સોપાન તરીકે જુએ છે. જગત અને સ્વર્ગ તો એકબીજાથી તદ્દન ઊલટી જ, કદી ન મેળ ખાય તેવી વસ્તુઓ છે. માટે જગતને તો તિરસ્કારપૂર્વક તજી દેવું જ જોઈએ એ દૃષ્ટિ તેઓ સ્વીકારતાં નથી.

સંન્યાસ એ વૈદિક સંસ્કૃતિનું અંગ નથી. વસ્ત્ર અને જગતનો ત્યાગ કરી નીકળી પડતો સંન્યાસી એ આર્ય સંસ્કૃતિનો પ્રતીક નથી. જગતનો ત્યાગ કરવાની ભાવના આપણી સંસ્કૃતિમાં પાછળથી પ્રવેશેલી છે. આપણી પ્રજાએ શક્તિ ગુમાવવા માંડી હશે, આપણી પ્રજાને પરાજયો, નિરાશા અને નિરુત્સાહના ભોગ થવું પડયું હશે તે કાળમાં જ તે કદાચ અસ્તિત્વમાં આવી હશે. આપણા ઋષિઓ સંન્યાસી ન હતા. ઋષિઓ હતા દ્રષ્ટાઓ. તેમને વિશ્વનાં શાશ્વત, સ્વયંભૂ સત્યોનુ દર્શન લાધ્યું હતું. દેવોના કરતાં પણ કોઈ ઊર્ધ્વ લોકનાં એ સત્યો હતાં. એ સત્યો તેમના અનુભવમાં પ્રત્યક્ષ થયાં હતાં અને એ સત્યોને તેમણે બીજાઓને દર્શાવ્યાં હતાં. ઋષિઓ પોતાની આધ્યાત્મિક સાધના દ્વારા તે જ્ઞાનની ખોજ આદરતા હતા, અને જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. એ જ્ઞાન સાથે તેમને શકિત પણ આવી મળતી હતી. આ સાધના એક નૈસર્ગિક પ્રક્રિયા હતી. એ કોઈ જાદુની લકડી ન હતી. જ્ઞાન એટલે કે શકિત. આ વાત જેટલી ભૌતિક જ્ઞાનને લાગુ પડે છે તેટલી જ આધ્યાત્મિક જ્ઞાનને પણ લાગુ પડે

છે. આ ઋષિઓ જગતની અંદર જ રહેતા હતા, જગતને ખાતર જીવતા હતા. તેઓ અરણ્યોમાં અને એકાંત સ્થાનોમાં નિવૃત્ત રીતે રહેતા હતા પરંતુ નિવૃત્તિ એ કંઈ ત્યાગ નથી. ઋષિઓ અરણ્યોમાં રહેતા હતા છતાં તેમની આસપાસ લોકોનાં સંસ્થાનો ઊભાં થતાં હતાં. તેમાં માત્ર પુરુષો જ નહિ પણ સ્ત્રીઓ પણ નિવાસ કરતી હતી. એ ઋષિઓનાં તપોવનોમાં સુંદરમાં સુંદર પુષ્પો વિકસતાં હતાં અને સુંદરમાં સુંદર શકુન્તલાઓ ઊછરતી હતી. તેઓ પોતાના સમયના રાજકારણમાં ભાગ લેતા હતા અને તે ક્ષેત્રમાં પણ ઘણી વાર તેઓ અગ્રસ્થાને વિરાજતા હતા. વશિષ્ઠ ઋષિ સૂર્યવંશી રાજાઓના ગુરુ હતા, તેમના માર્ગદર્શક હતા. વિશ્વામિત્રે પોતાના કાળમાં કંઈ થોડા ઉપદ્રવો નહોતા મચાવ્યા. એ ઋષિઓ પાસે આધ્યાત્મિક જ્ઞાન અને શક્તિની સિદ્ધિઓ હતી, પરંતુ તેનો ઉપયોગ આધ્યાત્મિકતાનાં કોઈ અગમ્ય શિખરો પર પહોંચીને એકલા આનંદ લૂંટવા માટે તેઓ નહોતા કરતા. તેમની સાધના તે કૈવલ્ય કે નિર્વાણની પ્રાપ્તિ માટે જ ન હતી. તેઓ સિદ્ધ બનીને પણ આપણી અંદર અને આપણે ખાતર જીવન વ્યતીત કરતા હતા. આપણને જીવન સુધારણામાં તેઓ સહાય કરતા હતા અને આપણે જો બહુ જડતા કે મૂર્ખતા દાખવતા તો આપણને સજા પણ કરતા હતા. તેમનો આદર્શ બુદ્ધનો નહિ પણ બોધિસત્ત્વનો હતો. વશિષ્ઠ અને વિશ્વામિત્રના, ભૃગુ અને અંગિરસના પ્રાચીન આશ્રમોમાં જીવન ઊભરાતું હતું. એ જીવન આ દુનિયાનું હતું છતાં દુન્યવી ન હતું. એ જીવન પૃથ્વી ઉપરનું હતું છતાં તે અપાર્થિવ હતું. એ જીવન માનવજાતિના કલ્યાણને માટેનું જીવન હતું, સ્વર્ગના તેજોમય દેવતાઓની કોટિએ માનવતાને પહોંચાડવા માટેનું એ જીવન હતું. એ ઋષિઓ શિષ્યોને સ્વીકારતા હતા, અને જેના જેનામાં કંઈ ગુણવત્તા હોય તેને તેને તેઓ પોતાના આશ્રમમાં લેતા હતા. જાબાલિ એ અજ્ઞાત પિતાથી જન્મેલો અકુલીન બાળક હતો પરંતુ તે સત્યકામ હતો, તે સત્યનો પ્રેમી હતો અને તેથી તેને વિપ્ર તરીકે સ્વીકારવામાં આવ્યો હતો.

આ આશ્રમોમાંનું શિક્ષણ પણ માત્ર આધ્યાત્મિક શાસ્ત્ર કે ગુહ્ય વિદ્યા પૂરતું જ ન હતું. શિષ્યોએ કેવળ યજ્ઞને માટે જ નહિ પણ રસોડાને માટે પણ લાકડાં લાવવાનાં રહેતાં. પૂજાને માટે તેઓ પુષ્પો વીણી લાવતા. ધનુર્વિદ્યા તેમ જ યુદ્ધવિદ્યાનું શિક્ષણ આ આશ્રમોમાં અપાતું. વિશ્વામિત્રે રામ અને લક્ષ્મણને મહા સમર્થ અસ્ત્રોની વિદ્યા શીખવી હતી. અગ્નિવાસ એ દ્રોણના ગુરુ હતા. અને એ બ્રાહ્મણગુરુએ કૌરવો અને પાંડવોને અસ્ત્રવિદ્યા શીખવી હતી અને છતાં તેમનું બ્રાહ્મણત્વ કંઈ લોપાયું ન હતું. એ બ્રાહ્મણ ગુરુઓ

ક્ષત્રિયોને યુદ્ધની અને અસ્ત્રશસ્ત્રની તાલીમ આપતા હતા. એવી રીતે ક્ષત્રિયોને વિદ્યાર્થી સજજ કરીને તેઓ અસુરોનાં આક્રમણો સામે આપણા ધર્મની રક્ષા કરતા હતા. ધર્મને ખાતર યુદ્ધ કરવાથી આપણું નૈતિક યા તો આધ્યાત્મિક પતન થાય છે એમ ત્યારે માનવામાં નહોતું આવતું. પૃથ્વી ઉપર જયારે દેવો અવતાર લેતા ત્યારે તેઓ અસુરોના લોહીની સરિતાઓ વહેવડાવતા હતા અને તે નદીને પાર કરી તેઓ વિજયની સ્થાપના કરતા હતા. અને અવતારના એ કાર્ય માટે માનવજાતિ સદાકાળ કૃતજ્ઞ રહેતી અને તેમની ભક્તિ કરતી.

આપણી આર્ય સંસ્કૃતિને તેના ઉત્તમોત્તમ અને વિશુદ્ધ રૂપમાં જોઈશું તો જણાશે કે તેમાં લેશ પણ નિર્બળતાનું તત્ત્વ ન હતું. હિંદના જીવનમાં અવનતિના કેટલા ય સૈકા બાદ શ્રી અરવિંદે વેદકાળની સાચી જીવનભાવનાને તેમ જ શુદ્ધ સાધનાને પૃથ્વી ઉપર પાછી સ્થાપિત કરવાનો પ્રયત્ન આદર્યો છે અને એ માટે તેમનું નામ સદા યે ચિરંજીવ રહેશે.

* * *

એક રીતે જોઈએ તો શ્રી અરવિંદનું તત્ત્વજ્ઞાન કેવલ વાસ્તવપ્રધાન છે. એ તત્ત્વજ્ઞાન તત્ત્વની ઉચ્ચમાં ઉચ્ચ ભૂમિકાએ વિચરે છે ત્યારે પણ તેના પાયામાં હકીકતો, અનુભવો, અંગત સાક્ષાત્કારો તેમ જ ઋષિને પ્રાપ્ત થતાં હોય તેવાં ક્રાન્ત દર્શનો રહેલાં હોય છે. એ તત્ત્વદર્શન જાણે કે એક તેજોમય મેઘનો સ્તંભ હોય તેમ વ્યોમ તરફ ચઢે છે. પરંતુ એ મેઘનું ઉત્થાન પૃથ્વીમાંથી થયેલું છે અને સાધનાની પાંખો ઉપર તે ઊંચે ચડતું હોય છે.

સામાન્ય રીતે વેદનો અર્થ અત્યાર સુધી બે રીતે ઘટાવાતો આવ્યો છે, એક ક્રિયાકાંડની રીતે અને બીજો નિસર્ગવાદ રીતે. ક્રિયાકાંડની દૃષ્ટિ મુજબ મંત્રો દ્વારા યજ્ઞ અને બીજાં કર્મકાંડો કરવાથી દેવો પાસેથી આપણે જોઈતી વસ્તુઓ, પશુ, અશ્વો તેમ જ બીજાં સ્થૂલ વરદાનો મેળવી શકીએ છીએ. નિસર્ગવાદની દૃષ્ટિ વેદની ઉષા, વૃત્ર, ઈન્દ્ર, અગ્નિ, અશ્વિનૌ અને બીજાં દેવદેવીઓમાં પ્રકૃતિનાં તત્ત્વોનું રૂપક જુએ છે.

આ ઉપરાંત વેદનો અર્થ એક ત્રીજી દૃષ્ટિએ પણ ઘટાવાયો છે. એ છે અધ્યાત્મ દૃષ્ટિ અને એ દૃષ્ટિ આપનાર છે શ્રી અરવિંદ. તેઓ કહે છે કે

વેદના મંત્રોમાં ઘણાં જ નક્કર અને ઉત્તમ આધ્યાત્મિક સત્યો રહેલાં છે. ઋષિઓ યજ્ઞ કરીને ઈન્દ્ર પાસે જે 'ગૌ' અને અશ્વ'ની યાચના કરતા હતા તે કંઈ આ સ્થૂલ ગાયો ઘોડા મેળવવા માટે ન હતું. વેદનો આ મહા ડુંગર ખોદીને આમાંથી આટલો નાનકડો ઉંદર જ કાઢવાનો ન હોય. એટલે 'ગૌ અને 'અશ્વ'નો અર્થ આ કરતાં પણ ઘણો વધારે ગહન હોવો જોઈએ. માનવના જીવન માટે, માનવના વિકાસ માટે કોક વધુ મહાન, વધુ ઉચ્ચ રહસ્ય તેમાં હોવું જોઈએ. અને શ્રી અરવિંદ આશ્ચર્ય પમાડે તેવી સ્પષ્ટ અને તર્કબદ્ધ રીતે (અને શ્રી અરવિંદની આધ્યાત્મિકતા તર્કથી કદી પણ વિખૂટી પડતી નથી) સિદ્ધ કરી આપે છે કે 'ગૌ'નો અર્થ પ્રકાશ, સૂર્યમાંથી આવતાં કિરણો થાય છે અને 'અશ્વ'નો અર્થ ઘોડો નહિ પણ શક્તિ થાય છે. અને આપણા આ ઋષિઓ શા માટે પ્રકાશ અને શક્તિ માગતા હતા? પોતાને માટે તેમ જ જગતને માટે. એ પ્રકાશ અને શક્તિ દ્વારા, અધ્યાત્મ સિદ્ધિમાંથી મળતી સર્વજ્ઞતા અને સર્વશક્તિમત્તા દ્વારા તેઓ પોતાની સાધના આગળ વધારતા, દેવત્વને પ્રાપ્ત કરવા મથતા અને સાથેસાથે પોતાની સિદ્ધિઓ જગતને પણ આપતા.

આ છે શ્રી અરવિંદના જીવનદર્શન પાછળની ભૂમિકા. તેમના આશ્રમની અંદર જીવન અને જીવનનો આનંદ તેમ જ આધ્યાત્મિકતા અને આધ્યાત્મિક પ્રગતિનો મહા સુભગ મેળ મળેલો છે. એની પાછળ કઈ વસ્તુ રહેલી છે તે હવે આપણે કંઈક અંશે સમજી શકીશું. શ્રી અરવિંદે ભારતની ઋષિ–સંસ્કૃતિ સાથે આપણું અનુસંધાન કરી આપ્યું છે. વેદકાળના આ આશ્રમને વેદોમાંથી બહાર કાઢીને તેમણે પોંડિચેરીમાં આજે સ્થાપી આપ્યો છે.

અને શ્રી માતાજી: તેઓ છે આશ્રમનું મધ્યવર્તી કેન્દ્ર, સાધકોના મહા-ગુરુ, જીવનની મહા પ્રેરણા. આમ અહીં આપણને પુરુષ અને પ્રકૃતિનું રૂપક પ્રત્યક્ષ મૂર્ત બનેલું જોવા મળે છે. તેઓ સર્વને પ્રાણ પ્રકાશ અને આનંદનું દાન કરી રહ્યાં છે.

સવારના પહોરમાં આશ્રમવાસીઓ આશ્રમની પાછળના માર્ગ ઉપર ભેગા થાય છે. એ રસ્તા ઉપર શ્રી માતાજીના મેડાનો એક ઝરૂખો આવેલો છે. શ્રી માતાજી એ ઝરૂખામાં આવીને રોજ સવારે દર્શન આપે છે. ક્ષણેક સ્થિર ઊભાં રહી તેઓ સાધકો ઉપર દૃષ્ટિપાત કરતાં કરતાં એકાદ બે ડગલાં ભરે છે. તેમના મુખ ઉપર સ્મિત હોય છે, પ્રફુલ્લતા હોય છે, તેમનામાંથી એક દિવ્ય પ્રકાશ વિસ્તરતો દેખાય છે, જાણે કે મૂર્તિમંત ઉષા જોઈ લો. જો કોઈ એમ માનતું

હોય કે દિવ્ય ચેતનાવાળી વ્યકિતએ તો એક ત્યાગીના જેવી નિઃસ્પૃહ તટસ્થતા ધારણ કરવી જોઈએ, આધ્યાત્મિક વ્યકિતના મુખ ઉપર તો એક સનાતન શુષ્કતા જ હોવી જોઈએ તો એ માણસ શ્રી માતાજીને જોઈ નિરાશ થશે. શ્રી માતાજી એ કોઈ વૈરાગી નથી. તેઓ તો ટેનિસ પણ રમે છે! દેવો હમેશાં પ્રસન્ન અને પ્રફુલ્લ હોય છે. સવારના આ દર્શન પ્રસંગે સ્ત્રીઓ, પુરુષો અને બાળકોનો જાણે એક મોટો મેળો ભરાય છે. દરેકનાં હૃદય ભકિતથી સભર હોય છે. દરેક મુખ ઉપર, વાતચીતમાં તેમ જ હલનચલનમાં પ્રસન્નતા, પ્રેમભાવ, આનંદ હોય છે. અહીં કયાં ય ઉદાસીનતાને, શુષ્કતાને સ્થાન નથી. અહીં તો અંધારાં ઉજાળતી ઉષા વિરાજે છે.

થોડા કલાકો પછી શ્રી માતાજી આશ્રમની અંદર સાધકોને મળે છે. એક ઊંચા આસન ઉપર તેઓ બેઠેલાં હોય છે. તેની બાજુમાં ફળફૂલના નાનામોટા કંડિયા પડેલા હોય છે. રંગ અને સુગંધ ત્યાં છલકી રહ્યાં હોય છે. સ્રીઓ, પુરુષો, બાળકો અત્યંત આદર, ભકિત અને આનંદપૂર્વક તેમના સામીપ્યમાં એક પછી એક પહોંચે છે, તેમને વંદન કરે છે. શ્રી માતાજી તેમને આશીર્વાદ આપે છે, પુષ્પ આપે છે. આ આશીર્વાદ સમાપ્ત થયા પછી સાધકો વીખરાઈ જાય છે. લોકો પોતપોતાની મિત્રમંડળીમાં હળેમળે છે, નાની મોટી સાધનાની અને જગતની વાતો કરે છે. જેને રુચિ હોય તે પોતાના નિવાસમાં ચાલ્યા જાય છે, એકાંતમાં બેસી ધ્યાન કરે છે, સાધના ખીલવે છે. સાધના એટલે કે સાક્ષાત્કારનો, અનુભૂતિનો માર્ગ, જીવનના પરમ રહસ્યને જોવાની, સમજવાની, દ્રષ્ટા બનવાની ક્રિયા. આ આશ્રમ એ કોઈ શુષ્ક મરુભૂમિ નથી. સામાન્ય જગત કરતાં આ એક જુદું જ જગત છે, અને છતાં તે જગતની અંદર આવી રહેલું છે અને જગતને અર્થે સક્રિય બનેલું છે. આ છે જાણે આપણા ઋષિઓનો આશ્રમ. સંસ્થાનાં માણસો મોટે ભાગે સામાન્ય રસોડે ભોજન લે છે. આધ્યાત્મિકતાના વિકાસ માટે ઉપવાસ કરવા કે ભૂખમરો વેઠવો એ અહીં અનિવાર્ય ગણાતું નથી. આશ્રમનો ખોરાક સાદો છે. આશ્રમની સાધિકાઓ રસોડામાં રાંધે છે. ખોરાકમાં પૂરતાં પોષક તત્ત્વો છે. સ્વચ્છતા તો અહીં આદર્શ કોટિની છે. રસોડામાં રાંધવાની ક્રિયા એ પણ સાધિકાઓને માટે આત્મવિકાસનું એક અંગ બની રહે છે.

આશ્રમમાં એક ગૌશાળા છે. કેટલાંક સરસ પશુઓ મને ત્યાં જોવા મળ્યાં. આશ્રમને જોઈતું દૂધ ત્યાંથી મળી રહે છે. આશ્રમમાં બગીચાઓ છે, શાકભાજીની વાડીઓ પણ છે, અને એવી વાડીઓ મેં કયાંય જોઈ નથી.

આશ્રમમાં એક બેકરી છે અને ખૂબ જ પુષ્ટિકારક બ્રેડ તેમાં બને છે. એક ધોબીખાતું અને નાનકડી સાબુની ફેક્ટરી પણ છે.

આશ્રમમાં બૌદ્ધિક તાલીમની પણ ઉત્તમ વ્યવસ્થા છે. છેલ્લામાં છેલ્લા ઢબનાં મોનોટાઈપ અને બીજાં યંત્રોથી સજ્જ એવું ઉત્તમ દરજ્જાનું પ્રિન્ટિંગ પ્રેસ પણ છે. વાંચન માટે જોઈએ તેટલી સામગ્રી અહીં પડી છે. એક ઘણી સુંદર લાયબ્રેરી છે અને અનેક સામયિકો અહીં આવે છે.

પોષાકમાં અને વર્તનમાં અણઘડતા દાખવવી, પોતાના વ્યવહારમાં અસંસ્કારિતા અને જંગલીપણું બતાવવાં એને અહીં આધ્યાત્મિક પૂર્ણતા માટેનાં કલાત્મક સાધનો ગણવામાં નથી આવતાં. મહાકવિ કાલિદાસ કહી ગયા છે કે 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'. અને તદનુસાર સાધકો સુઘડ અને સ્વચ્છ, સાદો અને સુશોભિત પોષાક પહેરે છે. આશ્રમમાં એક અતિથિગૃહ છે, અને ત્યાં પાશ્ચાત્ય ઢબનાં સુખ સગવડનાં સાધનો મળી રહે છે. આમાં તો આધ્યાત્મિકતાનો તેમ જ રાષ્ટ્રીયતાનો બેવડો ભંગ થઈ રહ્યો છે એમ નહિ ગણાય એવી આશા રાખું છું.

મને સૌથી વધુ આકર્ષક વસ્તુઓ આશ્રમની શિક્ષણ સંસ્થાઓ દેખાઈ. એમાં શક્તિ અને આનંદની આપણી પ્રાચીન ભાવનાને મેં મૂર્ત બનેલી જોઈ. શ્રી માતાજીએ આશ્રમની શાળાનાં વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓની રમતગમતો અને અંગકસરતોનો એક કાર્યક્રમ યોજ્યો. મને થયું, 'આપણા દેશની બધી જ શાળાઓ જો આના જેવી હોય તો પછી આપણે અંદરના કે બહારના શત્રુઓથી લેશ પણ બીવાનું ન રહે.' વિદ્યાર્થીઓની કવાયત ઉત્તમ પ્રકારની હતી. કસરતો કુશળતાથી થતી હતી એટલું જ નહિ, આનંદપૂર્વક પણ થતી હતી. છોકરીઓએ પાટલૂન અને તંગ ખમીસો પહેર્યાં હતાં. ગુલાંટો જેવી જોખમકારક કસરતો પણ તે કરતી હતી. એ કસરતોમાં જાનનું તો નહિ, પણ એકાદ અંગ તૂટી જવાનું જોખમ તો હતું જ, છતાં યે છોકરીઓ શાંતિથી, સ્વસ્થતાથી, નિશ્ચયપૂર્વક આગળ વધતી હતી. તેમના મોં ઉપર પ્રસન્નતાની, આત્મવિશ્વાસની છાયા રમતી હતી અને એક પણ ભૂલચૂક વિના, એક પણ નિષ્ફળતા વિના તેમણે પોતાના બધા દાવ પૂરા કર્યા. આપણા વૈરાગી ટીકાકારોને આ જોઈને કદાચ આઘાત થશે કે માધુર્ય અને કોમળતાની મૂર્તિ જેવાં શ્રી માતાજીએ આપણી આ છોકરીઓમાંથી નરી હિડિમ્બાઓનું જ એક લશ્કર કેમ ઊભું કરી દીધું! પરંતુ આમ સજ્જ થયેલી છોકરીઓમાં પણ તેમનું સ્ત્રીસહજ માધુર્ય અને સૌન્દર્ય જળવાઈ રહ્યાં હતાં. શ્રી માતાજીએ મને કહેલું કે કલકત્તામાં જે ખૂનરેજી ચાલેલી અને આપણાં

અસહાય બાળકો અને સ્ત્રીઓ ઉપર જે પાશવ અત્યાચારો થયેલા તે જોઈને તેમને આશ્રમનાં બાળક–બાળકીઓને પોતાનું આત્મ–રક્ષણ કરી શકે તેવી તાલીમ આપવાનો વિચાર સ્ફુરેલો. આમ આશ્રમની આ પ્રવૃત્તિના પાયામાં વેદની એ મહાન ભાવના રહેલી જોવામાં આવશે. સબળ શરીર વિના સબળ આત્મા સંભવી શકતો નથી. આ સબળ આત્માએ ભયમાં અડગ રહેવાનું છે અને દુર્બળ અને અસહાયની રક્ષાનું મહા કાર્ય કરવાનું છે, સર્વ ધર્મના પાયામાં રહેલો મૂળ સિદ્ધાંત તે આ છે.

શ્રી અરવિંદને વિષે બીજો એક પ્રશ્ન આ કરવામાં આવે છે કે જો આમ છે તો પછી તેઓ જગતથી દૂર કેમ રહે છે? તેઓ બહાર આવી ઠેકાણે ઠેકાણે હરતા ફરતા કેમ નથી? એમના જેવો ક્રાન્તદર્શી અને સમર્થ નેતા આપણી પાસે બીજો કોઈ પણ નથી. આ પ્રશ્નનો જવાબ એ છે કે શ્રી અરવિંદ પોંડિચેરીમાં એકાંતવાસમાં રહે છે એમાં ખોટું શું છે? આધ્યાત્મિક સાધના માટે એકાગ્ર ધ્યાન અને તપ માટે સાચું વાતાવરણ મેળવવું જરૂરી હોય છે અને એ માટે યોગીઓ ઘણી વખત તપોવનની અંદર નિવૃત્તિ લે છે. ધાર્મિક નેતાઓએ ઘણી વાર જોયું છે કે પોતાની માનસિક અને આધ્યાત્મિક શક્તિના વિકાસ માટે એકાંતવાસ તેમને ઘણો જ ઉપયોગી નીવડેલો છે. જગતની પ્રગતિને માટે કાર્ય કરી રહેલા આ ઋષિએ લક્ષ્યને સિદ્ધ કરવાનાં સાધનો મેળવવા માટે જો પોતાનો સમય અને શક્તિ ખરચી રહ્યા હોય તો પછી તેમનો દોષ કાઢવાનો આપણને શો હક્ક છે? આવી રીતનો પ્રશ્ન કરવો એનો અર્થ એ થાય છે કે આવા યોગીઓએ કઈ રીતે કામ કરવું જોઈએ તે વિષે એ યોગી કરતાં આપણે વધુ જ્ઞાન ધરાવીએ છીએ. અને આપણા એ જ્ઞાન મુજબ યોગીએ કામ કરવું જોઈએ. હું માનું છું કે આવી માન્યતાની પાછળ કોઈ ધૃષ્ટતા તો નહિ પણ માત્ર અજ્ઞાન જ રહેલું છે. શ્રી અરવિંદે કઈ રીતે પોતાનું મહા ધ્યેય પાર પાડવું અને તે માટેનાં જરૂરી જ્ઞાન અને શક્તિ કઈ રીતે મેળવવાં એ વસ્તુનો નિર્ણય તેમના ઉપર જ છોડી દેવો એ શું બહેતર નથી? આ મહાયોગીએ કઈ નિશાળમાં ભણવા જવું અને કયા પાઠ તૈયાર કરવા એ સૂચવવા જેટલી શક્તિ મારામાં તો નથી જ એ મારે કબૂલવું પડશે.

પ્રાચીન વૈદિક આશ્રમના આ અર્વાચીન અવતાર રૂપ આશ્રમમાં મેં ચાર દિવસ ગાળ્યા અને મદ્રાસ જવા માટે મેં પોંડિચેરીથી વિદાય લીધી. પણ એ વિદાય શું મેં લીધી હતી કે ફક્ત મારું શરીર જ વિદાય લઈ રહ્યું હતું?

---

આંધ્ર વિદ્યાપીઠ તરફથી ડિસેમ્બર ૧૧, ૧૯૪૮એ શ્રી અરવિંદને આપવામાં આવેલા સર કટ્ટમંચી રામલિંગ રાષ્ટ્રીય પારિતોષિકના અર્પણ પ્રસંગે શ્રી. સી. આર. રેડ્ડીનું વ્યાખ્યાન અને તે પ્રસંગે શ્રી અરવિંદનો સંદેશ

# દિવ્ય જીવનનો પયગંબર

## ડૉ. સી. આર. રેડ્ડી

શ્રી કુલપતિજી,

આ 'રાષ્ટ્રીય પારિતોષિક'ની સ્થાપના પાછળ આપણું લક્ષ્ય આ પ્રમાણે રહ્યું છે. વર્તમાન હિંદની પ્રેરણાદાયક વિભૂતિઓ સાથે, જેઓ ઈતિહાસને સરજી રહી છે, અને જે જગતના તિમિરમાં માર્ગ બતાવતી ધ્રુવ જ્યોતિઓ તરીકે ઈતિહાસમાં ચિરંજીવ રહેવાની છે એવી વિભૂતિઓ સાથે, આપણી યુનિવર્સિટીના સભ્યો સંપર્કમાં આવે એ આપણી ભાવના છે. જો એમ હોય તો તો શ્રી અરવિંદે આપણો અર્ઘ્ય સ્વીકારવાની જે કૃપા કરી છે તે ઘટનામાં આપણી ભાવનાની ઉત્તમોત્તમ સિદ્ધિ આપણને આજે જ મળી ચૂકી છે એમ કહેવું પડશે. આ પારિતોષિક શ્રી અરવિંદને આપણે ઈનાયત નથી કરતા, એમનાં ચરણોમાં ધરીએ છીએ. શ્રી અરવિંદે માનવ સંસ્કૃતિમાં આપેલા મહાન ફાળા માટે આપણો આ એમને અર્ઘ્ય છે. શ્રી અરવિંદ આ અર્ઘ્ય સ્વીકારે છે એ આંધ્ર યુનિવર્સિટીનું પરમ સૌભાગ્ય છે, એના ઉપર એ મહાન આશીર્વાદ છે.

ભક્તિનમ્ર હૃદયથી હું શ્રી અરવિંદનું સ્વાગત કરું છું. વર્તમાન યુગની તેઓ એક પૂર્ણતમ વિભૂતિ છે. એક રાષ્ટ્રના વીરપુરુષ કરતાં પણ તેઓ કંઈક મહાન છે. સર્વ યુગોમાં, સર્વ પ્રજાઓમાં માનવજાતિના ઉદ્ધારક પુરુષો પ્રગટ થતા રહ્યા છે. આપણે જાણીએ યા ન જાણીએ તો પણ એ પુરુષો પોતાની શાશ્વત ઉપસ્થિતિથી આપણા જીવનને સીંચી રહ્યા છે. એ ઉદ્ધારકોમાં, માનવતાના એ સનાતન પુરુષોમાં શ્રી અરવિંદનું સ્થાન રહેલું છે.

હિંદુ સંસ્કૃતિનો એક અત્યંત ગૌરવવંત અને અમૂલ્ય અંશ છે એની ઋષિ—પરંપરા. એ પરંપરાનો ઊગમ તો અગમ્ય ભૂતકાળમાં ઢંકાઈ ગયેલો છે, પણ તેનો પ્રવાહ હિંદમાં અખંડ ટકી રહ્યો છે, અને શાશ્વતી સાથે તેનો

સંગમ' થશે ત્યાં સુધી એ પ્રવાહ વહેતો રહેવાનો છે. આપણે ત્યાં વેદકાળમાં ઋષિઓ હતા. એ પછી મંત્રદ્રષ્ટાઓની એક પરંપરા આવી ગઈ. માનવતત્ત્વનું ઉત્તમોત્તમ પુષ્પ અને સિદ્ધિ જેવા સિદ્ધાર્થ ગૌતમ હિંદમાં પ્રગટયા, ઉપનિષદ કાળના મુનિઓ, મહાવીર, નાનક, શિવાજીના પ્રેરણાદાતા રામદાસ પ્રગટ થયા. આપણા નજીકના વર્તમાનમાં આપણને દયાનંદ સરસ્વતી મળ્યા, રામકૃષ્ણ પરમહંસ અને રમણ મહર્ષિ મળ્યા, અને છેલ્લે, જેમને આજે આ પારિતોષિકનું સમર્પણ થાય છે તે શ્રી અરવિંદ આપણને મળ્યા.

એક ફ્રેંચ વિદ્વાને શ્રી અરવિંદને આપણા છેલ્લામાં છેલ્લા ઋષિ તરીકે વર્ણવ્યા છે. અને એ સાચું છે. શ્રી અરવિંદ આપણા અર્વાચીન ઋષિ છે. આ મૃત્યુ અને દુઃખની દુનિયામાં માત્ર ઋષિઓનો વંશ જ અમર છે. જગતને માટે તેઓ મહાન આશીર્વાદ રૂપ છે. ખગોળશાસ્ત્રીઓ જેને વ્યોમસાગરનાં પ્રકાશધામો તરીકે વર્ણવે છે તેવા મહા તારકો જેવા આ ઋષિઓ પોતાના **दूरंगमं ज्योतिषां ज्योतिः** ને આ સૃષ્ટિ ઉપર પુનઃ પુનઃ રેલાવતા રહે છે.

શ્રી અરવિંદની પ્રતિભા વિશાળ અને ઉન્નત છે. તેઓ કવિ છે, નાટયકાર છે, તત્ત્વજ્ઞાની છે, વિવેચક છે, વેદોના તથા ગીતાના અર્થદ્રષ્ટા અને ભાષ્યકાર છે, ભારતની બ્રહ્મવિદ્યા અને પુરાણકથાના વાર્તિકકાર છે. અને આ બધા કરતાં પણ તેઓ કંઈક વિશેષ છે. વિશ્વરૂપ પરમાત્મા સાથે પોતાના અદ્વૈતનો સાક્ષાત્કાર પામેલા તે પરમ સંત છે. આત્મતત્ત્વનાં ગહન ઊંડાણોનો તેમણે તાગ લીધો છે અને તેમાંથી પરમ તેજસ્વી અને મૂલ્યવાન રત્નો તે લઈ આવ્યા છે. પરંતુ શ્રી અરવિંદનાં આ વિવિધ પાસાંની પાછળ તે સર્વને સાંકળી લેતી વિચારની, વૃત્તિની તેમ જ લક્ષ્યની એક અંતર્ગત એકતા પણ રહેલી છે. તેમનામાં રહેલો શાશ્વતીનો પ્રકાશ તે બધાં સ્વરૂપો પાછળથી તે દરેકની લાક્ષણિક રીતે ઝળહળી રહ્યો છે.

હું અહીં શ્રી અરવિંદના જીવનચરિત્રનું ક્રમશઃ વર્ણન નહિ આપું. આપણા પ્રોફેસર શ્રી કે. આર. શ્રીનિવાસ આયંગરે તેમની એક ભવ્ય રીતે જીવનકથા લખી છે. એ ગ્રંથ એક ઘણી મધુર અને સમર્થ શૈલીમાં લખાયેલો છે. કશી પણ અતિશયોક્તિ વિના એને અંગ્રેજી સાહિત્યનો એક શકવર્તી ગ્રંથ ગણાય તેમ છે. આપ સૌ એ પુસ્તક વાંચી શકો છો. હું માત્ર થોડાં અંગત સ્મરણો રજૂ કરીશ. એમ કરવા જતાં શ્રી અરવિંદના પ્રકાશમાં ઊભા રહી મારી જાતને પણ સહેજ પ્રકાશમાં લાવવાની ઈચ્છા કે અભિમાન જેવું કંઈ

લાગે તો તે ક્ષમ્ય ગણાશે એવી આશા છે. અમે બંને કેમ્બ્રિજના વિદ્યાર્થીઓ છીએ. જો કે શ્રી અરવિંદ મારા કરતાં ઘણા આગળના વર્ગોમાં હતા. વળી વડોદરા કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ તરીકે એમના પછી આવનાર હું હતો. શ્રી અરવિંદને તેમના પૂર્વાશ્રમમાં ઓળખવાનું માન તો જો કે મને બહુ મળ્યું નથી, પણ અમારા બંનેના ઘણા સમાન મિત્રો હતા. વડોદરા કૉલેજના પ્રિન્સિપાલ મિ. એ. બી. કલાર્કે એક વાર મને કહેલું, 'તમે અરવિંદ ઘોષને ત્યારે મળ્યા ખરા. પણ એમની આંખો તરફ તમારું ધ્યાન ગયેલું ? એ આંખોમાં એક ગુપ્ત અગ્નિ છે, એક અગમ્ય પ્રકાશ છે. વિશ્વપારના દૂરદૂરના પ્રદેશો એ આંખો જોઈ રહી છે.' અને તેમણે ઉમેર્યું, 'જોન ઑફ આર્ક સ્વર્ગના ધ્વનિઓ સાંભળતી હતી, તો શ્રી અરવિંદ સ્વર્ગનાં દૃશ્યો જોઈ રહ્યા છે એમ કહેવું પડશે.' કલાર્ક એક કટ્ટર ભૌતિકવાદી હતા. શ્રી અરવિંદની અંદર રહેલું, તે વખતે તો ગુપ્ત એવું આ સત્ય એમના જેવા ખુશનુમા પણ દુનિયાદારીના માણસની નજરમાં કઈ રીતે આવી ગયું તે હું કદી સમજી શક્યો નથી. પરંતુ વીજળીનો ઝબકારો એ રીતે જ થાય છે ને ? એ ક્ષણભર જ ઝબકી જાય છે, છતાં તે ઘનઘોર વાદળના અંધારઘેરા હૃદયમાંથી જ ઝબકે છે ને ? શ્રી અરવિંદના જીવને અલીપોર જેલના નિવાસ દરમિયાન એક તદ્દન જુદો જ પલટો લીધો. એક વરસ લગી એ જેલમાં તેમનું જીવન એકાંતવાસનું અને ધ્યાનપરાયણ સ્થિતિનું હતું. બ્રિટિશ સરકારે તેમના શરીરને બંધનમાં તો નાખ્યું પણ તેમના આત્માને મોક્ષ મેળવી આપ્યો. બેશક, એમ કરવાની કૈં બ્રિટિશ સરકારની ઈચ્છા તો ન હતી જ. પરંતુ આપણે જે સારામાં સારાં કાર્યો કરીએ છીએ, તે ઘણી વાર આપણી ઈચ્છા વિના જ, આપોઆપ બની આવે છે. શરીરને કારાવાસ, આત્માને મોક્ષ લાભ, શ્રી અરવિંદના જેલજીવનની એ વિરોધાત્મક ઘટના હતી. એ જેલની અંદર શ્રી અરવિંદને અગમ્ય તત્ત્વોના પ્રથમ અનુભવો મળવા લાગ્યા, વિશ્વનાં શાશ્વત સત્યોનું પ્રત્યક્ષ દર્શન થવા લાગ્યું. આપણા સ્ફોટવાદ પ્રમાણે એ શાશ્વત સત્યો વિશ્વને વીંટી રહેલા અવકાશમાં જાણે કે તરતાં હોય એમ હમેશાં વિદ્યમાન સ્થિતિમાં જ હોય છે. આમ તેમને આત્મસાક્ષાત્કારનો આરંભ થયો અને તેઓ ૧૯૧૦માં પોંડિચેરીમાં નિવૃત્ત થયા. પરંતુ ઋષિઓ શું કદી પણ નિવૃત્ત થાય છે ખરા ? ઋષિનું શરીર ભલે નિવૃત્તિમાં ચાલ્યું જાય, પરંતુ એવી શારીરિક નિવૃત્તિ પછી, ઘણી વાર તો એમ જ બને છે કે, એ ઋષિનો આત્મા સ્વર્ગ-શિખરોમાં આરોહણ કરવા માંડે છે તેમ જ સમસ્ત પૃથ્વીમાં વિચરણ કરતો થાય છે. શ્રી અરવિંદનો સ્થૂલ દેહ પોંડિચેરીમાં છે, પરંતુ તેમની ચેતનાના પ્રભાવને

આપણે સ્થલની કે કાલની સીમાઓમાં શું પૂરી શકીશું ? તેમનો આશ્રમ આજે જગતને માટે ધ્રુવ તારક જેવો છે. દેશ કે જાતિના કોઈ પણ ભેદ વિના જગતનાં ભક્તહૃદયો તેમ જ ગંભીર જીવનઉપાસકો ત્યાં આકર્ષાઈ રહ્યાં છે. સ્થૂલ દૃષ્ટિએ જોતાં શ્રી અરવિંદનું આયુષ્ય ૭૬ વર્ષનું છે. પરંતુ સત્ય તો એ છે કે કાળ તેમને સ્પર્શી શકે તેમ નથી. તેમનો આત્મા છે એક વ્યોમતારક જેવો, જગતથી દૂર ઊભેલો, ઊર્ધ્વ અને અલિપ્ત.

શ્રી અરવિંદમાં સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને પરમાત્મ-સાક્ષાત્કારની સાધના એ ત્રણ તત્ત્વો પરસ્પરને ટેકો આપતાં તેમ જ અન્યોન્યમાં ઓતપ્રોત બનીને પૃથ્વીથી સ્વર્ગ પ્રત્યે આરોહણ કરતી એક ભવ્ય સીડી જેવાં બની રહેલાં છે. શ્રી કે. આર. શ્રીનિવાસ આયંગરે આ વસ્તુનો પરમ ઔચિત્યપૂર્વક સાર આપતાં લખ્યું છે, 'અહીં શ્રી અરવિંદમાં તત્ત્વદ્રષ્ટા વિશ્વની વાસ્તવિકતાની સમક્ષ ઊભો છે, કવિએ 'બ્રહ્મસમાધિના તેજોમય પ્રદેશોનું' ગાન ગાયું છે, તત્ત્વજ્ઞાનીએ પોતાને થયેલા દર્શનને બુદ્ધિની પરિભાષામાં રજૂ કરવા પ્રયત્ન કર્યો છે, યોગીએ માનવ ચેતનામાં એક ઇષ્ટ પરિવર્તન સાધવા માટે એક સાધના, એક બહુવિધ યોગપદ્ધતિ નિપજાવી છે, સમાજશાસ્ત્રીએ આવતી કાલના જગતની પુનર્ઘટના કરવા માટે રહસ્યપૂર્ણ સૂચનો વેર્યાં છે. સર્જનશાલી વિવેચકે 'ભાવિ કવિતા'ના છંદોલયની ઝાંખી કરી છે અને વર્ણવ્યું છે કે કઈ રીતે એ નૂતન કવિ વિશ્વના આદિ આધ્યાત્મિક તત્ત્વની પાંખો ઉપર આરોહણ કરશે અને આત્માનાં અનિવાર્ય આંદોલનોને વાચા આપશે.'

શ્રી અરવિંદ એક મહા ઉચ્ચ કોટિના કવિ છે. અંગ્રેજી ભાષાનો અઘરામાં અઘરો છંદ 'બ્લૅન્ક વર્સ' કે જે સામાન્ય લેખકના હાથમાં ગદ્યમય બની જાય છે તેમાં તેમને હાથે અનુપમ સિદ્ધિવાળી રચનાઓ થયેલી છે. એ છંદના ઉત્તમોત્તમ લેખકોમાં તેમને મૂકી શકાય તેમ છે અને તે ઉત્તમ લેખકોમાં પણ તેમનું સ્થાન એક અનોખી વિશિષ્ટતાવાળું છે. 'ઊર્વશી' 'પ્રેમ અને મૃત્યુ' 'સાવિત્રી'—એક કથા અને રૂપક, એ કાવ્યોનું સૌન્દર્ય અને મોહિની અંગ્રેજી સાહિત્યમાં પણ અન્યત્ર જડવાં મુશ્કેલ છે. 'અહના' તથા 'ઇલિયન ઉપર પ્રભાત' એ હેક્ઝામિટરમાં લખાયેલી મહાન રચનાઓ છે. અર્વાચીન કાળમાં એ જૂના છંદનો પ્રયોગ કરવો એ ઘણું વિકટ કામ છે. 'સાવિત્રી'ની કળાઓ હજી ધીરેધીરે પ્રગટ થતી જાય છે. એના સૌંદર્ય અને માધુર્યનો પૂર્ણ ઘટ હજી આપણને મળ્યો નથી. એ જ્યારે મળશે ત્યારે આપણે જોઈશું કે મહાભારતની એ અમર

કથાને એક 'નવો જ ઓપ, એક નવું જ જીવનતત્ત્વ અને રસત્વ આ કાવ્ય દ્વારા પ્રાપ્ત થયું છે.

શ્રી અરવિંદે વેદ તથા ગીતાના અર્થઘટન તેમ જ ભાષ્યોમાં તથા અન્ય વિવેચન લેખોમાં ખૂબ વિશાળ સંશોધનની સાથે કવિની પ્રેરણા–બુદ્ધિનો યોગ સાધ્યો છે, તત્ત્વજ્ઞના ચિંતન સાથે ઋષિની આર્ષ દૃષ્ટિનો સંગમ યોજ્યો છે. એમની કલમમાંથી એક એવું વાક્ય ટપક્યું છે જે યુ. એન. ઓ.ને પણ પ્રેરણા આપી શકે તેમ છે અને તેને એક આધ્યાત્મિક ભૂમિકા ઉપર મૂકી આપી તેનામાં આશાનું સિંચન કરી શકે તેમ છે. 'વિશ્વનો વિકાસક્રમ વિવિધતાઓમાંથી પસાર થતોથતો એક સાદી એકતામાંથી સંકુલ એકતા પ્રત્યે ગતિ ગતિ કરે છે. આખી માનવજાતિ એકતા તરફ ગતિ કરી રહી છે, અને એક દિવસ એ એકતા તેણે સિદ્ધ કરવાની છે.' 'સંકુલ એકતા (complex oneness) એ એક સુંદર શબ્દયુગલ છે. એમાંથી આશા અને આશ્વાસનનું એક દૂરદૂર પહોંચતું કિરણ પ્રગટી રહ્યું છે. જો કે આજે તો આપણે આ સંકુલતાના બોજા હેઠળ જ ડઘાઈ ગયા છીએ અને 'એકતા'ની દિશામાં આપણી લેશ પણ ગતિ થતી દેખાતી નથી. માત્ર ઍટમબૉમ્બનું પ્રલયંકર અને ભયંકર બલ જ આપણને લડી પડતાં અટકાવી રહ્યું છે.

એક સંવાદપૂર્ણ વિવિધતા રૂપે માનવજાતિએ એકતા ઉપજાવવાની છે. એ પ્રકારનો વિકાસ ભલે મંદ ગતિએ થતો હોય તો પણ તે અવશ્ય બનવાનો જ છે. આ છે શ્રી અરવિંદની શ્રદ્ધા. ગમે તેવી કઠોર હકીકતો પણ એ શ્રદ્ધાને મંદ કરી શકે તેમ નથી, ચલિત કરી શકે તેમ નથી. ઊલટું, એ શ્રદ્ધા પોતે આ કઠોર હકીકતો પર વિજય મેળવવાને નીકળી ચૂકી છે, અને જગતને પોતાના અંતરની અભીપ્સા મુજબનો ઘાટ આપવા કામે લાગી ગઈ છે. વર્તમાન એ તો એક ક્ષણિક સ્થિતિ છે. માનવના આશાવાદ ઉપર એને સવાર થવા ન દઈ શકાય. શ્રી અરવિંદ આવા અસીમ આશાવાદના પયગંબરોમાંના એક છે.

શ્રી અરવિંદની પરમ વિશિષ્ટતા તે સાહિત્યકાર યા તો તત્ત્વજ્ઞાની તરીકેની નથી. માનવજાતિમાં એમનું વિશિષ્ટ સ્થાન પરમ યોગી તરીકેનું છે. એમણે પરમ તત્ત્વનો પ્રકાશ પ્રાપ્ત કર્યો છે અને જગતને તે છૂટે હાથે આનંદપૂર્વક આપી રહ્યા છે. શ્રી અરવિંદ છે 'દિવ્ય જીવન'ના પયગંબર. આ દિવ્ય જીવન એમની આગળ એક ખાલી વિચાર રૂપે નથી. આ દિવ્યતા એમના અનુભવનો

વિષય' બની ચૂકેલી વસ્તુ છે. એ અનુભૂતિ બીજાઓને પણ મળી શકે તેમ છે. પોતાની આધ્યાત્મિક સાધના કઈ રીતની હતી તે વિષે તેમણે અલીપોર મુકદ્દમામાં તેમનો બચાવ કરનાર શ્રી ચિત્તરંજનદાસને એક પત્રમાં આ પ્રમાણે લખ્યું હતું : 'મને એ વસ્તુ વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે કે માનવજાતિ જે એકના એક નિષ્ફળ ચક્રમાં આજ લગી અટવાતી રહી છે તેમાંથી નીકળવાનો તેને માટે એક જ માર્ગ છે. મનુષ્યે એક નવી ઉચ્ચ ભૂમિકા ઉપર પોતાની જાતને પહોંચાડવાની છે. માનવમાં જે મહાન રૂપાંતરની આપણે ઝંખના કરીએ છીએ તેને ધારણ કરવા માટે આપણાં અત્યારનાં કરણો, આપણી બુદ્ધિ, આપણો પ્રાણ, મન અને શરીર કઈ રીતે સાચાં વાહન રૂપ બની શકે? મારી પોતાની અનુભૂતિની પ્રયોગશાળામાં આ પ્રશ્નનો ઉકેલ મેળવવા હું મથી રહ્યો છું. અને આજે હવે મને એક ચોક્કસ પાયો મળી આવ્યો છે. એક વિશાળ જ્ઞાન મળ્યું છે, એ ગુહ્ય વસ્તુની કંઈક પકડ પણ હાથ આવી છે.'

પોતાના સંદેશને શ્રી અરવિંદે એક મહા ગ્રંથમાં શબ્દબદ્ધ કર્યો છે. માનવજાતિની અભીપ્સા અને ચિંતનપ્રવૃત્તિના ઇતિહાસમાં આ એક શકવર્તી સીમાચિહ્ન જેવો ગ્રંથ છે. સર ફ્રાન્સિસ યંગહસ્બન્ડે કહ્યું છે કે 'મારી પેઢી દરમિયાન પ્રસિદ્ધ થયેલો કોઈ સૌથી મહાન ગ્રંથ હોય તો તે 'દિવ્ય જીવન' છે.' પાયથાગોરસ 'ગગનોનાં ગાન'ની વાત કરતો હતો. અહીં આ ગ્રંથમાં 'ગગન પ્રતિ ચડી રહેલી માનવતાનું ગાન' છે, અને એમાં હવે 'રાગ ઉદાસ' રહ્યો નથી. શ્રી અરવિંદ માને છે કે આપણે વિકાસ પામતા પામતા ચૈતન્યની એક ઉચ્ચતર ભૂમિકામાં એક દિવસ જરૂર પહોંચવાના છીએ. ચૈતન્યનો એ વિકાસ આપણને આપણા વર્તમાન જીવનની મર્યાદાઓ અને યાતનાઓમાંથી ઉપર લઈ જશે અને આપણને એક એવા જગતમાં પહોંચાડશે કે જ્યાં જીવનનો પ્રવાહ સમતાથી અને નિર્મલતાથી વહેતો હશે, એ જીવન સંવાદ અને આનંદથી ભરેલું હશે. વિકાસની આ પ્રક્રિયા સાચેસાચ બની રહેલી વસ્તુ છે. એ ક્રિયા અહીં આ પૃથ્વી ઉપર અને અત્યારની ક્ષણેક્ષણે ચાલી રહી છે અને પોતાનું લક્ષ્ય સિદ્ધ કરીને જ તે અટકવાની છે. યોગ્ય સમયે માનવજાતિને એ 'નૂતન જીવન' પ્રાપ્ત થશે. એ જીવનમાં દર્દ અને દુ:ખની હસ્તી નહિ હોય, મૃત્યુનો ડંખ નહિ હોય.

પરંતુ આવું સાચે જ બની શકશે? આપણા નિરાશ હૃદયને શ્રી અરવિંદ આશ્વાસન આપે છે કે, હા, નૂતન ચેતનાનું આગમન અવશ્ય થવાનું છે. આ મૃત્યુથી ભરેલા જગતમાં, શ્રી અરવિંદ—એ અમૃતત્વનો સ્વામી,

આપણને અમૃતત્વનું અભયવચન આપી રહ્યો છે. શ્રી અરવિંદ, જગતને તારી જરૂર છે, અને માટે જ તું હજી પણ અમારી વચમાં વિદ્યમાન છે.

શ્રીમાન કુલપતિજી, તો હવે હું આપને વિનવું છું કે આંધ્ર યુનિવર્સિટી તરફથી આ 'રાષ્ટ્રીય પારિતોષિક', કે જેની સાથે મારું નામ જોડાયાનું પરમ સૌભાગ્ય મને મળ્યું છે તેનું અર્પણ શ્રી અરવિંદને તેમની 'અનુપસ્થિતિ'માં કરો. જો કે 'અનુપસ્થિતિ' શબ્દનો પ્રયોગ કરવો અત્રે યોગ્ય છે કે કેમ તે બાબતમાં મને શંકા રહે છે. કેમકે શ્રી અરવિંદ, જો કે એકાંતવાસમાં રહે છે, છતાં જગતના સર્વ ભાગોમાં રહેલા તેમના હજારો ભક્તો પોતાની પાસે તેમની પ્રત્યક્ષ અને જીવંત હાજરી અનુભવી રહ્યા છે. શ્રી અરવિંદ પૃથ્વીના માનવ નથી, માનવોની સાથે તે હળતામળતા નથી, તો પણ જે વ્યોમમાં તેઓ વસી રહ્યા છે તે વ્યોમ આપણ સર્વને આવરીને સર્વત્ર પથરાયેલું છે. માટે, શ્રીમાન કુલપતિજી, શ્રી અરવિંદને આ સર કટ્ટમંચી રામલિંગ રેડ્ડી પારિતોષિક ઈનાયત કરીને આપ આ યુનિવર્સિટીને ગૌરવાન્વિત કરો, અને મારા કહેવામાં ધૃષ્ટતા ન થતી હોય તો, સાથેસાથે આપને પોતાને પણ ગૌરવ આપો.

('દક્ષિણા', ફેબ્રુઆરી, ૧૯૪૯)

---

# હિંદના ગંભીર પ્રશ્નો

[ આંધ્ર યુનિવર્સિટી તરફથી ડિસેમ્બર ૧૧, ૧૯૪૮ એ યોજાયેલા પદવીદાન સમારંભમાં શ્રી અરવિંદને આપવામાં આવેલા સર કટ્ટમંચી રામલિંગ રેડ્ડી રાષ્ટ્રિય પારિતોષિકનું અર્પણ કરવામાં આવેલું તે પ્રસંગે આંધ્ર યુનિવર્સિટીને મોકલેલો સંદેશ.]

**તમે** મારી પાસેથી સંદેશ માગ્યો છે. તમારી માગણીના જવાબમાં હું જે કંઈ લખું તેને સંદેશ કહો કે જે કંઈ કહો, પણ તે તમારી યુનિવર્સિટીને માટે લખાતું હોઈ, એ યુનિવર્સિટીના સ્વરૂપ વિષે, તેના કાર્યપ્રદેશ વિષે જ મારે લખવું જોઈએ. પરંતુ અત્યારે આપણા દેશમાં ગંભીર નિર્ણયો લેવાઈ રહ્યા છે. એ નિર્ણયોને આધારે આ દેશની સરકારનું તથા તેના બંધારણનું સ્વરૂપ રચાવાનું છે, એટલું જ નહિ, આ દેશની ભાવિ રચનાનો આધાર પણ એ નિર્ણયો ઉપર રહેવાનો છે. આ રાષ્ટ્રનું ચારિત્ર્ય કયાં તત્ત્વોમાંથી બંધાશે, એ ચારિત્ર્ય કેવો આકાર લેશે, જગતનાં અન્ય રાષ્ટ્રોમાં આ રાષ્ટ્ર કયું સ્થાન મેળવશે, અર્થાત્, આ રાષ્ટ્ર પોતા માટે કયા પ્રકારનું ભાવિ પસંદ કરશે એ બધું આ નિર્ણયો ઉપર અવલંબી રહ્યું છે. અને તેથી આ ગંભીર વસ્તુઓ પ્રત્યે મારું ધ્યાન અત્યારે ખેંચાઈ રહ્યું છે. આજે દેશની પાસે એક પ્રશ્ન ઊભો થયેલો છે. એ આપણો સૌથી નજીકનો પ્રશ્ન છે. એ વિષે હું કંઈક વિચારણા, ભલે આછી પાતળી પણ હાથ ધરવા ઈચ્છું છું. એ પ્રશ્ન છે આપણા ઈલાકાઓ અને પ્રાંતોની પુનર્ઘટનાનો પ્રશ્ન. બ્રિટિશોને હાથે થયેલી આ પ્રાંતોની રચના તદ્દન કૃત્રિમ પ્રકારની છે. તેને બદલીને એ પ્રાંતોને તેમના કુદરતી વિભાગો પ્રમાણે ફરીથી રચવાની માગણી થઈ રહી છે. એ મુજબ નવેસરથી રચાયેલા પ્રાંતો હિંદના દેહની એક નૂતન રચના જેવા જ બની રહેશે. પણ એ રચના નવી હશે છતાં, એની પાછળ રહેલો સિદ્ધાંત તો આપણો પ્રાચીનમાં પ્રાચીન સિદ્ધાંત જ છે, એ સિદ્ધાંત છે વિવિધતામાં એકતાનો. એ સિદ્ધાંત ઉપર દેશને સંગઠિત કરવાના પ્રયત્નો ભૂતકાળમાં આપણે ત્યાં થયા હતા. દક્ષિણમાં મહાસાગર અને ઉત્તરમાં હિમાલય રૂપે આ દેશની સીમાઓ એવી રહી છે કે તે જગતથી એક અલગ પ્રદેશ બની ગયેલો છે, અને એક અલગ અનોખા એકમ તરીકે તેનો વિકાસ થયેલો છે. આ દેશમાં રહેતી પ્રજા હંમેશા એક

લાક્ષણિક પ્રકારની પ્રજા રહેલી છે. એનાં લક્ષણો જગતની બીજી પ્રજાઓ કરતાં તદ્દન જુદાં દેખાઈ આવે તેવાં છે. આ પ્રજાની સંસ્કૃતિ, એનો જીવનવ્યવહાર, એનું આધ્યાત્મિક જીવન, એની સંસ્કારપ્રવૃત્તિઓ, કળા, સમાજરચના એ દરેક ઉપર એક વિશિષ્ટતાની છાપ રહેલી છે. હિંદે પોતામાં બહારથી આવેલી હરેક વસ્તુને પોતાની અંદર સમાવી લીધેલી છે, એ સૌના ઉપર પોતાની છાપ મારી આપી છે. એકબીજાથી અત્યંત વિરોધી એવાં તત્ત્વોને પણ હિંદે પોતાની એક આમૂલ એકતામાં ઓગાળીને સાંકળી લીધાં છે. આમ હોવા છતાં, હિંદ એક અનેક તત્ત્વોના વિશાળ સંગ્રહસ્થાન જેવું પણ રહ્યું છે. આ દેશમાં અનેકવિધ પ્રજાઓ, અનેકવિધ પ્રદેશો અને રાજ્યો રહેલાં છે. પ્રાચીન કાળમાં તો અહીં પ્રજાતંત્રો પણ હતાં. દેશમાં અનેક જાતિઓ તેમ જ પોતાનાં વિશિષ્ટ લક્ષણોવાળાં ઉપ-રાષ્ટ્રો પણ રહેલાં છે. એ સર્વેએ મળીને સંસ્કૃતિ અને સંસ્કારિતાની ભિન્ન ભિન્ન છાયાઓ કિંવા રૂપો ઉપજાવ્યાં છે, કળાની તેમ જ સ્થાપત્યની ભિન્ન ભિન્ન શૈલીઓ સર્જી છે. અને આ બધી ભિન્નતા અને અનેકવિધતા હોવા છતાં એ બધાં ઉપર ભારતીયતાની એક વ્યાપક છાપ ઊભી કરવામાં, એ સર્વને ભારતીય સંસ્કૃતિના એક સર્વસામાન્ય આકારની અંદર બંધબેસતા કરી દેવામાં હિંદ સફળ બન્યું છે. હિંદનો ઈતિહાસ જોતાં જણાશે કે હિંદને રાજકીય તેમ જ સાંસ્કારિક રીતે એક અખંડ એકમ બનાવવા માટે આ બધાં ભિન્ન ભિન્ન તત્ત્વોને એક મધ્યસ્થ ચક્રવર્તી રાજ્યતંત્ર હેઠળ એક રાજકીય એકમ તરીકે સંગઠિત કરવાના પ્રયત્નો સતત ચાલુ રહેલા છે. મુસલમાનો હિંદમાં આવ્યા અને આ પ્રયત્નોમાં એક મોટું ગાબડું પડયું. તેનો ધર્મ અને સામાજિક વ્યવસ્થા હિંદના કરતાં તદ્દન ભિન્ન પ્રકારનાં હતાં. એમ હોવા છતાં, મુસલમાનોના અહીં આવ્યા પછી પણ રાજકીય એકતા ઉપજાવવા માટેના પ્રયાસો પણ ચાલુ રહ્યા છે, દેશમાં એ બંને સંસ્કૃતિઓનું મિલન કરવા માટે વલણ રહ્યું છે, એ બંનેએ અન્યોન્ય પર પોતાનો પ્રભાવ પાડયો છે, એટલું જ નહિ, બાહ્ય રીતે કદી પણ મેળ ન ખાઈ શકે એવા આ ધર્મોમાંથી કોઈ સમાન તત્ત્વો શોધી કાઢી તેમાંથી એક સામાન્ય ધર્મ ઉપજાવવાના ભગીરથ પ્રયત્નો પણ થયા છે. પરંતુ હિંદના ઈતિહાસમાં કયારેય પણ રાજકીય એકતા સંપૂર્ણપણે શોધી શકાઈ નથી. અને એમ થવાનાં એક કરતાં વધુ કારણો હતાં. પહેલું કારણ હતું દેશની ભૌગોલિક વિશાળતા અને વાહનવ્યવહારની અછત. એને લીધે આ ભિન્ન ભિન્ન લોકો એકબીજાની નિકટ આવતાં રહી ગયા. બીજું કારણ હતું એ એકતા સાધવા માટે અખત્યાર કરાયેલી પદ્ધતિમાં રહેલી ખામી. એક પ્રાંતની

પ્રજા અથવા તો એક રાજવંશ આખા દેશ ઉપર લશ્કરી રીતે પોતાનું શાસન સ્થાપવા પ્રયત્ન કરતો. એને લીધે એક પછી એક સામ્રાજ્યો તો ઊભાં થતાં રહ્યાં, પરંતુ એકે કાયમ ટકી શક્યું નહિ. છેલ્લું કારણ હતું આવી કોઈ એકતા સિદ્ધ કરવાના સંકલ્પનો દેશમાં રહેલો અભાવ. આ ભિન્ન ભિન્ન રાજ્યોને નાબૂદ કરીને, આ સર્વ ભિન્ન ભિન્ન પ્રજાઓને એક જ ઘટક રૂપે એક જ પ્રકારના ઘાટમાં ઢાળવા માટેનો સંકલ્પ દેશમાં ક્યાંય હતો નહિ. આ પછી હિંદમાં બ્રિટિશ સામ્રાજ્ય સ્થપાયું. અને એણે પોતાની સગવડ પ્રમાણે જેમ ફાવ્યું તેમ આખા દેશને કૃત્રિમ વિભાગોમાં વહેંચી નાખ્યો. પ્રજા વાર પ્રાંતો રચવાની વાત ઉપર એણે જરા પણ ધ્યાન ન આપ્યું, પણ સાથે સાથે તેણે આ પ્રજાઓના ભેદને નિર્મૂળ પણ થવા દીધા નહિ. હિંદની મૂળ વસ્તીમાંથી સ્વાભાવિકપણે અનેક ઉપરાષ્ટ્રો વિકાસ પામ્યાં હતાં. એ દરેક ઉપરાષ્ટ્રને પોતાની આગવી ભાષા હતી, પોતાનું સાહિત્ય હતું, પોતાની અલગ પરંપરાઓ હતી. એ ઉપરાષ્ટ્રો હતાં દક્ષિણની ચાર દ્રાવિડ પ્રજાઓ, બંગાળ, મહારાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, સિંધ, આસામ, ઓરિસ્સા, નેપાલ, ઉત્તરના હિંદી ભાષી લોકો, રજપૂતાના અને બિહાર. બ્રિટિશ રાજ્યે પ્રાંતવાર પોતાનું વહીવટતંત્ર ઊભું કરવા છતાં આ પ્રજાઓને તે એક કરી શક્યું ન હતું. પરંતુ તેણે એટલું તો કરી આપ્યું કે આ બધાંને એક સમાન પ્રકારના વહીવટી તંત્રના ચીલામાં મૂકી આપ્યાં, અંગ્રેજી ભાષા દ્વારા તેમની વચ્ચેનો વ્યવહાર વધુ નિકટનો બનાવી આપ્યો. વળી તેણે જે કેળવણી આપી તેમાંથી એક ઉગ્ર પ્રકારની દેશભક્તિનો જન્મ થયો, લોકોમાં સ્વતંત્ર થવાની ભૂખ જાગી, એ ભૂખમાંથી સ્વરાજ્ય પ્રાપ્તિ માટેનાં આંદોલનો જન્મ્યાં, એ આંદોલનોમાંથી દેશના લોકોને સંગઠિત અને એક બનીને લડવાની જરૂર ઊભી થઈ. અને એવી એકતા લડત પૂરતી તો દેશમાં આવી શકી પણ ખરી. પરંતુ સ્વતંત્રતા જ્યારે આવી ત્યારે તેની સાથે સાથે દેશની પૂર્ણ એકતાની સિદ્ધિ ન આવી શકી. ઊલટું, દ્વિ-રાષ્ટ્રના સિદ્ધાંતને આધારે દેશને પૂરેપૂરા ભાન સાથે, હિંદુસ્તાન અને પાકિસ્તાન એમ બે ભાગમાં વહેંચી નાખવામાં આવ્યો. અને એ ભાગલાનાં જે ભયંકર પરિણામો આવ્યાં તે આપણે સૌ જાણીએ છીએ.

બ્રિટન પાસેથી દેશનું તંત્ર હાથમાં લેતી વેળાએ આપણે ઓછામાં ઓછા વિરોધના માર્ગે આગળ વધીએ, તેમ જ બ્રિટિશોએ રચેલા કૃત્રિમ પ્રાંતોના પાયા ઉપર જ, કંઈ નહિ તો તત્કાલ પૂરતું તો આપણે કામ ચલાવીએ એ અનિવાર્ય હતું. આ કામચલાઉ વ્યવસ્થા, કંઈ નહિ તો તેના મુખ્ય રૂપમાં હવે કાયમની બની જવાનાં લક્ષણો બતાવી રહી છે, અને કેટલાકને એમાં લાભ

પણ દેખાઈ રહ્યો છે. એ લોકો એમ ધારે છે કે આ વર્તમાન વ્યવસ્થાને ચાલુ રાખવાથી દેશની એકતા સિદ્ધ કરવામાં ઘણી મદદ મળી આવશે; ભૂતકાળમાં પ્રદેશવાર ટકી રહેલાં ઉપરાષ્ટ્રોને લીધે જ દેશમાં સંપૂર્ણ એકતા તેમ જ એકરૂપતા આવી શકી ન હતી; અત્યારની ચાલુ વ્યવસ્થાને વળગી રહેવાથી, એ ઉપરાષ્ટ્રોને ટકાવી રાખવાની જે જરૂર દેખાય છે તેમાંથી પણ આપણે બચી જઈ શકીશું. આ લોકોને દેશમાં બધી વસ્તુઓને કડક રીતે એકસરખી કરી દેવામાં જ સાચી એકતા દેખાય છે. આખા દેશમાં એક જ ધોરણ પર ચાલતું એકસરખું વહીવટી તંત્ર હોય, એક જ સાહિત્ય, એક જ સંસ્કૃતિ, એક જ કળા અને એક જ પ્રકારનું શિક્ષણ હોય અને એ બધું એક જ રાષ્ટ્રીય ભાષાની મારફતે ચાલતું હોય—એ છે આ એકતાની કલ્પના. આવી કલ્પના ભવિષ્યમાં કેટલી વ્યવહારમાં ઊતરી શકશે એ કહી શકાય તેમ નથી, પરંતુ અત્યારે તો તે અવ્યવહારુ જ છે એ તદ્દન દેખીતી વાત છે. વળી હિંદ માટે આવી વ્યવસ્થા સાચેસાચ ઈષ્ટ પણ છે કે કેમ તે પણ શંકાસ્પદ છે. આ દેશમાં પ્રાચીન કાળમાં જે ભિન્ન ભિન્ન તત્ત્વો હતાં તેમાં લાભ અને ગેરલાભ બંને હતા. આ ભિન્નતાઓને લીધે આખો દેશ પ્રાણવાન પ્રવૃત્તિઓથી, કળા અને સંસ્કૃતિનાં અનેક સજીવ કેન્દ્રોથી ધબકી રહ્યો હતો. એકતાની અંદર એક સમૃદ્ધ અને તેજસ્વી પ્રકારની બહુવિધતા ઝળકી રહી હતી. આખા દેશની સમસ્ત જીવનપ્રવૃત્તિ પ્રાંતનાં અમુક અમુક ગણ્યાંગાંઠયાં મુખ્ય મુખ્ય શહેરોમાં અથવા તો ચક્રવર્તી રાજાની રાજધાનીમાં જ એકત્રિત થઈ ગઈ ન હતી. અને તેને પરિણામે બીજાં નાનાં નાનાં શહેરો અને પ્રાંતોનું જીવન ગૌણ થઈને એવું બની ગયું ન હતું કે જેમાં કશી લાક્ષણિકતા જ ન હોય, કશું સાંસ્કૃતિક ચૈતન્ય ન હોય. તે કાળે દેશનાં તમામ અંગઉપાંગોમાં એક સમૃદ્ધ જીવન છલકાઈ રહ્યું હતું અને એને લીધે આખા દેશની સર્જક શક્તિ વૃદ્ધિ પામી હતી. આજે હવે આ વિવિધતાને લીધે હિંદની એકતામાં ઘટાડો થાય યા તો તે જોખમમાં મૂકાય એવી કોઈ શકયતા નથી. પહેલાંના વખતમાં દેશની વિશાળતાને લીધે તેના જુદા જુદા પ્રદેશો વચ્ચે ગાઢ સંપર્ક સાધવામાં તેમ જ પરસ્પરના વિનિમયમાં જે અંતરાય રહેતો હતો તે હવે સાયન્સની પ્રગતિને લીધે તેમ જ વાહનવ્યવહાર ઝડપી થવાને લીધે તદ્દન નાબૂદ થઈ ગયો છે. ફેડરેશન—સંઘતંત્રની કલ્પના તેમ જ તેને સંપૂર્ણ રીતે અમલમાં લાવવા માટેની તમામ સાધનસામગ્રી આપણને મળી આવી છે અને એ તંત્ર હવે પૂરેપૂરું અમલમાં આવી પણ જશે. વળી લોકોનાં હૃદયમાં રાષ્ટ્રીય એકતાની ભાવના એટલી તો દૃઢ રીતે સ્થાપિત થઈ ચૂકી છે કે તેને ચલિત

કરવી કે દુર્બળ કરવી એ સહેલાઈથી બને તેમ નથી. એટલે હવે આ બધાં ઉપરાષ્ટ્રોના હૃદયમાં પ્રગટેલી સ્વાભાવિક લાગણીઓને તૃપ્ત કરવાથી, તેમ જ તેમના જીવનને માટે સ્વાભાવિક એવો વિકાસમાર્ગ ઊભો કરી આપવાથી દેશની એકતાને હાનિ પહોંચવાનો લેશ પણ સંભવ નથી. ઊલટું, આ પ્રકારના નૈસર્ગિક વિકાસને અવરોધવામાં જ આ એકતાને માથે વધુ જોખમ રહેલું છે. કૉન્ગ્રેસે પોતે, સ્વતંત્રતા આવી તે પૂર્વે, ભાષાવાર પ્રાંત રચવાની પ્રતિજ્ઞા લીધેલી છે. એ પ્રતિજ્ઞાને હવે પૂરી કરવી, ભલે તુરતમાં જ નહિ તો વહેલામાં વહેલી તકે, તે જ કદાચ સૌથી વધુ ડહાપણભરેલો માર્ગ નીવડે. એમ થશે ત્યારે હિંદનું જીવન પોતાની નૈસર્ગિક શક્તિઓના પાયા ઉપર મુકાઈ જશે, વિવિધતામાં એકતાના સિદ્ધાંત ઉપર એ જીવનની સ્થાપના થઈ શકશે. હિંદની જીવનભાવનામાં આ સિદ્ધાંત હમેશાં એક સ્વાભાવિક અંશ બની રહેલો છે. 'એકમાં અનેક'ના આ સિદ્ધાંતનો પૂર્ણ સાક્ષાત્કાર કરવો એ હિંદના આત્માનો તેમ જ હિંદની પ્રકૃતિનો એક મૂળ ધર્મ રહેલો છે. એ ધર્મ સિદ્ધ થશે ત્યારે જ હિંદ પોતાના સ્વભાવ અને સ્વધર્મના સુદૃઢ પાયા ઉપર સ્થાપિત બનશે.

હિંદનો ભાવિ વિકાસ આ દિશામાં જ અનિવાર્યપણે થશે એમ સહેલાઈથી જોઈ શકાય તેમ છે. દ્રાવિડ વિભાગના લોકો પોતપોતાની સ્વાયત્ત વ્યવસ્થાવાળું એક અલગ તંત્ર માગી રહ્યા છે. મહારાષ્ટ્ર પણ એ જ પ્રમાણેનો હક માગે છે. અને પછી ગુજરાત પણ એ જ પ્રમાણે માગણી કરશે. એમ થતાં બ્રિટિશોએ બનાવેલા મદ્રાસ અને મુંબઈ ઈલાકાઓ અદૃશ્ય થઈ જશે. જૂનો બંગાળ ઈલાકો તો કયારનોય વહેંચાઈ ગયેલો છે, અને તેમાંથી અલગ પડેલાં ઓરિસ્સા, બિહાર અને આસામ આજે હવે પોતાનું પ્રાંતિક તંત્ર નિભાવી રહ્યાં છે. મધ્ય પ્રાંતોના હિંદીભાષી ભાગને યુ. પી. સાથે ભેળવી દેવામાં આવતાં આ આખી ક્રિયા પૂરી થઈ જશે. હિંદના ચાલુ ભાગલા ચાલ્યા જાય ત્યાર બાદ આ રીતની વ્યવસ્થામાં સહેજ ફેરફાર થશે, પરંતુ આ નવા વલણને લીધે જે પરિણામ આવવાનું છે તેમાં કોઈ ખાસ ફરક નહિ પડે. અને એ પછી દેશી રાજ્યો અને પ્રદેશવાર ઊભાં થયેલાં તંત્રો એ બેનો બનેલો સંઘ એ રીતે પાછું અખંડ હિંદનું રૂપ બની રહેશે

આ નવી વ્યવસ્થામાં તમારી યુનિવર્સિટીને તેનું પોતાનું વિશિષ્ટ કર્તવ્ય, પોતાની વિશિષ્ટ સિદ્ધિ જડી આવશે. હિંદની બીજી યુનિવર્સિટીઓ કરતાં તમારી યુનિવર્સિટી જુદી રીતે અસ્તિત્વમાં આવી છે. એ યુનિવર્સિટીઓને એક પરદેશી સરકારે હિંદમાં પોતાની સંસ્કૃતિ દાખલ કરવાને સ્થાપી હતી. તેમનું લક્ષ્ય માત્ર

બૌદ્ધિક વિષયો પૂરતું હતું. શિક્ષણ આપવું અને પરીક્ષાઓ લેવી એટલા માટે જ તેમની રચના કરવામાં આવી હતી. બનારસ અને અલીગઢની યુનિવર્સિટીઓ જુદી રીતે ઉત્પન્ન થઈ છે. પરંતુ તે આખા હિંદની સંસ્થાઓ છે અને દેશની બે મુખ્ય ધાર્મિક કોમોને ખાતર કામ કરી રહી છે. આંધ્ર યુનિવર્સિટીની પાછળ એક પ્રકારની આંધ્રભક્તિની પ્રેરણા રહી છે. એ કોઈ ઈલાકાના મુખ્ય શહેરમાં આવેલી નથી, પણ આંધ્રના જ એક નગરમાં આવેલી છે અને એક પ્રદેશની પ્રજાના જીવનની તે સભાન રીતે સેવા કરી રહી છે. આંધ્ર એક શક્તિશાળી અને વીર્યવાન પ્રજાનો દેશ રહ્યો છે. હિંદના રાજકીય ઈતિહાસમાં એણે મોટો ભાગ ભજવ્યો છે. કળા, સ્થાપત્ય, શિલ્પ અને સંગીતમાં તેણે મોટી સિદ્ધિઓ મેળવી છે. એના ભૂતકાળમાં સામ્રાજ્યનાં સ્મરણો સંચિત પડેલાં છે. હિંદના મોટા ભાગ ઉપર જે રાજવંશો અને સામ્રાજ્યો રાજ્ય કરી ગયાં છે તેમાં આંધ્રને પણ સ્થાન છે. વિજયનગરનું છેલ્લું હિંદુ સામ્રાજ્ય એ તો હજી તાજા ઈતિહાસની જ વાત છે. એ સામ્રાજ્યની સિદ્ધિઓ ભવ્ય છે. કોઈ પણ પ્રજા એવા સામ્રાજ્ય માટે ગૌરવ લઈ શકે તેમ છે. તમારી યુનિવર્સિટી વિદ્યા અને જ્ઞાનના, સંસ્કારિતા અને પ્રકાશના કેન્દ્ર તરીકે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકે છે, અને એ દ્વારા તે આંધ્રના યુવકવર્ગને તેના પૂર્વજોના ગૌરવને છાજે તેવી તાલીમ આપી શકે છે, મહાન ભૂતકાળે પોતાના જેટલા જ, બલ્કે તેથીયે વિશેષ મહાન ભવિષ્યનું સર્જન કરવું જોઈએ. સાચી કેળવણીની અંદર એકલા સાયન્સનો નહિ પણ કળાનો પણ સમાવેશ થાય છે. માત્ર પુસ્તક-જ્ઞાન કે માહિતી જ નહિ પરંતુ સંસ્કારિતા અને ચારિત્ર્યનો વિકાસ પણ તેનું અંગ હોય છે. વ્યક્તિને તેની શક્તિઓના વિકાસમાં મદદ કરવી, ચિંતકો અને સર્જકો, ભાવિના દ્રષ્ટાઓ અને કર્મપુરુષોના સર્જનમાં સહાય આપવી, કેળવણીનો કાર્યપ્રદેશ આ છે. વળી, દરેક પ્રાંતની પ્રજાનું જીવન પોતાની અંદર જ પુરાઈ રહેવું ન જોઈએ. તમારા પ્રાંતના યુવાનોએ હિંદના અન્ય પ્રાંતોના જીવનનો સંપર્ક પણ સાધવો જોઈએ. ઉદ્યોગ, વ્યાપાર, અને બીજાં વ્યવહારુ ક્ષેત્રોમાં તેમણે બીજાઓની સાથે હળવું મળવું જોઈએ, એટલું જ નહિ, મન અને આત્માના વિષયોમાં પણ તેમણે આપલે કરતા થવું જોઈએ. વળી, તેમણે આંધ્રના જ નહિ પણ હિંદના નાગરિક બનતાં શીખવું જોઈએ. આખા દેશનું જે જીવન છે તે તેમનું પણ જીવન છે. તમારે ત્યાં એક એવો ચુનંદો વર્ગ ઊભો થવો જોઈએ કે જેને આખા દેશને લગતા બધા વિષયોની તેમ જ પ્રશ્નોની સમજ હોય, જે આંધ્રના પ્રતિનિધિ તરીકે દેશની મંત્રણાઓમાં ભાગ લઈ શકે તેવો હોય. રાષ્ટ્રના હિતની દરેક

પ્રવૃત્તિમાં અને સાહસમાં આંધ્રના લોકો તરફથી જ્યારે ફાળાની કે ટેકાની માગણી કરવામાં આવે ત્યારે તેનો જવાબ આપી શકે તેવી શક્તિ એ વર્ગમાં હોવી જોઈએ. આના કરતાં પણ એક વધુ વિશાળ ક્ષેત્ર પડેલું છે જેને માટે દેશના બધા ભાગમાંથી શક્તિશાળી અને ચારિત્ર્યશીલ માણસોની જરૂર દેશને રહેવાની છે. એ છે આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર. અત્યારે પણ હિંદ આંતરરાષ્ટ્રીય પ્રદેશમાં એક ગણનાપાત્ર રાષ્ટ્ર તરીકે ગણાવા લાગ્યું છે. અને વખત જતાં એનું મહત્ત્વ દિને દિને વધતું જ જવાનું છે. એક વખત એવો પણ આવશે કે જ્યારે હિંદે જગતનાં મહાનમાં મહાન રાજ્યોમાં સ્થાન મેળવ્યું હશે. તે વખતે એ રાજ્યોની સાથે સાથે હિંદનો અવાજ પણ જગતમાં સૌથી વધુ સંભળાતો હશે, અને તેના નેતૃત્વ અને કાર્યને આધારે જગતનું ભાવિ ઘડાતું હશે. આ બધાં કામો માટે હિંદને એવા માણસોની જરૂર રહેવાની છે કે જેમની બુદ્ધિ તેમ જ કેળવણી, જેમની પ્રતિભા તેમ જ ચારિત્ર્યશક્તિ પ્રથમ દરજ્જાની હોય. આ બધાં ક્ષેત્રોમાં તમારી યુનિવર્સિટી ઉત્તમ સેવાઓ આપી શકે છે અને ખૂબ મહત્ત્વનું કાર્ય કરી શકે છે.

દેશની સ્વતંત્રતાનું આ બીજું વર્ષ ચાલે છે. આજે હવે હિંદે પોતાની સમક્ષ પડેલા અનેક મહત્ત્વના પ્રશ્નો પરત્વે જાગૃત બનવાનું છે, પોતાની આગળ ખૂલી રહેલી વિશાળ શકયતાઓનો ખ્યાલ મેળવી લેવાનો છે. પરંતુ સાથે સાથે જે મુશ્કેલીઓ અને જોખમો ઊભાં થવાનો સંભવ છે તે વિષે પણ તેણે સજગ બનવાનું છે. એ જોખમો અને મુશ્કેલીઓ સામે જો ડહાપણપૂર્વક પગલાં નહિ ભરવામાં આવે તો તેમને પહોંચી વળવાનું કામ ઘણું વિકટ પણ થઈ પડે. યુદ્ધ પછી આજે જગતમાં એક અવ્યવસ્થા વ્યાપી રહી છે. એ પરિસ્થિતિ અનેક જોખમોથી ભરેલી છે. જગતમાં અછત ફેલાઈ રહેલી છે, લોકો અનેક પ્રકારનાં દુઃખો વેઠી રહ્યા છે. અને એ બધામાંથી જાણે કે એક નવા યુદ્ધની આપત્તિ ડોકિયાં કરી રહી છે. જગતની પ્રજાઓ એકત્રિત થઈને એ પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરશે તો જ આ પ્રશ્નો ઉકેલી શકાશે. સાન ફ્રાંસિસ્કોમાં જેની કલ્પનાનો પાયો નંખાયો છે તેવો એક વિશ્વ–સંઘ ઊભો થશે ત્યારે જ આ પ્રશ્નોનો સાચો ઉકેલ આવી શકશે. વિશ્વ-સંઘનો પ્રયત્ન જોકે હજુ સુધી વ્યવહારમાં બહુ સફળતા પામી શકયો નથી, તેમ છતાં એ પ્રયત્નને ચાલુ રાખવાનો જ છે. ગઈ કાલના તેમ જ આજના ખતરનાક ભેદોમાંથી જગતમાં એક સંવાદપૂર્ણ તંત્ર ઊભું કરવાનું છે. એ મહા વિકટ કાર્યને સરળ બનાવે તેવા નવા નવા ઉપાયો આપણે શોધી કાઢવાના છે. એમ જો ન થઈ શકયું તો

જગતને માથે આપત્તિઓ અને વિનાશની વર્ષા સતત ચાલુ રહેવાની જ. હિંદને પોતાને માટે પણ ઘણા ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. અમુક આકર્ષક વસ્તુઓનું અનુસરણ કરવા જતાં હિંદ પણ જગતનાં અનેક રાષ્ટ્રો જેવું એક રાષ્ટ્ર બની શકશે, પોતાના વ્યાપાર ઉદ્યોગો ખૂબ ખૂબ વધારી શકશે, પોતાના સામાજિક અને રાજકીય જીવનને પ્રબળ રીતે સંગઠિત કરી શકશે, જગતમાં એક પ્રખર લશ્કરી તાકાત બની શકશે, ખૂબ સફળતાથી સત્તાનું રાજકારણ પણ ખેલી શકશે. પોતાનાં હિતોનું અને લાભોનું ઉત્સાહપૂર્વક રક્ષણ અને વૃદ્ધિ કરી શકશે, જગતના એક મોટા ભાગ ઉપર પોતાનું વર્ચસ્વ પણ સ્થાપી શકશે. પરંતુ આ ભવ્ય દેખાતી બાહ્ય સિદ્ધિ મેળવવા જતાં એમ પણ બને કે હિંદ પોતાનો આત્મા ગુમાવી દે. એમ થાય તો જગતમાંથી પ્રાચીન હિંદ અને તેનો આત્મા સદંતર અદશ્ય પણ થઈ જાય અને જગતમાંનાં બીજાં રાષ્ટ્રો જેવું જ એક વધુ રાષ્ટ્ર હિંદ બની રહે. પરંતુ એવા રાષ્ટ્રથી જગતને કે આપણને કશી જ સાચી પ્રાપ્તિ નહિ થાય. પોતાના બાહ્ય જીવનમાં હિંદ કશાય વિઘ્ન વિના ભલે પુષ્કળ પ્રગતિ સાધે પણ તેમ કરવા જતાં તે પોતાની પરમ સમૃદ્ધ અને સુપ્રતિષ્ઠિત આધ્યાત્મિક વિદ્યા અને અનુભવસમૃદ્ધિ પૂરેપૂરી ગુમાવી બેસે તો તે ઈષ્ટ ગણાય કે કેમ એ પ્રશ્ન આપણી સમક્ષ પડેલો છે. આજે જગત કોઈ તારણહાર જ્યોતિના દર્શન માટે, આધ્યાત્મિક સહાય અર્થે હિંદ તરફ વધુ ને વધુ નજર વાળી રહ્યું છે. એ જ ક્ષણે જો હિંદ પોતાના પૂર્વજોની આધ્યાત્મિક સંપત્તિને ફેંકી દેવા તૈયાર થાય તો તે વિધિની એક કરુણ ઘટના જ ગણાય. પણ એમ ન જ થવા દઈ શકાય અને બેશક, થશે પણ નહિ જ. તોપણ આ દિશાનો ભય જતો રહ્યો જ છે એમ નહિ કહી શકાય. આ ઉપરાંત બીજા પણ ઘણા મુશ્કેલ પ્રશ્નો આ દેશ સમક્ષ ઊભા છે, યા તો ટૂંક સમયમાં ઊભા થશે. બેશક, આપણે એ બધામાંથી સફળ રીતે પાર તો નીકળી જ જઈશું. પરંતુ આપણે આપણી નજર આગળથી એક હકીકત કદી છુપાવવાની નથી. અને એ હકીકત આ છે. પરતંત્રતાના આ લાંબા કાળ દરમિયાન આપણું જીવન અનેક રીતે ચીમળાઈ ગયું છે, છૂંદાઈ ગયું છે. આજે હવે જો આપણે હિંદના સાચા જીવનકાર્યને સિદ્ધ કરવું હશે તો આપણે બાહ્ય મુક્તિની સાથે સાથે આંતર મુક્તિ પણ સાધવાની રહે છે, બાહ્ય પરિવર્તનની સાથે સાથે આંતર પરિવર્તન પણ સાધવાનું રહે છે, બહારની તેમ જ અંદરની દિશામાં એક વિરાટ પ્રગતિ સાધવાની રહે છે.

---

# શ્રી અરવિંદ—દેશનેતા

## સી. સી. દત્ત

શ્રી અરવિંદ સાથે મારું પ્રથમ મિલન આકસ્મિક રીતે જ બની આવ્યું. ૧૯૦૦માં વડોદરાના સ્ટેશન ઉપર અમે ભેગા થઈ ગયેલા. હું મુંબઈ જતો હતો અને શ્રી અરવિંદ એક મિત્રને વિદાય આપવા સ્ટેશને આવેલા હતા. મેં પોતે મારો પરિચય કરાવ્યો. હું એમના સૌથી મોટા ભાઈનો મિત્ર છું, તેમનાં પત્નીનાં કુટુંબીઓ સાથે પણ મારે મિત્રતા છે એમ મેં જણાવ્યું. શ્રી અરવિંદ મારા પ્રતિ બહુ પ્રેમપૂર્વક જોઈ રહ્યા અને મારી ગાડીએ ઊપડવાની તૈયારી કરી ત્યારે તેમણે કહ્યું, 'વારુ, આપણે બંને ગુજરાતમાં છીએ, એટલે હવે તો ઘણી વાર મળીશું.' મારા ગુરુ સાથેની, મારા સરદાર સાથેની પ્રથમ મુલાકાત મારે આ પ્રમાણે થઈ. તે દિવસોમાં શ્રી અરવિંદને હું 'સરદાર' કહેતો. પણ એ મુલાકાત પછી અમે ત્રણ વરસ સુધી મળી શકયા જ નહિ. સરકારે મને દૂર દૂર દક્ષિણ હિંદના એક જિલ્લામાં ધકેલી દીધો હતો.

આ સમયનો ઉપયોગ મેં મારા ગુપ્ત મંડળને બહોળું કરવાના કામ માટે કરી લીધો. કામ બહુ જ સાવધાનતાથી કરવાનું હતું. તો પણ એ દિશામાં થોડી એક પ્રગતિ તો થઈ શકેલી. ૧૯૦૩માં મને મુંબઈની પાસેના વિભાગમાં મૂકવામાં આવ્યો. આ પછી થોડાક જ વખતમાં, હિંદના ક્રાંતિકારી દલના મધ્યસ્થ મંડળના માણસો બે વાર મને મળવા આવી ગયા. આવનારાઓ બહુ ઊંચા દરજ્જાના માણસો હતા. તેમણે મને દલમાં જોડાવાનું કહ્યું. પણ મેં એમની વાત સ્વીકારી નહિ. 'આ તમારા ગુપ્ત મંડળ વિષે મને બહુ માન થતું નથી. મારા જેવા એક તદ્દન અજાણ્યા માણસ આગળ પણ તમે આટલી બધી સહેલાઈથી તમારી વાત ખુલ્લી કરી દો છો, એ શું કહેવાય ?'

હું ધારું છું કે ૧૯૦૪ના પહેલા મહિનાઓમાં જ અરવિંદ બાબુ થાણામાં મારે ત્યાં આવ્યા અને તેમની ભવાની મંદિર પ્રવૃત્તિમાં મને શામિલ કરવા માટે તેમણે વાત કરી. આવો મહા પુરુષ મને આમંત્રણ આપે છે એ જોતાં મને કેટલો બધો હર્ષ થયો હશે તે કહેવાની ભાગ્યે જ જરૂર છે. પણ એ બાબતમાં એક નાની સરખી મુશ્કેલી હતી. મને યોગ વિષે કશી જ, લેશ માત્ર પણ

ખબર ન હતી. અને આ મંદિરમાં તો નવા આવનારની બધી તાલીમ યોગના પાયા ઉપર જ કરવાની હતી. આ વાત મેં સરદારને કહી ત્યારે તેઓ હસી પડયા અને બોલ્યા, 'તમારું અને અમારું ધ્યેય એક જ છે. આ ભગવાં વસ્ત્રને તમારે એક યુનિફોર્મ તરીકે જ ગણવાનાં!' એ વાતની તો મને ખાતરી હતી કે આ ભવાની મંદિરમાં જોડાઈને હું મારા જીવનકાર્ય તરીકે પસંદ કરેલું કાર્ય સિદ્ધ કરવામાં વધુ અનુકૂળતાઓ મેળવી શકીશ, તે દિશામાં આવું ઉત્તમ માર્ગદર્શન મળશે એ લાભ તો અમૂલ્ય જ હતો. આ પછી સરદાર અને હું ઘણીએક વાર મળ્યા અને હું મારાથી બનતી રીતે મારી સેવાઓ આપતો રહ્યો. પણ, મારી આઈ. સી. એસ.ની નોકરી તો મેં ચાલુ જ રાખી હતી, જો કે એ વસ્તુ મારી પ્રકૃતિને લેશ પણ બંધબેસતી આવતી ન હતી. આ જ અરસામાં આખા યે દેશમાં સ્વદેશી આંદોલન, અને તેની સાથે સાથે બ્રિટિશ માલનો બહિષ્કાર ખૂબ જ જોર પકડી રહ્યાં હતાં. અને આ તો શુદ્ધ આર્થિક ચળવળ છે, એને રાજકારણ સાથે કંઈ સંબંધ નથી એમ બહાનું કાઢી મેં એમાં પૂર જોરથી ઝંપલાવ્યું. બેશક, આ વાત સાચી તો ન હતી જ, પણ મને તેમ જ બીજા પણ ઘણા લોકોને આ બહાનું કામ તો આવી ગયું. અને એ વખતે સરદારને મેં ઘણીવાર કહેલું કે, હવે મને આ બુરખો ઉતારી નાખવા દો અને મને દેશનો પૂરેપૂરો સેવક બની રહેવા દો. એના જવાબમાં તેમણે આગળ ઉપર એક દિવસ કહેલું, 'ઉતાવળ ન કરો. આપણે બીજી હરોળની જરૂર ઊભી થાય ત્યારે તે માટે પણ અમુક લોકોએ તો પાછળ રહેવું જ પડશે.'

બંગાળના ભાગલા પડયા પછી આખા યે દેશમાં એક ઉગ્ર પ્રકારનો રાષ્ટ્રવાદ જાગી ઊઠયો. અને હિંદમાં સર્વત્ર અનેક યુવાનો અધીરા બની એક જોરદાર રાજકીય કાર્યક્રમ માટે પોકાર કરવા લાગ્યા. ખાસ કરીને મહારાષ્ટ્ર, બંગાળ અને પંજાબમાંથી આ માગણી બહુ જ જોરપૂર્વક આવવા લાગી. પણ આ માગણીનો અર્થ એ હતો કે આપણી માગણીઓ જાહેર રીતે રજૂ કરવા ઉપરાંત, ગુપ્ત રીતે પણ એક સશસ્ત્ર બળવા માટે ખૂબ જ કડક તાલીમ લોકોએ લેવાની રહેતી હતી. શ્રી અરવિંદે મારી સમક્ષ એ વાત તો પૂરેપૂરી સ્પષ્ટ કરી દીધી હતી કે તેઓ તો હિંદ માટે સંપૂર્ણ સ્વતંત્રતાના જ હિમાયતી હતા અને તે માટે કયાં સાધન લેવાં તે અંગે તેઓ કોઈ ચોખલિયાવેડામાં માનતા ન હતા. પણ અમુક વખત સુધી હું ભવાની મંદિર યોજના માટે અને સ્વદેશી આંદોલન અંગે જ કામ કરતો રહું એમ તેઓ ઈચ્છતા હતા. પણ મારી ધીરજ હવે ખૂટતી જતી હતી. મહારાષ્ટ્રમાં મારા હાથ હેઠળના અમુક કાર્યકર્તાઓ પણ

હવે હાથમાં રહે તેમ ન હતું. આ અરસામાં એક દિવસે અરવિંદ બાબુ મારે ત્યાં આવી ચડયા અને તે રાતે મને મુંબઈ લઈ ગયા. તેમના ભાઈ બારીન તેમની સાથે જ હતા. અમે ગિરગાંવમાં એક મકાનમાં ગયા. એ મકાનમાં કોઈ બીજું હાજર નહોતું. દીવાનખાનામાં જઈ તેનાં બારણાં બંધ કરી બરાબર અમે બેઠા અને તરત જ સરદારે મારી સાથે ગંભીર રીતે વાત શરૂ કરી, 'તો ચારુ, તમારે હવે અમારા કામમાં જોડાવું છે? અમારી માગણીને તમે બે વાર તો પાછી કાઢી છે.' હું સમજી ગયો કે તેઓ મેં જેને વિષે આ પહેલાં સાંભળેલું તે મોટા મંડળની વાત કરતા હતા. મારા કેટલાક માણસો એ મંડળમાં હમણાં જ જોડાયા હતા. એટલે મેં મારો નિશ્ચય તરત જ કરી લીધો અને જણાવ્યું, 'આપ જેને 'અમારું મંડળ' કહો છો તેમાં કોણ છે તે તો હું નથી જાણતો, અને મારે જાણવું પણ નથી. પણ આપ મને લેવાને તૈયાર હશો તો આપની હેઠળ અંગત રીતે કામ કરતાં પણ મને આનંદ થશે. હું તમારા હાથમાં જ છું, બિનશરતે, પૂરેપૂરો.' હું કાંઈક આ ભાવનું જ બોલેલો. કાંઈ પણ વિધિમાં ઊતર્યા વિના, કે પ્રતિજ્ઞા વિના જ શ્રી અરવિંદે મારો સ્વીકાર કરી લીધો. મારું હૃદય કૃતજ્ઞતાના ભાવથી ઝૂકી રહ્યું. તે પછી શ્રી અરવિંદના કહેવાથી બારીને મને બંગાળની પરિસ્થિતિ સમજાવી. એ પ્રાંતમાં ભાગલા વિરોધી આંદોલન ક્રાંતિની ચળવળને ખૂબ જ અદ્‌ભુત રીતે મદદગાર નીવડયું હતું. વળી શ્રી અરવિંદે તેમ જ તેમની સાથે કામ કરનાર લોકોએ પૂર્ણ સ્વતંત્રતાને જ પોતાનું ધ્યેય બનાવ્યું હતું. એ સાંભળી મને ખૂબ જ સંતોષ થયો, કેમકે આ મહાન ધ્યેયમાં લેશ પણ બાંધછોડ થાય તે મને મંજૂર ન હતું. એ વખતનો એક બાલિશ પ્રસંગ હજી પણ મને યાદ છે. એ વાતો સાંભળી ઉશ્કરાટમાં આવી હું બોલી ઊઠેલો, 'પણ આ ક્રાન્તિ લોહી વિનાની જ હોવી જોઈએ એમ તો આપ નહિ માગો ને?' એ સાંભળી શ્રી અરવિંદ હસી પડયા, 'ઓ લોહીતરસ્યા માણસ!' બારીનનો ચહેરો ચમકી ઊઠયો, તેણે કહ્યું, 'અમારે આ જ જોઈએ છે!'

આ પછી થોડાક જ સમયમાં શ્રી અરવિંદે વડોદરા છોડયું અને કલકત્તામાં ખુલ્લી રીતે રાજકીય પ્રવૃત્તિ હાથ ધરી. જોતજોતાંમાં તેઓ બંગાળના નેશનાલિસ્ટોના નેતાસ્થાને વિરાજવા લાગ્યા. અને તેમના પત્ર 'વંદે માતરમ્' દ્વારા તેઓ એકલા બંગાળમાં જ નહિ પણ આખા યે હિંદના જાહેર માનસને એક નવો ઘાટ આપવા લાગ્યા. હિંદના વિશાળ રાજકીય ક્ષેત્રમાં તેઓ ટિળકના વિશ્વાસપાત્ર મિત્ર અને સાથી બની રહ્યા. થોડોક કાળ તો લોકો આ બે નેતાઓ તથા લાલા લાજપતરાયને આવી રહેલી ક્રાંતિના પયગંબરો તરીકે પૂજી

રહ્યા. આ ત્રણ નેતાઓની શક્તિ અને પ્રતિષ્ઠા કેટલી તો પ્રચંડ હતી તે ૧૯૦૭માં સૂરતની કોંગ્રેસ વેળા પુરવાર થયું. ટિળક અને લાજપતરાયના પ્રાંતમાં ચાલતી ગુપ્ત પ્રવૃત્તિની લગામ દેખીતી રીતે તો તેમના હાથમાં જ હતી. પરંતુ સાચી પરિસ્થિતિ જરા જુદી હતી. કારણ કે આખા યે દેશની ગુપ્ત પ્રવૃત્તિને સાંકળી લેતી એક મધ્યસ્થ સંસ્થા પણ તે વખતે દેશમાં હતી, અને બધી પ્રવૃત્તિઓ તેના આદેશને જ અનુસરતી હતી. વળી બધી ગુપ્ત પ્રવૃત્તિઓ એક નક્કી કરેલી સર્વસામાન્ય યોજના મુજબ ચાલતી હતી એમ પણ માનવામાં આવતું હતું અને સાચું પણ હતું.

આના ઉદાહરણ રૂપે એક પ્રસંગ હું કહીશ. ૧૯૦૭માં અમુક વખતે કલકત્તામાં મારી પાસે અલ્લાહાબાદથી બે વિદ્યાર્થીઓ આવેલા અને મારી પાસે એક તૈયાર બોમ્બની માગણી કરેલી. ત્યાંના ગવર્નર હ્યુએટ ઉપર તે ફેંકવા માગતા હતા. તે બંને ભરોસાપાત્ર દેખાયા. એટલે મેં અમારા એક જુવાન મારફતે એક બૉમ્બ અલ્લાહાબાદ મોકલાવ્યો. પણ એ જુવાન બેએક દિવસમાં જ પાછો આવી ગયો, અને ત્યાંની પરિસ્થિતિના ખબર કહ્યા. લાલા લાજપતરાયે તે બૉમ્બ વાપરવાની મનાઈ કરી હતી. તેમણે કહેલું કે યુ. પી. એ મારી હદમાં આવે છે અને હમણાં એ બાજુ તેઓ કશી ધાંધલ થવા દેવા માંગતા નથી. સરદારને જ્યારે મેં આ કહ્યું ત્યારે તેઓ હસ્યા, 'હા, એ તદ્દન સાચું છે.'

અરવિંદ બાબુએ વડોદરાથી આવીને બંગાળમાંના પોતાના ગુપ્ત મંડળની લગામ પોતાના હાથમાં લઈ લીધેલી અને તેઓ પોતાની મેળે જ પોતાની પ્રવૃત્તિનું સંયોજન કરતા હતા. જો કે બીજા પ્રાંતના નેતાઓની સાથે તેમની પ્રવૃત્તિ આમ તો સાંકળાયેલી જ રહેતી હતી. પરંતુ આ બીજા નેતાઓ અને અમારા નેતા વચ્ચે એક મહત્ત્વનો ફેરફાર હતો. તે વખતે લોકો અરવિંદ બાબુને એક મહાન ધર્મપુરુષ તરીકે નહોતા ગણતા તો પણ તેમની સારી યે રાજકીય વિચારશ્રેણીનો પાયો આધ્યાત્મિકતા ઉપર રચાયેલો હતો. શ્રી અરવિંદ તે વખતે જે વર્તમાનપત્રો ચલાવતા તેમાંથી આ વસ્તુ સ્પષ્ટ તરી આવે છે. તેમના કારાવાસ પહેલાં તેમને હાથેનાં 'બંદે માતરમ્' અને 'યુગાન્તર'માંનાં લખાણો તથા કારાવાસ પછીનાં 'કર્મયોગી' અને 'ધર્મ'માંનાં લખાણોમાં આ રીતની આધ્યાત્મિક ભૂમિકા સ્પષ્ટ રીતે રહેલી હતી. શ્રી અરવિંદ અને તેમના સાથી દેશપાંડેએ નર્મદા કિનારે ગંગનાથ આશ્રમમાં એક નાનકડી શાળા કાઢેલી અને

કલકત્તા પાસેના હવે જાણીતા બાગાન વાડીમાં તેમની જ શાળા ચાલતી તેમાં વિદ્યાર્થીઓને બીજા વિષયોની સાથે યોગની પણ તાલીમ આપવામાં આવતી હતી. આ રીતે જોતાં બંગાળના ક્રાંતિવાદીઓ (કંઈ નહિ તો, જેઓ શ્રી અરવિંદ સાથે સીધા સંપર્કમાં આવેલા તેમની) અને મહારાષ્ટ્ર અને પંજાબના ક્રાંતિવાદીઓની વચ્ચે દૃષ્ટિબિંદુનો અમુક મૂળગત ફરક હતો. આ હું શ્રી અરવિંદ કલકત્તા છોડીને છેવટે ચાલ્યા ગયા ત્યાર પહેલાંની વાત કરું છું. તે પછી આ બાબતમાં સર્વ પ્રાંતોમાં એકસરખી જ સ્થિતિ થઈ ગયેલી. સ્વતંત્રતા હવે એક નરી દુન્યવી પ્રવૃત્તિ બની ગઈ હતી, સૌ કોઈને માટે.

૧૯૦૭માં પરિસ્થિતિ ખરેખરી તંગ બની, નેશનાલીસ્ટ પાર્ટી તરીકેના અમારા ખુલ્લા કાર્યની અંદર તેમ જ અમારી ત્રાસવાદી તથા ક્રાંતિકારી રીતની ગુપ્ત પ્રવૃત્તિઓની અંદર પણ એ વર્ષે હું થોડા મહિના કલકત્તામાં હતો અને ૧૯૦૮ના ફેબ્રુઆરીમાં મારે મારા કામ ઉપર જોડાવાનું હતું. અહીં હું મારો બધો વખત જુવાનોને આશ્વાસન આપવા પાછળ જ વીતાવતો હતો. અને તેમની આગળ જુદી જુદી આકર્ષક યોજનાઓ રજૂ કરતો હતો. પરંતુ અમારા નેતાઓ ડિસેમ્બરમાં મળવાના હતા ત્યારે તેઓ બધી વસ્તુ વિગતવાર વિચારી ન લે ત્યાં સુધી અમારે કાર્યની ચાલુ દિશામાં કોઈ ફેરફાર કરવાનો ન હતો. સર ફિરોજશા મહેતા, સુરેન્દ્રનાથ અને ગોખલેની આગેવાની હેઠળ કામ કરતા મૉડરેટ પક્ષે સૂરતની કૉંગ્રેસમાં જહાલ પક્ષને (એકિસ્ટ્રીમિસ્ટોને–અમને એ નામે એ લોકો ઓળખતા હતા) કચડી નાખવા માટે એક પૂરજોર પ્રયત્ન કરી લેવાનો નિશ્ચય કર્યો હતો. આની અમને પહેલેથી ખબર પડી ગયેલી. ગુજરાતમાંના અમારા મિત્રોએ અમને ચેતવ્યા હતા કે ફિરોઝશા મહેતાએ અમને લોકોને બરાબર ખોખરા કરવા માટે માણસો પણ પૈસા આપીને રોકયા હતા. અમારામાંના ઘણાખરા એમ વિચારવા લાગ્યા હતા કે આપણે સૂરતમાં જવું જ નહિ અને નાગપુરમાં એક અલગ કૉન્ફરન્સ બોલાવવી. કલકત્તાની પ્રવૃત્તિનું સંચાલન અમારા હાથમાં હતું, અને અમે ત્યાંથી જુદા જુદા નેશનાલિસ્ટ નેતાઓને તાર મોકલી અમારી દરખાસ્ત સ્વીકારવા દબાણ કર્યું. મુંજે અને ચિદમ્બરમ્ પિલ્લે જેવા કેટલાક જણે તરત તેનો સ્વીકાર કરી લીધો, પણ ટિળકે જરા પણ નમતું ન આપ્યું. તેમણે મોકલેલા તારના શબ્દો હજી પણ યાદ આવે છે—'For Heaven's sake, no split.' (પ્રભુને ખાતર, તડ ન પાડશો.)

આ પછી થોડાક દિવસોમાં શ્રી અરવિંદ દેવઘરથી પાછા આવી ગયા. જુદા જુદા સંદેશાઓ વાંચી લીધા પછી તેમણે અમારા વાંધાઓને નામંજૂર

કરી દીધા અને સૂરતમાં જ જવું એમ નક્કી કર્યું. અને અમારા બધા નેતાઓ, કૉંગ્રેસના બુઝર્ગોનો મજબૂત સામનો કરવાનો નિશ્ચય કરીને સૂરત પહોંચ્યા. આ ઝગડાની જે બંધારણીય બાજુ હતી તેની મને બહુ પડી ન હતી. મને સૌથી વધુ ચિંતા શ્રી અરવિંદના શરીર રક્ષણ અંગે હતી. એટલે બારીનના સાથમાં અમે થોડાક જુવાનોને સૂરત મોકલી આપ્યા. અને તેમને એવી સૂચના આપી કે કાંઈ ધાંધલ ઊભી થાય તો તેમણે શ્રી અરવિંદની આસપાસ ભેગા થઈ જવું. આ જુવાનોમાંથી કેટલાક પાસે રિવૉલ્વરો પણ હતી. એ જોતાં મૉડરેટ લોકોએ આત્મ-સંયમ જાળવ્યો એ ખરેખર સારું જ થયું. સૂરતની કૉંગ્રેસની બેઠક અંધાધૂંધીમાં ભાંગી પડી. પણ અમારા નેતાઓએ પોતાની ખાનગી બેઠકો ત્યાં ભરેલી અને આવતા વર્ષનો, ગુપ્ત તેમ જ જાહેર રીતનો એક જોરદાર કાર્યક્રમ નક્કી કરેલો. બારીન કલકત્તા વહેલો આવી ગયો અને અમને બધા સમાચાર આપ્યા.

તે પછી શ્રી અરવિંદે પશ્ચિમ હિંદનો પ્રવાસ કર્યો. ત્યાંનાં મુખ્ય મુખ્ય નગરોમાં એમનાં વ્યાખ્યાનો યોજાયાં, અને સભાઓ પણ ઘણી મોટી રહેતી હતી. જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં શ્રી અરવિંદ કલકત્તા પાછા આવ્યા. અમે જોયું કે શ્રી અરવિંદ ઘણા થાકી ગયેલા હતા અને તેમને આરામની જરૂર દેખાતી હતી. વળી વાતચીત કરતાં કરતાં પણ તેઓ બેધ્યાન બની જતા હતા, વાતમાં તેમને રસ ન રહેતો હોય તેમ જણાતું હતું. એ જોઈ સુબોધ, બારીન અને મને ખરેખર ચિંતા થવા લાગી. અને એ વાત અમે શ્રી અરવિંદને કહી પણ ખરી. આખરે તેમણે તાર કરીને મહારાષ્ટ્રી યોગી લેલેને, જેમની સાથે તેમણે વડોદરામાં થોડા સમય ઉપર થોડોક વખત ગાળ્યો હતો તેમને બોલાવવા માટે રજા આપી. લેલે આવ્યા અને નદી કિનારે આવેલા અમારા બંગલામાં એમની સાથે શ્રી અરવિંદ થોડા દિવસો શાંતિથી રહ્યા. એમાંથી તેમને જોઈતો આરામ મળી રહ્યો. તેમની તાજગી પૂરેપૂરી પાછી આવી ગઈ હતી, પહેલાંના જેવી જ સ્ફૂર્તિ તેમનામાં આવી ગઈ હતી. અને તેમણે પોતાની પેટીમાંથી બે ખાલી બૉમ્બ શેલ કાઢી હસતાં હસતાં કહ્યું, 'ટિળકે આ તમારે જોવા માટે અને મંજૂર કરવા માટે મોકલ્યા છે.'

એ સાંભળતાં જ મને મારી વાત કહેવાની તક મળી ગઈ. મેં કહ્યું, 'જુઓ, હું કહું છું તેથી ખોટું ન લગાડશો. હું એ તો જાણું છું કે આપને બૉમ્બ અને પિસ્તોલો કરતાં બીજી ઘણી મોટી વસ્તુઓનો વિચાર કરવાનો છે. પણ હું આપની પાસેથી એક વચન માગું છું. આપે આપણા જુવાનોની બરાબર સંભાળ રાખવાની છે. એ રાખવાનું આપ વચન નહિ આપો ત્યાં સુધી હું

પાછો નોકરી પર નહિ જાઉં. આપણી સામે કટોકટીનો વખત આવી રહ્યો છે, કારણ કે આપણે હવે વેગથી આગળ વધવાનું છે.' એ સાંભળી શ્રી અરવિંદે એક ઘણું મધુર સ્મિત કર્યું અને બોલ્યા, 'ચારુ, એ વાતની હું તમને પૂરેપૂરી ખાતરી આપું છું. અહીંના જુવાનોની હું બરાબર સંભાળ રાખીશ. પણ તમારે તમારા કામ ઉપર હવે ચડી જવું જોઈએ. તમે ગુજરાતમાં છો, ખરું ને? અને મારો ઉત્તમોત્તમ ભરતી સારજન્ટ અત્યારે અમદાવાદમાં હોય એ ખાસ જરૂરનું છે.' શ્રી અરવિંદના શબ્દ બરાબર આ પ્રમાણેના હતા, પણ એ વખતે તેનો અર્થ મને સમજાયેલો નહિ. એ સમજણ મને ભવિષ્યમાં પડી. શ્રી અરવિંદની ધરપકડ થયા પછી મે જોયું કે આખું યે અમદાવાદ શ્રી અરવિંદના મિત્ર અને સેવક તરીકે મને ખૂબ જ માન આપી રહ્યું હતું. અને તેવું ઉમળકાભર્યું માન ભાગ્યે જ કોઈને મળ્યું હતું. આ પ્રસંગે બીજી બે વસ્તુઓ પણ કહી દેવી ઠીક રહેશે. સંભવ છે કે એ એક માત્ર અકસ્માત પણ હોય. પહેલું એ કે, એ વખતે ટિળકને સાબરમતી જેલમાં રાખવામાં આવેલા, મારાથી માત્ર ત્રણ માઈલના અંતર ઉપર જ. અને સી. આઈ. ડી.નો ચોકી પહેરો હતો છતાં તેમને થાપ આપીને મેં તેમનો સંપર્ક સાધ્યો હતો. બીજી વસ્તુ એ કે અરવિંદ બાબુનો સાર્જન્ટ, (આ સેવક) ૧૯૦૮ માં જે બંગલામાં રહેતો હતો તે જ બંગલામાં ત્રણ વર્ષ પછી ગાંધીજી પ્રથમ વાર આવીને રહેલા અને આશ્રમ શરૂ થયેલો.

લેલેની કલકત્તાની મુલાકાત અંગે પણ થોડીક વસ્તુઓ નોંધવા જેવી છે. તેઓ જાન્યુઆરીમાં કલકત્તા આવેલા એ વાત હું ઉપર નોંધી ગયો છું. તે વખતે આ યોગી પરાંમાં આવેલા બાગાન વાડીમાં પણ જતા આવતા રહેતા હતા. બારીન અને બીજા કેટલાક જુવાનો ત્યાં રહેતા હતા અને તેમને અપાતી વિવિધ પ્રકારની તાલીમ લેતા હતા. લેલેએ તેમને ધ્યાન કરતા અને બીજો યૌગિક વ્યાયામ કરતા જોયા અને તેમની પ્રગતિ જોઈ ખુશ થયેલા. એ જુવાનો-માંથી એક પ્રફુલ્લ ચાકી ઉપર તેમની નજર ખાસ ઠરી. એમને એ છોકરો બહુ આશાસ્પદ દેખાયો અને તેને પોતાની સાથે લઈ જઈ રાજયોગનો ખાસ અભ્યાસ કરાવવા તેમને મન થયું. આ વાત તેમણે શ્રી અરવિંદને કરી. શ્રી અરવિંદે જવાબ આપ્યો. 'એ બાબતમાં ચારુ હા પાડે તેવું લાગતું નથી. એને પૂછી જુઓ.' તે પછી તેમણે મને બોલાવ્યો અને મારી આગળ વાત રજૂ કરી. અને હું ધારું છું કે, મારો શો જવાબ હશે તે વિષે તેમને પૂરેપૂરી ખાતરી હતી. લેલે અથવા બીજું કોઈ પણ અમારા જુવાનોને લઈ જવા માગે તે મને લેશ પણ મંજૂર ન હતું. મેં તરત જ સખત વિરોધ નોંધાવ્યો.

અમારી વચ્ચે થોડીક ગરમાગરમ વાતચીત થઈ. એમાં લેલે યોગીને જરા ન છાજે તેવો ગુસ્સો કરીને બોલી ઊઠયા, 'આવા મઝાના છોકરાને મારી નાખવાનો શો અર્થ છે? મને એ આપી દો, હું એને યોગી બનાવીશ. એનામાં કેટલીક બહુ મોટી શક્તિઓ છે.' આવા ચક્ષુહીન માણસને મારે શું કહેવું? મેં જવાબ વાળ્યો, 'શું તમે એમ ધારો છો કે સારામાં સારા છોકરા તે તમારા યોગ માટે છે, અને ખરાબ છોકરા તે અમારે માટે છે? વારુ, જો એ છોકરો તમારી પાસે રહી પોતાના જાનની સલામતી શોધતો હોય તો તે ભલે આવે. અમે એમાં વચ્ચે નહિ પડીએ.' આ વખતે બારીન ત્યાં હાજર હતો અને મોઢું ચડાવીને અમારો વાર્તાલાપ સાંભળી રહ્યો હતો. પ્રફુલ્લને બોલાવી લાવવા મેં એને કહ્યું. થોડી વારમાં તે આવી પહોંચ્યો. શ્રી અરવિંદે તેને બધી વાત સમજાવી તે તેણે શાંતિથી સાંભળી અને પછી શ્રી અરવિદનો ચરણસ્પર્શ કરી તે મક્કમ સ્વરે બોલ્યો, 'સાહેબ, મારે કયાં ય જવું નથી. તમને મારાથી અસંતોષ હોય અને મને મોકલી દેવા માગતા હો તો જુદી વાત છે.' અને પછી એ વાત સહેલાઈમાં પતી ગઈ. લેલેએ એકલા જ કલકત્તા છોડયું. થોડા દિવસ પછી મેં પણ મિત્રોની વિદાય લીધી અને અમદાવાદ જવા નીકયો. તે વખતે મારે અમદાવાદમાં રહેવું ઈષ્ટ હતું છતાં તેમને છોડીને જતાં મારા પગ ઊપડતા ન હતા.

અને મે માસમાં મામલો પૂરો થયો. બાગમાં રહેતા છોકરાઓમાંથી એક છોકરાના મિત્ર તરીકે, રજની સરકાર નામનો એક જાસૂસ બાગમાં દાખલ થઈ ગયો હતો. પોલિસને તે બધી ખબર આપતો હતો. પણ મુઝફરપુરમાં બૉમ્બ પડયો ત્યાં સુધી પોલિસ રાહ જોઈને બેસી રહી. એ બનાવ બન્યો અને પોલિસે તરત પગલું ભર્યું. શ્રી અરવિંદ અને બીજા કેટલાક જુવાનોની ધરપકડ થઈ અને તેમના ઉપર કેસ શરૂ થયો. બચાવની બીજી હરોલનો વિચાર લગભગ એમ ને એમ જ રહી ગયો. પણ નવા લોકોએ આવીને કામ ઉપાડી લીધું અને આગળ ધપાવ્યું. તેમનો સ્વાંગ હવે જુદો હતો, તેમનાં સૂત્રો પણ જુદાં હતાં, તો પણ લક્ષ્ય તરફ તેમની કૂચ મક્કમ રીતે થઈ રહી હતી. અને જ્યારે સમય પાકયો ત્યારે એ ધ્યેય સિદ્ધ થયું.

'દક્ષિણા', ફેબ્રુઆરી ૧૯૫૨

---

# શ્રી અરવિંદ—મારા મિત્ર, મારા ગુરુ

સી. સી. દત્ત

(થોડાં સંસ્મરણો)

ઘણાં વરસોની વાત છે. તે વખતે હું નાનકડો વિદ્યાર્થી હતો. તેવામાં અમારા નાનકડા શહેરમાં શ્રી અરવિંદના સૌથી મોટા ભાઈ બિનય રહેવા આવ્યા. એ અમને બાળકોને જુદા જુદા દેશોની ખૂબ રસદાર વાતો કહેતા. અને એમાં ઘણી વાર તેમના ખાસ લાડકા ભાઈ 'ઑરો'ની વાતો પણ આવતી. ઑરોનો મધુર સ્વભાવ, તેની તેજસ્વી પ્રતિભા, તેના ઉપર પિતાજીનો અપાર પ્રેમ એ બધું તે વર્ણવતા. પણ આ બધી પ્રશંસામાં સાથે સાથે એક એ વાત પણ તે હમેશાં કહ્યા કરતા, 'પણ અમારો ઑરો જિદ્દી બહુ છે, મહા જિદ્દી!' આપણે સૌએ શ્રી અરવિંદની અગિયાર વરસની છબી તો જોઈ જ છે. તેમની તેજસ્વી બુદ્ધિ અને મધુર સ્વભાવ તો તેમાં દેખાઈ આવે છે જ. પરંતુ આ 'મહા જિદ્દી'નું લક્ષણ તેમાં ક્યાંય દેખાતું નથી. હા, શ્રી અરવિંદના જીવનમાં તેમના અણનમ સ્વભાવનાં ઘણાં દૃષ્ટાંતો જોવા મળે છે. પણ એમાં જિદ્દીપણું નથી આવતું. એમાં તો એમની દૃઢ નિશ્ચયાત્મકતા જ દેખાય છે. શ્રી અરવિંદે પોતાની પત્નીને લખેલા સુવિખ્યાત પત્રોમાં તેમના પોતાના પ્રેમળ અને માયાળુ સ્વભાવની સાથે સાથે આ દૃઢતાનું લક્ષણ પણ બરાબર દેખાઈ આવે છે શ્રી અરવિંદ ઇંગ્લૅન્ડમાં ઘોડેસવારીની પરીક્ષામાં વખતસર હાજર ન રહેલા એ પણ કોઈ ધૂની તરંગનું પરિણામ ન હતું. તે બનાવનું ખરું રહસ્ય સમજાવતાં શ્રી અરવિંદે મને એક વાર કહેલું કે એમને આઈ. સી. એસ.માં જોડાવું જ ન હતું. અને આ વાતની જાણ પિતાશ્રીને કરવાની ઓછામાં ઓછી કષ્ટદાયક રીત આ જ હતી. મેં પણ શ્રી અરવિંદને હમેશાં એક કૃતનિશ્ચયી પુરુષ તરીકે જોયા છે. એ એક એવા પુરુષ હતા કે જેને પોતે શું કરવા માગે છે તેની બરાબર જાણ રહેતી હોય છે. અમારા ક્રાંતિકારી નેતા તરીકે તેમણે કદી ધૂનીપણું કે તરંગીપણું બતાવેલું નથી. પરતુ તેમના સ્વભાવનું સૌથી મુખ્ય લક્ષણ તો એક અનંત અપાર કરુણા હતી. તેમની ન્યાયવૃત્તિની સાથે હમેશાં દયાનું તત્ત્વ ભળેલું રહેતું. હું આ ૧૯૧૦ પહેલાંની વાત કરુ છું, કલકત્તા છોડીને તે ગયા ત્યાર પહેલાંની. તે વખતે તેઓ મુખ્યત્વે તેમની તર્કપ્રધાન બુદ્ધિને આધારે જ

કામ કરતા હતા. એક વાર ૧૯૦૭ માં તેમની પાસે એક ક્રાંતિકારી કાર્યકર્તા વિષે એવો રિપોર્ટ આવ્યો કે તેનું વર્તન બરાબર નથી. તેણે કોઈ ગંભીર દોષ કરેલો છે. તે વેળા હું કલકત્તામાં હતો. સામાન્ય રીતે તો આવા પ્રસંગે અમે પોતે જ કરવા જેવું હોય તે કરી લેતા અને શ્રી અરવિંદને તેની જાણ કરતા. પણ આ કેસ તેમણે પોતે જ હાથમાં લીધો અને પેલા કાર્યકર્તાને ઘણી કડક સજા ફરમાવી. એ બાબત તેમણે મને જણાવી ત્યારે મેં તેમને ખાતરી આપી કે આપના હુકમનો જલદીમાં જલદી અમલ થશે. મારી મુશ્કેલી એ હતી કે મને પોતાને આ નવજુવાનના દોષ વિષે હજી પૂરી ખાતરી થઈ ન હતી. પરંતુ એક વાર હુકમ મળી ગયા પછી તે વિષે મારે શંકા કરવાની રહેતી જ ન હતી. એટલે મેં શ્રી અરવિંદના હુકમનો અમલ કરવા માટે જરૂરી સૂચનાઓ આપી દીધી. બીજે દિવસે સવારે શ્રી અરવિંદને હું મળ્યો ત્યારે તે શૂન્ય ઉદાસ ભાવે બેઠેલા હતા. 'આપની તબિયત તો બરાબર છે ને?' મેં પૂછ્યું અને તેમણે જવાબ આપ્યો, 'ગઈ કાલની બાબત વિષે મને કાંઈ બેચેની રહે છે. મને થાય છે મેં ઉતાવળ તો નથી કરી? તેં તો કાંઈ એ બાબતમાં કહ્યું જ નહિ, ચારુ!' 'પણ આપ જ્યારે એક હુકમ આપો છો ત્યારે હું કદી પણ કાંઈ કહું છું ખરો?' અને એકદમ ઊભા થઈને બહાર જતાં જતાં મેં કહ્યું, 'જોઉં', કેટલે સુધી વાત ગઈ છે. બને છે તો, આપના હુકમનો અમલ બંધ રખાવું છું.' સદ્‌ભાગ્યે બહુ મોડું થયું ન હતું, અને પહેલાં કરેલા હુકમને પાછો ખેંચી લેવામાં આવ્યો. શ્રી અરવિંદની ન્યાયવૃત્તિની કઠોરતાને હળવી કરવા માટે તેમની કરુણા સક્રિય બની હતી. અહીં આશ્રમમાં પણ જેમને શ્રી અરવિંદની સેવામાં રહેવાનું સદ્‌ભાગ્ય મળેલું છે તેઓને પણ શ્રી અરવિંદના મધુર સ્વભાવનો અને સુંદર સ્મિતનો રોજરોજનો અનુભવ છે. પણ અમારા જેવા બીજાઓએ પણ એવા દાખલાઓ જોયા છે કે જ્યારે કોઈ સાધક આડમાર્ગે ચડી જઈ, આંધળોભીંત થઈ પોતાની જ ઘોર ખોદવાની તૈયારી કરી રહ્યો હોય છે અને શ્રી અરવિંદ તેને બચાવવા માટે સતત કોશિશ કરી રહ્યા હોય !

૧૮૯૦માં હું જ્યારે અભ્યાસ માટે કલકત્તા આવ્યો ત્યારે અરવિંદ ઘોષ વિષે મને ખૂબ જ સાંભળવા મળતું હતું. અમે જે કાંઈ સાંભળતા તેથી અમને ખૂબ જ આશ્ચર્ય થતું. એક નરદમ યુરોપિયન બની ગયેલા ડૉ. કે. ડી. ઘોષ જેવાનો છોકરો, છેક નાનપણથી ઇંગ્લૅન્ડમાં જ મોટો થયેલો, તેણે પોતાનો પોષાક, પોતાનો ખોરાક, પોતાની રીતભાત એટલી બધી તો હિંદી ઢબની કરી

લીધી હતી કે લોકો એ બાબતની વાત કરતાં થાકતા જ ન હતા. આવો આ યુવાન જ્યારે પરણ્યો, ત્યારે તેણે ઘણી કોમળ વયની યુવાન બંગાળી કન્યા પસંદ કરી અને જૂની ઢબની જ બધી વિધિ પ્રમાણે લગ્ન કર્યું ! લોકો કહેતા કે આ માણસ પશ્ચિમની વિદ્યામાં બહુ જ પારંગત હતો અને હવે ખૂબ જ ખંતપૂર્વક સંસ્કૃત અને હિંદની બીજી ભાષાઓ શીખી રહેલો છે. અમે ત્યારે બહુ નાના હતા અને આ બાબતો કેટલી સાચી છે તે નક્કી કરી શકતા ન હતા. પણ અમે ઘણી વાર અંદરોઅંદર કહેતા કે, ભૂપાલ બાબુની આ નાનકડી છોકરી, મીનુ, ખરેખર બહુ નસીબદાર છે કે તેને આવો પતિ મળ્યો. તેનો આ હોશિયાર પતિ એક દિવસે જરૂર વડોદરાનો દિવાન થવાનો. આવી આ પ્રતિભાશાળી વ્યક્તિનું દર્શન કરવાની મને હમેશાં ઇંતેજારી રહેતી હતી, પણ તે સફળ ન થઈ. ૧૮૯૯માં હું થોડાં વર્ષો માટે યુરોપ જઈ આવ્યો અને ત્યાંથી પછી દેશમાં પાછો ફર્યો ત્યારે જ વડોદરાના સ્ટેશન ઉપર અચાનક મને શ્રી અરવિંદનો ભેટો થઈ ગયો. આ પ્રસંગ હું અન્યત્ર વર્ણવી ગયો છું.

૧૯૧૦માં, મારી ફરજિયાત રજાઓને અંતે હું ફરીથી મારી નોકરી ઉપર સિંધમાં જોડાયો. એ જ વરસે શ્રી અરવિંદે કલકત્તા છોડયું અને અહીં પોંડિચેરીમાં એક નવી જ રીતનું કામ હાથ લીધું. ૧૯૨૫માં હું નોકરીમાંથી નિવૃત્ત થયો અને બંગાળમાં રહેવા લાગ્યો. થોડો વખત તો મારે ખૂબ જ વિરોધી વાતાવરણનો સામનો કરવો પડતો હતો. અને એવે વખતે મારી પત્ની હમેશાં કહેતી, 'જાઓ, ઘોષ સાહેબ પાસે જાઓ. તમને તેઓ શાંતિ આપશે.' પણ શ્રી અરવિંદ સાથેનું મારું રિસામણું હજી ચાલુ જ હતું. હું એ વાત લેશ પણ ભૂલી શકતો ન હતો કે શ્રી અરવિંદ સાવ અણીને સમયે, અમને છોડીને જતા રહ્યા છે. તે પછી મેં સાત વરસ સુધી કવિવર રવીન્દ્રનાથને માટે કામ કર્યું, સાહિત્ય લખ્યું, કળામાં ચંચુપાત કર્યો. પરંતુ કશાથી મને શાંતિ ન મળી. હા, આ મહાકવિ સાથેના મારા સંપર્કથી મારો સંકુચિત અને લોહીતરસ્યો રાષ્ટ્રવાદ જરા વિશાળ બનેલો ખરો. પણ તેટલાથી શું વળે ? આ દરમિયાન અવારનવાર શ્રી અરવિંદના કોક કોક પત્રો મારા હાથમાં આવતા. હું તે બહુ ઉત્સાહથી વાંચી જતો, પણ કંઈ બહુ સમજતો ન હતો. આ અરસામાં પોંડિચેરી આશ્રમના એક જુવાન સાધકે મને ઘણો પ્રેમાળ પત્ર લખ્યો. તેનો ભાવાર્થ કંઈક આવો હતો : 'અહીં અમને ઘણાને તમને મળવાની ઇંતેજારી છે. થોડા દિવસ પણ અહીં નહિ આવી જાઓ ?' હું ભલે ગમે તેટલો બુદ્ધિવાદી હોઉં, પણ એ વાત તો હું માનતો હતો કે આ લોકો કોઈ ભવ્ય વસ્તુની શોધમાં નીકળેલા છે, અને

એથી યે વિશેષ વાત તો એ હતી કે તેમના આ ગુરુ અત્યારના યુગની સાચે જ સૌથી મહાન આધ્યાત્મિક વિભૂતિ હતા. તો પણ આ જુવાન યોગીના પ્રેમાળ આમંત્રણનો મેં સ્વીકાર ન કર્યો. મેં જવાબ લખ્યો, 'મારા કુતૂહલને સંતોષવા માટે હું તમારા આશ્રમમાં નહિ જ આવું. આવીશ ત્યારે મારી જાતનું અર્પણ કરી દેવા માટે જ આવીશ.' કેવી બાલિશતા ! કારણ, આજે હું જાણું છું કે હું આધ્યાત્મિક જીવન માટે યોગ્ય ન હતો તો પણ આખો યે વખત કોના પ્રેમળ હાથ અદૃશ્ય રીતે બધી દોરી ખેંચી રહ્યા હતા.

આ વખતે હું સાહિત્યલેખનમાં જ પૂરેપૂરો મગ્ન હતો, અને અનેક વિષયો પર લખતો હતો. એમાંની એક પ્રવૃત્તિ અવલોકનોની હતી. આ રીતે મેં લખેલા એક અવલોકને મારા જીવનનો સારો યે પ્રવાહ પલટી આપ્યો. એ આમ બન્યું. વિશ્વ-ભારતી ત્રૈમાસિકમાં મેં જવાહરલાલની આત્મકથાનું એક ઘણું લાંબું અવલોકન લખ્યું હતું. અને તેના તરફ લોકોનું, ખાસ કરીને મને ઓળખતા લોકોનું કાંઈક ધ્યાન ખેંચાયું હતું. પોંડિચેરી આશ્રમના કોઈ એક સાધકે શ્રી અરવિંદને આ અવલોકન મોકલી આપ્યું, સાથે મારાં ભારોભાર વખાણ કર્યાં અને આ પ્રશ્ન પૂછયો, 'આ ભૂતકાળના સજ્જન સાથે આપને કાંઈ સંબંધ હતો ખરો, રાજકીય રીતનો ? શ્રી અરવિંદ તરફથી તરત જ જવાબ આવી ગયો : 'ચારુ દત્ત ? હા, તેને બહુ થોડી વાર મળ્યો છું. કારણ બાહ્ય જીવનમાં અમારા માર્ગ બહુ જ જુદા રહેલા છે. પણ એ થોડી વારનું મિલન પણ ઘણું ગાઢ પ્રકારનું હતું. જે થોડાક માણસો મને ખૂબ જ ગમેલા છે, તેમાંના એ એક છે. મને થયું છે કે જગત સંગ્રામમાં આ લોકો સદા યે મારા મિત્રો રહેલા છે. ભેરુઓ રહેલા છે, સાથી યોદ્ધાઓ રહેલા છે, અને સદા યે રહેવાના છે. ચારુ એમાંના એક છે. પણ એક વિચિત્ર વાત એ છે કે એના જેવા માણસો સાથે, મારો સ્થૂલ સંપર્ક બહુ જ ટૂંકા વખતનો રહેલો છે. ચારુ ઉપરાંત બીજા બે ત્રણ જણની બાબતમાં પણ આમ બનેલું છે. આમ થવાનું કારણ હું ધારું છું કે કદાચ એ પણ હોય કે આ વખતે મારે કાંઈક બીજું જ કામ કરવાનું હતું.'

પેલા સાધકે આ જવાબ મને કલકત્તા મોકલી આપ્યો. એ વાંચતાં જ મારામાં શરમ અને દુ:ખની લાગણી ઊભરાઈ આવી. બે ક્ષણ તો હું સૂનમૂન બની રહ્યો. અને પછી મારી પત્નીએ કહ્યું, 'મેં તો તમને કેટલી યે વાર કહ્યું છે : થોડો વખત એમની પાસે જઈ આવો. એ તમને શાંતિ આપશે.' મારા પોંડિચેરીના મિત્રને મેં તરત જ લખ્યું, 'તમારા આશ્રમની યાત્રાએ આવવાનો મારો સમય પાકયો છે. કૃપા કરી શ્રી અરવિંદની રજા મેળવશો અને બીજી

જરૂરી વ્યવસ્થા કરશો.' કેવી તો અદ્‌ભુત કરુણા ! મારા જેવો એક ક્ષુદ્ર માણસ, એક અર્થહીન રૂસણું લઈને ૩૦ વરસથી આ મહા વ્યક્તિથી દૂર ને દૂર રહ્યા કર્યો છે. તેમને વિષે, કંઈ નહિ તો મારા મનમાં તો ખરું જ, મેં અપમાનકારક રીતે વિચારો કર્યા છે, અને એ પોતે, એ મહા આત્મા મને ખબર ન પડે તેવી રીતે, પોતાની પાસે મને, હળવાશથી પણ એકધારી રીતે ફરી વાર ખેંચી રહ્યા છે. પોંડિચેરીમાંથી જવાબ તરત જ આવ્યો. શ્રી અરવિંદે મને આવતા ફેબ્રુઆરી દર્શન ઉપર આવવાની રજા આપી છે. રજા આપી છે એટલું જ નહિ પણ, મારે અંગે એક મીઠી મજાક પણ કરી છે—'શું ચારુ હજી એની પેલી ચૂંગી પીએ છે કે? તો તો પછી આશ્રમમાં એ કેવી રીતે રહી શકશે ?' હું પણ ખૂબ આનંદમાં જ હતો. અને મેં જવાબ લખી મોકલ્યો. 'શ્રી અરવિંદને કહેશો કે મારી ચૂંગી એ મારી સેવક છે અને હું એનો માલિક છું.' આમ આટલે સુધી તો બધું સરળ ચાલ્યું. પરંતુ આશ્રમનાં માતાજી વિષે તો હું સાવ અજાણ જ હતો. એમને વિષે, તેમના ભક્તો પાસેથી તેમ જ વિરોધીઓ તરફથી મેં ઘણું સાંભળ્યું હતું. લોકો એમના વિષે જે કહેતા હતા તે તરફ મેં કશું ધ્યાન આપ્યું ન હતું. એ વાત તો સહેલાઈથી જોઈ શકાય તેમ હતી કે શ્રી માતાજી એક ઘણી જ લાક્ષણિક અને પ્રખર વ્યક્તિ હતાં. આ પૂર્વે હું મિસિસ બેસન્ટ અને સિસ્ટર નિવેદિતા જેવી મહા યુરોપિયન સન્નારીઓના સંપર્કમાં આવેલો હતો. પરંતુ તેમની સમક્ષ મારે સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરવાનો પ્રશ્ન કદી ઊભો થયો જ ન હતો. તે કાંઈ દિવ્ય વ્યક્તિઓ ન હતી ! પણ આ બાબત તો પોંડિચેરીમાં શ્રી માતાજી સમક્ષ હું જઈને ઊભો રહ્યો ત્યારે જ મારા મનમાં આવીને ખડી થઈ. અને આ મુશ્કેલી ઊભી થતાં વેંત જ, શ્રી અરવિંદે, પોતાની પરમ કરુણાપૂર્વક તેનો ઉકેલ પણ કરી આપ્યો. એ ન થયું હોત તો મારો યોગ પહેલે પગથિયેથી જ અટકી પડયો હોત. પણ આ આખી ઘટનાને હું જેમ બની તેમ જ બરાબર વર્ણવી દઉં તે જ ઠીક રહેશે.

એ દિવસોમાં, દર્શનની આગલી સાંજે શ્રી માતાજી સર્વ દર્શનાર્થીઓને આશીર્વાદ આપતાં હતાં. એક મિત્રની સાથમાં હું પણ આશ્રમના મેડિટેશન હૉલમાં માણસોની લાગેલી કતારની અંદર જઈને ઊભો. અને છેક છેલ્લી ઘડીએ, મારા મનમાં આ વિચાર આવ્યો, 'ધારો કે આ યુરોપિયન બાઈના પગને સ્પર્શ કરવાનું મને મન ન થયું તો ?' અને મેં તે જ ક્ષણે નક્કી કર્યું કે હું કદી આત્મછળ તો નહિ જ કરું. શ્રી માતાજીનો ચરણસ્પર્શ કરવાની જો મને વૃત્તિ નહિ થાય તો હું મારા હાથ જોડી કપાળે અડાડી સાદા નમસ્કાર કરી

લઈશ અને પછી મારા ઉતારે જઈને તરત જ તેમને એક પત્ર લખી દઈશ કે, 'પૂજ્ય માતાજી, આશ્રમની શિસ્તનું પાલન કરવાની મારી અશક્તિને કારણે, હું હમણાં જ પોંડિચેરી છોડી ચાલ્યો જાઉં છું.' આ ભીષણ વિપત્તિમાંથી શ્રી અરવિંદે મને બચાવી લીધો. શ્રી માતાજીના દેદીપ્યમાન ચરણ મારી દૃષ્ટિએ પડયા અને તરત જ હું મારા મન સાથે બોલી ઊઠયો, 'મૂરખ, રે મૂરખ! તું એમ માને છે કે આ માણસના ચરણ છે!' અને એકદમ ધસીને મેં એ ચરણ પકડી લીધા. મારા આખા યે શરીરમાં એક જોરદાર પ્રવાહ ઊતરી આવ્યો અને શ્રી માતાજી શું છે એ બાબત મારા મનમાં ઊઠેલો પ્રશ્ન સદાને માટે ઊકલી ગયો. દર્શન પછી બીજે દિવસે, શ્રીઅરવિંદની પરિચર્યામાં હંમેશાં રહેતા નીરોદબરને મને પૂછયું, 'સાહેબ, શું બન્યું હતું? શ્રી અરવિંદ એમ કહેતા હતા કે, "ત્યારે, ચારુદત્ત શ્રી માતાજીને પગે લાગ્યા ખરા!" એ શા માટે હશે?' અને હાજર રહેલા બધા મિત્રો સમક્ષ, મેં ગૌરવપૂર્વક બધું કહી બતાવ્યું કે શ્રી અરવિંદે કઈ રીતે મને બચાવી લીધો હતો.

અને હવે શ્રી અરવિંદનું મારું પ્રથમ દર્શન પણ ટૂંકમાં વર્ણવી લઉં, વાચક એ વાત તો સહેલાઈથી કલ્પી શકશે કે દર્શનના હૉલનો ઉંબર મેં ઓળંગ્યો ત્યારે મારા પગ કેવા ધ્રૂજી રહ્યા હતા અને હૃદય કેવું તો ધબકી રહ્યું હતું. મને એ પણ ખાતરી છે કે મારી આંખો પણ બંધ જ હતી. હું જ્યારે સિંહાસન સમક્ષ જઈને ઊભો ત્યારે મારી આંખ એક પળભર ખૂલી ગઈ અને મેં જોયું, એક નીલવર્ણનો સુંદર ચહેરો અને માથા ઉપર એક છાયારૂપ મોરપીંછ. મુખ ઘણું સુંદર હતું, પરમ ઉદાર હતું, પરંતુ એના તરફ બીજી દૃષ્ટિ માંડવાની મારામાં શક્તિ ન હતી. તે વખતે મને એક જ વિચાર હતો, તે વખતે જો કોઈ વિચાર રહી શકયો હોત તો, અને તે એ કે રખે હું કયાંક ફસકાઈ ન પડું. બે ત્રણ દિવસ પછી, પુરાણીજી, આશ્રમના એક જૂના સાધક મને મળવા આવ્યા અને તેમણે કહ્યું, 'ચારુ બાબુ, મેં શ્રી અરવિંદને પૂછયું કે 'આપના જૂના મિત્ર આપને કેવા લાગ્યા, સાહેબ?' ત્યારે તેઓ ખડખડાટ હસી પડયા અને બોલ્યા કે, 'પણ ચારુ મને એના ઉપર નજર માંડવા દે ત્યારેને!' એ વાત તદ્દન સાચી હતી. હું શ્રી અરવિંદ સાથે આંખ મેળવીને કેવી રીતે જોઈ શકું તેમ હતું! આવી રીતે મારી સાધના શરૂ થઈ. કોને ખબર, કદાચ હું હજી પણ એ આરંભના બિંદુની આસપાસ જ ફર્યા કરતો હોઈશ તો! પણ એક વાત તો મને તદ્દન સ્પષ્ટ થઈ ગઈ છે. અને તે એ છે કે શ્રી અરવિંદની કૃપા મારા ઉપર ઊતરી છે, અને મારી સાધનાનો અંત હવે નિશ્ચિત જ છે.

તે પછી શ્રી માતાજીને મળવાનું મારે બન્યું કે તે જ વખતે મેં તેમને એ વાત કહી દીધી કે આધ્યાત્મિક વસ્તુઓ વિષે મને કશું જ જ્ઞાન નથી, અને મારી આધ્યાત્મિક સાધનામાં હું માત્ર એક જ વસ્તુ કરું છું – રાતને વખતે એક નાનકડી પ્રાર્થના. મારી માતાએ હું નાનો હતો ત્યારે મને તે શીખવેલી હતી. શ્રી માતાજીએ મહા ગંભીર ભાવે મારી આંખોમાં દૃષ્ટિ પરોવી અને મને ખાતરી આપી કે હવે ભવિષ્યમાં મારી પ્રાર્થનાને દોરવણી આપવામાં આવશે અને ત્યાર પછી એમ જ થતું રહ્યું છે, હંમેશાં એકધારી રીતે અને અસરકારક રીતે મારી પ્રાર્થનાઓ દોરાતી રહી છે. શ્રી માતાજીનો એ ગંભીર દૃષ્ટિપાત એ મારી દીક્ષા હતી.

આ સંબંધમાં બીજા પણ એક બે પ્રસંગો છે. કેટલાંય વરસો લગી, હું રોજ આખી ગીતાનું પારાયણ કરતો. આ સદીના પહેલા દસકામાં શ્રી અરવિંદના પરિચયમાં આવ્યો ત્યારે હું ગીતાનો એક સામાન્ય અભ્યાસી હતો. ટીકાઓની મદદ વડે હું ગીતા વાંચતો અને ચાલુ રીત મુજબ તેના અર્થનું મનન કરતો. શ્રી અરવિંદ સાથે તેનો અભ્યાસ મેં કરેલો નહિ. તેઓ મારી સાથે ઈતિહાસ અને રાજકારણની ચર્ચા કરતા, અનેક ભાષાઓમાં મારી સાથે કવિતા અને નાટક વાંચતા, પરંતુ તેમણે મને ધર્મ કે તત્ત્વજ્ઞાન શીખવવાનો કદી પ્રયત્ન કરેલો નહિ. વડોદરામાં તેમણે એકાદ બે મિત્રોને આધ્યાત્મિકતાની બાબતમાં કાંઈક માર્ગદર્શન આપેલું. પરંતુ એક દિવસ મેં જ્યારે તેમને સાધના અંગે એક બે પ્રશ્નો પૂછ્યા ત્યારે તેમણે 'હમણાં નહિ' એમ કહીને વાત ઉડાવી દીધેલી, પરંતુ એનો અર્થ એમ નથી તે મારી આધ્યાત્મિક પ્રગતિ અંગે ઉદાસ હતા. મને 'વંદે માતરમ્'ના મંત્રનો અર્થ આવડતો હતો. એટલે એ મંત્રનો જ કર્મ દ્વારા સાક્ષાત્કાર કરવામાં તેમણે મને જોડી દીધેલો. પણ મારું અંતઃકરણ એટલાથી સંતુષ્ટ ન હતું. મારે કાંઈક વધુ સૂક્ષ્મ વસ્તુ જોઈતી હતી. એટલે ૧૯૦૬માં, એક દિવસે મેં કહ્યું, 'આપ બીજા લોકોને ઘણી ઘણી વસ્તુઓ આપો છો. આજે હું મારે માટે એક વસ્તુ માગું છું. મને ગીતાની એકાદ જૂની પ્રત આપો, આપે થોડીઘણી વાપરી હોય તેવી.' તે વખતે તો શ્રી અરવિંદ કાંઈ બોલ્યા નહિ, પણ તે પછી તેઓ જ્યારે ફરી મારે ત્યાં આવ્યા ત્યારે પોતાની સાથે ગીતાની એક ઠીક ઠીક વંચાયેલી એવી પ્રત લેતા આવ્યા. બહુ જ હળવા ભાવે તેમણે તે મને આપી અને મેં પણ એવા જ હળવા ભાવે તે લઈ લીધી. પરંતુ આ આપવા અને લેવાનો અર્થ મને ૪૦ વરસ પછી સમજાયો. ૧૯૦૮માં મેં શ્રી અરવિંદના બધા પત્રો, તેમના નામવાળી

બધી જ ચોપડીઓ બાળી નાખેલી ! માત્ર આ એક ગીતા રહેવા દીધેલી. જો કે એમાં થોડુંક દેવનાગરીમાં પણ લખાણ છે. પુસ્તક બહુ જૂનું થઈ ગયેલું છે અને પાનાં બરડ બની ગયેલાં છે. એટલે અવારનવાર તેને પ્રણામ કરવા સિવાય અમે તેને ભાગ્યે જ અડતા હતા. ૧૯૪૬માં એક પ્રભાતે, કોણ જાણે કેમ, મેં શ્રી માતાજીને કહ્યું, 'માતાજી, શ્રી અરવિંદે ૪૦ વરસ ઉપર મને ગીતાની એક નકલ આપેલી છે. આપ તે આપની પાસે રાખો એવી મારી ઇચ્છા છે.' અને બીજે દિવસે સવારે એ પુસ્તક મેં શ્રી માતાજીને આપ્યું. તે પછી થોડા જ દિવસોમાં દર્શનનો દિવસ આવ્યો. દર્શન પૂરાં થયા પછી, સાંજના પાંચ વાગ્યે, નીરોદ કાપડની અંદર કશીક વસ્તુ વીંટાળેલી લઈને અમારે ઘેર આવ્યા, અને બારણામાંથી જ પોકાર કર્યો, 'બોલો, મને શું આપો છો ?' મેં કહ્યું, 'જે કાંઈ જોઈએ તે.' નીરોદ અંદર આવ્યા અને એ જૂની ગીતાને ગંભીર ભાવે મારા હાથમાં મૂકતાં બોલ્યા, 'સાહેબ, હું શ્રી અરવિંદના શબ્દો જ ફરી બોલું છું—"મેં તમને ૧૯૦૬માં ગીતા આપી હતી અને તે પાસે રાખવાનું કહ્યું હતું, આજે ફરીથી તમને તે પાછી આપું છું અને તમારી પાસે તે રાખવાનું કહું છું."' અને એમ મહામૂલ્ય પુસ્તક શ્રી અરવિંદે મને બે વાર આપ્યું, એક વાર એક મિત્ર તરીકે, બીજી વાર મારા ગુરુ તરીકે. પ્રભુ તરીકે, અને એ બંને વ્યક્તિઓ એક જ હતી તે તેમણે સ્પષ્ટ કરી આપ્યું.

એ વરસોમાં શ્રી અરવિંદે એક બીજી પણ ઘણી સૂક્ષ્મ વસ્તુ મને આપેલી. એ હજી પણ મારી પાસે છે, મારા હૃદયમાં ગુહ્ય રીતે સ્થાપિત બની તે વિરાજે છે. એક સમયે તો તે મને બહુ જ કામ આવતી હતી, પરંતુ હવે જ્યારથી શ્રી અરવિંદ અને માતાજીએ મારા હૃદયમાં નિવાસ કરવા માંડયો છે ત્યારથી તેનું કાર્ય ગૌણ બની ગયું છે. એ હજી પણ ત્યાં હાજર જ છે, મારી મદદ માટે સદા યે તૈયાર છે. આ વાત આમ છે. તે વખતે મારી અંદર એક ઘણી વિચિત્ર એવી શક્તિ હતી. એને યૌગિક શક્તિ તો નહિ કહી શકાય, કારણ કે તે વખતે મને યોગનું કશું જ્ઞાન ન હતું. હું બેધ્યાનપણે સ્થિર બેઠેલો હોઉં, ખાસ કરીને અંધકારમાં યા તો આછા અંધકારમાં, ત્યારે મને મારી નસોમાં અને શિરાઓમાં વહેતા લોહીનો પ્રવાહ બરાબર સ્પષ્ટ રીતે અનુભવાતો હતો, અને તેમાંથી પછી મારી નાડીના ધબકારા પણ બહુ સરળતાથી હું ગણી શકતો હતો. એથી યે વધુ વિચિત્ર શક્તિ તો એ હતી કે હું મારા ધડ પર અને પેઢુની અંદર દૃષ્ટિ વાળી શકતો હતો અને મારી અંદરના અવયવો—હૃદય, ફેફસાં, કાળજું ઇ. બરાબર સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો. થોડીક વાર સહેજ

એકાગ્રતાથી કરું કે આ વસ્તુઓ મને દેખાવા લાગતી. શ્રી અરવિંદ મારી આ શક્તિ વિષે જાણતા હતા, પરંતુ તે બાબતમાં તેમણે મને કદી કશું ઉત્તેજન અપ્યું ન હતું. એક વાર વાત વાતમાં મેં તેમને કહ્યું, 'આપ મને કોઈ એવી સરસ ચીજ આપોને કે જેના ઉપર હું વધુ સહેલાઈથી એકાગ્ર થઈ ધ્યાન કરી શકું.' આ વેળા શ્રી અરવિંદે 'હમણાં નહિ' એમ કહી વાત ઉડાવી તો ન દીધી, પરંતુ મને કશી ખાતરી પણ ન આપી. અને બે એક દિવસમાં તેઓ પાછા વડોદરા ચાલ્યા ગયા. તે પછી તુરતમાં જ મને આ પ્રમાણેનો એક લાક્ષણિક અનુભવ થયો. સાંજનો વખત હતો. ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. અંધારું થઈ ગયું હતું. હું મારી લાંબી ખુરસીમાં લંબાઈને સૂતો હતો, આંખો બંધ હતી. અને એકાએક મારી દષ્ટિ મારી અંદરની બાજુએ વળી. મને મારી છાતીની અંદરનો ભાગ દેખાવા લાગ્યો, અને ત્યાં મારા હૃદયની, અંદર, પદ્માસન વાળીને બેઠેલી એક મહા મોહક આકૃતિ સ્પષ્ટપણે દેખાવા લાગી. એ આકૃતિ આખી યે પ્રકાશની બનેલી હતી. એ એક ધ્યાનમગ્ન યોગી હતા. ચહેરો સુંદર હતો, પણ મેં જોયેલા કોઈ પણ ચહેરા સાથે તે મળતો ન હતો. એ તેજોમય આકૃતિ ત્યાર પછી હમેશાં મારી પાસે રહેલી છે, અને કોઈ પણ સમયે, હું બહુ જ સરળતાથી તેના ઉપર એકાગ્રતા કરી શકું છું. પાછળના વખતમાં એ આકૃતિ કદી કદી શ્રી અરવિંદના ચહેરા સાથે એકમેક થઈ જતી હતી, પરંતુ કોક જ વાર. શ્રી અરવિંદે પોતે એ વાત કદી કબૂલી નથી કે તેમણે મને કોઈ આવી આકૃતિ આપી છે. જ્યારે જ્યારે મેં તેમને પૂછ્યું છે, ત્યારે વાતને ઉડાવી દેતા હોય તેમ તેમણે કહ્યું છે, 'ઓ, તમારી એ મૂર્તિ? મને એની કશી ખબર નથી.' બેશક, આ બાબતમાં હવે કલ્પના કરવાની જરૂર રહી નથી. શ્રી માતાજીએ મારા હૃદયની અંદર સાધનાનો એક સીધો માર્ગ ખોલી આપેલો છે.

આ જ અરસામાં એક વાર શ્રી અરવિંદે મને વડોદરાથી પત્ર લખેલો અને તેમાં પૂછેલું, 'તમે શાંત ભાવે એકાગ્રતામાં બેસો છો (કે જેને તમે બેધ્યાનપણું કહો છો) ત્યારે તમને કોઈ રંગો દેખાય છે ખરા? કોઈ એક જ રંગ કે ઘણા રંગ?' મેં જવાબ લખ્યો, 'મને હમેશાં એક રંગ દેખાય છે, એ સુંદર ગુલાબી પ્રકાશ હોય છે. પણ આ પ્રશ્ન આપ શા માટે પૂછો છો?' તેનો કાંઈ જવાબ ન આવ્યો. શ્રી અરવિંદ પછી જ્યારે મારે ત્યાં આવ્યા ત્યારે મેં ઠપકામાં કહ્યું, 'સાહેબ, આપ મને લાલ સિવાય બીજો કોઈ રંગ જોવા ન દેશો, નહિ તો તમારું કામ બગડવાનો સંભવ છે.' અને જાણે કોઈ બીજી

વાતમાં ધ્યાન હોય તેમ શ્રી અરવિંદ બોલેલા, 'મારું કામ! સાચી વાત.' આમ અમે અવારનવાર મળતા રહ્યા અને છૂટા પડતા રહ્યા. પરંતુ શ્રી અરવિંદને એ વાતની હમેશાં ખબર હતી કે હું તેમનો ખૂબ જ એકનિષ્ઠ અને વફાદાર મિત્ર છું. કારણ, ૧૯૪૦માં મને ખબર પડી તે મુજબ, તેમણે કદી મારો ત્યાગ કર્યો ન હતો. ૧૯૧૦માં અમારે છૂટા પડવું પડયું તે બેશક, મારે માટે સહન કરવું બહુ કઠણ હતું. પૂરાં ત્રીસ વરસ સુધી એ વિયોગનું દર્દ મેં મારા હૃદયમાં સંઘરી રાખ્યું હતું. અને જ્યારે મને તક મળી કે તરત જ મેં શ્રી માતાજી સમક્ષ મારા વીંધાયેલા હૃદયની કથા રજૂ કરી દીધી. અને તેમણે પરમ કોમળતાથી મને પૂછયું, 'તો હવે તો તમને સમજાય છે ને કે શ્રી અરવિંદ અહીં ૧૯૧૦ માં શા માટે ચાલી આવ્યા?' અને મેં આનંદપૂર્વક જવાબ આપ્યો, 'હા, સમજાય છે, માતાજી, અને તેથી તો, એ મને સમજાયું કે તરત જ હું તમારી પાસે દોડી આવ્યો છું'. મારી નૌકા છેવટે તેના બંદરે પહોંચી હતી અને હું ખરેખર સુખી હતો.

મારા પ્રથમ દર્શન પછી હું કલકત્તા પાછો ફર્યો. અને એક ઘટના બની. એમાં કાંઈ સૂક્ષ્મ રહસ્ય પણ હોય. શ્રી અરવિંદને દર્શન સમયે મેં પ્રથમ વાર જોયા ત્યારે તેમની આસપાસ એક આકાશના જેવું નીલવર્ણ આભામંડળ હતું અને તેમના માથા ઉપર એક મોરપીંછ હતું. આ વાત હું ઉપર કહી ગયો છું. હરેક માણસને શ્રી અરવિંદ આ રીતે દેખાતા નથી, પણ મને તો દેખાયા જ હતા. આનું એક સૂક્ષ્મ કારણ પણ હતું. ૧૯૩૭માં કેટલાં ય અઠવાડિયાં સુધી હું પથારીવશ હતો, મારા ઢીંચણોમાં સખત દર્દ હતું. હું સાજો થયો ત્યારે મારી એક સાળીએ મને કહ્યું, 'દાદા, તમે માંદા હતા ત્યારે મેં મારા ગોવિંદજી આગળ એવી બાધા લીધી છે કે તમે સાજા થશો તે પછી વરસમાં તમે બે વાર દોલ પૂર્ણિમાએ અને રાસ પૂર્ણિમાએ ગોવિંદજીને બકુલની માળા પહેરાવશો. મેં કાંઈ ભૂલ તો નથી કરીને?' મેં કાંઈક અચકાતાં અચકાતાં કહ્યું, 'પહેલાં મને પૂછયું હોત તો સારું થાત. કાંઈ નહિ, તારું નામ લઈને હું તારી બાધા પૂરી કરીશ.' અને તે મુજબ આ ખાસ દિવસોએ હું કેટલોક વખત સુધી ગોવિંદજીને માળા પહેરાવતો રહ્યો. મને યાદ છે ત્યાં સુધી આ ક્રિયા હું યંત્ર પેઠે કરી જતો, મૂર્તિને પગે લાગતો ન હતો. પરંતુ મારી અવચેતનામાં શું થઈ રહ્યું હશે તેની કોને ખબર હતી? વળી એક બીજી રીતે પણ આ મુરલીધરની પ્રતિમા સાથે મારે ગાઢ પરિચયમાં રહેવાનું થતું હતું. એ વરસોમાં હું આપણા દેવદેવીઓની ધ્યાન-

મૂર્તિઓનાં ચિત્રો આપણી ભારતીય શૈલી મુજબ ચીતરતો હતો. એમાં હું કાંઈ પ્રવીણતા તો નહોતો જ મેળવી શકયો. તો પણ એ કળાની ઉપાસના મેં ખંતપૂર્વક ચાલુ જ રાખી હતી. મને આ બધાં દેવદેવીઓમાં મુરલીધારી કૃષ્ણ મારો સૌથી પ્રિય વિષય હતા. મેં તેમનાં ૨૫ ઉપરાંત ચિત્રો દોર્યાં હશે. શ્રી અરવિંદનાં ૧૯૪૦ના ફેબ્રુઆરીમાં મેં પ્રથમ દર્શન કર્યાં ત્યારે મેં જે જોયું તેનો આની સાથે પણ કાંઈ સંબંધ હોઈ શકે છે. આ વિષયમાં મને બહુ સમજ નથી અને તેથી તેનો ખુલાસો મારી પાસે નથી. પરંતુ આ પછી થોડા દિવસ બાદ જે બન્યું તે તો મારા મનની રચેલી જ કોઈ વસ્તુ હતી એમ કોઈ રીતે પણ નહિ કહી શકાશે. પોંડિચેરીથી માર્ચમાં હું પાછો ફર્યો ત્યારે હાવરા સ્ટેશને મને લેવા માટે મારો ભત્રીજો આવ્યો હતો. સ્ટેશનેથી તે મને સીધો ગોવિંદજીના મંદિરમાં લઈ ગયો. એ દિવસે દોલ પૂર્ણિમા હતી અને મારે દેવને માળા પહેરાવવાની હતી. હમેશની માફક બકુલની માળા લઈ હું ગોવિંદજી પાસે ગયો. પરંતુ આ વખતે મેં જે જોયું તે કોઈ પાષાણની પ્રતિમા ન હતી. ગોવિંદજીએ એક મૃદુ સ્મિત કરીને પોતાની આંખો ખોલી અને પોંડિચેરીમાં શ્રી અરવિંદે જે રીતે મારી સામે જોયું હતું તે જ મુજબ મારા તરફ જોયું. આ બેની વચ્ચેનું સરખાપણું બહુ જ લાક્ષણિક હતું! મેં મારા બેય હાથમાં ગુલાલ લીધું આને ગોવિંદજીના ગાલ ઉપર ઘસતાં ઘસતાં કહ્યું, 'આપની ઈચ્છા જો આ રીતની જ હતી તો પછી મને આટલી બધી રાહ શા માટે જોવડાવી!' ત્યાં ભક્તજનોનું એક ટોળું જામ્યું હતું અને સૌ બોલી ઊઠયાં, 'જય ગોવિંદજી!' પણ આ પછી મેં અમારા એ ગૃહદેવતાને બહુ ઝાઝો વખત માળા પહેરાવી નહિ. એક વરસ પછી, આ દેવની ભક્ત મારી બેને મને આમાંથી મુક્તિ આપતાં કહ્યું, 'દાદા, હવે તમને તમારા ગોવિંદજી મળી ગયા છે!'

આ પછી એક વખતે મને એ તીવ્ર ઈચ્છા થઈ આવી કે મારા જીવતા ગોવિંદજીના ચરણમાં—શ્રી અરવિંદના ચરણમાં અબીલ ચડાવું. પણ એ કેવી રીતે થાય? ઘરમાં અમે આ વાત વિષે અનેક વાર વિચાર કર્યો. છેવટે દર્શનનો દિવસ પાસે આવ્યો ત્યારે મારી પત્નીએ એ પ્રશ્નનો ઉકેલ આણી દીધો. શ્રી માતાજીની પાસે તે સીધી પહોંચી ગઈ અને અમારી વિનંતી રજૂ કરી. શ્રી માતાજીએ એ વિનંતી તરત જ સ્વીકારી લીધી. અમારા વતી તેમણે શ્રી અરવિંદના ચરણ ઉપર અબીલ ચડાવ્યું અને બીજે દિવસે સવારે શ્રી અરવિંદના ચરણસ્પર્શથી પુનિત થયેલું તે અબીલ અમને આપ્યું.

શ્રી માતાજીની પરમ કૃપાનો એક બીજો પ્રસંગ છે. એ દિવસોમાં, અમુક વરસો લગી શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું ધ્યાન કરતી વેળાએ હું

સાથે સાથે માળા પણ ફેરવતો હતો. એક સવારે સીડી ઉપર* મેં શ્રી માતાજીને કહ્યું, 'માતાજી, હું રોજ એક માળા ફેરવું છું. મારે તેને આપનાં ચરણોમાં મૂકવી છે. કાલે લઈ આવું?' કહેવાની જરૂર નથી કે શ્રી માતાજીએ એ વાત મંજૂર કરી. બીજે પ્રભાતે, જ્યારે એ માળા વડે મેં શ્રી માતાજીનો ચરણસ્પર્શ કર્યો ત્યારે એકાએક મારાથી પુછાઈ ગયું, 'માતાજી, આ માળા શ્રી અરવિંદના ચરણમાં મૂકી શકાય ખરી?' શ્રી માતાજી તેમનું ઉદાર સ્મિત કરી બોલ્યાં, 'કેમ નહિ? મને આપો. આજે જ મૂકીશ.' બીજે દિવસે મને મારી માળા પાછી આપતાં શ્રી માતાજીએ કહ્યું, 'શ્રી અરવિંદને મેં કહ્યું હતું કે આ માળા તમારી છે.' મારા આનંદની સીમા ન રહી.

૧૯૪૦માં, હું જ્યારે પોંડિચેરીમાં પહેલી વાર આવ્યો ત્યારે હું આજે છું તે કરતાં શરીરે ઘણો અશક્ત હતો. મારામાં આ સુધારો કોની કૃપાથી થયો? એકલા શ્રી અરવિંદની કૃપાથી? કે એકલાં શ્રી માતાજીની કૃપાથી? આના જવાબ રૂપે આ એક પ્રસંગ વર્ણવું છું. પાંચેક વરસ ઉપર, એક સવારે હું શ્રી માતાજીને પ્રણામ કરતો હતો ત્યારે એકાએક મને કહેવાનું મન થઈ આવ્યું, 'માતાજી, જીવનમાં મને એક વાતનું દુ:ખ બહુ લાગે છે. મારા પગ લગભગ અપંગ જેવા છે એટલે બીજાઓની માફક હું આપનાં ચરણોમાં મારું માથું મૂકી શકતો નથી.' અને શ્રી માતાજીએ કહ્યું, 'એ કાંઈ બહુ મુશ્કેલ વાત નથી. હું ઊભી રહું છું ત્યાંથી બે પગથિયાં નીચે તમે બેસી શકો છો, અને ત્યાંથી મારા પગમાં માથું મૂકી શકશો.' બે દિવસ લગી મેં આ પ્રમાણે કર્યું. મને બહુ આનંદ રહ્યો. ત્રીજે દિવસે, મેં શ્રી માતાજીને કહ્યું, 'માતાજી, મારા હૃદયની ઈચ્છા આપે પૂરી કરી છે, મને પૂર્ણ સંતોષ થયો છે. હવે આપને બહુ તસ્દી નહિ આપું. આવતી કાલથી હું હમેશની માફક આપના ચરણને મારા હાથ વતી જ સ્પર્શ કરી લઈશ.' બે દિવસ પછી દર્શન આવ્યાં. મને ખબર નથી કે શ્રી માતાજીએ શ્રી અરવિંદને મારે વિષે કાંઈ વાત કરી હોય, પણ મેં જોયું કે હું જેમ જેમ શ્રી અરવિંદની નજીક જવા લાગ્યો તેમ તેમ તેમણે મને માથાથી માંડી પગ સુધી આખા શરીરે નિહાળવા માંડયો, અને મારી પત્નીએ તથા મારી પાછળ આવતા એક બે જણે પણ મને કહેલું તે મુજબ, શ્રી અરવિંદની દૃષ્ટિ હું દેખાતો રહ્યો હતો ત્યાં સુધી મારી પાછળ પાછળ ફરતી રહી હતી. તે

* આશ્રમમાં મેડા ઉપર જવાના દાદરાના મથાળે ઊભાં રહી શ્રી માતાજી અમુક વખતે પ્રણામ આપે છે. સાધકો સીડીનાં પગથિયાં ઉપર ઊભા રહી એક પછી એક શ્રી માતાજી પાસે જઈ, તેમને પ્રણામ કરી, શ્રી માતાજીના આશીર્વાદ મેળવે છે.

દિવસ પછી મારા ઢીંચણમાંની અકડાઈ ઝડપથી ઓછી થવા લાગી. આશ્રમમાં આવી ઘટનાઓ હમેશાં બનતી રહે છે એ તો સૌ જાણે છે. આને ચમત્કાર કહો કે ગમે તે કહો. હું એને પ્રભુ-કૃપા કહીશ, શ્રી અરવિંદ અને શ્રી માતાજીની કૃપા કહીશ.

બહારના લોકો એક વાત વારંવાર પૂછે છે કે શ્રી અરવિંદ પોંડિચેરી આવ્યા તે પહેલાં તેમના વર્તનમાં કોઈ ચમત્કારિક વસ્તુ દેખાતી હતી ખરી ? આનો જવાબ હું હામાં કે નામાં તો નહિ આપું. માત્ર મારી જાણમાં છે તે બે એક પ્રસંગો કહીશ. તે પરથી વાચક પોતે જ નિર્ણય કરી લે. પહેલો પ્રસંગ છે શ્રી અરવિંદની નિશાનબાજીનો. ઘણાંએક વરસો ઉપર શ્રી અરવિંદ મારે ત્યાં થોડીક રજાઓ ગાળવા આવેલા. સાંજ પડી ગઈ હતી. આછો આછો વરસાદ પડતો હતો. અમારે બધાને કાંઈ ખાસ કરવાનું હતું નહિ. એટલે એક નાનકડી, સલૂન રાઈફલ વડે અમે રમત કરતા હતા. ત્યાં મારી પત્નીએ શ્રી અરવિંદને કહ્યું, 'આવો, ઘોષ સાહેબ, તમે પણ ચલાવો જરા.' શ્રી અરવિંદે પહેલાં તો હા ન પાડી, અને કહ્યું કે હું કદી બંદૂકને અડયો નથી, નિશાનબાજીની મને કશી ખબર નથી. પણ અમે એમને છોડયા નહિ, એટલે એમણે છેવટે રાઈફલ હાથ લીધી. રાઈફલનું નિશાન નળીના છેડા પરની 'વી'ને આધારે કેવી રીતે લેવું તે હું તેમને સમજાવવા લાગ્યો. પણ તેમણે મારી પત્નીને કહ્યું, 'લીલાવતી, તમે મારી પાસે ઊભાં રહો. ચારુ બહુ ઉતાવળિયો છે.' અને પછી તેમણે રાઈફલ ચલાવવી શરૂ કરી. શરૂઆતમાં એકાદ બે નાનકડી ભૂલો થઈ પણ પછી તો ઉપરાછાપરી તેઓ નિશાન વીંધતા જ ગયા. નિશાન હતું એક દીવાસળીનું માથું, આશરે બારેક ફૂટના અંતર ઉપર ! પંદર વરસ ઉપર મેં મશ્કરીમાં કહેલું, 'જો આવા માણસને યોગનો સાક્ષાત્કાર ન થાય તો પછી શું મારા તમારા જેવા મુફલિસોને એ થશે ?' આજે પણ હું એ જ વાત કહું છું.

એક બીજે પ્રસંગે, શ્રી અરવિંદ થાણામાં અમારે ત્યાં આવેલા, ત્યારે મારા સાળા સુબોધ માલિક અમારી સાથે રહેતા હતા. અમે સૌએ બહુ આનંદ કરેલો. આ વખતે શ્રી અરવિંદ અને સુબોધ બંને એકબીજાના મિત્ર બની રહ્યા, વરસેક પછી સુબોધ રાજકારણમાં દાખલ થયા ત્યારે તેઓ બંને આ ક્ષેત્રમાં ખૂબ જ નજીકના કાર્યકર્તા બની રહ્યા. સુબોધના કહેવાથી શ્રી અરવિંદે નેશનલ કૉલેજનું તેમ જ નવા દૈનિક પત્ર 'વંદે માતરમ્'નું સંચાલન હાથમાં લીધેલું. એ સમય દરમિયાન શ્રી અરવિંદ સુબોધના વેલિંગ્ટન સ્કેવરમાંના મકાનમાં જ મોટે ભાગે રહેતા. તેઓ માત્ર એક માનવંતા મહેમાન જ ન હતા, પણ ઘરના

એક કુટુંબી પણ બની ગયા હતા. અમારાં માતુશ્રીને શ્રી અરવિંદ મા કહી બોલાવતા, અને તે પણ તેમને અરવિંદો અથવા તો એકલું 'બાબા' કહીને બોલાવતાં. એ ખરેખર એક અદ્ભુત બનાવ હતો, આ એક મહા વિદ્વાન વ્યક્તિ, એક મહાન રાજકીય નેતા, પોતાના ગંભીર પ્રભાવશાળી વ્યક્તિત્વને બાજુએ મૂકીને એક બીજા કુટુંબની સાથે કુટુંબી બની ગયા હતા! કલકત્તાના આ મકાનમાં શ્રી અરવિંદ મારાં પત્નીને માટે મુંબઈમાં હતા તેથી યે વિશેષ એક ભાઈ જેવા બની ગયા હતા. સામાન્ય રીતે તો શ્રી અરવિંદને પોતાની કોઈ પણ અંગત સેવા લેવાનું ગમતું નહોતું. પરંતુ એ દૃશ્ય તો અમને ઘણી વાર જોવા મળતું કે શ્રી અરવિંદ બહારથી આવે ત્યારે લીલાવતી તેમના માથા પરનો પરસેવો લૂછતી અને કોમળ હાથે તેમના વાળ હોળતી, અને શ્રી અરવિંદ તો વિરોધ કરતા જ રહ્યા હોય, 'પણ, પણ આ બધું શા માટે? મારા વાળમાં કાંઈ જૂઓ નથી પડેલી!' ઘરની સ્ત્રીઓ શ્રી અરવિંદ માટે રોજ કાંઈ ને કાંઈ વાનીઓ બનાવતી, થાણામાં અને કલકત્તામાં પણ. અને આ બાબતમાં તો શ્રી અરવિંદ વિરોધ નહોતા જ કરતા. સારું ભોજન શ્રી અરવિંદની હંમેશ પ્રિય વસ્તુ હતી. જો કે એ પોતે બહુ ઝાઝું ખાનાર ન હતા.

આ અંગેનો એક પ્રસંગ યાદ આવે છે. મારા થાણાના બંગલામાં શ્રી અરવિંદ અને સુબોધ બંને અમારી સાથે હતા ત્યારની વાત છે. સાંજનો વખત હતો. મારી પત્નીએ પૂછ્યું, 'તમે સૌ તડબૂચનો આઈસ્ક્રીમ લેશો?' શ્રી અરવિંદ ખૂબ ઉત્સાહમાં આવીને બોલ્યા, 'સરસ, સરસ! પણ ખૂબ ખૂબ બનાવજો, હોં!' તડબૂચનું શરબત તૈયાર થયું અને પછી તેને ઠારવા માટે સંચામાં મૂક્યું. આઈસ્ક્રીમ તૈયાર થવાને થોડીક વાર લાગે તેમ હતું એટલે સુબોધે પત્તાં રમવાની દરખાસ્ત રજૂ કરી. શ્રી અરવિંદ પણ રમવાને તૈયાર થયા, 'પણ તમે લોકો રમો છો તેમાંનું મને કાંઈ આવડતું નથી. હું નાનો હતો ત્યારે ઇંગ્લૅન્ડમાં 'વ્હિસ્ટ' રમતો હતો.' સુબોધ બોલી ઊઠ્યો, 'ભલે ભલે, આપણે 'વ્હિસ્ટ' રમીશું.' અને રમત શરૂ થઈ. એક બાજુ હું અને સુબોધ હતા. સામી બાજુ શ્રી અરવિંદ અને મારાં પત્ની હતાં. શ્રી અરવિંદે તેમના જોડીદારને કહ્યું, 'લીલાવતી આપણે એમને પૂરેપૂરા હરાવી દેવાના છીએ. માત્ર મને જરા થોડુંક સમજાવશો.' અને એમણે ઉમેર્યું, 'મને પત્તાંનાં ચાર જાતનાં નામ યાદ છે અને દરેક જાતમાં ૧૩ પત્તાં હોય છે એટલું હું જાણું છું. અને રમત શરૂ થઈ. અને તે તદ્દન એકપક્ષી રમત જ હતી. બધાં જ સારાં સારાં પત્તાં શ્રી અરવિંદના હાથમાં પહોંચી ગયાં હતાં અને દરેક રમનાર પાસે શું શું છે તે પણ તે જાણી

ગયેલા હોય તેમ સ્પષ્ટ લાગતું હતું. શ્રી અરવિંદ આ બધું તદ્દન નિર્દોષ ભાવે, કશા પણ પ્રયત્ન વિના કરતા હતા. અને તે એક પછી એક બાજી જીતતા જ ગયા. થોડી વાર પછી, મેં ટેબલ પર પત્તાં નાખી દીધાં અને કહ્યું, 'અરે ત્યાગરાજ, આ રમત કેવી રીતે રમાય, દરેક વખતે સારામાં સારાં પત્તાં તમારા તરફ જ ચાલ્યાં આવે પછી!' તે વખતે મેં શ્રી અરવિંદને ત્યાગરાજ કેમ કહ્યા તે અત્યારે યાદ નથી. પણ બે એક વરસ ઉપર શ્રી અરવિંદે આ શબ્દ પુરાણીને કહ્યો હતો. શ્રી અરવિંદની આ પત્તાંની રમત એ પણ ઉપર વર્ણવેલા રાઈફલ શૂટિંગના જેવી જ હતી. એ એક પ્રકારનું જાદુ જ હતું. મારી પત્નીએ પછી કહ્યું, 'સારુ, તમને લોકોને એમ લાગતું હોય તો અમારી બધી જીતેલી બાજીઓ અમે જતી કરી દઈએ છીએ. ચાલો ત્યારે, હવે બધા આઈસ્ક્રીમ માટે તૈયાર થઈને આવો; અને તેના જોડીદારે કહ્યું, 'લીલાવતી, આપણે આપણી હોશિયારીના જોરે જીત્યા છીએ. અને આપણે ઉદાર થઈને જ બધું જતું કરીએ છીએ. ચાલો ત્યારે, હું મારું નિત્યકર્મ પરવારી પંદરેક મિનિટમાં આવી જાઉં છું.' પણ શ્રી અરવિંદ પંદર મિનિટમાં ન આવ્યા, અર્ધા કલાકમાં પણ ન આવ્યા. ચાળીસેક મિનિટ ચાલી ગઈ હશે ત્યારે નોકરે આવીને કહ્યું, 'બાઈ સાહેબ, આઈસ્ક્રીમ બહુ સરસ ઠરી ગયો છે. પણ હવે બીજી દસેક મિનિટ જશે તો એ ઓગળવા લાગશે.' અને મેં સુબોધને કહ્યું, 'ચાલો, આપણે એમને બોલાવી લાવીએ.' અમે બંને જણ બબ્બે પીત્તળના પ્યાલા લઈને શ્રી અરવિંદના ઓરડા પાસે પહોંચી ગયા અને તેનાં બંધ બારણાં ઉપર તૂટી પડયા. સુબોધ અને મારું મળી કુલ સાડાનવ મણ વજન થતું હતું. વાચક કલ્પી શકશે કે અમે કેવો તો ધમધમાટ કરી મૂકયો હશે. પણ તેની કશી અસર ન થઈ. અમે નિષ્ફળ નીવડી પાછા ફર્યા અને લીલાવતીને ખબર આપ્યા કે તારા મહેમાન ઊંઘી ગયા લાગે છે. અને અમે આઈસ્ક્રીમની ઉજાણી શરૂ કરી દીધી. અમારો ભાગ અમે પૂરો કર્યો ત્યારે શ્રી અરવિંદ આંખો મસળતા મસળતા આવી લાગ્યા. તેમના પહેલાં આઈસ્ક્રીમ ખાઈ લેવા માટે અમે ઉપર ઉપરથી બહુ જ દિલગીરી બતાવી. શ્રી અરવિંદ હસ્યા અને બોલ્યા, 'ખાઉધરા માણસો! ભલે. મને મારો ભાગ આપો, લીલાવતી. જરા ઓગળી ગયો છે એમ ને? ભલે, પણ એ મીઠો તો હશે જ ને!' અને મેં પછી પૂછ્યું, 'આપ ધ્યાન કરતા હતા ત્યારે કોઈ મોટા અવાજથી આપને દખલ નહિ થયેલી?' શ્રી અરવિંદે સરળ ભાવે જવાબ આપ્યો, 'મોટો અવાજ! ના રે. પણ એકાદ મિનિટ મને સહેજ ખલેલ થઈ હતી. પછી તો પાછો હું ધ્યાનમાં ચાલી ગયો. પરંતુ, લીલાવતી, તમારું શરબત

તો ખૂબ મઝાનું છે, હોં !' મને લાગે છે એ સાંજે શ્રી અરવિંદને મેં ત્યાગરાજનું ઉપનામ આપેલું તે બરાબર જ હતું !

શ્રી અરવિંદની તેમનાં પાછલાં વર્ષોમાં કેવી તો અદ્ભુત સ્મરણશકિત હતી તેની ઘણી વાતો આપણે સાંભળી છે, ખાસ કરીને તો નીરોદ તરફથી શ્રી અરવિંદના સાહિત્ય કાર્યને અંગેની. પરંતુ શ્રી અરવિંદ નાની વયના હતા ત્યારે પણ તેમનામાં ખૂબ જ આશ્ચર્યકારક સ્મરણશકિત હતી. ૧૯૦૬–૦૭માં, કોઈ કોઈ વાર, શ્રી અરવિંદ તેમની કૉલેજમાંથી પાછા ફરતા ત્યારે, અમે પત્તાં રમતા હોઈએ એવું બનતું. એ જુગારની રમતોમાં શ્રી અરવિંદ કાંઈ રસ નહિ લેતા, અને પોતાની ચા આવે ત્યાં સુધી કોઈક પુસ્તક ઉપાડીને ઝડપથી વાંચવા લાગી જતા. આ વસ્તુ અમારા ધ્યાનમાં આવી હતી, અને તેથી અમે નક્કી કરેલું કે ચાલો, એક વાર એમની પરીક્ષા કરીએ, એ આખું યે પુસ્તક સાચેસાચ વાંચી જાય છે કે પછી માત્ર અહીં તહીં પાનાં પર નજર જ ફેંકી લે છે. એક દિવસ શ્રી અરવિંદના હાથમાં છ પેનીની એક કચરા જેવી નવલકથા આવી ચડી. તે ઉપાડીને તરત જ તેમણે વાંચવા માંડયું. તેમના વાચનની ઝડપ ખૂબ જ હતી અને અર્ધાએક કલાકને અંતે તો તે પૂરી કરી તેમણે મૂકી પણ દીધી. સુબોધ આડી આંખે આ બધું જોઈ રહ્યો હતો. તેણે તરત જ પુસ્તક ઉપાડયું અને પૂછ્યું, 'આપ સાચે જ આખું પુસ્તક વાંચી ગયા ?' 'હા'. 'તમે એનો કોઈ પણ ભાગ ફરીથી બોલી શકશો ?' 'હા'. અને સુબોધે મને બૂમ પાડીને કહ્યું, 'ચારુ, ચાલો, મૌખિક પરીક્ષા શરૂ કરો ત્યારે.' મેં પુસ્તકનું ગમે તે એક પાનું ઉઘાડયું, તેની પહેલાં લીટી વાંચી સંભળાવી અને પછી કહ્યું, 'બોલો સાહેબ, હવે.' અને સહેજ નજીવા જેવા ફેરફાર સાથે શ્રી અરવિંદ આખું પૃષ્ઠ બોલી ગયા. સ્મરણશકિતનું આથી વધુ જ્વલંત દૃષ્ટાંત મેં બીજું જોયું નથી.

શ્રી અરવિંદને જયારે રાજદ્રોહ માટે પહેલી વાર પકડવામાં આવ્યા ત્યારે હું થાણા હતો. બારીન મારી સાથે રહેતો હતો. એકાએક તાર આવ્યો કે શ્રી અરવિંદને રાજદ્રોહ માટે પકડવામાં આવ્યા છે અને તેઓ પોતે કોઈ બચાવ કરવા માગતા નથી. તે જ દિવસે મેં બારીનને એક પત્ર સાથે વિદાય કર્યો અને તેમાં ભારપૂર્વક જણાવ્યું કે આ કેસનો આપણે બચાવ કરવો જ જોઈએ અને હું બને તેટલો જલદી કલકત્તા આવું છું. તે વખતે રવીન્દ્રનાથે તેમનું પ્રખ્યાત કાવ્ય પ્રગટ કર્યું, 'અરવિન્દો, રવીન્દ્રેર લહ નમસ્કાર.' આખા દેશમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. કેસમાં મુખ્ય

મુદ્દો એ હતો કે અરવિંદ ઘોષ એ 'વંદે માતરમ્'ના તંત્રી હતા કે નહિ. પત્રની ઓફિસમાં કોઈ એક માણસને લખેલા પત્રની નકલ હતી અને એનો ભાવાર્થ એ રીતનો હતો કે 'અમારા તંત્રી, અરવિંદ બાબુ, હમણાં બહારગામ ગયેલા છે તેઓ પાછા આવશે ત્યારે આપના પત્રનો જવાબ લખીશું.' આ પત્ર અમારા કેસને ખૂબ જ હાનિ પહોંચાડે તેવો હતો એટલે અમે તેનો નાશ કરી નાખ્યો. છેવટે સરકાર શ્રી અરવિંદ તંત્રી હતા કે નહિ એ સાબિત ન કરી શકી અને મૅજિસ્ટ્રેટ મિ. કિંગ્સફૉર્ડને તેમને છોડી દેવા પડયા. તે પછી બેએક દિવસ બાદ આ આનંદદાયક પ્રસંગને બપોરના સમયે અમે ખૂબ કોલાહલપૂર્વક ઊજવી રહ્યા હતા ત્યાં પટાવાળાએ આવી ખબર આપ્યા કે, 'રવિ બાબુ આવ્યા છે.' અમે બધા બારણા તરફ ધસી ગયા. કવિએ આવીને બે ય હાથ ફેલાવી શ્રી અરવિંદને બાથમાં લઈ લીધા, ખૂબ ભેટયા અને કોમળ સ્મિત કરતાં કહ્યું, 'અરવિંદ બાબુ, આપે મને છેતર્યો, હોં!' શ્રી અરવિંદે જવાબ આપ્યો, 'બહુ ઝાઝો વખત નહિ છેતરું, તેની ખાતરી રાખજો.' પછી કવિએ બેઠક લીધી અને અમારી સાથે થોડી વાતચીત કરી. મેં તેમને કહ્યું, 'સાહેબ, અમારા મિત્રને અમે જેલમાં જતાં બચાવી લીધા છે. એકાદ બે કાગળ અમારી વિરુદ્ધ જાય તેવા હતા તે અમે વેળાસર ફાડી નાખ્યા હતા. પરંતુ આ તો હજી શરૂઆત છે. આપની કવિતા છેવટે જતાં સાચી જ પડવાની છે.'

શ્રી અરવિંદે પોતાની પત્ની સાથેનો સંબંધ હવે તો જાણીતા થયેલા તેમના પત્રોમાં પૂરેપૂરો સ્પષ્ટ કરી દીધેલો છે. આ પત્રો જ્યારે છપાયા ત્યારે જ મને તેના વિષે કાંઈ ખબર પડી. એક દિવસે વાતચીતમાં મેં શ્રી અરવિંદને પૂછયું, 'સાહેબ, આપ એ વાત તો જાણતા હતા જ કે આપ ક્રાંતિકારી રાજકારણમાં પૂર વેગથી ઝંપલાવવાના છો. તો પછી આપે લગ્ન શા માટે કર્યું? પણ આ બાબત મને ન કહેવી હોય તો ન કહેતા.' શ્રી અરવિંદ એકાદ મિનિટ વિચારમગ્ન બની ગયા અને પછી બહુ ધીરે ધીરે બોલ્યા, 'ચારુ, વાત આમ છે. તે વખતે હું બહુ જ નિરાશામાં ડૂબેલો હતો, અને મને એમ જ થતું હતું કે મારા નસીબમાં એક પંતુજીનું જીવન જ લખાયેલું છે. એટલે મેં વિચારેલું કે તો પછી હું શા માટે લગ્ન ન કરું?' શ્રી અરવિંદે ૧૯૦૧ના એપ્રિલમાં લગ્ન કર્યાં. અને ૧૯૦૩માં તેમણે ભવાની મંદિરનું આંદોલન શરૂ કર્યું અને તેને વેગપૂર્વક ધપાવવા માંડયું.

રવીન્દ્રનાથ શ્રી અરવિંદની ઉપર વર્ણવેલી મુલાકાતે આવી ગયા પછી એક દિવસે બપોરના શ્રી અરવિંદના સસરા ભૂપાલ બાબુ અમારે ત્યાં વેલિંગ્ટન

સ્કવેરમાં આવ્યા. શ્રી અરવિંદ હજી કૉલેજમાંથી પાછા ફર્યા ન હતા. ભૂપાલ બાબુએ કહ્યું, 'ચારુ, સુબોધ, હું શ્રી અરવિંદને મારે ત્યાં જમવા આવવાનું આમંત્રણ આપવા આવ્યો છું. મારી પુત્રી, મૃણાલિની બની શકે તો તેમને મળવા માટે કલકત્તા આવી છે. એટલે શ્રી અરવિંદ અમારે ત્યાં આવીને રાત રહે એ વિનંતી કરવા આવ્યો છું. સવારમાં પાછા આવી જવાશે. એમને જરૂર મોકલી આપજો.' આ આમંત્રણનું જાણતાં અમે સૌ ખૂબ જ ઉત્સાહમાં આવી ગયા. શ્રી અરવિંદ પાંચની આસપાસ ઘેર આવ્યા ત્યારે તેમને એ તો જણાઈ આવ્યું કે કાંઈક અસાધારણ વસ્તુ બની છે. એમને જોતાં વેંત જ અમે એક મોટી ચીસ પાડી ઊઠયા અને બધા એકી સાથે બોલવા લાગ્યા. શ્રી અરવિંદ હસી પડયા, અને બોલ્યા, 'એક વખત એક જ જણ બોલો, ભાઈ.' પછી મેં કહ્યું, 'ભાઈ સાહેબ, આવો અદ્ભુત પ્રસંગ તો જીવનમાં કદીક જ આવે છે! આજે તો ભાઈ અરવિંદ બાબુને વહુને મળવા જવાનું છે!' શ્રી અરવિંદ હસવું દબાવીને બોલ્યા, 'વારુ, પછી આગળ કહો.' હવે સુબોધનો વારો આવ્યો, 'ભૂપાલ બાબુ આપને આમંત્રણ આપવા આવ્યા હતા. આપે તેમને ત્યાં આજે સાંજે જમવાનું છે અને રાત ત્યાં ગાળવાની છે. લાગે છે કે શ્રીમતી ઘોષ કલકત્તા ખાસ આવ્યાં છે, પોતાના પતિદેવને જેલમાંથી મળેલી મુક્તિનાં અભિનંદન આપવા માટે.' શ્રી અરવિંદ માત્ર આટલું જ બોલ્યા, 'સમજ્યો.' એટલે પછી મારી પત્નીએ શરૂ કર્યું, 'એમાં સમજવાનું કશું નથી. તૈયાર થઈ જાઓ અને તમારે માટે મેં કપડાં કાઢેલાં છે તે પહેરી લો. સુબોધના નોકરે બરાબર ગડી અને કરચલી પાડી રાખેલી છે.' સામી બાજુથી કશો જવાબ ન આવ્યો. આંખમાં માત્ર શરમનો એક પલકારો હતો. પલકારાથી પ્રોત્સાહન પામી મારી પત્નીએ આગળ બોલ્યે રાખ્યું. 'અને જુઓ, ઘોષ સાહેબ, સુબોધની વહુ અને હું ચમેલીની બે સુંદર માળાઓ બનાવીએ છીએ, એક તમારા માટે અને બીજી દીદી માટે. તેનું શું કરવું તે હું પછી કહીશ.' બિચારા તત્ત્વચિંતકે ચૂપચાપ શરણાગતિ સ્વીકારી લીધી હતી. તેમને બોલવાની લેશ પણ તક જ રહી ન હતી. ચા પીધા પછી તેમને ડ્રેસિંગ રૂમમાં પહોંચાડી દેવામાં આવ્યા અને સુબોધના નોકરે તેમને બરાબર સાજ સજાવી આપ્યો. શ્રી અરવિંદે કશો વિરોધ ન કર્યો. અને કર્યો હોત તો પણ તેમનું આજે કોણ સાંભળવાનું હતું, ભલેને ગમે તેટલા મોટા નેતા હોય ને! તૈયાર થઈને બહાર આવ્યા ત્યારે શ્રી અરવિંદ તેમના સુંદર પોષાકમાં ખરેખર મહા ભવ્ય દેખાતા હતા. પણ તેમના ચહેરા ઉપર એક સરળ શરમાળ સ્મિત પણ હતું. એમને વધાવી લેવા માટે અમે સૌ રાહ જોઈને

જ ઊભાં હતાં. ચમેલીની બે માળાઓ લઈ લીલાવતી એક ડગલું આગળ આવી અને કહ્યું, 'આમાંની એક માળા તમારે દીદીના ગળામાં પહેરાવવાની છે. અને બીજી માળા દીદી તમારા ગળામાં પહેરાવશે. આટલું નહિ જ ભૂલવાનું હોં!' અને શ્રી અરવિંદે કોમળ સ્મિતપૂર્વક કહ્યું, 'એમ જરૂર થશે, લીલાવતી!' અને શ્રી અરવિંદ ગાડીમાં બેસતા હતા ત્યારે સુબોધે બૂમ પાડી કહ્યું, 'અને જોજો, સવાર પહેલાં પાછા ના આવશો.' અને દરવાન તરફ હસીને હુકમ કર્યો, 'રાતે દસ વાગે દરવાજે તાળું મારી દેજે. ઘોષ સાહેબ રાત્રે પાછા આવવાના નથી.'

બીજે દિવસે, ખૂબ જ વહેલી સવારમાં, એક નોકર ઉપર આવ્યો અને અને સુબોધને ખબર આપ્યા, 'સાહેબ, ઘોષ સાહેબ પુછાવે છે કે તમે બધાં ચા પીવા નીચે આવો છો કે નહિ.' 'ઘોષ સાહેબ? એ કયારે પાછા આવ્યા?' 'રાતે લગભગ અગિયાર વાગે.' અમે બધાં દોડતાં દોડતાં નીચે પહોંચી ગયાં. અને ત્યાં શ્રી અરવિંદ આરામ ખુરસીમાં બેઠા હતા, નિરાંતે હસતા હસતા. અને અમે તેમના પર પ્રશ્નોનો મારો ચલાવ્યો. તેમણે શાંતિથી જવાબ આપ્યો, 'ભોજન તો કોઈ ઉત્તમ પ્રકારનું મળ્યું, ભાઈ. અને હું અહીં રાત્રે લગભગ ૧૧ વાગે આવી ગયો છું. લીલાવતી, માળાઓ અંગેની તમારી સૂચનાનું શબ્દશઃ પાલન થયું છે.' અને લીલાવતીએ કરુણ ભાવે પૂછ્યું, 'પણ તમે આટલા બધા જલદી કેમ આવતા રહ્યા?' અને શ્રી અરવિંદનો જવાબ આવ્યો, 'મેં એને બધું સમજાવ્યું અને તેણે મને આવવાની રજા આપી.' હું માનું છું કે આ બધી સમજાવેલી વસ્તુઓ જ શ્રી અરવિંદના પેલા વિખ્યાત પત્રોમાં આવેલી છે.

કેટલાક લોકો પૂછે છે કે મૃણાલિનીનું આધ્યાત્મિક રીતે શું થયું. આ અંગે શ્રી અરવિંદે મને લખેલા તા. ૫—૧૨—૧૯૪૪ના પત્રમાંથી એક જ વાકય નીચે ટાંકીશ :

'મારી પત્નીને દીક્ષા માટે હું શ્રી શારદેશ્વરી દેવી પાસે લઈ ગયો ન હતો. મને એમ કહેવામાં આવ્યું હતું કે તેને સુધીરા બોઝ, દેવવ્રતની બેન ત્યાં લઈ ગઈ હતી. આ વાતની ખબર મને પોંડિચેરીમાં ઘણા વખત પછી મળી હતી. મૃણાલિનીને આવી મહાન આધ્યાત્મિક વ્યક્તિનો આશ્રય મળ્યો એ જાણતાં મને આનંદ થયેલો. પરંતુ તે ઘટનામાં મારો પોતાનો કાંઈ હાથ ન હતો.'

*

ગઈ ૫ મી ડિસેમ્બરે, વહેલી સવારમાં, મેં જ્યારે શ્રી અરવિંદને તેમની અંતિમ નિદ્રામાં પોઢેલા જોયા, ત્યારે મારી આંખમાં આંસુ છલકાઈ આવ્યાં અને મારાથી બોલાઈ ગયું, 'આ મધુર ચહેરો હવે ફરીથી જોવા નહિ પામું!' અને મારું રુદન વહેવા માડયું. મારા મિત્ર, મારા સાથી, મારા ગુરુ જગતમાંથી ચાલ્યા ગયા હતા અને તેમનો વિયોગ મને રડાવી રહ્યો હતો. પણ શ્રી અરવિંદમાં તો મેં પરમાત્મા પણ જોયેલા છે, સર્વભૂતોના અધીશને, વિશ્વના નાથને પણ નિહાળ્યા છે, વિશ્વાતીત પરાત્પર પરમાત્મા પણ દીઠા છે. અને એ અમૃતમય તત્ત્વ તો મૃત્યુથી પર છે. એ મને રુદન નથી કરાવતું. એ મારા પ્રભુએ મને આશ્વાસન આપ્યું અને મારું રુદન અટક્યું. પરંતુ હૃદયમાં એક જગા ખાલી પડી ગયેલી છે, એક છૂપું દર્દ આવી બેઠેલું છે કે જગતમાં એક ચીજ હતી અને હવે તે નથી રહી. પરંતુ એ વાત એટલી તો મારી અંદર સદા યે હાજર છે, આ પહેલાં હતા તે કરતાં પણ વિશેષ પ્રખર રીતે હાજર છે.

[ શ્રી અરવિંદ સર્કલ, મુંબઈ, વાર્ષિક ૧૯૫૨]
દક્ષિણા, ઓગસ્ટ ૧૯૫૨

# શ્રી અરવિંદ

## આચાર્ય જે. બી. કૃપાલાની

શ્રી અરવિંદ વિષે બોલવું એ એક આનંદ અને ગૌરવની વાત છે. એટલે તેઓશ્રીના આ ૭૬મા જન્મદિને થોડાક શબ્દો કહેવાનું મને આમંત્રણ મળ્યું તે મેં તરત જ સ્વીકારી લીધું. પણ એ વિષે મારા વિચારોને વ્યવસ્થિત કરવા હું જ્યારે બેઠો ત્યારે મને જણાયું કે આ તો મેં મારી બૌદ્ધિક તેમ જ આધ્યાત્મિક શક્તિ—જો એવી કોઈ શક્તિ મારી પાસે હોય તો— તેની બહારનું કામ હાથમાં લીધું છે. શ્રી અરવિંદ પોંડિચેરી ગયા તે પૂર્વેના તેમના જીવન અને કાર્ય વિષે કહેવું એ સરળ વાત છે. મારી જુવાન અવસ્થામાં, કૉલેજમાંથી નીકળ્યા પછી તરત જ, હું તેમનાં લખાણોના પરિચયમાં આવ્યો હતો, પ્રથમ તો તેમના 'વંદે માતરમ્' દ્વારા અને પછીથી 'કર્મયોગીં' દ્વારા. શ્રી અરવિંદ તે વખતના રાજકીય નેતાઓમાં સૌથી નાના હતા. રાજકારણમાં તેઓ તાજા જ દાખલ થયા હતા. 'વંદે માતરમ્'ની કટારોમાં તેઓ ચાલુ બનાવો વિષે દરરોજ પોતાના વિચારો અને ટીકા રજૂ કરતા હતા. એ બનાવોમાં તેઓ એક નવું જ રહસ્ય જોતા હતા. એ ઘટનાઓને જોવાની તેમની દૃષ્ટિ તદ્દન મૌલિક અને વેધક હતી. એક અત્યંત પ્રૌઢ અને પરિપકવ રાજપુરુષની રીતે તેઓ એ બનાવોની છણાવટ કરતા હતા. એમના હૃદયમાં સળગી રહેલી તીવ્ર ઝંખનાની ઝાંખી વાચકોને એ લખાણોમાંથી થતી હતી. એક કાળે મહા ગૌરવવંતી આ પ્રાચીન આર્યભૂમિ માટે તેઓ સંપૂર્ણ અને નિર્બંધ સ્વતંત્રતાથી લેશ પણ ઓછું સ્વીકારવા તૈયાર ન હતા. આ દેશે એક કાળે માનવજાતિના વિકાસમાં ઉચ્ચમાં ઉચ્ચ પ્રકારનો આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને ભૌતિક ફાળો આપ્યો હતો. અને જો તેને તક આપવામાં આવે તો આજે પણ માનવજાતિના જ્ઞાન, અનુભવ અને સુખની દિશામાં તે પહેલાં કરતાં પણ વધુ મોટો ફાળો આપી શકે તેમ હતું. શ્રી અરવિંદ માટે દેશાભિમાનનું તત્ત્વ એક જૂથની સ્વાર્થપરાયણ લાગણી રૂપે નહોતું રહ્યું. એ દેશાભિમાન તેમને માટે માતૃભૂમિને ચરણે ભક્તિપૂર્વક સમર્પિત થતા એક તીવ્ર પ્રેમરૂપ બની રહ્યું હતું. આ માતૃભૂમિને વિષે તેઓ માત્ર 'મા' એવા સાદા શબ્દથી જ વાત કરતા. આ 'મા' અનેક રંગનાં દેદીપ્યમાન વસ્ત્રોમાં સજ્જ હતી. સકલ જ્ઞાન, સદ્‌ગુણ, સત્ય, પ્રેમ અને સૌન્દર્યની એ પ્રત્યક્ષ મૂર્તિ હતી. એ 'મા'ની પ્રતિમાને આપણે

તેનાં સંતાનો આ દેશના પ્રત્યેક મંદિરમાં પૂજી રહ્યાં છીએ. આજના કહેવાતા વાસ્તવવાદીને આ બધી વસ્તુઓ કલ્પનાતરંગ અને ઊર્મિલતા જેવી લાગશે. પરંતુ તે કાળે આ નૂતન વિચારની પ્રેરક અસર હેઠળ જેઓ આવ્યા હતા તેઓ તો અનુભવતા હતા કે એ ભાવના તેમની નૈતિક શક્તિને વધારી રહી હતી, તેમના ચારિત્ર્યને નવો ઘાટ આપી રહી હતી. એને પરિણામે તેઓ પોતાનો સંકુચિત અંગત અહંભાવ ભૂલી ગયા હતા અને રાષ્ટ્રના તેમ જ જાતિના આત્માની અંદર પોતાના અહંનું વિસર્જન કરી શકયા હતા. અહંભાવના આ બૃહત્ વિકાસને પરિણામે આપણા રાષ્ટ્રજીવનમાં એક નવું જોમ પ્રકટયું. સાહિત્ય અને કળામાં એક નવી પ્રવૃત્તિનો આરંભ થયો અને આપણા વિચારોમાં, કર્મમાં અને અનુભૂતિમાં નવાં નવાં તત્ત્વો ઉત્પન્ન થવા લાગ્યાં. બલિદાન તેમ જ દુ:ખસહન એ તો માની પુનિત વેદી ઉપર એક આનંદપૂર્વક કરાયેલું સમર્પણ છે એ વિચાર આપણને ઘણો સુપરિચિત બની ગયો. એટલે, થોડાં વરસો પછી હિંદની રાજકીય ક્ષિતિજ ઉપર ગાંધીજી આવ્યા ત્યારે તેમની સમક્ષ પડેલો પ્રદેશ તદ્દન અણખેડાયેલો ન હતો. નવા ચણતર માટે કંઈક પાયો મોજૂદ હતો. ગાંધીજીની સાથે જેઓ જોડાયા તેમાંના ઘણાખરા તો વિદેશી સરકારે ચલાવેલી પ્રખર દમનનીતિમાંથી બચેલા અવશેષો જ હતા. મોટે ભાગે તો શ્રી અરવિંદનાં લખાણોમાંથી જ જન્મેલી નવી ભાવના તેમનામાં સક્રિય બની તેમને પ્રેરણા આપી રહી હતી.

શ્રી અરવિંદના જીવનનો આ તબક્કો અલીપુર બૉમ્બ કેસ આગળ પૂરો થાય છે. એ ખટલામાં મુખ્ય તહોમતદાર શ્રી અરવિંદ હતા. એ કેસમાંથી શ્રી અરવિંદને છોડી મૂકવામાં આવ્યા, અને એ દેશભકતની કારકિર્દીમાં ત્યારથી એક પલટો આવી ગયો. થોડા વખત પછી આ કેસને અંગે વાત કરતાં તેમણે એક બનાવ વર્ણવ્યો હતો. એક દિવસ તેમને એકાએક કોર્ટનું આખું દૃશ્ય જુદું જ દેખાવા લાગ્યું. મુકદ્દમો ચલાવનાર મેજિસ્ટ્રેટ, સરકારી વકીલ, જ્યૂરી, બચાવ પક્ષનો વકીલ, કોર્ટના પ્રેક્ષકો, એ દરેક જણ તેમને નારાયણ રૂપે દેખાયા. ભવિષ્યના યોગીનાં આપણને અહીં દર્શન થાય છે.

૧૯૧૦માં શ્રી અરવિંદ પોંડિચેરી ગયા અને એક નિવૃત્ત સંન્યાસીના જેવું જીવન ગાળવા લાગ્યા. જગતના કર્મક્ષેત્રમાંથી તેઓ જાણે કે હંમેશને માટે નિવૃત્ત થઈ ગયા હોય, ભૂતકાળને તેમણે આખરી સલામ કરી દીધી હોય તેવું લાગતું હતું. કહેવાય છે કે ૧૯૨૦ પછી તેઓ પોતાના ઘરમાંથી બહાર નીકળ્યા નથી. કોઈની સાથે તેઓ વાત કરતા નથી. તેમની આસપાસ એક આશ્રમ રૂપે

એકત્ર થયેલા સાધકો સાથે તેઓ તેમના પ્રશ્નોનો ઉત્તર આપતા પત્રો દ્વારા તેમ જ 'માતાજી' દ્વારા વ્યવહાર રાખે છે. આ 'માતાજી' એક ફ્રેંચ સન્નારી છે. તેઓ થોડા વખત પછી પોંડિચેરીમાં શ્રી અરવિંદની સાથે તેમના કાર્યમાં જોડાયાં હતાં. તેઓ પોતે પણ એક મોટાં યોગી છે એમ કહેવાય છે. આશ્રમની સર્વ વ્યવસ્થા તેમના હાથમાં છે. આ આશ્રમ વિષે આપણને કહેવામાં આવે છે કે એ કોઈ જાહેર સંસ્થા નથી, પરંતુ એક ગુરુનું કુટુંબ છે. એ કુટુંબમાં રહેવા લાગેલા જનસમુદાયના કલ્યાણની જવાબદારી માત્ર એ ગુરુની ઉપર જ છે અને એ કુટુંબવાસીઓ કેવલ એ ગુરુ પ્રત્યે જ જવાબદાર છે.

શ્રી અરવિંદ વિષે હમેશાં એક પ્રશ્ન પૂછવામાં આવે છે. 'તેઓ જીવન-માંથી અને જીવનના પ્રશ્નોમાંથી શું હઠી નથી ગયા ? માત્ર પોતાની અંગત મુક્તિ મેળવવા માટે, તથા વિશ્વની સમસ્યાઓનો ઉકેલ કરવા માટે કામ કરતા ઘણાખરા યોગીઓ અને અગમ્યવાદીઓ જેવા જ તેઓ પણ નથી ?' શ્રી અરવિંદના અનુયાયીઓ આ પ્રશ્નનો ઉત્તર ભારપૂર્વક 'ના'માં આપે છે. અને આ નકારની તરફેણમાં પુષ્કળ પુરાવાઓ મળી આવે તેમ છે. શ્રી અરવિંદનાં લખાણો સાથે જેને આછો સરખો પણ પરિચય થયો હશે તે જોઈ શકશે કે તેઓ આ દેશમાં કે અન્ય દેશોમાં હર સ્થળે ચાલતી હરેક પ્રકારની પ્રવૃત્તિ સાથે પરિચય ધરાવે છે. તેઓ સાહિત્ય, કળા, તત્ત્વજ્ઞાન, સાયન્સ, સમાજ, અર્થશાસ્ત્ર તથા રાજકારણના વિષયમાં, રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પ્રદેશમાં જે કંઈ બની રહ્યું છે તેથી માહિતગાર છે. અર્વાચીન જીવનના તેમ જ વિચારના સર્વ પ્રવાહો સાથે તેઓ સંપૂર્ણ સંપર્કમાં છે. જેઓ માત્ર પોતાની અંગત મુક્તિ માટે કામ કરતા હોય છે તેઓ જીવનમાં, તેમ જ જીવનના અનેક અને વિવિધ પ્રવાહો અને ઊથલપાથલોમાં આ રીતે રસ નથી લેતા હોતા. જાણકારો કહે છે તે મુજબ, શ્રી અરવિંદ પૂર્ણયોગની એક નવી સંપૂર્ણ સાધનાપદ્ધતિ ઘડી રહ્યા છે. તેઓ માને છે કે વિશ્વમાં ચાલતી વિકાસક્રમની પરંપરાએ, પૃથ્વીના આ ગ્રહ ઉપર, જેને જડ વસ્તુ સમજવામાં આવતી હતી તેમાંથી જીવનનું સર્જન કર્યું અને તેમાંથી પછી મન જેમાં લાક્ષણિક તત્ત્વ છે તેવા મનુષ્યનું સર્જન કર્યું છે. આ મનોમય ચેતનાવાળી વ્યક્તિએ હવે વિજ્ઞાનમય ચેતનાવાળી—અતિમાનસ વ્યક્તિ રૂપે વિકાસ સાધવાનો છે. મનુષ્ય જ્યારે આ સ્થિતિને પ્રાપ્ત કરશે ત્યારે જીવનમાં તેમ જ સમાજમાં રહેલા સઘળા દેખીતા વિરોધોનું નિરાકરણ થઈ જશે અને આજનો માનવ જે અનેક રીતના વિચ્છેદોમાં સપડાયેલો છે તેને આધ્યાત્મિક એકતા પ્રાપ્ત થશે. આ પૂર્ણયોગનું વર્ણન શ્રી અરવિંદે તેમના મહાન ગ્રંથ

'દિવ્ય જીવન'માં આપેલું છે. એમાંથી એક અર્થગંભીર ફકરો આ મુજબ છે : "મનોમય પ્રકૃતિ અને મનોમય વિચારનો પાયો સાંત—મર્યાદિત ચેતના ઉપર મંડાયેલો છે. અતિમાનસ પ્રકૃતિ તો ધરમૂળથી જ અનંતની ચેતના અને શક્તિરૂપ છે. અતિમાનસ પ્રકૃતિ હરેક પદાર્થને એકત્વના દૃષ્ટિબિંદુથી જુએ છે, અને સર્વ પદાર્થોને, મોટામાં મોટા વિરોધને કે અનેકત્વને પણ, મનને જે કઠોરમાં કઠોર વિરોધી તત્ત્વો દેખાતાં હોય તેવી વસ્તુઓને પણ, તે પેલા એકત્વના પ્રકાશમાં જ અવલોકે છે. એ અતિમાનસનો સંકલ્પ, તેના વિચારો, લાગણીઓ, સંવેદનો એકત્વમાંથી જ બનેલાં હોય છે. એ ચેતનાનાં કર્મો એ પાયા ઉપરથી પ્રવૃત્ત થાય છે. એથી ઊલટું, મનોમય પ્રકૃતિનું પ્રસ્થાન ભેદમાંથી જ થાય છે. એ જે કંઈ વિચારે છે, જુએ છે, સંકલ્પ કરે છે, સંવેદે છે તે ભેદના પાયા ઉપર જ બને છે. એણે એકતાની જે સમજ ખીલવી હોય છે તે પણ બાહ્ય રીતે ઉપજાવેલી હોય છે. એ જ્યારે એકત્વનો અનુભવ કરતી હોય છે ત્યારે પણ તેને તે એકતામાંથી, મર્યાદા અને ભેદના પાયા ઉપર રહીને જ વર્તવાનું હોય છે. પરંતુ અતિમાનસ દિવ્ય ચેતનામાં તો એકત્વનું તત્ત્વ તો મૂળભૂત જ, સ્વયંભૂ અને પ્રથમથી જ આવી રહેલું હોય છે." વળી એમ પણ કહેવામાં આવે છે કે આ યોગનું પરિણામ માત્ર અમુક લોકોની અંદર જ મર્યાદિત નહિ રહે. પરંતુ સમગ્ર જીવન અને સમાજ ઉપર તેની અસર પહોંચશે. એનું વર્ણન આ રીતે આપવામાં આવ્યું છે : "અવિદ્યામાં રહેલા જીવન ઉપર સંવાદનું એક પ્રખર તત્ત્વ પોતાનો કાબૂ જમાવશે, જગતમાં ચાલી રહેલા વિસંવાદો, અંધ પ્રવૃત્તિઓ, સંઘર્ષો અને કલહો, તેજીઓ મંદીઓ, અસ્થિર સમતુલાઓ, અંધ બળોનાં પરસ્પર મિશ્રણો અને અથડામણો અને તેમાંથી જન્મતી અનૈસર્ગિક ઊથલપાથલો એ સર્વ ઉપર પેલા સંવાદિત તત્ત્વનો પ્રભાવ પડશે, અને તેમને સ્થાને એક વધુ વ્યવસ્થિત ગતિ આવશે, ચૈતન્યના વિકાસમાં સંવાદનું તત્ત્વ પ્રગટશે. પ્રગતિમાન જીવનની અને ચેતનાની એક વધારે દ્યોતક વ્યવસ્થા, એક વધુ ઉચ્ચ કોટિનો જીવન-વ્યવહાર જગતમાં અસ્તિ-ત્વમાં આવશે. માનવ જીવનમાં સમજ અને સમભાવનું તત્ત્વ, અંતઃપ્રેરણાની પ્રવૃત્તિ વધારે મુક્તપણે પ્રગટ થવા લાગશે. આત્મા તેમ જ જગતના સત્યનું ભાન વધુ સ્પષ્ટ બનતું જશે. જગતમાં ઊભી થતી મુશ્કેલીઓ તેમ જ તકોની સાથે વધારે જ્ઞાનપૂર્વક કામ લેવામાં આવશે. વિકાસ પામતી ચેતના અને અવિદ્યાની અચેતન શક્તિ, પ્રકાશનાં અને અંધકારનાં બળો એકબીજામાં ભેળસેળ થઈ જતાં તેમની વચ્ચે જે સંકુલ અથડામણો ચાલી રહી છે તેને બદલે વિકાસક્રમ

એક નાના 'પ્રકાશમાંથી મોટા પ્રકાશ પ્રત્યે જતો એક ક્રમિક પ્રગતિમાન વ્યાપાર બની રહેશે."

હિમાલયનાં શિખરો જેવો આ વિષય મૂકી આપણે વર્તમાનમાં આવીએ. આજે ૧૫મી ઑગસ્ટ છે. આપણી સ્વતંત્રતાનો દિવસ છે, એ સ્વતંત્રતાને અર્થે બાપુના નેતૃત્વ નીચે આખો દેશ ઝૂઝયો છે, યાતનાઓમાંથી પસાર થયો છે. આ દિવસ શ્રી અરવિંદનો પણ જન્મદિવસ છે. ગયે વરસે આ દિવસને અંગે આપેલા સંદેશમાં તેમણે કહ્યું છે: 'આ સુયોગને હું કેવળ અકસ્માત તરીકે જ નથી જોતો. પરંતુ, મારા જીવનના આરંભકાળથી મેં જે કાર્ય હાથ ધર્યું છે, અને એ કાર્યમાં પ્રભુની જે દિવ્ય શક્તિ મને પદેપદે દોરી રહી છે તે દિવ્ય શક્તિને મારા એ કાર્ય ઉપર આ સુયોગ દ્વારા પોતાની પૂર્ણ અનુમતિ દર્શાવતી, પોતાની મહોરછાપ મારી આપતી જોઉં છું.' વળી આગળ જતાં તેઓ કહે છે: 'હિંદ સ્વતંત્ર થયું છે. પણ તેણે એકતા સિદ્ધ નથી કરી. એને મળેલું સ્વાતંત્ર્ય ખંડિત છે, ભગ્ન છે.' અને તેથી, તેઓ માને છે કે, 'હિંદના ભાગલા જવા જ જોઈએ. આપણે આશા રાખીએ કે આ ઘટના સ્વાભાવિક સરળ રીતે જ બની આવે. આ બે ભાગ વચ્ચેની તંગદિલી ઓછી થાય, તેમની વચ્ચે શાંતિ અને સુમેળ હોવાં જરૂરી છે એ વાતનો વધુ ને વધુ સ્વીકાર થવા લાગે, અને એ હેતુ ખાતર એકતા માટે સાધનરૂપ બને એવું બંનેને સમાન અને સંયુક્ત કાર્ય કરવાની જરૂર સતત ઊભી થતી રહે એ બધા આ એકતા સાધવાના ઈલાજો છે'. આ પ્રમાણે છે, આ મહાન ગુરુના શબ્દોમાં, આપણી સમક્ષ ઊભું થતું નૂતન કાર્ય. એ કાર્યમાં આપણે લાગી જવાનું છે. એમ બને કે જે લોકો વરસોથી સ્વતંત્રતાના આ સંગ્રામમાં વીરતાપૂર્વક ઝૂઝયા છે તેમના જીવન-કાળમાં આ એકતા સિદ્ધ ન પણ થાય. તો પછી તેમણે એ મશાલને ઊગતી પેઢીના હાથમાં સોંપી જવાની છે. એ નવી પેઢીએ આ કામ સાધવાનું છે અને હંમેશાં સ્મરણમાં રાખવાનું છે કે, 'વિભક્ત હિંદ એ ગુલામ હિંદ જ છે.' વંદે માતરમ્!

નવી દિલ્હી, ઑગસ્ટ ૧૫, ૧૯૪૮

(ઑલ ઈન્ડિયા રેડિયો, કલકત્તાના સૌજન્યથી)

'દક્ષિણા' એપ્રિલ ૧૯૪૯

---

"આ અંધકારમાં અવિચલ રહો. પ્રકાશ
છે જ અને તે વિજયી થવાનો જ છે."*
(૪-૨-૧૯૪૮) —શ્રી અરવિંદ

# પ્રકાશ છે

[શ્રી અરવિંદના જન્મદિને અપાયેલો અર્ઘ્ય]

ડૉ. કે. એન. કાટ્જુ (બંગાળના ગવર્નર)

"...આપણી સ્વતંત્રતાને સિદ્ધ કરવામાં શ્રી અરવિંદે ઘણો મોટો ભાગ ભજવ્યો છે. તેમણે પોતાના પત્ર 'વંદે માતરમ્' દ્વારા જે રાષ્ટ્રીય આંદોલન ઉત્પન્ન કરેલું એ, એ વખતના લોકોને મન એક મહા આશ્ચર્યકારક ઘટના હતી. આપણા રાષ્ટ્ર જીવનમાં એ એક અદ્ભુત ચમત્કાર હતો. હિંદના રાષ્ટ્રવાદનો જ્યારે ઈતિહાસ લખાશે ત્યારે આપણને મુક્તિ લાવી આપનાર આ ચમત્કારનો પણ તેમાં સમાવેશ થશે. શ્રી અરવિંદે જે આધ્યાત્મિક દર્શન આપણને આપ્યું છે તેને લીધે આપણા જીવનમાં એમનું સ્થાન સદાને માટે બની રહેશે. આપણે માટે શ્રી અરવિંદ સ્વતંત્રતાના એક ધ્રુવ તારક જેવા બની રહ્યા છે, આપણે ગમે ત્યાં હોઈએ, એમના તરફ આપણે પ્રકાશ માટે દૃષ્ટિ માંડી શકીએ છીએ." (શ્રી અરવિંદ જયંતિ પ્રસંગે કલકત્તામાં યોજાયેલી સપ્તદિન પરિષદનું ૧૫મી ઑગસ્ટે ઉદ્ઘાટન કરતી વેળા આપેલું વ્યાખ્યાન.)

"...શ્રી અરવિંદ તરફ આપણી ભકિત દર્શાવવાનો રસ્તો એ છે કે એમણે બતાવેલા માર્ગ ઉપર આપણે ચાલવા લાગીએ. આજે હિંદના એકએક ગૃહમાંથી, તેમ જ હિંદ બહાર પણ અનેક ગૃહોમાંથી લોકોનાં અંતઃકરણ આ પ્રાર્થના કરશે કે શ્રી અરવિંદ આપણી અંદર અનેકાનેક વર્ષો લગી રહો, અને આપણને જ્ઞાન અને પ્રકાશનો માર્ગ ચીંધો. ભારત દેશનો આત્મા શ્રી અરવિંદમાં સદેહે મૂર્ત બનેલો છે.

...શ્રી અરવિંદના જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓનું વર્ણન તમારી આગળ કરવું મારે માટે ધૃષ્ટતાભર્યું ગણાય. એમના જીવનના આ બનાવો

* "બાપુજીના મૃત્યુ પછી સર્વત્ર અંધકાર અને શોક છવાઈ ગયાં છે. બાળકો (જનતા) સંદેશ માટે પ્રાર્થે છે." એક ભક્તના ઉપર મુજબના તારના જવાબમાં.

આપણા રાષ્ટ્રજીવનના ઈતિહાસની અંદર વણાઈ ચૂકયા છે. શ્રી અરવિંદના જન્મ પછી બરાબર ૭૫ વર્ષે હિંદની સ્વાધીનતાનો ઉદ્ઘોષ થાય છે એ કોઈ ખાલી અકસ્માત્ જ નથી. સૈકાંનાં સૈકાં સુધી હિંદની પ્રજા એક જ દિવસે આ બે બનાવોની ઊજવણી કરતી રહેશે—શ્રી અરવિંદનો જન્મ અને હિંદની સ્વાધીનતાનો જન્મ......"

(ઑગસ્ટ ૧૫મીએ ઑલ ઇન્ડિયા રેડિયો પર આપેલો વાર્તાલાપ.)

**શ્રી જસ્ટિસ એન. સી. ચેટરજી**

"હિંદના મહાનમાં મહાન કવિ રવીન્દ્રનાથ ટાગોરે પોતાની અપૂર્વ સંગીતમય વાણીમાં શ્રી અરવિંદને અર્ઘ્ય આપતાં કહ્યું છે :

અરવિંદ રવીન્દ્રના લિયો નમસ્કાર.

આજના મંગલ દિવસે હિંદ શ્રી અરવિંદને પોતાના ભક્તિભર્યા પ્રણામ પાઠવે છે. શ્રી અરવિંદ આપણા રાષ્ટ્રવાદના આદિ પયગંબર છે, ભારતમાતાના મહા પૂજારી છે, ભારતના નવ જન્મના વિધાયક છે. તેઓ છે અમરત્વનાં બીજ વાવનાર દિવ્ય માનવ. એક નવા પ્રખર જીવનનો માર્ગ તેઓ ચીંધી રહ્યા છે, એક નવી વિશ્વરચના તેઓ રચી રહ્યા છે, સત્ય અને સૌન્દર્યની એક નવી સૃષ્ટિ, પ્રેમ અને સંવાદનો સાચી મહત્તાનો એક નવો પ્રદેશ તેઓ ચીંધી રહ્યા છે. 'જગતને એક જયોતિ દોરી રહી છે, જગતની મદદે એક શક્તિ કામ કરી રહી છે.'....આ મહા સત્યદ્રષ્ટા તરફ સૌ કોઈનાં આંખો મંડાઈ રહી છે. પોતાની અખંડ જીવનસાધના દ્વારા શ્રી અરવિંદે ભારતની મુક્તિ માટે કાર્ય કર્યું છે, સંગ્રામો ખેડયા છે. એ મુક્તિ તે માત્ર વિદેશી શાસનના પંજામાંથી જ મુક્તિ નથી રહી. હિંદના વિભક્ત આત્મા ઉપર જે આધ્યાત્મિક જડતાનો અને નિરાશાનો પંક ફેલાઈ રહ્યો છે તેમાંથી પણ તેઓ મુક્તિ આપી રહ્યા છે. શ્રી અરવિંદે આપણને શીખવ્યું છે કે ભારતદેશ જયાં સુધી આપણા સર્વમાં રહેલી દિવ્યતાને સિદ્ધ નહિ કરે ત્યાં સુધી તેનું સાચું કાર્ય સિદ્ધ થયેલું નહિ ગણાય......"

(કલકત્તાની સપ્તદિન પરિષદના પ્રમુખપદેથી)

**ડૉ. રાધા વિનોદ પાલ**

"આજના વિપત્તિ કાળમાં આપણે જો કોઈની સામે પણ માર્ગદર્શન માટે મીટ માંડી શકીએ તેમ હોય તો તેવાં વ્યકિત ફક્ત શ્રી અરવિંદ જ છે. આ પરમમાનવની પ્રતિભાનો જે પ્રચંડ પ્રભાવ વિસ્તરી રહ્યો છે એના મૂળમાં કોઈ

દવી પ્રેરણા આવી રહેલી છે. જગતમાં આ જ એક એવો મહા માનવ છે કે જેણે પોતામાંથી શક્તિની વાસનાને સંપૂર્ણ રીતે ખેરવી નાખી છે...”

(કલકત્તા પરિષદમાં બીજે દિવસે વ્યાખ્યાન.)

**ડૉ. રાધાકુમુદ મુકરજી**

“...આ મહાન તત્ત્વદ્રષ્ટા પોતાના એકાંતવાસમાં બેઠા બેઠા જે કાર્ય કરી રહ્યા છે તેથી આખી માનવજાતિ લાભ પામી રહી છે. માનવજાતિ શ્રી અરવિંદ પાસેથી પ્રકાશ માગી રહી છે. તેમણે ગયા વિશ્વયુદ્ધમાં ભાખેલી બે ભવિષ્યવાણીઓ સાચી પડી હતી. તે મુજબ તેમણે હિંદ પાછો એક અખંડ દેશ બનશે એવી જે ભવિષ્યવાણી ભાખી છે તે પણ સાચી પડો એવી આપણે આશા રાખીશું......”

(કલકત્તા પરિષદમાં બીજે દિવસે વ્યાખ્યાન)

**ડૉ. પટ્ટાભિસીતારામૈયા**

“પયગંબર પ્રેરણા આપે છે, તત્ત્વદ્રષ્ટા માર્ગ ચીંધી આપે છે, રાજપુરુષ કાર્યનું વિધાન કરે છે. પરંતુ જે પયંગબરે કે તત્ત્વદ્રષ્ટાએ જીવનક્ષેત્રમાં રાજપુરુષ તરીકે ઉમેદવારી નથી કરી હોતી તેને જગતની વાસ્તવિકતાઓનો ખ્યાલ ભાગ્યે જ આવે છે. શ્રી અરવિંદે આ ત્રણે ભાગ ભજવ્યા છે, અને તે પણ ખૂબ જ અલ્પ સમયની અંદર. ૧૯૧૦માં તો આ રાજપુરુષ તત્ત્વદ્રષ્ટા બની ચૂકયા હતા, અને પોતાની પરમ સાધના દ્વારા આજે તેઓ ભારતના રાષ્ટ્રવાદના પયગંબર તરીકે વિરાજી રહ્યા છે.”

(કલકત્તા પરિષદને મોકલેલ સંદેશ)

**શ્રી ગોવિંદ વલ્લભ પંત**

‘ઋષિ શ્રી અરવિંદનો હિંદના સ્વાતંત્ર્યસંગ્રામમાં અપૂર્વ ફાળો રહેલો છે. એટલું જ નહિ, તેમણે ભારતનાં આધ્યાત્મિક મૂલ્યોને અને આધ્યાત્મિક સિદ્ધિઓને એક નવું જ જીવન આપ્યું છે. પોતાના એ આધ્યાત્મિક નવજન્મને લીધે હિંદ જગતના રાષ્ટ્રમંચ ઉપર આજે ઉચ્ચમાં ઉચ્ચ સ્થાને વિરાજે છે.”

(સંદેશ)

**શ્રી શ્યામપ્રસાદ મુકરજી**

“આપણી સ્વતંત્રતાનો જન્મદિવસ શ્રી અરવિંદના જન્મદિવસે જ આવે છે એ એક ઘણી જ મંગલકારી ઘટના છે. ભારતનો સર્જનાત્મક અને સનાતન

જીવંત આત્મા' એક વિશિષ્ટ રૂપે શ્રી અરવિંદની અંદર મૂર્ત બની રહ્યો છે. આજના સમયે જ્યારે નૈતિક અધ:પાત અને આધ્યાત્મિક વિનિપાત, તિરસ્કાર અને લોભનાં તત્ત્વો આપણને અવનતિમાં ધકેલવા સજ્જ બની રહ્યાં છે ત્યારે પોંડિચેરીનો પ્રકાશ એક સ્થિર જ્યોતથી ઝળહળી રહ્યો છે, અને હિંદને તેમ જ અખિલ જગતને આમંત્રી રહ્યો છે."

(સંદેશ)

**જયપ્રકાશ નારાયણ**

'હિંદની સ્વાધીનતાના સંગ્રામના સૈનિક બનવાનું ભાગ્ય જેમને જેમને મળ્યું છે તેમને માટે શ્રી અરવિંદ એક મહાન આધ્યાત્મિક નેતા છે એટલું જ નહિ, તેઓ આપણા સ્વાતંત્ર્યસંગ્રામના આદિ વિધાતા પણ છે.'

(સંદેશ)

**શ્રી બી. જી. ખેર**

'સૌ કોઈ હિંદવાસીઓ માટે શ્રી અરવિંદનું જીવન એક મહા પ્રેરણા રૂપ છે. પ્રાચીન કાળના ઋષિમુનિઓ પેઠે, પોતાના યૌવન કાળમાં પોતાના દેશ-બાંધવોના ઉદ્ધાર માટે કાર્ય કરીને પોતાની પકવ ઉંમરે તેઓ પ્રભુની શોધમાં લાગી ગયા છે. તેઓ દીર્ઘાયુષ્ય ભોગવે અને તેમના પરિપકવ જ્ઞાન અને અનુભવનાં ફળ માનવજાતિના સંબંધોને વધુ સારા બનાવવામાં કામ આવો.'

(સંદેશ)

**શ્રી એમ. એસ. અણે** (ગવર્નર, બિહાર)

"શ્રી અરવિંદ જગતના એક મહાનમાં મહાન આધ્યામિક ગુરુ છે. જેમને પ્રકાશ જોઈતો હશે અને પોતાને ઘેરી વળેલા અંધકારમાંથી મુક્ત થવું હશે તેવાઓને શ્રી અરવિંદના તત્ત્વદર્શનમાંથી પ્રગતિનો આધાર મળી રહેશે."

(સંદેશ)

**ડૉ. જીવરાજ મહેતા**

"આજે આપણી વચ્ચે મહાત્મા ગાંધી વિદ્યમાન નથી છતાં શ્રી અરવિંદ જેવા એક ઋષિ આપણી વચ્ચે છે એ આપણે માટે એક મહા ગૌરવની વાત છે. તેમના હાથમાં જ્યોતિર્દંડ છે અને આપણા ઇષ્ટ ધ્યેય તરફ તેઓ આપણને દોરી રહ્યા છે."

(સંદેશ)

**ડૉ. તાન યુન શેન** (નિયામક, ચીન ભવન, શાંતિનિકેતન)

"આજને પ્રસંગે હું પણ તમારા સૌની સાથે શ્રી અરવિંદને ચરણે મારો નમ્ર અર્ઘ્ય ધરું છું. શ્રી અરવિંદ વડોદરા કૉલેજમાં એક કાળે મારા અધ્યાપક હતા. શ્રી અરવિંદ હિંદના રાષ્ટ્રવાદના પયગંબર છે, એક દૂરદર્શી મહાયોગી છે. આજના યુગના સૌ પુરુષોમાં કેવળ તેમને જ કૈવલ્યની સિદ્ધિ વરેલી છે. તેમણે પોતાના તત્ત્વદર્શન દ્વારા અર્વાચીન યુગમાં આર્ય સંસ્કૃતિને સુપ્રતિષ્ઠિત કરી આપી છે."

**શ્રી કનૈયાલાલ મુનશી**

"આજનો દિવસ એક મહાપુરુષનો જન્મદિન છે. શ્રી અરવિંદ આરંભમાં એક ક્રાંતિવાદી હતા, પછીથી તેઓ લેખક અને કવિ થયા, તત્ત્વજ્ઞાની, સાધુ-પુરુષ અને સાધક બન્યા, એક રહસ્યદ્રષ્ટા ઋષિ અને સંત બન્યા. આજે તેઓ માનવજાતિના પરમ આધ્યાત્મિક ગુરુ છે અને પ્રભુના સંદેશવાહક છે."

(સંદેશ)

**શ્રી હરેકૃષ્ણ મહેતાબ** (મુખ્ય પ્રધાન, ઓરિસ્સા)

"શ્રી અરવિંદ આખી માનવજાતિના છે. માનવજાતિના ઇતિહાસપટમાં તેમને મૂકીને જુઓ તો જણાશે કે તેમણે બંગાળમાં જે ક્રાંતિયુગનું સર્જન કર્યું અને પછીના કાળમાં જે જે પ્રવૃત્તિઓ કરી તે કરતાં પણ તેમનું સ્થાન ઘણું વધારે છે. માનવજાતિને માટે તેઓ અનંત કાળ સુધી એક દિવ્ય જીવનના સર્જક તરીકે રહેશે અને આખું જગત તેમને પગલે પગલે ચાલશે."

(કટકમાં યોજાયેલા સમારંભમાં વ્યાખ્યાન)

**શ્રી સુમિત્રાનંદન પંત**

"શ્રી અરવિંદનો મોટામાં મોટો ફાળો એ છે કે તેમણે પોતાના અતિ-મનસના સિદ્ધાંત દ્વારા આદર્શવાદી અને ભૌતિકવાદી વિચારસરણી વચ્ચે રહેલા અંતરને સાંધી આપ્યું છે...શ્રી અરવિંદે આપણને એક નવો સંદેશ આપ્યો છે—એ છે એકતાનો સંદેશ. નીચે પૃથ્વી ઉપરની માનવતા અને ઊર્ધ્વમાં આવેલા પરમાત્મા એ બંને સાથે સંપૂર્ણ તાદાત્મ્ય કેવી રીતે સાધી શકાય તેનો માર્ગ તેમણે આપણને બતાવ્યો છે."

(અલ્હાબાદની જાહેર સભામાં)

**શ્રી કે. રાજા ઐયર** (એડવોકેટ જનરલ, મદ્રાસ)

"...શ્રી અરવિંદનું કાર્ય પ્રત્યેક વ્યક્તિના હૃદયને સ્પર્શે છે, તેમજ માનવસમુદાયને પણ સ્પર્શે છે...આપણે સાંભળીએ છીએ કે જેઓ જેઓ શ્રી અરવિંદના સંપર્કમાં આવે છે તેઓ તેમના આશ્રમમાં જઈ જીવન ગાળવા માટે એક પ્રચંડ આકર્ષણ અનુભવે છે." (શ્રી અરવિંદ સ્ટડી સર્કલ, મદ્રાસની સભામાં પ્રમુખપદેથી)

**ડૉ. મહેતાબ હાટા** (વડા પ્રધાન, ઈન્ડોનેશિયન રિપબ્લિક)

"શ્રી અરવિંદ માનવજાતિની સેવા માટે, શાંતિ માટે અને સમાજમાં ન્યાયની સ્થાપના માટે જીવન ગાળી રહ્યા છે...એમનો જન્મદિવસ એ સ્વાધીન હિંદનો પણ જન્મદિવસ છે. આ મહાન પ્રસંગે હિંદવાસીઓના આનંદમાં અમે અમારો સાથ પુરાવીએ છીએ." (બિહાર પ્રોવિન્શ્યલ સ્ટુડન્સ કલ્ચરલ કૉંગ્રેસના ઉપક્રમે પટણામાં મળેલી જાહેર સભાનો મોકલેલો સંદેશ)

**પિટરિમ એ. સોરોકિન**

(ચૅરમૅન, ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યોલૉજી, હાર્વર્ડ યુનિવર્સિટી, કેમ્બ્રિજ, માસા., યુ. એસ. એ.)

શ્રી અરવિંદના ગ્રંથોને તત્ત્વજ્ઞાનની અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈશું તો જણાશે કે પશ્ચિમમાં આજે જે વૈજ્ઞાનિકતાના આભાસવાળું માનસશાસ્ત્ર ચાલી રહ્યું છે, ત્યાં જે માનસચિકિત્સા તેમજ શિક્ષણપદ્ધતિનો પ્રયોગ થઈ રહ્યો છે તે સર્વની સામે એમાંથી આપણને ઘણો જ નક્કર પ્રતિકાર મળી રહે છે. શ્રી અરવિંદનું 'દિવ્ય જીવન' અને બીજાં યોગવિષયક લખાણો આજે તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર અને માનવ સંસ્કૃતિના ક્ષેત્રમાં સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. શ્રી અરવિંદ આપણા યુગના મહાનમાં મહાન ઋષિ છે. જગતના તે મહાગુરુ છે.

**રેમન્ડ ફ્રેન્ક પાઈપર**

(પ્રોફેસર ઑફ ફિલોસોફી, સિરાક્યુઝ યુનિવર્સિટી, ન્યૂયોર્ક, યુ. એસ. એ.)

શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનમાંથી મને જગતનાં ત્રણ સ્વરૂપોનું એક અતિ ભવ્ય દર્શન મળ્યું. જગતમાં તેમણે મનુષ્યના ગૌરવની સ્થાપના કરીને માનવના ભાવિનો ચિતાર આપ્યો છે. પૃથ્વી ઉપરના આ લાંબા વિકાસક્રમનું રહસ્ય ખુલ્લું કરી આ વિકાસક્રમ એ પ્રભુની પોતાની જ પ્રયોગશાળા છે એમ દર્શાવ્યું છે, અને આ અખિલ બ્રહ્માંડની પાછળ એક વિરાટ ચિત્ત વિશ્વવ્યાપક રીતે કાર્ય કરી રહ્યું છે તે સમજાવ્યું છે.

પશ્ચિમનું માનસશાસ્ત્ર તેમ જ તત્ત્વચિકિત્સા માનવને વિષે અત્યંત ઉપરચોટિયું અપૂર્ણ અને સ્થૂલ રીતનું દર્શન રજૂ કરે છે. તેની સરખામણીમાં શ્રી અરવિંદનું તત્ત્વદર્શન, મનુષ્યનું તેમ જ પ્રકૃતિનું તેમણે બતાવેલું સ્વરૂપ એક ઊંડી, સંપૂર્ણ અને સૂક્ષ્મ વસ્તુ બની રહે છે. પશ્ચિમના એ કર્ણકટુ કર્કશ અવાજોની સામે માનવમાં રહેલી દિવ્યતાનું શ્રી અરવિંદનું અસ્ખલિત ગાન એક મધુર અને આશ્વાસક અનિલલહરી જેવું બની રહે છે. હું પોતે કોણ છું? મારે જીવનમાં શું જોઈએ ? મારા અંતરની ઊંડામાં ઊંડી ભૂખ કઈ ? આ પ્રશ્નોના જવાબ મેળવવામાં શ્રી અરવિંદ મને મહામૂલી સહાય આપી રહ્યા છે. એમની નૂતન વિચારધારા મારા ચિત્તમાં પ્રવેશ પામે છે. અને એનો સ્પર્શ થતાં જ મને મારે પોતાને વિષે સ્પષ્ટ જ્ઞાન સ્ફુરવા લાગે છે. અને એ જોતાં હું આશ્ચર્ય પામું છું કે અરે આ વસ્તુ તો મને કદી દેખાઈ જ ન હતી. તેમનાં લખાણોમાં એક અપૂર્વ શક્તિ છે. તે વાંચતાં માનવના ચિત્તમાં એક તત્ત્વદષ્ટિ ઉદય પામે છે. તેમનો 'દિવ્ય જીવન' ગ્રંથ એ માનવજાતિની મુકિતના એક ભવ્ય ઉદ્‌ઘોષ જેવો છે. એ મુક્તિનું પૂર્ણ ચિત્ર એ ગ્રંથમાંથી મળી આવે છે.

શ્રી અરવિંદે જીવનના વિકાસક્રમ વિષે એક તલસ્પર્શી સંદેશ આપેલો છે. પશ્ચિમના જગતને આવા સંદેશની આજે ઘણી જ જરૂર છે. એ સંદેશમાં તેઓ કહે છે કે માનવનું મન ચેતનાના અનેક સ્તરોમાં વિકાસ પામતું પામતું માનવના અંતરમાં રહેલા પ્રભુના સાક્ષાત્કાર પ્રતિ, એ આનંદપૂર્ણ પરમ ધ્યેય પ્રતિ ગતિ કરી રહ્યું છે. ચેતનાના આ સ્તરોની કલ્પના, ચેતનાની એક પછી એક ઊંચે ચઢતી આ શ્રેણીઓનો વિચાર મને એમના ગ્રંથોમાંનું એક ઘણું જ ઉત્તમ તત્ત્વ દેખાય છે. શ્રી અરવિંદ જડતત્ત્વને પણ બરાબર જાણે છે. પરંતુ આ જડ પ્રકૃતિ એ કોઈ દીવાલ રૂપની નથી, એ એક ઊઘડતી બારી છે, અથવા કહો કે જગતની એ એક અવસ્થા છે. એ અવસ્થાની પાછળ શું રહસ્ય રહેલું છે તેનું જ્ઞાન આપણને ઈંદ્રિયોથી ઉપરના પ્રદેશમાંથી આવતા પ્રકાશમાંથી મળે છે. વિશ્વનો વિકાસક્રમ અનેક વિરોધી દ્વંદ્વો વચ્ચે થઈને આગળ વધે છે. વ્યકિત અને વિશ્વ, વ્યક્તિરૂપતા અને વ્યક્તિરહિતતા, ક્રિયા અને નિષ્ક્રિયતા, માનવ અને દેવ એ તત્ત્વો એકબીજાની ઉપર કાર્ય પ્રતિકાર્ય કરે છે. તેમાંથી એક નવું સર્જન થાય છે, અને અંતે એ સર્વનો એક ભવ્ય અને દિવ્ય પ્રકારનો સમન્વય બની રહે છે. જગતમાં જે અશુભનું તત્ત્વ છે તે જાણે કે એક પ્રકારની કામચલાઉ યોજના જેવું છે. બીજી કોઈ રીતે ન સાધી શકાય તેવાં શુભ પરિણામો આ અશુભ મારફતે જગતમાં સધાય છે. પશ્ચિમ આજે જીવનના વિકાસક્રમને એક

જીવશાસ્ત્રની રીતે જ જોઈ રહ્યું છે. એ દૃષ્ટિને બદલીને વિકાસક્રમનો આધ્યાત્મિક રીતે અર્થ ઘટાવવાની આજે પરમ આવશ્યકતા રહેલી છે.

પ્રાચીન હિંદુ ધર્મે જગતમાં ઈશ્વરને એક સર્વવ્યાપક તત્ત્વ તરીકે, જગતમાં આવી રહેલા તત્ત્વ રૂપે વર્ણવ્યો છે. વિશ્વમાં વ્યાપેલી આ દિવ્યતાની ભાવનાને શ્રી અરવિંદે ઉમદા ગદ્યમાં અને કવિતામાં એક અપૂર્વ ભવ્યતાથી વ્યક્ત કરી છે. આ નિરૂપણમાં શ્રી અરવિંદે પૂર્વના શાશ્વત જ્ઞાનનું અને પશ્ચિમની અર્વાચીન વિચારસરણીનું એક સુભગ મિશ્રણ સાધ્યું છે. આપણા સ્મરણમાં એ વસ્તુ તો હશે જ કે શ્રી અરવિંદનું શિક્ષણ લંડન અને કેમ્બ્રિજમાં બનેલું છે અને યુરોપની સંસ્કૃતિ સાથે તેઓ ઊંડા પરિચયમાં આવેલા છે. આ સમન્વયના મૂળમાં આ વસ્તુ પણ ભાગ ભજવી રહી છે.

શ્રી અરવિંદનાં લખાણોમાંથી હું હજારો વાક્યો ટાંકી શકું છું અને તે દરેકને લઈને કહી શકું કે, આ વાક્યમાં સમાયેલો અર્થસંભાર બરાબર તપાસો, એમાંના વિચારનું બરાબર પગેરું કાઢો અને તમે તત્ત્વદર્શનની કોક અદ્‌ભુત ગહન ભૂમિમાં પહોંચી જશો. આ મહા ગુરુ એક જ વાક્યની અંદર કેટલું યે સત્ય દાબી દાબીને ભરી શકે છે. આવો લેખક મેં આજ સુધી એકે વાંચ્યો નથી. ગાંધી એ જગતના મહાનમાં મહાન સંત છે, ટાગોર એ અર્વાચીન હિંદના સૌથી મહાન કવિ છે, પરંતુ શ્રી અરવિંદ જગતના મહાનમાં મહાન વિચારક છે, એટલું જ નહિ, તેમણે કવિ, તત્ત્વદ્રષ્ટા અને સંત તરીકેની અતુલ્ય ત્રિગુણ મહત્તા એકી સાથે મેળવી છે.

ડૉ. ફ્રેડરિક સ્પીગલબર્ગ
(ડિપાર્ટમેન્ટ ઑફ એશિયાટિક સ્ટડીઝ, સ્ટૅન્ફર્ડ યુનિવર્સિટી, સ્ટૅન્ફર્ડ, કૅલિફૉર્નિયા, યુ. એસ. એ.)

મારા જીવનમાં આટલી મોડી ઉંમરે પણ હું શ્રી અરવિંદના સંપર્કમાં આવી શક્યો છું એ મારે માટે ઘણું મોટું સદ્‌ભાગ્ય છે. કેટલાં યે વરસો લગી જીવનના અંતિમ પ્રશ્નો સાથે મેં કુસ્તી કરી છે. એ પ્રશ્નોના જે જવાબો શ્રી અરવિંદ આપે છે તેમને હવે હું સમજી શકું તેમ છું. ૧૯૪૭માં મેં તેમનું 'ધ લાઈફ ડિવાઈન' વાંચ્યું અને હું પૂરેપૂરો જિતાઈ ગયો. મેં એવો એકે તત્ત્વદ્રષ્ટા જોયો નથી જે શ્રી અરવિંદના જેટલો સહિષ્ણુ હોય. અમુક સમયે અમુક પ્રકારની તત્ત્વજ્ઞાનની વિચારસરણી શા માટે અસ્તિત્વમાં હતી તે તેઓ હમેશાં બરાબર જાણે છે.

શ્રી અરવિંદને તત્ત્વદ્રષ્ટા કે રહસ્યવાદી તરીકે ઓળખાવવા, તેઓ એક સંત છે, ઋષિ છે, આધ્યાત્મિક વિભૂતિ છે એમ કહેવું એ બરાબર નથી. આ રીતનું વર્ણન મને સંતોષ આપતું નથી. આ શબ્દોની સાથે બીજા ઘણા ખોટા અર્થો સંકળાયેલા છે. હું માત્ર એટલું જ કહીશ કે આ શબ્દોની અંદર જે ઉત્તમોત્તમ અર્થ રહેલો છે તેટલાથી પણ શ્રી અરવિંદનું સાચું સ્વરૂપ સંપૂર્ણ રીતે વર્ણવી શકાતું નથી. આ શબ્દો શ્રી અરવિંદના પૂર્ણ વ્યક્તિત્વનો એક અલ્પ ચિતાર જ આપે છે.

પરંતુ શ્રી અરવિંદને હું કેવળ તત્ત્વજ્ઞાની તરીકે વર્ણવવા બેસું તો પણ મારે કહેવું પડશે કે તેઓ કેવળ આ યુગના જ તત્ત્વદ્રષ્ટા નથી. જગતમાં પ્લેટો, સ્પિનોઝા, કાન્ટ, હેગલ આદિ તત્ત્વજ્ઞાનીઓ થઈ ગયા છે. પરંતુ શ્રી અરવિંદની પાસે તત્ત્વમીમાંસાનું જે સર્વસ્પર્શી આયોજન છે, જીવનદર્શન છે તે આ મીમાંસકોમાં નથી.

હે મહા ગુરો, આપના જન્મદિને હું અને મારા વિદ્યાર્થીઓ આપને અમારા નમસ્કાર પાઠવીએ છીએ. 'ધ લાઈફ ડિવાઇન' ગ્રંથનો જે સંપૂર્ણ અભ્યાસ થવો જોઈએ તે અમે કરી રહ્યા છીએ એમ હું ધારું છું. એ ગ્રંથ વાંચતાં અમારામાંથી ઘણાને તદ્દન નવા પ્રદેશોનાં દર્શન લાધ્યાં છે. અમેરિકાના યુવાન વિચારકોની નવી પેઢી ઉપર એ ગ્રંથની ઘણી જ વ્યાપક અને ઊંડી છાપ પડશે, અને આપનું નામ એક પ્રકાશની દીવાદાંડી રૂપ બની રહેશે એવો મને દૃઢ વિશ્વાસ છે. મારા હિંદના તાજેતરના પ્રવાસમાં મને આપના સાંનિધ્યમાં ઊભા રહેવાનો લાભ મળ્યો હતો. હિંદમાં મને એના જેવો બીજો એક પણ અનુભવ થયો નથી. એ ધન્ય અનુભવને હું પરમ કૃતજ્ઞ ભાવે જીવનમાં સંઘરી રહ્યો છું.

'દક્ષિણા' : નવેમ્બર ૧૯૪૯

# એ સંદેશ

રાષ્ટ્રપતિ ભવન
ન્યૂ દિલ્હી
મે ૩૧, ૧૯૫૭

એ બહુ આનંદની વાત છે કે શ્રી અરવિંદનો જન્મદિન અને આપણો સ્વાતંત્ર્યદિન એ બંને એક જ સાથે આવે છે. જગતમાં જે જે લોકો શાંતિ અને સુખની સ્થાપના ઈચ્છે છે તથા માનવના વ્યકિતત્વનો પૂર્ણ વિકાસ ઈચ્છે છે તેમને માટે શ્રી અરવિંદનો જન્મદિન આધ્યાત્મિકતામાં જે મહાન શક્તિ રહેલી છે તેનું સ્મરણ કરાવી આપે તેમ છે. આજના દિવસે આપણે આપણી જાતને આ મહા જ્ઞાનીના દર્શનના વધુ નિકટ સંપર્કમાં મૂકીએ અને તેમણે વ્યક્તિ તેમ જ માનવ સમાજના અનેકવિધ પ્રશ્નો પરત્વે જે આદર્શ રજૂ કરેલો છે તેને સમજવાનો પ્રયત્ન કરીએ. જગતે શ્રી અરવિંદના વિચારો તથા આદર્શોને હજી પૂરેપૂરા સમજવાના તો બાકી જ છે તોપણ એ વાત તો સ્પષ્ટ છે કે એમાં કેટલીક વાર પયગંબરી દર્શન આવી રહેલું દેખાય છે. એમની વેધક બુદ્ધિએ વસ્તુઓને બહુ જ સ્પષ્ટ રીતે જોયેલી છે તેમ જ તેમની આદર્શવાદી દૃષ્ટિ વ્યવહારની તરફ પણ ખૂબ ઝૂકેલી રહી છે. અત્યારે હવે એમના કેટલાક આદર્શો અને વચનો તો સિદ્ધ બની ચૂક્યાં છે તો પછી કંઈ નહિ તો આ દેશના લોકોએ તો આ મહાયોગીના દર્શનને સમજવાનો તીવ્ર પ્રયત્ન કરવો જ જોઈએ અને એમાંથી માર્ગદર્શન મેળવીને અખિલ માનવજાતિના હિતને ખાતર તેનો ફેલાવો થાય તેમ કરવું જોઈએ. મારી આશા અને પ્રાર્થના છે કે જે 'નવજીવન આંદોલન' શ્રી અરવિંદની જન્મજયંતિનો આ ઉત્સવ આરંભી રહ્યું છે તેને આ લક્ષ સિદ્ધ કરવામાં સફળતા મળો.

*

રાજેન્દ્ર પ્રસાદ

વાઈસ પ્રેસિડન્ટ
ઈંડિયા
ન્યૂ દિલ્હી
મે ૩૧, ૧૯૫૭

અત્યારની માનવજાતિ એક સંયુક્ત જગતનું સર્જન કરવા મથી રહી છે. પરંતુ આ નવું જગત વિજ્ઞાનની તથા યંત્રોની મદદથી રચી નહિ શકાશે અથવા તો તે માત્ર રાજકીય કે આર્થિક સંબંધોમાંથી જ ઊભું નહિ થઈ શકશે. આ બધી વસ્તુઓએ આપણને એક સંયુક્ત જગતનું બાહ્ય શરીર આપ્યું છે પરંતુ એ શરીર હજી પોતાના આત્માની શોધ માટે ફાંફાં મારી રહ્યું છે. સંભવ છે કે આ નવા શરીરને હિંદ તેનો આત્મા આપી શકશે. શ્રી અરવિંદે કહ્યું છે : 'અનેક યુગોથી વિદ્યમાન રહેલી ભારતભૂમિ કંઈ મૃત્યુ પામી નથી, તેમ જ તેણે પોતાના તરફથી છેલ્લો સર્જક શબ્દ પણ કહી નાખ્યો નથી'. આ ભૂમિના આત્મા અને પ્રતિભાને આપણે સમજવાં જોઈએ, આ ભૂમિમાં જે બુદ્ધિપ્રભા અને સાક્ષાત્કારનું તત્ત્વ રહેલું છે, અન્ય ધર્મો અને માનવતાની કદર કરવાની જે ભાવના રહેલી છે તેને આપણે સમજવાં જોઈએ. આ મહાન વસ્તુઓ આખાયે વિશ્વ માટે ખૂબ જ અગત્યની છે. એની પાછળ જે સત્ય અને પ્રાણશક્તિ રહેલાં છે તેને સમજવા માટે આ શ્રી અરવિંદ જયંતિ ઉત્સવ જો આપણને મદદરૂપ થઈ શકશે તો તેણે ઘણું મોટું કાર્ય કર્યું ગણાશે.

('શ્રૃણ્વન્તુ' ઑગસ્ટ ૧૯૫૭) એસ. રાધાકૃષ્ણન્

---

# ગુરુદેવની સેવામાં

## ડૉ. પ્રભાત સંન્યાલ

**૧૯૫૦ના** નવેમ્બરની ૨૯મીની સાંજ હતી. આખો દિવસ ભારે કામ કર્યા પછી હું આરામ કરતો હતો, ત્યાં નોકર તાર લઈ આવ્યો. લખ્યું હતું : "FLY – URGENT – MOTHER" (વિમાનમાં આવો, એકદમ. શ્રી માતાજી). આ બે શબ્દોમાં જે અપાર અર્થ ધબકતો હતો તેની કલ્પના પણ હું કરી શકું તેમ ન હતું.

અને મારું મન વિચારવા લાગ્યું, શું શ્રી અરવિંદ બીમાર હશે ? નહિ તો શ્રી માતાજી મને આવો તાર કેમ મૂકે ? બીજા વિચારો પણ આવવા લાગ્યા અને મારે સાથે શું શું લઈ જવું તેનો નિર્ણય કરવો મારે મુશ્કેલ થઈ પડયું.

બીજી સવારે, ૩૦મી નવેમ્બરે, હું વિમાનમાં મદ્રાસ પહોંચ્યો. ત્યાં જઈને જોઉં છું તો ખબર પડી કે પોંડિચેરી માટેની ગાડી રાતના ૯–૫૦ પહેલાં નથી ઊપડતી. અને હવે બીજે દિવસે સવારના ૭ વાગ્યા પહેલાં હું પોંડિચેરી નહિ પહોંચી શકું. ૫ કલાકમાં હું ૧૦૦૦ માઇલ ઊડીને આવ્યો અને હવેના ૧૦૦ માઇલ કાપતાં મને ૨૦ કલાક લાગશે એ કલ્પનાએ મને મૂંઝવી નાખ્યો. મેં તાર તરફ જોયું, ફરીથી વાંચ્યો. ના મારાથી વખત નહિ બગાડી શકાય. મેં એક કાર ભાડે લઈ લીધી.

પોલિસ અધિકારીઓ પાસેથી રજા મેળવતાં મને કલાક ગયો. હું કોઈ દાણચોરીનો ઉઠાવગીર તો નથી કે કોઈ શરાબનો ઇશ્કી નથી એની ખાતરી કરવા પોલિસે મારા ઉપર બરાબર નજર નાખી લીધી, અને છેવટે મને જવાની રજા આપી. મોટરના ડ્રાઇવરને પણ વધારાનાં ચા પાણીની મેં ખાતરી આપી. અને કાર લગભગ પવન વેગે ઊપડી. વચ્ચે કસ્ટમનાં બે મથકે જરા રોકાવાનું થયું અને સાંજના ૬ એ હું પ્લેગ્રાઉન્ડમાં શ્રી માતાજીનાં ચરણમાં હાજર થયો. એમની સદાની રીત મુજબ શ્રી માતાજીએ મને તેમના દૈવી સ્મિતથી સત્કાર્યો, અને કહ્યું, તમે આ સાંજે આવી જશો એમ હું ધારતી જ હતી. પછી તેમણે શ્રી અરવિંદની બીમારી વિષે મને જણાવ્યું અને તેમને તપાસવા કહ્યું અને

પોતે પ્લેગ્રાઉન્ડનો કાર્યક્રમ પૂરો થયા પછી શ્રી અરવિંદના ખંડમાં આવી જશે તેમ જણાવ્યું.

આશ્રમ તરફ જતાં જતાં રસ્તે આશ્રમના ડૉ. નીરોદ તથા મારા જુવાન સાથી ડૉ. સત્ય સેને મને આખો ઇતિહાસ સંભળાવ્યો તથા શ્રી અરવિંદની અત્યારની હાલત કહી બતાવી. હળવે પણ ઝડપી કદમે હું દાદર ચડયો અને શ્રી અરવિંદના નિવાસખંડમાં પહોંચ્યો. અને ત્યાં શ્રી અરવિંદ પોઢયા હતા, મારા દિવ્ય દરદી. પથારીમાં અરધા ઢળીને તે સૂતા હતા, જાણે કશું છે જ નહિ. આંખો ઢળેલી હતી. જાણે કે એક પ્રચંડ શાંતિની પ્રતિમા પોઢી રહી હતી. હું તેમના પલંગ પાસે ગયો, તેમને પડખે ઢીંચણ પર બેઠો અને તેમનાં ચરણમાં મેં પ્રણામ કર્યા. અને ચંપકલાલે કહ્યું : 'ગુરુદેવ, જુઓ, કોણ આવ્યું છે?' શ્રી અરવિંદનો ચહેરો સહેજ ફરકયો, ભારે પોપચાં સહેજ ઊઘડયાં, અને ફરી પાછું બધું શાંત થઈ ગયું. ચંપકલાલે ફરીથી કહ્યું : 'ગુરુદેવ, જુઓ, સાંન્યાલ આવ્યા છે.' આ વેળા શ્રી અરવિંદે પૂરેપૂરી આંખો ખોલી, મારા તરફ જોયું અને હસ્યા. આહ, કેવું તો સ્મિત, શાંત અને સુંદર. એ જોતાં જ એક પરમ આનંદમાં પહોંચી જવાતું હતું, હૃદયના ઊંડામાં ઊંડા ખૂણામાં પ્રકાશ પથરાઈ જતો હતો.

અને શ્રી અરવિંદે મારા મસ્તક પર હાથ મૂકયો, પ્રેમપૂર્વક બે ત્રણ વાર થાબડયું. મગજમાંથી બધા જ વિચારો લોપ થઈ ગયા. મારું હૃદય પણ જાણે સ્થિર થઈ ગયું. એક પ્રચંડ શાંતિ અને સ્થિરતા મને ઘેરી વળી. શ્રી અરવિંદે આંખો બંધ કરી લીધી હતી, કેવળ એમનો શ્વાસોચ્છ્વાસ ચાલતો હતો. બધું શાંત હતું અને સર્વત્ર એક મહાન શાંતિ ફેલાઈ રહી. ચંપકલાલે મને આનંદથી પુલકિત સ્વરે હળવેથી કહ્યું, 'તમને ગુરુદેવે દર્શનનું સ્મિત અને આશીર્વાદ આપ્યા છે.' અને ખરેખર એ એવા આશીર્વાદ હતા જેને વર્ણવવાને માટે કોઈ શબ્દો નથી. એ સ્મિત જેણે જોયું હોય અને હૃદયમાં અનુભવ્યું હોય તે જ સમજી શકે કે એનો અર્થ શો હતો. એ એક આત્માની અનુભૂતિ હતી.

અને મારું ડૉકટરનું કામ કરવા માટેની તકની રાહ જોતો હું બેઠો. થોડી વારમાં હું શ્રી અરવિંદને પૂછી શકયો કે આપને શી તકલીફ હતી અને હું કાંઈ રાહત આપી શકું કે નહિ. બીજા દરદીઓને પૂછીએ છીએ તે રીતના રીતસરના પ્રશ્નો મેં પૂછ્યા, કદાચ હું એ વાત ભૂલી પણ ગયો હોઈશ કે મારા દરદી એ તો માનવના દેહમાં આવેલા પરમાત્મા પોતે જ હતા, અને

શ્રી અરવિંદે જવાબ આપ્યો : 'તકલીફ? મને કોઈ વાત તકલીફ નથી આપતી. અને દરદ! દરદથી તો ઉપર ચાલી જઈ શકાય છે.' પછી મેં પિશાબની મુશ્કેલીની વાત કરી. 'હા, એ છે.' શ્રી અરવિંદે કહ્યું, 'કેટલીક તકલીફ ઊભી થયેલી ખરી, પરંતુ એ બધીનો ઉકેલ તો થઈ ગયો છે. હમણાં હવે કશું લાગતું નથી.' અને ફરી પાછી શાંતિ પથરાઈ ગઈ.

અમે બધા પાસેના ખંડમાં ગયા અને મેં નીરોદ તથા સત્ય સાથે મસલત કરી. શ્રી અરવિંદના પિશાબનો રિપોર્ટ આવ્યો હતો. થોડુંક આલ્બ્યુમન અને શુગર દેખાતી હતી. સ્પે. ગ્રે. સમધારણ કરતાં કંઈક વિશેષ હતી. એટલામાં શ્રી માતાજી આવ્યાં અને શ્રી અરવિંદના ખંડમાં દાખલ થઈને ચુપચાપ શ્રી અરવિંદના પલંગના પગ પાસે ઊભાં અને શ્રી અરવિંદને નિહાળી રહ્યાં. આમ થોડી વાર રહ્યા પછી મને બોલાવીને પાસેના ખંડમાં લઈ ગયાં. મેં એમને બધી પરિસ્થિતિ સમજાવી, શ્રી અરવિંદને મૂત્રાશયમાં હળવું ઈન્ફેક્શન (રોગની અસર) છે, તે સિવાય પિશાબના રિપોર્ટ પ્રમાણે જોતાં બીજું કાંઈ ગંભીર નથી.

અમે વિચાર કર્યો કે પ્રભુ કરશે તો, સતત મૂત્ર વહનનો ઉપચાર પૂરતો થઈ પડશે અને ઍન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરવાથી ધીરે ધીરે બાકીની તકલીફ સુધરી જશે.

બીજે દિવસે, ડિસેમ્બરની ૧લીએ સ્થિતિ ખૂબ જ સુધારા ઉપર હતી. ગુરુદેવ બિલકુલ સજાગ હતા, બધી વસ્તુઓ પર ધ્યાન આપતા હતા અને ટેમ્પરેચર સમધારણ હતું. તેમને સ્પોંજિંગ આપ્યા પછી તેમણે સાદો નાસ્તો લીધો અને અમારી સાથે થોડીક ગમ્મત પણ કરી. હું શ્રી અરવિંદના માથા ઉપર માલિશ કરતો હતો. માલિશ કરતાં કરતાં મેં પૂછ્યું કે, આ આપને કેવું ગમે છે? અને શ્રી અરવિંદ બોલ્યા, 'હા, તમે ફેલોશિપ માટે ઈંગ્લેન્ડ ગયા હતા તે તો હું જાણું છું, પણ તમે આ માલિશ ક્યાંથી શીખી લાવ્યા?' મેં એ સૂચન મૂક્યું કે વિગતવારની બાયો-કેમિકલ પરીક્ષા માટે આપનું લોહી તપાસાવીએ. એ સાંભળી શ્રી અરવિંદ હસ્યા અને સામો જવાબ વાળ્યો : 'તમે ડૉક્ટરો માત્ર રોગ અને દવાની રીતે જ વિચાર કરી શકો છો, પરંતુ તમારા શાસ્ત્રથી ઉપર અને પર, એના કરતાં પણ એક ઘણી વધુ અસરકારક વિદ્યા રહેલી છે. મારે કશાની જરૂર નથી.' આ અત્યંત વિલક્ષણ એવા સુધારાથી અમને સૌને ખૂબ જ આનંદ થયો અને એ દિવસ પૂરો થયો.

બીજે દિવસે, ૨જી ડિસેમ્બરે, સાંજના વખતે ટેમ્પરેચરમાં એક ડિગ્રીનો વધારો થયા સિવાય બીજો કશો ફરક ન હતો. પ્લેગ્રાઉન્ડમાં તે દિવસે વાર્ષિક

ઉત્સવ હતો 'એટલે શ્રી માતાજી ખૂબ જ કામમાં રોકાયેલાં હતાં. પરંતુ ત્યાંના કાર્યક્રમો પૂરા થયા કે તરત જ શ્રી માતાજી પાછાં આવી ગયાં અને શ્રી અરવિંદના પલંગના પગ પાસે ઊભાં. તેમની મુખાકૃતિ અત્યંત ગંભીર હતી, પણ તેઓ કંઈ જ બોલ્યાં નહિ. મેં સૂચના કરી કે સતત મૂત્રવહનના ઉપચાર છતાં પિશાબનું દર્દ ફરી પાછું ઊપડવા લાગ્યું હતું એટલે અમે ઍન્ટીબાયોટિક્સ તથા ઈન્ફ્યુઝન થેરાપીનો પ્રયોગ કરી જોઈએ. આ સામે અમને ચેતવણી આપતાં શ્રી માતાજીએ કહ્યું કે શ્રી અરવિંદને આ રીતની રૂઢ પદ્ધતિના ઉપચારો અનુકૂળ નહિ પડે, શ્રી અરવિંદને એ રુચશે નહિ એટલું જ નહિ પણ એ ઉપચાર ઊલટા હાનિકારક પણ નીવડે. વળી તેમણે મને એ પણ યાદ આપ્યું કે મારા દરદી તો પ્રભુ હતા, 'જે કાંઈ કરવાનું જરૂરી હશે તે તેઓ કરી લેશે.' આ સાંભળ્યા પછી જો કોઈ લક્ષણો દેખાય તો તેને હળવાં કરવા માટે હું સાદી દવા આપી શકું તેટલું જ મારે માટે શકય હતું.

અમે ડૉકટરો હવે મૂંઝાતા હતા. અમારા દર્દી પોતે અવતાર છે, એ વાત સાચી; વળી તેમણે સાધકોના તથા તેમના પોતાના પણ અનેક રોગો મટાડયા જ હતા, તો પછી શું તેઓ પોતાની બીમારી નહિ મટાડી દે ?

એક અનુકૂળ વખતે ચંપકલાલે શ્રી અરવિંદને વિનંતીપૂર્વક એક પ્રશ્ન પૂછેલો : 'ગુરુદેવ, આપ આપની શકિત કેમ વાપરતા નથી અને સાજા કેમ થઈ જતા નથી ?' એ સાંભળી શ્રી અરવિંદ ચૂપ રહેલા અને આવી 'રીતના પ્રશ્નો પ્રત્યે પોતાનો અણગમો બતાવેલો.

ડિસેમ્બર ૩જી : રાત્રિ ઠીક ઠીક શાંતિમાં અને આરામમાં વીતેલી અને સવારે હવે શ્રી અરવિંદ વધુ સારા જણાતા હતા. સવારની વિધિઓ પછી નીરોદે શ્રી અરવિંદને થોડો ફળનો રસ આપ્યો અને તે તેમણે આનંદપૂર્વક પીધો.

ટેમ્પરેચર હવે સમધારણ થઈ ગયું હતું અને અમે સૌ ખૂબ જ નિશ્ચિતતા અનુભવવા લાગ્યા. આ સ્થિતિ જોઈને પછી અગિયાર વાગે શ્રી માતાજીને હું પ્રણામ કરવા ગયો ત્યારે મેં વિનંતી કરવાની હિંમત કરી કે હવે ગુરુદેવની તબિયત એકધારી સુધરી રહી છે તો હું કદાચ સાંજના નીકળું. શ્રી માતાજી ઘણાં જ ગંભીર બની ગયાં. મેં તેમની આંખો પર દષ્ટિ ઠેરવી અને મારા શરીરમાં એક કંપ વ્યાપી ગયો, મારા હૃદયમાં એક પીડા થઈ આવી. હું આ શું કહી બેઠો ? હું જાઉં તે શું તેમને ઠીક નહિ લાગતું હોય ? તેઓ પોતે મને

જવાનું કહે ત્યાં સુધી રાહ જોવાને બદલે મેં પોતે શા માટે જવાની વાત કરી ? મારા હૃદયમાં એક દર્દ ઊઠી આવ્યું અને હું બોલી ઊઠ્યો: 'માતાજી, હું થોડા વધુ દિવસ રહીશ.' શ્રી માતાજીના મુખ ઉપર એક સ્મિત પથરાઈ રહ્યું, અને તે બોલ્યાં, 'ભલે.' બપોરનાં પરિસ્થિતિ ઝડપથી બદલાવા લાગી. ટેમ્પરેચર વધીને ૧૦૧ ડિગ્રી પહોંચ્યું. શ્વાસોચ્છ્વાસમાં પણ સ્પષ્ટ રીતે તકલીફ દેખાવા લાગી. શ્રી માતાજી ઓરડામાં ૪ વાગે આવ્યાં અને શ્રી અરવિંદને નિહાળતાં ઊભાં રહ્યાં. આખા યે બપોરમાં અમે શ્રી અરવિંદને પાણી કે ફળનો રસ પિવાડી શકયા ન હતા એટલે અમે શ્રી માતાજીની મદદ માગી. શ્રી માતાજીએ ચમચો લાવીને શ્રી અરવિંદના હોઠ પાસે ધર્યો. તરત જ શ્રી અરવિંદે આંખો ખોલી, થોડા ઘૂંટડા લીધા અને પાછા બેધ્યાન અવસ્થામાં ઉતરી ગયા. શ્રી માતાજી અમારી સાથે પાસેના ખંડમાં આવ્યાં અને પહેલી જ વાર તેમણે કહ્યું કે, 'શ્રી અરવિંદ અંદરમાં પૂરેપૂરા જાગૃત છે, પરંતુ હવે તેમને પોતાની બાબતમાં રસ ઓછો થતો જાય છે.' શ્રી માતાજીનું કથન અમે બહુ ઓછું સમજી શકયા અને તેમને વધુ પ્રશ્ન કરવાની અમારી હિંમત ન ચાલી. સત્ય હવે મૂંઝાતો હતો, કંઈક વધારે ઉપચારો થવા જોઈએ એમ તેને લાગતું હતું. શ્રી માતાજીએ માત્ર આટલું જ કહ્યું, 'બધો આધાર એમના ઉપર છે.'

રાત પડવા લાગી ત્યાં અમારાં હૃદય ભારે થવા લાગ્યાં. થોડી થોડી વારે નીરોદ કે ચંપકલાલ શ્રી અરવિંદને કંઈક પીવા માટે આપતા અને પોતાને શું જોઈએ છે. ટમાટા કે નારંગીનો રસ કે બીજું કાંઈ તે પણ શ્રી અરવિંદ કહેતા, અને પછી પાછા તે એક બેધ્યાનની અવસ્થામાં ઊતરી જતા.

પોતાને કંઈ તકલીફ છે કે તરસ લાગી છે એવી વાત તો શ્રી અરવિંદ કોઈવાર પણ બોલતા નહિ, પરંતુ અમે જો એમને પડખું ફેરવાવીએ કે પીવાને કાંઈ આપીએ તો સ્મિતપૂર્વક તેનો સ્વીકાર કરતા. હમેશની માફક શ્રી માતાજી ૧૧ વાગે રાત્રે આવ્યાં. તેમણે શ્રી અરવિંદને રસનો પ્યાલો ધર્યો કે તે એકદમ સજાગ થઈ ગયા અને આજ્ઞાધીન બાળકની પેઠે આખો પ્યાલો પી ગયા અને વળી પાછા એક વિશ્રાંત સ્થિતિમાં ઊતરી ગયા.

દર્દ હતું તેમ જ ટકી રહ્યું. તેના હળવા થવાનાં કોઈ ચિહ્ન દેખાતાં ન હતાં. શ્રી માતાજી મને પાસેના રૂમમાં લઈ ગયાં અને બોલ્યાં, 'કંઈ ખબર નથી પડતી. શ્રી અરવિંદને પોતાની અંદર હવે કંઈ રસ દેખાતો નથી.' મેં સૂચવ્યું કે આવતી કાલથી ઈન્ટ્રાવિનસ (નસ દ્વારા) દવા આપીએ. પણ એવી કોઈ દખલગીરી ન કરવાની સલાહ શ્રી માતાજીએ આપી.

લાંબી રાત પસાર થઈ, લાંબી અને ચિંતાભરી. નીરોદ અને ચંપકલાલ આખો વખત સેવામાં હાજર હતા. શ્રી અરવિંદનો હોઠ ફરકે છે,—કદાચ એમને કંઈક પીવાનું જોઈતું હશે. હાથ હાલે છે,—કદાચ એમને રૂમાલ જોઈતો હશે. બંને જણ ખડે પગે સેવામાં હાજર હતા. એ એમની સાધના હતી, ગુરુની સેવામાં સમર્પિત થઈ ગયેલું એ જીવન હતું. એક દિવસે શ્રી અરવિંદ પોતાની સાધનાના શરૂઆતના દિવસોની વાત મને કહેતા હતા તે યાદ આવે છે. ત્યારે શ્રી અરવિંદ આખી રાત જાગતા. ચંપકલાલ ત્યારે એક નાના છોકરા હતા. શ્રી અરવિંદના અવાજની રાહ જોતા તે નીચે દાદર પાસે સૂઈ રહે. એક બીજા પ્રસંગે થોડા વખત ઉપર મેં શ્રી અરવિંદને કહેલું કે જરૂર પડશે ત્યારે ડૉકટર નીરોદ દવા બદલશે. અને ત્યારે શ્રી અરવિંદે કહેલું : 'નીરોદ એ મારો ડૉકટર નથી.'

પિશાબના વહન ઉપર અમે કાળજીપૂર્વક ધ્યાન રાખતા હતા. હજી પણ તેઓ ૧૦૧૨-૧૦૧૦ની સ્પે. ગ્રે. એ ૨૪ કલાકમાં ૫૦ ઔંસ પસાર કરતા હતા. નીરોદ બાટલીની પાસે બેઠા રહે, અને એકે એક ટીપું પડતું જાય તેની નોંધ રાખે. એ પડવામાં કાંઈ વિલંબ થાય, અને તેમ ઘણી વાર થતું, કે તે મારું ધ્યાન દોરે.

ડિસેમ્બર ૪. સવારમાં શ્રી અરવિંદનું ટેમ્પરેચર ઊતરીને ૯૯ ડિગ્રી થઈ રહ્યું. શ્વાસોચ્છ્‌વાસની તકલીફ હવે ન જેવી હતી. શ્રી અરવિંદ આનંદમાં જણાતા હતા, વધારે જાગૃત હતા. પ્રાતઃવિધિ પરવાર્યા પછી અમે એમને હમેશની બેસવાની સ્થિતિમાં બેસાડયા. શી ભવ્ય અને શાંત મુદ્રા હતી ! સવારના લગભગ નવના સુમારે શ્રી માતાજી આવ્યાં અને શ્રી અરવિંદને નાસ્તો કરાવ્યો. તે પતાવીને શ્રી માતાજી પાસેના ખંડમાં, અમારી મસલતો માટે તે વપરાતો ત્યાં આવ્યાં. ત્યારે મેં હસીને કહ્યું, 'ગુરુદેવ પાછા આનંદમાં આવ્યા લાગે છે અને બધામાં રસ લેતા લાગે છે.' શ્રી માતાજીએ માત્ર એક જ જવાબ આપ્યો 'ચુપ' ! અને ઓરડામાંથી બહાર ચાલ્યાં ગયાં.

હું પથારીની પાસે બેઠો અને હળવેથી શ્રી અરવિંદના શરીરને માલિશ કરવા લાગ્યો, નીરોદ અને ચંપકલાલ બીજાં કામો કરતા રહ્યા. થોડી વાર પછી શ્રી અરવિંદે આંખો ખોલી અને વખત પૂછયો. મેં કહ્યું, દસ વાગ્યા છે. મેં જોયું કે શ્રી અરવિંદ વાત કરવાના મનમાં છે એટલે મેં હિંમત કરી પૂછયું, 'આપને કેમ લાગે છે ?' શ્રી અરવિંદે જવાબ આપ્યો, 'મને બહુ આરામ છે.'

થોડીક વાર વિરામ પથરાઈ ગયો, પછી તેમણે ભીંત પર ઘડિયાળ સામે જોયું અને પૂછયું કે બંગાળમાં કેમ ચાલે છે, ખાસ કરીને નિરાશ્રિતોની શી હાલત છે. મેં નિરાશ્રિતોની દયાજનક હાલત વર્ણવી બતાવી અને વિનંતી કરી કે 'શું પ્રભુ એમને મદદ નહિ કરે ?' અને શ્રી અરવિંદે જવાબ આપ્યો, 'હા, બંગાળને જો પ્રભુ જોઈતા હશે તો.' અને આંખ મીંચીને તે શાંતિમાં ઊતરી ગયા.

પરંતુ એ સ્થિતિ બહુ ન ટકી. સુધારાની આશા ખોટી ઠરી. બપોરથી શ્વાસોચ્છ્‌વાસની તકલીફ ખૂબ જ વધવા લાગી અને ટેમ્પરેચર ૧૦૨ ડિગ્રીએ પહોંચ્યું. આ વખતે દર્દનાં ચિહ્નો ચહેરા ઉપર પણ દેખાતાં હતાં, પરંતુ શ્રી અરવિંદના મુખમાંથી એક પણ શબ્દ, એક પણ ઊંહકાર નીકળતો ન હતો.

શ્રી માતાજી બપોરે લગભગ ૧ વાગે આવ્યાં. તેમણે ઊભા રહી શ્રી અરવિંદને નિહાળ્યા અને પછી પાસેના ખંડમાં મને લઈ ગયાં, અને કહ્યું, 'શ્રી અરવિંદ પોતાને ખેંચી લઈ રહ્યા છે.'

આમ શ્રી અરવિંદ બેભાન દેખાતા હતા, પરંતુ તેમને જ્યારે કંઈ પીવા માટે આપવામાં આવતું ત્યારે તે જાગૃત થતા, થોડાક ઘૂંટડા લેતા અને પોતે જ રૂમાલ વડે મોઢું લૂછતા. અમને બધાને સ્પષ્ટ દેખાતું હતું કે એક ચેતના જાણે કે બહારથી આવે છે અને તે આવતાં શ્રી અરવિંદ બરાબર સાજાસમા બની જાય છે. અને એ ચેતના જ્યારે પાછી ચાલી જાય છે ત્યારે શરીર કાંપવા લાગે છે અને પીડામાં સરકી પડે છે. શ્રી અરવિંદ એમાં પછી હોતા નથી !

પાંચ વાગવાને આશરે તબિયતમાં સુધારો દેખાવા લાગ્યો. શ્રી અરવિંદ હવે બરાબર સજાગ હતા. અમે તેમને મદદ આપી પથારીમાંથી ઉઠાડયા અને ઊઠીને તેઓ આરામખુરસીમાં જઈને બેઠા. બે ઘડી તો તેઓ જાણે જુદી જ વ્યક્તિ બની ગયા. આંખો મીંચેલી હતી. અને એ સ્વસ્થ અને શાંત દેહમાંથી એક ચેતના વિસ્તરતી હતી. અમે પરસ્પર કહેવા લાગ્યા કે જુઓ, શ્રી અરવિંદ કેવા ભવ્ય અને સુંદર લાગે છે. અને એમની એ શાંત આનંદમય મુદ્રા જોઈને મને વેદના ઋષિઓનું સ્મરણ થયું. પરંતુ આ સ્થિતિ બહુ લાંબી ન ટકી. પોણાએક કલાક વીત્યો હશે અને શ્રી અરવિંદ બેચેન બન્યા અને એમને ફરી પાછા પથારીમાં અમે સુવાડયા. શ્વાસોચ્છ્‌વાસની તકલીફ હવે બેવડા જોરથી શરૂ થઈ ગઈ. પિશાબનું વહન આ બધા દિવસોમાં સારી રીતે થતું હતું તે હવે બપોર પછી ખૂબ જ ઘટી ગયું અને દર્દ બહુ જ ઊપડયું. શ્રી અરવિંદ હવે

બેભાન જેવી અવસ્થામાં દેખાતા હતા છતાં સાચે જ તેઓ મૂર્છામાં ન હતા. વચ્ચે ચંપકલાલને એમણે પાસે ખેંચીને છાતી સરસા લીધા હતા અને આ પ્રેમમય આશ્લેષ નીરોદને અને મને પણ મળ્યો. આવી રીતનું ઊર્મિમય વર્તન શ્રી અરવિંદમાં પહેલી વાર જ જોવામાં આવેલું એ વાત પણ નોંધવા જેવી હતી. પણ આ બધું છતાં શ્રી અરવિંદે આખા દિવસમાં કાંઈ જ પીધું ન હતું.

શ્રી માતાજી પ્લેગ્રાઉન્ડનો રોજનો કાર્યક્રમ પતાવીને પાછાં આવ્યાં. પલંગના પગ તરફના ભાગમાં તેમણે પોતાનો હાર મૂકયો. આ વસ્તુ શ્રી માતાજી હમેશ કરતાં. અને હાર મૂકીને શ્રી અરવિંદને તેઓ જોઈ રહ્યાં. એમના મુખ ઉપર એવી તો ગંભીરતા અને સ્થિરતા હતી કે તે જોતાં હું લગભગ દ્રવિત થઈ ગયો. હું પાસેના ખંડમાં જઈને તેમની રાહ જોવા લાગ્યો. શ્રી માતાજી ત્યાં આવ્યાં ત્યારે મેં રિપોર્ટ આપ્યો અને કહ્યું કે સત્યે ગ્લુકોઝ આપ્યો હતો અને અમે ઈન્ટ્રાવિનસ ઈન્ફ્યુઝશન (નસ દ્વારા દવા) ઈત્યાદિ આપવા માગતા હતા. શ્રી માતાજીએ શાંતિથી અને દૃઢતાથી કહ્યું, 'મેં તમને કહ્યું છે કે એની જરૂર નથી. શ્રી અરવિંદને પોતાની અંદર હવે રસ નથી. તેઓ પોતાને ખેંચી લઈ રહ્યા છે.'

અમે શ્રી અરવિંદની પથારીની આસપાસ બેઠા. અમને આશ્ચર્ય થવા લાગ્યું કે શા માટે શ્રી અરવિંદને પોતાની અંદર રસ રહ્યો નથી. એમની જો ઈચ્છા થાય તો તેઓ જરૂર પોતાનો રોગ મટાડી શકે છે. આ રીતે તેમણે કેટલી યે વાર રોગો મટાડેલા છે. નીરોદે પોતે જોયું છે કે શ્રી અરવિંદે કેવી રીતે બીજાઓને સાજા કરેલા છે. પરંતુ હવે આ મહા કટોકટીને પ્રસંગે શ્રી અરવિંદને પોતાની અંદર જ કોઈ રસ રહ્યો નથી ? ખરેખર, શું તેઓ પોતાનું બલિદાન આપી દેવા માગે છે ?

રાતના અગિયારના શુમારે શ્રી માતાજી ઓરડામાં આવ્યાં અને શ્રી અરવિંદને ટમાટાનો રસ અર્ધોએક પ્યાલો પિવડાવ્યો. એ એક મહા વિલક્ષણ દૃશ્ય હતું. મૂર્છામાં અને દરદમાં સપડાયેલું શરીર, શ્વાસોચ્છ્વાસ લેવાને મથી રહેલું શરીર એકાએક શાંત થઈ જાય છે, એક ચેતના શરીરમાં દાખલ થાય છે. શ્રી અરવિંદ જાગૃત બને છે, સાજાસમા બને છે, રસ પી લે છે, ચેતના પાછી ચાલી જાય છે અને શરીર પાછું દર્દની ચૂડમાં ફસાઈ પડે છે.

મધ્ય રાત્રિએ શ્રી માતાજી ફરીથી રૂમમાં આવ્યાં, અને એકધારી રીતે શ્રી અરવિંદને જોઈ રહ્યાં, જાણે કે બંને વચ્ચે વિચારની એક મૂંગી મૂંગી આપલે થઈ ગઈ. અને પછી તેઓ ચાલ્યાં ગયાં.

રાતના એક વાગે (હવે ૫મી તારીખે) શ્રી માતાજી ફરી આવ્યાં અને પલંગના પગ પાસે ઊભાં રહીને ફરીથી શ્રી અરવિંદને નિહાળી રહ્યાં. તેમના ચહેરા ઉપર વ્યથાનું, ભયનું, ચિંતાનું એક પણ ચિહ્ન ન હતું. એમના મુખ ઉપર એક પણ વિચાર, એક પણ લાગણી હું જોઈ ન શકયો. તેમણે આંખનો ઈશારો કરી મને પાસેના ઓરડામાં જવાને કહ્યું અને પોતે મારી પાછળ પાછળ આવ્યાં અને પૂછ્યું, 'શું ધારો છો? હું એક કલાક આરામ લઈ શકું છું?' આ એક અત્યંત મહત્ત્વનો સમય હોય છે, શ્રી માતાજી નિવૃત્ત બને છે—તેમની ચેતના તેમના દેહમાંથી બહાર નીકળે છે. એ વખતે કોઈએ એમને બોલાવવાનાં નથી હોતાં, કોઈએ એમના ખંડમાં જવાનું હોતું નથી. આ એક સખત નિયમ છે. હું ધીરેથી બોલ્યો, 'માતાજી, એ હું નહિ કહી શકું.' અને તેમણે કહ્યું, 'વખત આવે ત્યારે મને બોલાવજો.'

હું શ્રી અરવિંદની પાછળ જઈને બેઠો અને તેમના વાળને હળવેથી પંપાળવા લાગ્યો. શ્રી અરવિંદને આ વસ્તુ હમેશાં ગમતી. નીરોદ અને ચંપકલાલ પથારીની પડખે બેઠા અને શ્રી અરવિંદના ચરણ તળાંસવા લાગ્યા. અમે સૌ શાંતિથી શ્રી અરવિંદને જોઈ રહ્યા હતા. અમને હવે ખબર પડી ગઈ હતી કે હવે કોઈ પણ વેળાએ કાંઈ પણ ઘટના બની શકે છે. કોઈ મહા ચમત્કાર બને તો જ હવે જગતની અને અમારી રક્ષા છે. ત્યાં શ્રી અરવિંદના દેહમાં મેં એક આછો, લગભગ ન દેખાય તેવો કંપ જોયો. શ્રી અરવિંદે પોતાના હાથ ઉપર લીધા, પોતાની છાતી ઉપર મૂકયા, એક ઉપર બીજો—અને યંત્ર અટકી ગયું. મૃત્યુ, અત્યાર સુધી રાહ જોઈને ઊભેલું નિષ્ઠુર મૃત્યુ, જેની અમે ચોકી કરતા બેઠા હતા તે યમદેવ શ્રી અરવિંદના દેહ ઉપર ઊતર્યા હતા. શ્રી અરવિંદનો શ્વાસોચ્છ્વાસ અટકી ગયો. શ્રી માતાજીને બોલાવી લાવવાને મેં નીરોદને કહ્યું. રાતના ૧—૨૦ થયા હતા.

શ્રી માતાજી લગભગ તરત જ આવ્યાં. અને આવીને શ્રી અરવિંદના ચરણ પાસે ઊભાં. એમના વાળ છૂટા હતા અને ખભાની આસપાસ ઊડતા હતા. એમની મુખમુદ્રા મહા ભીષણ હતી. એ આંખો સામે હું આંખ માંડી ન શકયો. એક વીંધી નાખતી ભેદક નજરે તે ખડાં હતાં. બરાબર ૧—૨૬ કલાકે મેં શ્રી અરવિંદને તપાસ્યા અને જણાવ્યું કે પ્રાણ ચાલ્યો ગયો છે. ચંપકલાલથી આ ન વેઠાયું, ડૂસકાં ભરતાં ભરતાં તે શ્રી માતાજીને કરગરી ઊઠયા, 'માતાજી, માતાજી, કહો કહો કે ડૉકટર ખોટું બોલે છે, શ્રી અરવિંદ જીવતા છે.' શ્રી માતાજીએ તેમના તરફ નજર નાખી અને જાણે કોઈ જાદુઈ દંડ અડયો હોય તેમ

ચંપકલાલ શાંત અને સ્વસ્થ થઈ ગયા. અને શ્રી માતાજી ત્યાં અર્ધાથી પણ વધુ કલાક ઊભાં રહ્યાં. મારા હાથ હજી પણ શ્રી અરવિંદના લલાટ ઉપર હતા. મારું મન ભટકવા લાગ્યું. આ મારા ગુરુ, ઋષિ શ્રી અરવિંદ, જગતમાં નવયુગની ઉષાને અવતારનાર, એ ભૂતકાળની વાત થઈ ગઈ! આ થોડીક ક્ષણો પહેલાં તો હું નજર માંડીને બેઠો હતો. હૃદયમાં આશા હતી કે કોઈ ચમત્કાર બની આવશે. ચમત્કારને માટે આના કરતાં વધારે સુયોગ્ય ઘડી બીજી કઈ હોવાની? પણ હવે? શ્રી અરવિંદ નથી! અત્યાર લગી તે જીવંત હતા, હવે તો ઇતિહાસ બની ગયા. અને એમ વિચારનો પ્રવાહ મારા મગજમાં ધસી રહ્યો. હું જાણે કે સગી આંખે જોવા લાગ્યો : હજારો લોકો આ શય્યા પાસેથી પસાર થઈ રહ્યા છે અને સંભળાય તેવા અવાજે બોલે છે, 'અહીં શ્રી અરવિંદ રહેતા હતા.' પણ આમ તો ન જ હોઈ શકે. હું અહીં ઊભો છું એમની પાસે, મારા હાથ એમને સ્પર્શી રહ્યા છે, હું એમને શ્વાસ લેતા જોઈ રહી છું, હા, દરેક પળે તેમનો શ્વાસ ચાલે છે. હવે માત્ર ફેર એટલો છે કે શાંતિ બહુ જ વધી છે, મગજ વધુ વિચાર ન કરી શક્યું. મારા માથામાં એક તીવ્ર સણકો ફરી વળ્યો. મેં શ્રી માતાજી તરફ નજર નાખી. હળવેથી તેઓ મારી પાસે આવ્યાં, મારા મસ્તકને તેમણે સ્પર્શ આપ્યો, મારા વિચારોને સ્થિર કરી દીધા, મારા મનને શાંત કર્યું. મારી બધી પીડા ચાલી ગઈ. હવે હું સ્વાભાવિક રીતે વિચાર કરી શકવા લાગ્યો. મેં શ્રી માતાજીને પૂછ્યું, 'હવે શું કરવાનું છે! આપણે છેલ્લી વિધિની વ્યવસ્થા કરવી પડશે.' શ્રી માતાજી શાંતિથી બોલ્યાં, 'શ્રી અરવિંદને સમાધિ અપાશે, પેલા સર્વિસના ઝાડ હેઠળ, જ્યાં પેલા મોટા ફૂલછોડનાં કૂંડાં રાખવામાં આવ્યાં છે ત્યાં.' ત્યારે, આ સ્થળ પણ પહેલેથી વિચારી રાખવામાં આવ્યું હતું. દિવ્ય ચેતનાની ગતિ આવી છે!

શ્રી માતાજીએ મને બીજી વિધિઓનું પણ સ્મરણ કરાવ્યું. પ્રથમ તો એક ફ્રેન્ચ ડૉક્ટરે મૃત્યુનું સર્ટિફિકેટ આપવું પડશે. એ પછી જ આશ્રમવાસીઓને તથા જાહેર જનતાને ખબર આપી શકાશે. નલિની ગુપ્ત અને અમૃતને બોલાવવામાં આવ્યા. બંને જણ દિગ્મૂઢ બનીને ઊભા રહી ગયાં. પવિત્ર આવીને શ્રી અરવિંદનાં ચરણ પાસે ઊભા, એમના ગાલ પર આંસુ દડતાં હતાં.

અમે શ્રી અરવિંદને વસ્ત્ર પહેરાવવા માંડયાં. આશ્રમના ફોટોગ્રાફરો (સાધકો)ને છેલ્લાં ચિત્રો લેવા માટે બોલાવવાને મેં વિનંતી કરતાં શ્રી માતાજીએ તેમાં સંમતિ આપી.

હૉસ્પિટલના ફિઝિશ્યન ડૉ. સુકુમારન્ આવ્યા, શ્રી અરવિંદનું શરીર તપાસ્યું અને અમે બંનેએ મૃત્યુના સર્ટિફિકેટ ઉપર સહી કરી.

હવે આશ્રમના સાધકોને સમાચાર આપવાના હતા. પ્રભાત થયું હતું, પૂર્વનું આકાશ ધીરે ધીરે સ્પષ્ટ થતું જતું હતું, ક્ષિતિજ ઉપર કિરણની એક સેર ફૂટી. શાંતિથી હું આશ્રમના મકાનમાંથી બહાર નીકળ્યો.

ગોલકોંડમાં મારા ઓરડામાં હું બારી પાસે બેઠો હતો, સૂનમૂન થઈને. આશ્રમવાસીઓ ઉતાવળાં પણ ચુપચાપ પગલે આશ્રમના મકાન તરફ જઈ રહ્યા હતા. શ્રી અરવિંદ અવસાન પામ્યા છે—મારા હૃદયમાં એક સખ્ત આંચકો ઊઠી આવ્યો. મેં આકાશ તરફ નજર નાખી. જુઓ, જુઓ! પેલા... પેલા શ્રી અરવિંદ પાછા ઉદય પામી રહ્યા છે—એ શાશ્વત સૂર્ય કરોડો કિરણો વેરતો ઊગી રહ્યો છે.

દિવસ ચડવા લાગ્યો, અને લોકોનો પ્રવાહ લાંબો ને લાંબો થવા લાગ્યો. પરમ ઋષિનાં છેલ્લાં દર્શન માટે માનવ મેદની આવી રહી હતી, આતુર છતાં અધીરાઈ વિનાની, શાંત કદમે. બપોર પછી હું શ્રી અરવિંદના ખંડમાં ગયો, શ્રી અરવિંદ સૂતા હતા, ગંભીર અને ભવ્ય સ્વરૂપે. લોકોની એક અનંત હાર, સાધારણ માણસો, પાદરીઓ, ડૉક્ટરો, વકીલો, રિક્ષાવાળા, મજૂરો, ધનિકો, ગરીબો શ્રી અરવિંદની શય્યા પાસેથી પસાર થતાં હતાં, ચુપચાપ પણ એક પ્રેરણાથી વીંધાઈને. સાંજના આશ્રમના દરવાજા બંધ થયા. શ્રી માતાજીએ મને આશીર્વાદ આપ્યા અને સવારે વહેલા આવી જવા માટે મને કહ્યું. હું ગોલકોંડમાં જવા માટે નીકળ્યો. ચંપકલાલ અને નીરોદ અખંડ જાગતા બેઠા હતા.

ડિસેમ્બર ૬ ઠ્ઠી. દિવસ ઊગે તે પહેલાં હું શ્રી અરવિંદના ખંડમાં પહોંચ્યો. શ્રી માતાજી તથા મેં મળી શ્રી અરવિંદને નિહાળ્યા. આહ, એ સ્વરૂપ કેવું તો અદ્ભુત હતું, કેવું તો સુંદર હતું. શરીર પર એક સુવર્ણ ઝાંય હતી! સાયન્સે અમને શિખવ્યા મુજબનાં મૃત્યુનાં કશાં ચિહ્ન દેખાતાં ન હતાં, શરીરના રંગમાં કે તત્ત્વમાં લેશ પણ વિકાર આવ્યો ન હતો. અને શ્રી માતાજીએ ધીરે સાદે કહ્યું, 'જ્યાં સુધી આ અતિમાનસનો પ્રકાશ જતો નહિ રહેશે ત્યાં સુધી શરીર વિકારનું એક પણ ચિહ્ન નહિ બતાવે. અને એ પ્રકાશ એક દિવસ રહે કે ઘણા દિવસ પણ રહે.' મેં માતાજીને હળવેથી પૂછ્યું, 'આપ કહો છો તે પ્રકાશ ક્યાં છે? હું તે જોઈ શકું?' હું તે વખતે શ્રી અરવિંદની શય્યા પાસે શ્રી માતાજીના ચરણની નજીક બેઠો હતો. મારા

તરફ જોઈ શ્રી માતાજી હસ્યાં અને એક અનંત કરુણાપૂર્વક તેમણે મારા મસ્તક પર પોતાનો હાથ મૂકયો. અને જોયું–શ્રી અરવિંદની આસપાસ ભૂરાશ પડતા સુવર્ણ રંગનો તેજોમય અંચળો ફેલાઈ રહ્યો હતો.

સવાર થયું અને લોકોની હાર આવવા લાગી. શ્રી અરવિંદનાં છેલ્લાં દર્શન કરી લોકો જવા લાગ્યા. શ્રી માતાજીએ મને કહ્યું, લોકોને ખબર નથી કે જગતને ખાતર શ્રી અરવિંદે કેટલું તો વિરાટ બલિદાન આપ્યું છે. વરસેક ઉપર અમે વાતો કરતાં હતાં ત્યારે મેં કહેલું કે મને મારું શરીર મૂકી દેવાનું મન થાય છે. અને શ્રી અરવિંદ અત્યંત મક્કમ અવાજે બોલી ઊઠેલા, 'ના, એ કદી નહિ બની શકે. આ રૂપાંતરના કાર્ય માટે જરૂર પડશે તો હું જઈશ. પણ તમારે તો અહીં રહી આ અતિમનસના અવતરણ તથા રૂપાંતર માટેનો આપણો આ યોગ પૂરો કરવાનો છે.'

રાત પૂરી થઈ અને શ્રી અરવિંદના અવસાન પછીનો ત્રીજો દિવસ ઊગ્યો. શ્રી માતાજી તથા મેં મળીને શ્રી અરવિંદના દેહને નિહાળ્યો. હજી શરીરમાં વિકારનાં કોઈ ચિહ્ન ન હતાં. ફ્રેન્ચ સર્જને પણ આ વસ્તુને ટેકો આપ્યો. સરકારના કાયદા મુજબ પણ આ કરવાની જરૂર હતી.

શ્રી માતાજીના ખંડમાં હું તેમની સાથે વાતો કરતો હતો. મારી અક્કલ વગરની રીતે મેં શ્રી માતાજીની તબિયત અંગે ચિંતા વ્યકત કરી, પોતાના નાજુક શરીર ઉપર તેઓ જે બોજો મૂકી રહ્યાં હતાં તે વિષે કહ્યું. તેઓ મારા તરફ જોઈ હસ્યાં અને મને પૂછ્યું. 'શું તમે એમ ધારો છો કે હું મારા સહેજ અમથા ખોરાકમાંથી આ બધી શક્તિ મેળવું છું? ના ના. જરૂર પડે ત્યારે આપણે વિશ્વમાંથી અનંત શક્તિ મેળવી શકીએ છીએ.' અને પછી આ પણ કહ્યું, 'ના, હમણાં મારું શરીર મૂકી દેવાનો મારો વિચાર નથી. મારે કેટલું યે બધું કરવાનું છે. અને મને પોતાને તો કંઈ ફરક નથી પડયો. શ્રી અરવિંદ સાથે હું સતત સંપર્કમાં છું.'

શ્રી અરવિંદે નિવૃત્ત થવાનો આ એકાએક નિર્ણય કર્યો એ ઘટનાએ અમારા સૌનાં મન ક્ષુબ્ધ કરી મૂકયાં હતાં. આ શું હતું, પીછેહઠ? કે પછી પૃથ્વીને માટે કોઈક વસ્તુ લઈ આવવા માટેનું એ એક સાધન હતું? કોણ કહી શકે?

આપણી મર્યાદિત તર્કશક્તિના આધારે આપણે ગમે તે ખુલાસો કરીએ તો પણ તેમાં સત્યનો અમુક જ અંશ હોવાનો, અથવા તો સત્યની તેમાં

વિકૃતિ પણ હોઈ શકે. આપણે અત્યારે તો આ મહાગુરુમાં પરમ શ્રદ્ધા રાખવાની રહે છે કે બહારથી જોતાં ભલે કેટલી યે લડાઈઓ હારી જતી દેખાય પરંતુ આ યુદ્ધનો અંતિમ વિજય તો ચોક્કસ જ છે, અનિવાર્ય છે. બેશક, શ્રી અરવિંદ આપણી પાસેથી, આપણાં ચર્મચક્ષુ આગળથી ચાલ્યા ગયા છે, પરંતુ શ્રી માતાજી માનવજાતિને માટે મહાશક્તિ રૂપે આ મહા સંગ્રામ ખેડી રહેલાં છે.

આપણને સૌને અત્યારે તો એમ જ લાગે છે કે જાણે આપણે નિરાશાના ઢોળાવ ઉપરથી સરકી રહ્યા છીએ, પરંતુ આ વિચ્છેદો અને અવિશ્વાસથી, ધિક્કાર અને લોભથી પીંખાઈ રહેલા અને આકાશમાં એક કિરણના ઉદય કાજે, પ્રભુના કોઈ દિવ્ય સંકેત કાજે મીટ માંડી બેઠેલા જગત માટે–માનવજાતિ માટે, એક નવરૂપાંતરિત માનવતાના સર્જન માટે શ્રી માતાજી આશાનો કળશ લઈને ઊભાં છે.

૭મી ની સાંજે મેં શ્રી માતાજી પાસેથી વિદાય લીધી. શ્રી અરવિંદના તેજોમય દેહનાં મેં છેલ્લાં દર્શન કરી લીધાં. એ દિવ્ય ચેતનાને ધારણ કરતો મિટ્ટીનો દેહ, સુંદર, સ્વસ્થ છટાથી ઢળેલો હતો, એનામાં વિકારનું એકે લક્ષણ હજી ન હતું. અને મેં ભોળા ભાવે શ્રી માતાજીને પૂછ્યું, 'મને અમારી રીતે શ્રી અરવિંદની દવા આપે કેમ કરવા ન દીધી ? તો પછી મને શા માટે બોલાવ્યો હતો ?' અને મને આશ્વાસન આપતાં શ્રી માતાજીએ કહ્યું, 'તમને દવા કરવા માટે નહિ, પણ અહીં આવવા માટે બોલાવ્યા હતા.' શ્રી માતાજીએ મને ત્રણ વાર આશીર્વાદ આપ્યા અને મારો બધો શોક, બધી નિરાશા, શંકા અદૃશ્ય થઈ ગયાં, મારું મન આશાથી ચમકી રહ્યું. શ્રી માતાજીના ચરણમાં મેં મસ્તક નમાવ્યું અને આંખો ઊંચી કરીને જોઉં છું તો મા ભગવતી, મહાશક્તિ મારી સામે મંદ મંદ હસી રહ્યાં હતાં.

[મધર ઈન્ડિયા, નવેમ્બર ૧૯૫૩, 'દક્ષિણા,' ફેબ્રુઆરી, ૧૯૫૪.]

# ઉત્તરાર્ધ

# ગુરુ ચરણે

## [૧] ગયા છે?

શ્રી અરવિંદનું અવસાન થયા પછી હરેક વ્યક્તિના મનમાં એક પ્રશ્ન ઊઠે છે: આશ્રમનું ભાવિ હવે કેવું હશે? આશ્રમમાં ચાલતી સાધનાનું શું થશે? આધ્યાત્મિક વિકાસની પગદંડી પર જઈ રહેલા સાધકોને શ્રી અરવિંદ જતાં હવે કોણ માર્ગદર્શન આપશે, કોણ મદદ આપશે, પોષણ આપશે? શ્રી અરવિંદના આશ્રમમાં રસ લઈ રહેલા તેમ જ તે પ્રત્યે વિરોધી માનસ ધરાવનારાઓ તરફથી પુછાતા અનેક પ્રશ્નોમાંના આ થોડાએક પ્રશ્નો છે. દરિયા કિનારે આવેલા આ નાનકડા શહેરના રસ્તા ઉપર હું ફરતો હતો ત્યારે મેં અનેક જણને પોતપોતાની રુચિ મુજબ વિચારો કરતા સાંભળ્યા. અને મને થયું, આશ્રમના ભાવિ વિષે સાચો ઉદ્ગાર કોનો હોઈ શકે? જેની પાસે ભૂતકાળનો અનુભવ પડેલો હોય, અને ભાવિનું જેને કંઈ દર્શન હોય એવી કોઈ વ્યક્તિ આશ્રમમાં છે ખરી કે જે આ શંકાઓનું નિરસન કરી શકે, આ પ્રશ્નોનો ઉત્તર આપી શકે?

અને મને શ્રી ટી. વી. કપાલી શાસ્ત્રીનું સ્મરણ થયું. તેઓ પ્રખર વિદ્વાન છે તેટલા જ પ્રખર સાધક પણ છે. શ્રી અરવિંદ તરફની તેમની અગાધ ભક્તિ તેમણે શ્રી અરવિંદના યોગ અને તત્ત્વજ્ઞાન વિષે લખેલા મૂલ્યવાન ગ્રંથોમાંથી નીતરી રહી છે. મને થયું શ્રી અરવિંદના આ એક પ્રધાન શિષ્ય તરફથી આ પ્રશ્નોનો અને શંકાઓનો ઉકેલ મળી શકશે.

હું એમની પાસે ગયો ત્યારે ઉષાની સોનેરી ઝાંયથી ભરેલી સાંજ ઢળી રહી હતી. સંધ્યાના શાંત ગમગીન વાતાવરણમાં શ્રી અરવિંદના સાંનિધ્યનો ધબકારો હજી પણ તેવો જ ધબકી રહ્યો હતો. આવે વખતે શાસ્ત્રીજી પાસેથી વાત કઢાવવી એ વિકટ કામ હતું. આવે સમયે તેમને તકલીફ આપવી એ નરી ક્રૂરતા હતી. પરંતુ તેમની પાસેથી કશો પણ જવાબ ન મેળવવો એ પણ ઇષ્ટ ન હતું. એવું મૌન ટકાવી રાખવું તે હરેક પ્રકારના ગપગોળાને પુષ્ટિ આપવા જેવું હતું. એટલે ૭મીના બપોરનાં હું તેમની પાસે પહોંચ્યો અને મારો પ્રશ્ન રજૂ કર્યો: "શ્રી અરવિંદ હવે ગયા છે તો, આશ્રમનું, સાધનાનું ભાવિ......"

હું વાક્ય પૂરું કરું તે પહેલાં શાસ્ત્રીજીએ મને અટકાવી દીધો. "ગયા છે, ગયા છે," ભમ્મર સંકોડતાં શાસ્ત્રીજીએ સામો પ્રશ્ન કર્યો. 'કોણ ગયું છે, કયાં ગયું છે? શ્રી અરવિંદ? ના, શ્રી અરવિંદ તો નથી જ ગયા. પૂર્ણયોગના આ મહાગુરુ તો અહીં જ છે, પહેલાં હતા તેવા જ જીવતા જાગતા, મૂર્તિમંત છે. હા, એ પોતે જે દેહમાં હતા તે દેહ હવે નથી. પણ આ કહું છું તે આપણી રૂઢ રીતે નથી કહેતો કે શરીર તો ગયું પણ આત્મા તો રહ્યો છે. એવી રીતે તો કેટલાયે આત્માઓ હજી જીવતા હશે.

"પણ હું આ વાત જુદા જ અર્થમાં કહું છું. શ્રી અરવિંદ હજી પૂરેપૂરા મૂર્ત રીતે વિદ્યમાન છે, તેમનો સ્પર્શ હજી પૂરેપૂરો સુલભ છે. જે સાધકો શ્રી અરવિંદની પાસે યોગસાધના કરી રહેલા છે, પોતાની સાધનામાં માર્ગદર્શન અને મદદ મેળવી રહેલા છે તેમને લેશ પણ એમ લાગતું નથી કે શ્રી અરવિંદ જતા રહ્યા છે. એમને એમ નથી થતું કે અમે અનાથ બની ગયા છીએ. બેશક, એમના વિયોગની શારીરિક વ્યથા તો છે જ, તો પણ અહીં કોઈને એમ નથી થતું કે હવે આપણે એક શૂન્યમાં સરી ગયા છીએ. પરિસ્થિતિ આમ છે તો પછી શ્રી અરવિંદ ગયા છે એમ કહેવાનો કશો અર્થ નથી. શ્રી અરવિંદે સ્થાપેલા આશ્રમનું, તેમણે આરંભેલી યોગસાધનાનું શું થશે એ વિષે પણ શંકા સેવવાની જરૂર નથી. પહેલાંની માફક જ આશ્રમ ચાલુ રહેશે, સાધના ચાલુ રહેશે, એ સાધનાને સારું યે જીવન અર્પણ કરી ચૂકેલા સાધકો પણ અહીં જ રહેશે."

"પણ," મેં વચ્ચે પ્રશ્ન કર્યો. "શ્રી અરવિંદ, અદૃશ્ય રૂપે, સાધનામાં જરૂરનું માર્ગદર્શન અને સહાય આપશે તો ખરા. પરંતુ આ કાર્યનું સંચાલન કરવા માટે જે સક્રિય કાર્યશક્તિની જરૂર રહે છે, જે સ્થૂલ સાંનિધ્યની જરૂર રહે છે, તે હવે સાધકોને ક્યાંથી મળશે? શ્રી અરવિંદનું સ્થાન સ્થૂલ રીતે હવે કોણ લેશે? આજ સુધી તો શ્રી માતાજી આશ્રમના વ્યવહારનું સુકાન સંભાળતાં રહેલાં છે, અને સંભાળશે પણ ખરાં પરંતુ શ્રી અરવિંદ તરફથી જે પ્રેરણા મળતી હતી તે પ્રેરણા હવે શ્રી માતાજી આપી શકશે ખરાં? શ્રી અરવિંદ પ્રત્યે સાધકોને જે ભક્તિ હતી, જે વફાદારી હતી તે હવે શ્રી માતાજી પ્રત્યે રહેશે ખરી?"

શાસ્ત્રીજી ચૂપ રહ્યા. કેટલો ય વખત સુધી તે કંઈ બોલ્યા વિના સ્થિર બેસી રહ્યા. પછી તેમણે કહ્યું, "શ્રી અરવિંદના યોગમાં શ્રી માતાજીનું સ્થાન શું છે તે સમજવાનો પ્રયત્ન કરવા જતાં ઘણા લોકો એક મોટી મુદ્દાની ભૂલ કરી

બેસે છે. તેઓ એમ જ માનીને વિચાર શરૂ કરે છે કે શ્રી માતાજી શ્રી અરવિંદથી ભિન્ન છે, અને બહુ દૂર દૂર પડેલાં છે.

"સત્ય તો એ છે કે શ્રી અરવિંદ અને શ્રી માતાજી એ એક બીજાથી ભિન્ન વ્યક્તિઓ, અલગ વ્યક્તિઓ નથી. શ્રી માતાજી એ શ્રી અરવિંદના સ્વરૂપનો જ એક અંશ છે. શ્રી માતાજી શ્રી અરવિંદના આત્માનું જ આવિર્ભાવ પામેલું અને સક્રિય બનેલું સ્વરૂપ છે, શ્રી અરવિંદની સાધનાનો પૂર્ણપણે સ્વીકાર કરનાર હરેક વ્યક્તિ જાણે છે કે શ્રી માતાજી આશ્રમના વ્યવહારનું સંચાલન કરે છે એટલું જ નહિ, પરંતુ સાધકોનું માર્ગદર્શન પણ તેઓ જ કરે છે. તેઓ આ યોગની સાધનાનાં સદાય જાગૃત અને અચૂક એવાં માર્ગદર્શક છે, ગુરુ છે. તેઓ એક બાજુ શ્રી અરવિંદ તરફથી યોગ માટેનો સર્વ પ્રકાશ અને શક્તિ ઝીલતાં રહે છે અને બીજી બાજુ સેંકડો સાધકોને સેંકડો રીતે, હરેક સાધકને તેની પોતપોતાની જરૂર પ્રમાણે એ પ્રકાશ અને એ શક્તિ તેઓ પહોંચાડતાં રહે છે. સાધકને સાધનાના વિકાસ માટે જેટલી મદદ જોઈએ તે બધી જ શ્રી માતાજી તરફથી મળતી રહે છે. અને સાધકની સાધના જેમ જેમ વધતી જાય છે તેમ તેમ તે માટે શ્રી માતાજી તરફથી મળતી સહાયમાં પણ સાધનાની જરૂર મુજબ વધારો થતો રહે છે. અને આ તો એકેએક સાધકનો જીવતો જાગતો અનુભવ છે."

તેમના આ વિધાનની સામે મેં સીધો પ્રશ્ન કર્યો : "શું શ્રી અરવિંદે પોતે જ આ વસ્તુ આપને કહેલી છે? શ્રી માતાજી તેમના સ્વરૂપનો જ એક ભાગ છે, તેઓ તેમની યોજના મુજબ તેમના ધ્યેયને સાકાર કરી રહેલાં છે એ વાતનો સ્વીકાર શ્રી અરવિંદે પોતે કરેલો છે ખરો? આપને પોતાને પણ આ વસ્તુ પ્રત્યક્ષ થઈ છે ખરી ?"

"હા," શાસ્ત્રીજી બોલ્યા, તેમની આંખોમાં એક ચમક આવી, તેમના શબ્દોમાં એક વજન આવ્યું. "હું જાણું છું. શ્રી માતાજી શું છે, કોણ છે એ વાત શ્રી અરવિંદે પોતે મને જણાવેલી છે."

"ઠેઠ ૧૯૨૭ની વાત છે. એ વખતે મને શ્રી અરવિંદનો પરિચય થયો હતો અને હું તેમને મળ્યો પણ હતો. પરંતુ શ્રી માતાજી વિષે મને બહુ ખબર ન હતી. એક વાર શ્રી માતાજી વિષે મારે લખવાનો પ્રસંગ આવતાં શ્રી અરવિંદે મને 'મા ભગવતીની ચાર શક્તિઓ' એ લખાણની હસ્તપ્રત મોકલી આપી. એ

લખાણ પછીથી "The Mother' ('મા') પુસ્તિકાની અંદર સમાવેશ પામેલું છે. એ વાંચી શ્રી માતાજીનું વ્યક્તિત્વ અને તેમની શક્તિઓ શું છે તેની મને કંઈક ઝાંખી થઈ. શ્રી અરવિંદના શબ્દો વાંચતાં જ એ વસ્તુ સાચી છે એમ મને પ્રતીતિ થઈ ગઈ. અને તે પછી તો મને જે અનુભૂતિઓ થવા લાગી તેમાંથી મારી એ પ્રતીતિનું સત્ય મને વધુ ને વધુ પ્રત્યક્ષ બની રહ્યું છે.

"શ્રી માતાજીનું બહુરૂપ વ્યક્તિત્વ કેવી રીતે કામ કરી રહેલું છે તે વાત એ દિવસથી હું જોતો રહ્યો છું, અનુભવતો રહ્યો છું. શ્રી માતાજીને જાણ્યા વિના શ્રી અરવિંદને ઓળખવા અશક્ય છે. શ્રી માતાજી તરફ જો આપણને પૂર્ણ ભક્તિભાવ હશે તો જ શ્રી અરવિંદની કૃપા અને પ્રકાશ આપણને મળશે. ભાઈ, શ્રી અરવિંદ ક્યાં ય ગયા નથી. તેઓ તો પહેલાં હતા તેથી યે વધુ મૂર્ત રૂપે શ્રી માતાજીની અંદર મોજૂદ છે. આ જાણ્યા પછી આશ્રમના ભાવિ વિષે, સાધનાના ભાવિ વિષે શંકાને સ્થાન રહે છે ખરું ?" ('સન્ડે ટાઈમ્સ')

દક્ષિણા–ફેબ્રુઆરી ૧૯૫૧ કુમાર

---

# ૫મી ડિસેમ્બર, ૧૯૫૦

છેલ્લા અઠવાડિયાથી તમો સૌ ભાઈઓનું વારંવાર સ્મરણ થયા કર્યું છે. બીજે દિવસે જ સવારે લખવાની ઈચ્છા થઈ, પણ ઈચ્છા ઉપર મૌન ફરી વળ્યું. તમને સૌને શું લખવું? તમને પડેલી ખોટનું માપ કાઢતાં કલ્પના થાકે. આવા પ્રસંગ માટે ભાગ્યે જ કોઈનું મન તૈયાર હોય. અને તેમ છતાં એવી ઘડીએ પણ પગભર રહી શકાય એટલી ધૃતિ કેળવાઈ હશે એવી તમો સૌ વિશે શ્રદ્ધા હતી. તમે સૌ શ્રી અરવિંદમાં એવા ઓતપ્રોત રહ્યા છો કે સશરીર શ્રી અરવિંદ કે અશરીર શ્રી અરવિંદ એમાં આધ્યાત્મિક હૂંફની દૃષ્ટિએ ભાગ્યે જ બહુ ફેર પડે. અને તેમ છતાં ફેર તો પડે જ છે. કેટલો બધો ફેર! જગત રંક લાગે છે. જીવન સૂનું ભાસે છે. વ્યક્તિમાં મૂર્ત થયેલ વિશ્વરહસ્ય પાછું વિશ્વરૂપ બનતાં આપણું દર્શન ઝાંખું પડે છે. પણ તેથી વિશ્વાત્માને સાકાર કરતી વ્યક્તિઓએ આપણી વચ્ચે નિરવધિ કાળ રહેવું જ જોઈએ એમ તો ન જ કહેવાય. છેવટે તો સાધનાનો બોજો આપણે દરેકે પોતે જ ઉઠાવવાનો છે. એમણે માનવતાની શકયતા ચીંધી, માર્ગ સૂચવ્યો, સૌ આધ્યાત્મિક યાત્રીઓ ઉપર હમેશના એમના આશીર્વાદ છે.

**ઉમાશંકર જોશી**

અમદાવાદ, ૧૧—૧૨—૫૦

•

આજની ક્ષણે આશ્રમને હું જો કંઈ લખું તો તે આપણા ગુરુદેવના અવસાન અંગે જ હોવું જોઈએ, બીજા વિષયોને અત્યારે તો બાજુએ જ મૂકી દેવા જોઈએ. અને છતાં જાણે કે આ પ્રસંગને 'અનુરૂપ' એવું મારાથી કંઈ કહી શકાતું નથી એનું મને દુ:ખ પણ થાય છે... તમારા મહાગુરુના જતાં તમારા હૃદયમાં કોઈ ભારે શૂન્યતા ફેલાઈ ગઈ હોવી જોઈએ. જેની સાથે તમારાં જીવન ૨૦, ૩૦ વરસોથી અખંડ રીતે વણાઈ ગયેલાં છે તેની ગેરહાજરી તમને કેવી સાલતી હશે તેની કલ્પના કેવી રીતે કરવી? આપણે સૌએ એ વાત ઉપર ભાર મૂકયો છે કે શ્રી અરવિંદે ઉપાડેલું કાર્ય એ શ્રી અરવિંદના માત્ર વ્યક્તિત્વ કરતાં,— એમના કરણ કરતાં ઘણું ઘણું વિશેષ મહત્ત્વનું હતું. અને આપણે એ વાતનો ગર્વ પણ લેતા હતા કે આપણે તો એમની વાણીને પૂરેપૂરી પચાવી

રહ્યા છીએ, એ વાણીમાં તરબોળ થઈ રહ્યા છીએ, અને એ વાણી દ્વારા જે સાક્ષાત્કારનો માર્ગ તેમણે રચી આપ્યો છે તે સાક્ષાત્કાર તરફ જઈ રહ્યા છીએ. પણ હવે, આ 'અલ્પ મહત્ત્વનું' શારીરિક કલેવર આપણી વચ્ચે નથી, એ વિચારતાં, એની ગેરહાજરીમાં હૃદયમાં દુ:ખનો એક ઊંડો આમળો ચડી આવે છે, એ એકલતાનો આઘાત થઈ આવે છે. હા, શ્રી અરવિંદનો આત્મા રહેશે; પણ હાય !— અદ્‌ભુત, પરમ ભવ્ય પુરુષ—આપણામાંના એક જીવતા જાગતા, શ્વાસોચ્છ્‌વાસ લેતા એક પરમ સુહૃદ—એનું સ્થાન કોણ લઈ શકશે ?

આ લાગણી સાચી છે, પ્રામાણિક છે, ઊંડી છે અને હોવી પણ જોઈએ. પણ આપણે જોઈ શકીએ છીએ કે એ લાગણીને એક વાર તેના તીવ્ર રૂપે બહાર વ્યક્ત થઈ જવા દઈને, આપણે તેમાંથી નીકળી જવાનું છે અને જે કાર્ય આપણી સમક્ષ પડેલું છે તેમાં મચી જવાનું છે. આ કાર્ય જે બીજા કોઈ સંજોગોમાં પડી ભાંગ્યું હોત (ગુરુનું અવસાન થતાં બીજા ઘણા આશ્રમો પડી ભાંગ્યાનાં દૃષ્ટાંતો આપણી સમક્ષ છે.) તે આજે અખંડ ટકી રહેલું છે. શ્રી માતાજીના સંદેશમાં મેં વાંચ્યું કે શોક વ્યક્ત કરવો એ તો શ્રી અરવિંદનું અપમાન છે અને એ જાણી મેં ઘણી રાહત અનુભવી. મને પોતાને કશો શોક નથી થતો. પરંતુ (સ્થૂલ યા તો અંગત ભૂમિકા પરથી જોતાં વળાં) આ બનાવ આઘાત રૂપ તો છે જ અને હવે શ્રી અરવિંદ આપણી વચ્ચે નથી, આપણને એમનાં સ્થૂલ દર્શન થવાનાં નથી એ વાતનો ખ્યાલ આવતાં એક વિચિત્ર લાગણી પણ થઈ આવે છે. મેં મારા કેટલાક ખૂબ નિકટના મિત્રોને એ વાત પણ ખૂબ ભારપૂર્વક સમજાવી છે કે આ પુરુષે આપણા જગતમાં કેટલો તો વિરાટ ફેરફાર સાધી આપેલો છે. એ ફેરફાર કેટલો તો પ્રચંડ છે તેનો ખ્યાલ તો તેઓના વિદાય થવાથી હવે કંઈક પ્રત્યક્ષ થઈ રહ્યો છે, શ્રી અરવિંદ કદી પૃથ્વી ઉપર આવ્યા જ ન હોત તો જગત શી સ્થિતિમાં હોત તે રીતનો વિચાર કરવાથી પણ આ વસ્તુ કંઈક પ્રત્યક્ષ થઈ શકે છે. ના, પણ શ્રી અરવિંદ પૃથ્વી ઉપર રહી ગયા છે, અને હવે આપણે જો કોઈ નિરાશાનાં ચિહ્નો બતાવીએ, યા તો હિંમત હારી જઈએ તો એનો અર્થ એટલો જ થાય કે શ્રી અરવિંદના જીવનને આપણે સમજ્યા નથી અને તેમના જીવનના પાયામાં જે વસ્તુ હતી તે વસ્તુનો જ આપણે ધ્વંસ કરી રહ્યા છીએ. હા, એક પરમ મિત્રના જતાં અંગત દુ:ખ થાય, ક્ષણેકની એકલતા અનુભવાય તે સમજી શકાય, પણ નિરાશા, શોક, અસહાયતા, શ્રી અરવિંદના આત્માનો, કાર્યનો, એ કાર્યને ચાલુ રાખવાનો ઈનકાર,—નહિ, એ તો હરગિઝ નહિ.

હિંદમાંથી જે સંદેશાઓ અહીં આવ્યા છે તે પ્રમાણે જ મારી લાગણીઓ પણ વહી રહેલી છે. મેં ધાર્યું હતું કે આ બનાવની પાછળ કોઈ મહાન અર્થ રહેલો છે, અને શ્રી અરવિંદ પોતાનાં સર્વ કાર્યો વિષે હમેશાં સભાન હતા, તે મુજબ આ પ્રસંગે પણ પોતે શું કરી રહ્યા છે તે તેઓ પૂરેપૂરું જાણતા હોવા જ જોઈએ. આ બનાવની મારા પર એક પ્રખર અસર થઈ, અને તે એ કે આપણે ધારીએ છીએ તેના કરતાં 'સમય' વધુ નજીક આવી રહેલો છે, અને પહેલાં કરતાં પણ આપણે હવે વિશેષ ને વિશેષ કામે લાગી જવાનું છે, અભીપ્સા જલાવવાની છે. શ્રી માતાજીના સંદેશમાં જે કહ્યું છે કે જ્યાં સુધી કાર્ય પૂરું નહિ થાય ત્યાં સુધી શ્રી અરવિંદ અહીં જ રહેવાના છે એ વાત હું માનું છું (જાણું છું એમ પણ હું લગભગ કહી શકું.) અને એ પ્રકાશમાં હું આગળ વધી રહ્યો છું.

[કેલિફૉર્નિયા, જાન્યુ. ૨૪, ૧૯૫૧] વૉલ્ટ પેજ

આપણાં લશ્કરો હિંદમાં હતાં તે વખતે હું પણ તેમાં હતો અને તે દરમિયાન મને બે વાર શ્રી અરવિંદનાં દર્શન કરવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું હતું. હું જાણી શક્યો છું કે એમણે મારા ઉપર જે યૌગિક અસર કરી છે તેનાથી મારું સારું યે જીવન સમૂળગું પલટાઈ ગયું છે.

તેમણે યોગસાધનાની એક સંપૂર્ણ પદ્ધતિ યોજી આપી છે. ભૂતકાળના સર્વ ધર્મોનો એમણે પોતાની પદ્ધતિમાં સમન્વય સાધ્યો છે. એમણે બતાવી આપ્યું છે કે આ ધર્મોમાંથી કોઈ પણ એક ધર્મ અંતિમ પૂર્ણતા મેળવી આપી શકે તેમ નથી...પૃથ્વી ઉપર પ્રભુની દિવ્ય શક્તિને અવતારવી એ માનવ જીવનનો ઉદ્દેશ છે એ વાત એમણે જગત આગળ મૂકી છે. આવા મહા પુરુષને—પ્રભુના આ સુપુત્રને ભલે હિંદે જન્મ આપ્યો હોય, પરંતુ એમણે પોતાના અનુયાયીઓને જે જ્ઞાન આપ્યું છે તેનો સ્વીકાર તો એક દિવસ આખું યે જગત કરશે. શ્રી અરવિંદના આ અનુયાયીઓમાં હું પણ એક છું એમ કહેતાં મને ગૌરવ થાય છે.

['મૅન્ચેસ્ટર ગાર્ડિયન', ૨૮–૧૨–૫૦] ડૅરિક ગોલ્ડરિંગ

## [૪] પરમનો સ્પર્શ

શ્રી અરવિંદ વિષેના મારા અનુભવોનું વર્ણન કરવા મને લોકો કહે છે ત્યારે મારે માત્ર એક જ જવાબ આપવાનો હોય છે. આ મહાન પુરુષ વિષે શું કહી શકાય તેમ છે? અને તે કોણ કહી શકે તેમ છે? આપણે એમની ગમે તેટલી

પ્રશંસા કરીએ, એ માટે ગમે તેટલાં મહા વિશેષણો વાપરીએ તો પણ તેમનું વર્ણન આપવા માટે સર્વ અધૂરાં જ લાગે છે.

એટલે, મારા અનુભવોનું વર્ણન આપવાની વાત આવે છે ત્યારે હું મૂંઝાઈ જાઉં છું. પરંતુ, શ્રી અરવિંદની છાયામાં મેં આટલાં વર્ષો ગાળ્યાં છે, તેમાંથી હું માત્ર એક અનુભવનું બયાન આપીશ.

પહેલાં એવી સ્થિતિ હતી કે શ્રી અરવિંદ પાસે હું છૂટથી જઈ શકતો હતો. તે વેળાએ મેં ઘણી વાર અનુભવેલું કે તેઓ ઠેઠ મારી ભૂમિકા સુધી નીચે આવતા અને મારી સાથે એક બની રહેતા. પરંતુ તે વખતે મને એવી લાગણી થતી કે જાણે કે હું એક અસીમ સાગરની પાસે ઊભો છું. અવકાશના કોઈ અનંત વિસ્તાર સમક્ષ ઊભો છું. હું જાણે કે પરમ અનંતનો સ્પર્શ અનુભવી રહ્યો હોઉં, જગતના સર્વ પદાર્થોનું, વર્તમાન અને ભાવિના સર્વ કંઈ તત્ત્વનું મૂળ અને આધાર હોય એવી કોઈ વસ્તુનો સ્પર્શ અનુભવતો હોઉં એમ મને લાગતું હતું.

અને એક બીજી વાત પણ છે. અમારી આગળ શ્રી અરવિંદ અમારા જેવા જ બની રહેતા છતાં અમે એ જોતા હતા અને અનુભવતા હતા કે તેમની કૃપાના બળે કરીને અમારી જાતનો પડછાયો જાણે થોડે થોડે કરતાં ઓગળતો જતો હતો અને અમારી અંદર પ્રકાશ, શક્તિ અને આનંદનાં પૂર જાણે વહી આવતાં હતાં. આ વસ્તુ મેં બહુ જ સ્પષ્ટ રીતે, કશી પણ શંકા ન રહે તેવી અનુભવી છે.

('સન્ડે ટાઈમ્સ') ('દક્ષિણા' : ફેબ્રુઆરી ૧૯૫૧) અમૃત

---

# શ્રી અરવિંદ અવસાન

## કે. ડી. સેઠના

[એનું આંતર રહસ્ય અને ભાવિ પરિણામ]

'મારા જીવન વિષે કોઈ લખી શકે તેમ નથી, કારણ કે એ એવું સપાટી પરનું જીવન નથી કે જે માણસોની નજરમાં આવી શકે.' એક વખત શ્રી અરવિંદ સમક્ષ તેમની એક પ્રમાણભૂત જીવનકથા લખવાનો વિચાર મૂકવામાં આવેલો ત્યારે તેમણે આ મુજબ કહેલું. અને એ વસ્તુ ખરેખર સાચી છે. એમના જીવનનો અમુક જ ભાગ બહારની વિગતોથી વર્ણવી શકાય તેવો છે.

ઇંગ્લૅન્ડમાંનો તેમનો તેજસ્વી કારકિર્દીવાળો કાળ અને હિંદમાંની તેમનીપ્રચંડ આંધી જેવી વેગાંલી રાજકીય પ્રવૃત્તિના શરૂઆતના બનાવો, આટલા પ્રસંગો બાદ કરતાં તેમનું બાકીનું જીવન કેવળ આંતરિક પ્રકારનું રહેલું છે. એ આંતરિક જીવનનું અંતરતમ રહસ્ય, એ જીવનમાં એમને પ્રેરી રહેલી વસ્તુઓ, એ જીવનમાંની સિદ્ધિઓ એવી ચીજો છે કે જેને શ્રી અરવિંદના જીવનની બાહ્ય ઘટનાઓના વર્ણન મારફતે, તેમ જ એ આંતર પ્રવાહો વિષે કંઈક વિવેચન કરીને સમજાવી શકાય તેમ નથી. આ આંતર જીવનની એકાદ નાની સરખી ઝાંખી મેળવવા માટે પણ આપણે ઘણી રીતે તૈયાર થવું જરૂરી રહે છે. એ તૈયારીમાં પ્રથમ તો આપણી આધ્યાત્મિક પરંપરાઓ આપણને જે સાક્ષાત્કારો કરાવી શકે છે તે સાક્ષાત્કારોનો આપણે કંઈક પરિચય મેળવવાનો રહે છે. અને ઉપરાંત જે વસ્તુને શ્રી અરવિંદે અતિમનસ તરીકે ઓળખાવી છે તે તત્ત્વનો પણ કંઈક પરિચય પામવાનો રહે છે. શ્રી અરવિંદને પોતાની તપસ્યામાં એ વસ્તુ જણાયેલી છે કે આ દુઃખી માનવજાતના પ્રશ્નનો સમૂળગો ઉકેલ લાવવા માટે પૃથ્વી ઉપર હજી સુધી પ્રગટ ન થયેલી એવી એક પરમ ચેતનાને, વિશ્વની આદિ સર્જક ચેતનાને અહીં અવતારવી જોઈશે. અને એ ચેતના અહીં અવતરણ પામીને, પૃથ્વી ઉપર સ્થિર બનીને પૃથ્વી પરના સમગ્ર જીવનનું રૂપાંતર કરી આપશે ત્યારે જ માનવજાતિ દુઃખથી મુક્ત બની પૂર્ણતામાં પહોંચશે. આ અવતરનારી ચેતના તે અતિમનસ છે. તેનું પૃથ્વી પર અવતરણ સાધવા માટે તેમ જ તે દ્વારા પૃથ્વીનું રૂપાંતર સાધવા માટે શ્રી અરવિંદે ચાલીસ ચાલીસ જેટલાં વરસોથી તપ આદરેલું છે.

આ અતિમનસની અંદર કેવાં કેવાં તો વિરાટ પ્રચંડ તત્ત્વો રહેલાં છે તેનો જો કાંઈક ખ્યાલ આપણે મેળવી શકીએ તો જ તેમના આંતર જીવનની કંઈક ઝાંખી આપણને થઈ શકે. એ રીતે જોતાં જે વસ્તુ શ્રી અરવિંદના જીવન વિષે સાચી છે તે તેમના મૃત્યુ વિષે—તેમના જીવનની જે ઘટનાને જગતે મૃત્યુ તરીકે વર્ણવી છે તે વિષે—પણ સાચી ઠરે છે. જેવું શ્રી અરવિંદનું જીવન ગહન અને આંતરિક હતું તેવું જ તેમનું 'મૃત્યુ' પણ ગહન અને આંતરિક ઘટના છે.

આપણે મૃત્યુ શબ્દનો જે સામાન્ય અર્થ લઈએ છીએ તે મુજબ કોઈ પણ યોગી કદી મૃત્યુ પામતો નથી. યોગીની ચેતના તેના સ્થૂલ શરીર કરતાં હમેશાં એક ઘણી ઘણી મોટી વસ્તુ હોય છે. યોગી પોતાના આ સ્થૂલ કોષમાં રહેતો હોય છે ત્યારે પણ તેનું પૂર્ણ સ્વરૂપ એ સ્થૂલ શરીર કરતાં કેટલું યે મહાન હોય છે, તેમ જ તેનો વ્યવહાર પણ સ્થૂલ શરીરથી પર રહીને થતો હોય છે. માનવજાતિ ઉપર તે જે કાર્ય કરે છે તે તો તે પોતાના મુક્ત અને વિશાળ આત્મા દ્વારા કરતો હોય છે. યોગીનો આત્મા તો શાશ્વત દિવ્ય પરમાત્મા અનંત સ્વરૂપમાં સ્થિત રહીને અમૃતત્વના ભાવથી સભર ભરેલો હોય છે. એટલે યોગીની આ અમૃતત્વની ચેતના માટે તેનું જીવન તેમ જ તેનું મૃત્યુ એ તો તેણે ધારણ કરેલા એક નાનકડા આવરણ જેવું જ હોય છે. આ વસ્તુ શ્રી અરવિંદ જેવા પરમ યોગી માટે તો એટલી બધી સિદ્ધ છે કે તેમના દેહાન્તરની ઘટનાને 'મૃત્યુ' શબ્દથી લેશ પણ વર્ણવી શકાય તેમ નથી. કારણ કે, એ વસ્તુ તો જાણીતી છે કે અતિમનસની મહા રૂપાંતરક શકિત છેક તેમના શરીરના કોષો સુધી સક્રિય રહેલી હતી. એ શકિતમાં કેવળ માનસિક ભૂમિકા ઉપર જ નહિ, પણ સ્થૂલ શરીરની ભૂમિકા ઉપર પણ કાર્ય કરવાનું પ્રચંડ સામર્થ્ય રહેલું હતું. આ શકિતમાં કેવું તો અદ્‌ભુત રોગનિવારક બળ હતું તેનો પરિચય તેમના સેંકડો શિષ્યોને થતો રહેલો છે. આ શિષ્યોએ પોતાના રોગો ઉપર એ શકિતને કાર્ય કરતી અનુભવેલી છે. અને આ શકિતનું કાર્ય માત્ર તેમના આશ્રમમાં જ મર્યાદિત ન હતું. આખા હિંદની તાર ઑફિસો એ વાતની સાક્ષી પૂરશે કે રોજ રોજ જુદા જુદા રોગોને અંગે મદદ માટે કેવી કેવી વિનંતીઓ શ્રી અરવિંદ તરફ વહેતી રહેતી હતી. ડૉકટરોએ જે રોગને અસાધ્ય કહી દીધો હોય તેવા કેસો માટે પણ મદદની વિનંતીઓ થતી રહેતી. અને તેના પ્રત્યુત્તરમાં આધ્યાત્મિક રીતે લોકોને જે મદદ મળતી, રોગમાંથી જે મુકિત મળતી તે અંગે કેવા આભારદર્શનના સંદેશાઓ શ્રી અરવિંદને પહોંચતા તે વાત પણ એ તાર ઑફિસો કહી શકે છે. શ્રી અરવિંદ તો અતિમનસના

યોગી હતા. એ અતિમનસ માનવના આંતર સ્વરૂપમાં જ નહિ પણ બાહ્ય શરીરમાં પણ અવતરનારી વસ્તુ છે. વિશ્વથી પર રહેલા અનંત અમૃતત્વને તે મેળવી આપે છે એટલું જ નહિ, પણ ખુદ પૃથ્વી ઉપર દિવ્ય જીવનને લઈ આવવું એ તેણે પોતાના વિશ્વસંકલ્પમાં નિર્માણ કરેલું છે. એવા પરમ તત્ત્વના આ યોગી કેવળ વૃદ્ધાવસ્થાને કારણે તથા શારીરિક રોગને કારણે મૃત્યુ પામ્યા એમ કહી શકાય તેમ નથી. શ્રી અરવિંદે જે આધ્યાત્મિક સિદ્ધિઓ મેળવી હતી તેને લીધે તેમનું જીવન માત્ર સ્થૂલ શરીરનું જ જીવન ન રહેતાં એક ઘણું ઘણું વિશાળ જીવન બની રહેલું હતું. એ જીવનમાં એક પરમ રહસ્યપૂર્ણ તત્ત્વ સાકાર બની ધબકી રહ્યું હતું. એટલે શ્રી અરવિંદના દેહત્યાગની પાછળ ભલે દેખીતી રીતે કોઈ શારીરિક રોગ કારણ રૂપે દેખાતો હોય તો પણ સાચી રીતે તો કોઈક એવું ગુપ્ત કારણ અને ગુપ્ત રહસ્ય હોવું જોઈએ કે જે તેમના આંતર જીવનની અંદરથી જ ઊભું થયેલું હોય.

શ્રી અરવિંદનો દેહ કોઈ ચમત્કારિક રીતે અદશ્ય થઈ જવાને બદલે એક રોગને કારણે પડયો એ વસ્તુ તેમના યોગની અંદર બરાબર બેસતી આવે છે. તેમનો યોગ એ પ્રકૃતિની વિકાસપદ્ધતિની અંદરની જ એક પ્રક્રિયા રૂપે અને પ્રગતિ રૂપે હતો. એ યોગ કોઈ દૈવી ગુણોને ઉપર અદ્ધરથી નીચે ઉતારી લાવી લોકોને આશ્ચર્યમુગ્ધ કરવા માગતો નથી, પણ અત્યારના માનવીની પ્રકૃતિને જ એક આધ્યાત્મિક રીતનો તેજોમય વિકાસ આપવા માગે છે. અહીંની આ પ્રકૃતિ પરાપ્રકૃતિને પોતામાં આત્મસાત્ કરી લે, આ પ્રકૃતિ એક અદ્ભુત ગણાય એવું છતાં તરંગી ન હોય તેવું નવું સ્વરૂપ પ્રાપ્ત કરે, આ પૃથ્વી ઉપર થઈ રહેલા જીવનવિકાસ પાછળ જે હેતુ રહેલો છે તે હેતુની દિશાને જ અનુસરીને, એ હેતુની પાછળના ઊંડામાં ઊંડા રહસ્યને જગતમાં પ્રગટ કરવું, એ પ્રાકટયની ક્રિયાને પૂર્ણ થતાં સામાન્ય રીતે જે અનેક યુગો ચાલ્યા જવાનો સંભવ છે તે ક્રિયાને એકાદ જીવનકાળની અંદર જ તીવ્ર સાધનાથી સિદ્ધ કરી લેવી, આ વસ્તુઓ શ્રી અરવિંદના યોગની અંદર આવતી હતી. આ અતિમનસના યોગની અંદર વિકાસકારક તત્ત્વોની સાથે સાથે ક્રાન્તિકારક તત્ત્વો પણ હમેશાં જોડાયેલાં રહે છે. શ્રી અરવિંદના જીવનની અન્ય અસાધારણ પ્રવૃત્તિઓ, દા.ત. તેમની ગદ્ય કળામાં, તેમની કાવ્ય કળામાં હમેશનો એક રીતનો પ્રસાદ રહેલો છે, તેમાં સરળતા અને ઔચિત્ય સભર રહેલાં છે. આ વસ્તુઓમાં પ્રકૃતિનું ઉલ્લંઘન કરવાને બદલે તેમણે હમેશાં પ્રકૃતિને બહુ સમર્થ રીતે પોતાને અનુકૂળ કરી લીધી છે. એ મુજબ શ્રી અરવિંદની આ મૃત્યુ પ્રદેશની યાત્રા

પણ સામાન્ય માનવીની રીતે જ થયેલી છે. બેશક એ યાત્રા પાછળ એક ઘણું જ ગહન રહસ્ય છુપાયેલું છે, તેમાં એક અનન્ય વિલક્ષણતા રહેલી આપણે સૌએ જોઈ છે, છતાં સામાન્ય માનવ જે રીતે મૃત્યુની છાયામાં, મૃત્યુની સ્થિરતામાં પહોંચે છે તેને મળતી રીતે જ, કોઈ અલૌકિક રીતે નહિ પણ પ્રકૃતિની રીતે જ શ્રી અરવિંદે દેહત્યાગ કર્યો છે.

અમે એ દષ્ટિબિંદુ રજૂ કર્યું છે કે શ્રી અરવિંદે પોતાનો દેહ રોગને કારણે છોડી દીધો નથી. આ દષ્ટિબિંદુ ઉપરની રીતે સમજવાનું છે. આ બાબતમાં વૈદકીય શાસ્ત્ર જેને મૃત્યુનાં શારીરિક કારણો તરીકે વર્ણવવા માગે તેવાં કારણો મોજૂદ છે છતાં આ દષ્ટિબિંદુને તેથી કશી હાનિ પહોંચે તેમ નથી. શ્રી અરવિંદે એક વિશિષ્ટ આધ્યાત્મિકતા પ્રાપ્ત કરી હતી તેને આધારે અમે આ કહી રહ્યા છીએ, પણ હવે તેમાં બીજી પણ કેટલીક ધ્યાન ખેંચે તેવી શારીરિક ઘટનાઓ બનેલી છે જે આ દષ્ટિને ખૂબ ટેકો આપે છે. શ્રી અરવિંદનો દેહ અમુક વખત પછી વૈદકીય ઉપચારને કશો પણ જવાબ આપતો અટકી ગયો હતો. એ હકીકતને આધારે ડૉક્ટરોએ એમ જાહેર કરેલું કે શ્રી અરવિંદના શરીર પર દવાની અસર બંધ થઈ જતાં લોહીમાં મૂત્રવિષનું અતિશય પ્રમાણ વધી ગયું, અને પરિણામે તેઓ એક ઊંડી મૂર્છામાં પડી ગયા હતા. હવે રોગ-શાસ્ત્રનો હરેક નાનકડો વિદ્યાર્થી પણ એ વસ્તુ જાણે છે કે આ પ્રકારની મૂર્છામાં પડી ગયા પછી દરદી ફરી પાછો જાગૃતિમાં કદી આવતો નથી. પરંતુ શ્રી અરવિંદની બાબતમાં કંઈક જુદું જ બન્યું. એ વાત જોઈને ડૉક્ટરો આશ્ચર્ય-ચકિત થઈ ગયેલા કે શ્રી અરવિંદ વચ્ચે વચ્ચે અનેક વાર આંખો ખોલતા હતા, કંઈક પીવાને માગતા હતા અને કેટલા વાગ્યા છે એ પણ પૂછતા હતા! વિજ્ઞાનની રીતે અશક્ય ગણાય એવી આ વારંવાર બનેલી ઘટનામાંથી આપણને એમ માનવા કારણ મળે છે કે આ મૂત્રવિષજન્ય મૂર્છાની વચ્ચે વચ્ચે એક પ્રકારની અતિશય સભાન એવી યૌગિક આત્મ-નિવૃત્તિ પણ ચાલુ રહેલી હતી. શ્રી અરવિંદ જાણે કે હવે સામાન્ય ઉપયોગ માટે કામના ન રહેલા આ શરીર યંત્રમાંથી સભાન રીતે નિવૃત્ત થતા હતા, તો પણ એ યંત્ર તેના માલિકની અસાધારણ સંકલ્પશક્તિને થોડો ઘણો જવાબ પણ આપતું હતું. આ દેહમાં રહેલું મગજ માત્ર કાર્બન, લોહ અને ફોસ્ફરસનું જ બનેલું ન હતું. એમાં એક સૂક્ષ્મતા પણ વિકાસ પામી હતી. કારણ કે તે એક એવા ચિત્તની સેવામાં હાજર રહ્યું હતું કે જે ચિત્ત ઠેઠ પરમાત્મ-શિખરો પર નિવાસ કરતું હતું. એ ચિત્ત ત્યાં રહ્યાં રહ્યાં પણ આ જડતત્ત્વના દઢ નિયમોની પાળ ભેદીને મગજની

અંદર પ્રત્યુત્તર જગાવી શકતું હતું. શરીરના શ્વાસોચ્છ્વાસ અટકી ગયા, અને હૃદયનું ધબકવું બંધ થઈ ગયું તે પહેલાં અર્ધા કલાક ઉપર પણ શ્રી અરવિંદે પોતાની પ્રશાંત કરુણાપૂર્ણ આંખો ઉઘાડી હતી, તેમની પથારી પાસે રહેતા પરિચારકનું નામ ઉચ્ચાર્યું હતું અને થોડું પાણી પીધું હતું. વૈદકીય ઈતિહાસમાં મૂત્રવિષમૂર્છાનો આ બનાવ ઘણો જ વિલક્ષણ ગણાય તેવો છે.

શ્રી અરવિંદના દેહત્યાગની પાછળ રહેલી વિલક્ષણતા આટલેથી અટકતી નથી. ડૉકટરોના પ્રમાણપત્ર મુજબ તો આ રોગ એવો છે કે તેમાં મૂત્રાશય કામ કરતું બંધ થઈ જવાથી મૂત્ર દ્વારા શરીરના જે ઝેરી પદાર્થને બહાર ફેંકી દેવામાં આવે છે તે ઝેર લોહીની અંદર જ એકઠું થયા કરે છે અને તે આખાયે શરીરમાં ફેલાઈ જાય છે. આવો દર્દી મૃત્યુ પામ્યા પછી તેના શરીરનો રંગ થોડા જ વખતમાં બદલાઈ જાય છે, તેમાં ઝડપથી કાળાશ આવવા લાગે છે અને શરીરમાં વિકાર શરૂ થઈ જાય છે. પરંતુ શ્રી અરવિંદની બાબતમાં કંઈક જુદું જ બન્યું છે. તેમના શરીર માટે મૃત્યુનું સર્ટિફિકેટ લખાયા પછી અઢી દિવસ બાદ જ્યારે ફ્રેન્ચ અને હિન્દી ડૉકટરોએ એ શરીરને તપાસ્યું ત્યારે તેમાં કશો જ વિકાર ન હતો. શ્રી અરવિંદના શરીરનો પહેલાં જે શુભ્ર—સુવર્ણ પ્રકારનો રંગ હતો તે જ રંગ હજી પણ ટકી રહ્યો હતો. તેમ જ શરીરમાં વિકારનું એક પણ ચિહ્ન દેખાયું ન હતું. તેમના દેહત્યાગની ક્ષણે ડિસેમ્બર પાંચમીએ વહેલી સવારના ૧.૨૬ કલાકે—શરીર જે સ્થિતિમાં હતું, તેમ જ ૪૧ કલાક પછી તેને સમાધિ આપવાનું નક્કી કર્યું હતું તે વખતે પણ તે જે સ્થિતિમાં હતું તે જ સ્થિતિ હમણાં અઢી દિવસ પછી પણ ટકી રહેલી હતી. શ્રી અરવિંદના દેહત્યાગને ૪૧ કલાક વીતી ગયા બાદ શરીરને સમાધિ આપવાની હતી તે સમાધિ ન આપવામાં આવી અને એ સમાધિની ક્રિયાને અનિશ્ચિત મુદત સુધી મુલતવી રાખતાં શ્રી માતાજીએ તેમનું આ વિખ્યાત નિવેદન બહાર પાડ્યું: "આજે શ્રી અરવિંદની અંતિમ ક્રિયા થઈ નથી. તેમના દેહની અંદર અતિમનસનો પ્રકાશ અત્યંત એકાગ્રતાપૂર્વક સભર વ્યાપી રહેલો છે અને તેથી શરીરમાં વિકારનું કશું પણ ચિહ્ન દેખાતું નથી. જ્યાં સુધી શરીર કશા વિકાર વિના અકબંધ રહેશે ત્યાં સુધી તેને તેમની પથારીમાં રાખવામાં આવશે." એ રીતે એ દેહ કેટલા ય દિવસ સુધી એક ભવ્ય વિજયભરી શાંતિની અંદર પોઢેલો રહ્યો, અને હજારો લોકો આવી આવીને તેનાં દર્શન કરી ગયા. છેવટે ૯ મી ડિસેમ્બરે સાંજના ૫–૦૦ વાગે ચાંદી અને સાટીનથી મઢેલી સીસમની એક પેટીમાં દેહને મૂકીને આશ્રમના ચોકની મધ્યમાં ખાસ તૈયાર

કરેલા એક લંબચોરસ વૉલ્ટની અંદર તેને સમાધિ આપવામાં આવી. સમાધિ આપવાની ક્રિયા ઘણી જ સાદી હતી તેમ જ તે વખતે કોઈ સંપ્રદાય મુજબની કોઈ પણ ધાર્મિક ક્રિયા કરવામાં આવી ન હતી. શરીરને જ્યારે પેટીમાં મૂકવામાં આવેલું ત્યારે પણ તેમાં વિકારની ક્રિયા ખરેખર શરૂ થઈ ચૂકી ન હતી, તેમ જ શબના જેવી ગંધ પણ તેમાં ન હતી, જો કે શરીરને જાળવી રહેલો અદ્‌ભુત પ્રકાશ હવે તેમાંથી ઓસરવા લાગ્યો હતો અને એની નિશાનીઓ શરીરમાં દેખાવા લાગી હતી. આ પ્રકાશ પૂરેપૂરો ૯૦ કરતાં વધુ કલાક ટકી રહ્યો એમ કહી શકાય. લિયોંનું 'મેડિકલ જ્યુરિસ્પ્રુડન્સ' પૂર્વના દેશોની આબોહવામાં મૃત શરીર વિક્રિયા વિના ટકી શકયાનો જે વધુમાં વધુ આંકડો આપે છે તે કરતાં બમણાથી પણ વધુ વખત સુધી આ શરીર ટકી રહ્યું.

આમ આપણે જોઈએ છીએ કે જીવનની સમાપ્તિ નજીક આવી રહી હતી તે દરમિયાન તેમ જ જીવનલીલા સમાપ્ત થઈ ગયા પછી પણ જડ-તત્ત્વ ઉપર એક સમર્થ પ્રકારનું પ્રભુત્વ અહીં પ્રગટ થઈ રહેલું છે. એક બાજુએ તેમનો દેહ પડે છે, પણ તે સાથે સાથે જ એ વસ્તુ વિરોધાભાસની રીતે પણ સિદ્ધ બની રહે છે કે શ્રી અરવિંદમાં અતિમનસની રૂપાંતરક શક્તિ વધુ ને વધુ પ્રમાણમાં સંચિત થતી ગઈ હતી. અને આ રીતે પછી આપણે એ વસ્તુ પણ સાધાર માની શકીએ છીએ કે શ્રી અરવિંદના દેહત્યાગની ઘટના એ તેમણે વિચારપૂર્વક ઉપાડી લીધેલા સંગ્રામના એક છેલ્લા પરિણામ રૂપે આવી બની હતી. તો હવે પ્રશ્ન એ થશે કે શ્રી અરવિંદે ઉપાડી લીધેલો આ સંગ્રામ કયો હતો, કેવા પ્રકારનો હતો. અને એ પ્રશ્નનો જવાબ સમજવા માટે આપણે અતિમનસ તત્ત્વની સમજ પ્રાપ્ત કરવાની રહે છે. પણ આ પ્રશ્નના વિચારમાં ઊતરીએ તે પહેલાં આપણને એક-બીજો પ્રશ્ન પણ ઊભો થાય છે, આ સંગ્રામ જો વિચારપૂર્વક સ્વીકારી લેવાયેલો હતો તો તે અંગેનાં કંઈ સૂચનો શ્રી અરવિંદે આ પૂર્વે આપ્યાં હતાં ખરાં? એનો જવાબ છે, હા. આમ તો શ્રી અરવિંદની બાહ્ય પ્રવૃત્તિઓમાં જો કે ખાસ કંઈ ફેર દેખાતો ન હતો. શિષ્યોને માટે તેમનું પત્રલેખન હજી પણ ચાલુ હતું, એમનો સૂક્ષ્મ હાસ્યવિનોદ હજી પણ એવી રીતે જ ચમકદાર હતો, જગતના ઘટનાપ્રવાહ ઉપર તેમની વિશાળ દૃષ્ટિ હજી પણ એકાગ્ર રહેતી હતી. તો પણ છેલ્લાં બે એક વરસથી તેઓ પોતાની ભાવિ યોજનાઓ વિષે કંઈક વિશેષ મૂંગા રહેતા હતા. હવે તેઓ પોતાના આંતરિક આધ્યાત્મિક કાર્યમાં જ વધુ ને વધુ મગ્ન રહેતા થયા હતા અને સાહિત્યસર્જનની પાછળ જ ખાસ તો તેમના 'સાવિત્રી' મહાકાવ્ય પાછળ જ

વધુ વખત આપતા હતા. પણ આમ છતાં યે આ મૌનના પડદા પાછળથી, તેમ જ તેમની આ આંતરિક સાધનાની અને કાવ્યપ્રવૃત્તિની વચ્ચે વચ્ચેથી પણ તેમના તરફથી ભાવિ અંગે થોડાક ઈશારા મળી આવે છે. અને એમાંથી એ વાત જણાય છે કે પોતાની સાધનામાં આગળ ઉપર તેમની સામે કોઈ વિલક્ષણ તેમ જ ભીષણ કટોકટી આવીને ઊભી રહે એવી ઝાંખી તેમને થયેલી હતી.

ગયા નવેમ્બર માસમાં એક વખતે શ્રી અરવિંદને એક ગુજરાતી જ્યોતિષીએ* તેમને વિષે લખેલું ભવિષ્યદર્શન વાંચી સંભળાવવામાં આવ્યું હતું. એમાં ૧૯૫૦ અને ૧૯૬૪ના વર્ષને ખાસ મહત્ત્વનો કાળ બતાવવામાં આવ્યો હતો. જ્યોતિષીએ લખ્યું હતું કે, "૧૯૫૦ માં સૂર્ય અને ચંદ્ર યુતિયોગમાં આવે છે. અને ચંદ્ર બારમાનો માલિક છે. જેનું ફળાદેશ શ્રી અરવિંદ આત્મ-વિલોપ કરે (Self-undoing) એવું સંભવે છે." ૧૯૬૪ના વર્ષ માટે તેણે જણાવેલું કે, "તે વર્ષમાં શ્રી અરવિંદની શક્તિનો કોઈ અદ્‌ભુત ચમત્કાર જોવાનો મળશે. ૯૬મા વર્ષની વયે, પોતાના કાર્યને સિદ્ધ કરીને તેઓ જગતમાંથી સ્વેચ્છાપૂર્વક લય સાધશે." આ સાંભળીને શ્રી અરવિંદે પોતાનો હાથ ઉઠાવીને અર્ધું મશ્કરીમાં બોલતા હોય તેમ કહેલું કે, 'ઓ, ૯૬ વર્ષે!' જાણે કે એ વય તેમને પોતાના કાર્યની સિદ્ધિ માટે બહુ દૂરદૂરની લાગતી ન હોય. ૧૯૫૦ના વર્ષ અંગે એક શિષ્યે કહ્યું કે એ વર્ષ તો મહત્ત્વનું વર્ષ હોઈ શકે જ. કેમ કે શ્રી અરવિંદના જીવનમાં બાર બાર વર્ષના ગાળા પછી મહત્ત્વની બીનાઓ બનતી આવેલી છે. ૧૯૨૬નું વર્ષ શ્રી અરવિંદની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં એક મોટા સીમાચિહ્‌ન જેવું રહેલું છે. એ વર્ષ તેમની સિદ્ધિનું—વિજયને માટે તેમને

* મૂળ લેખમાં લેખકે આ જ્યોતિષીને મહારાષ્ટ્રી તરીકે ઓળખાવ્યા છે જે શરતચૂક છે. આ જ્યોતિષીનું નામ શ્રી દલપતરાય પંડયા છે, અને 'જ્યોતિષ દર્શન' પત્રના ૨૦૦૬ ના દીપોત્સવી અંકમાં તેમણે 'શ્રી અરવિંદ ઘોષ' નામનો લેખ લખેલો છે. ઉપર ટાંકેલા શબ્દોવાળો ભાગ મૂળ લેખમાં આ મુજબ છે: "તેમનું પ્રોગ્રેસમાં અત્યારે વર્ષ ચાલે છે. તેમાં સામાન્ય જોતાં સૂર્ય ચંદ્ર યુતિયોગમાં આવે છે, જેનું ફળાદેશ Self-undoing (ચંદ્ર બારમાનો માલિક છે) જોવા મળે. પરંતુ મને ખાતરી છે કે વાસ્તવિક રીતે તે જોવા નહિ મળે... આ કુંડળીમાં દીર્ઘાયુષી યોગ છે, અને હરેક ગ્રહો ચમત્કાર, યોગવિદ્યા, તથા કંઈક અલૌકિક દર્શનનાં સૂચક છે, જેથી તેમના આયુષ્યનો નિર્ણય કરવો અશક્ય છે... આ કુંડળી માટે આટલું કહી શકાય કે તેમનું ૯૬મું વર્ષ અગત્યનું છે અને તે વર્ષમાં જગત પર તેમનો કોઈ અવનવો ચમત્કાર જોવાનો મળશે તે ચોક્કસ છે. તેમનો આ જગતમાંથી લય સ્વેચ્છાથી થશે તેવો યોગ દેખાય છે." પૃ. ૫૨

મળેલા અભયદાનનું વર્ષ ગણાય છે અને શ્રી માતાજીના અધ્યક્ષપણા હેઠળ આશ્રમનો આરંભ લગભગ તે વખતે જ શરૂ થઈ ગયો હતો. આ પછી બીજાં બાર વર્ષે, ૧૯૩૮માં શ્રી અરવિંદ નીચે પડી ગયેલા અને તેમની જાંઘનું હાડકું ભાંગી ગયેલું અને તેમને માટે એ એક શારીરિક કટોકટીનો કાળ બની રહ્યો હતો. ૧૯૫૦ એ પાછું બીજાં બાર વર્ષના ગાળા પછી આવતું વર્ષ હતું, જેમાં પેલા જ્યોતિષીએ એ સંભાવના સૂચવી હતી કે એ સાલમાં શ્રી અરવિંદ પોતાનો 'આત્મ-વિલોપ' "Self-undoing" પણ કરે. જ્યોતિષીએ જો કે શ્રી અરવિંદના જીવનના ૯૬મા વર્ષની ઘટનાને જ સૌથી વધુ ગંભીર વાત ગણી હતી. તો પણ, શ્રી અરવિંદે તેનાં વિધાનોને તદ્દન તરંગી તરીકે ગણી કાઢયાં ન હતાં. તેને વિષે શ્રી અરવિંદે કહેલું કે 'એ માણસ કંઈક સત્ય તો પકડી શકયો જ છે,' એટલે પછી તેમને પૂછવામાં આવેલું. 'તો પછી આ વર્ષે આપ 'આત્મ-વિલોપ' કરશો એ વાત તદ્દન અર્થ વગરની નથી ઠરતી? આપ અમને છોડી ખરેખર ચાલ્યા જવાના તો નથી જ ને?' અને એ પ્રશ્નના જવાબમાં શ્રી અરવિંદે તેમની ભવ્ય અને ધીર શૈલીમાં શાંત ભાવે સામો પ્રશ્ન રજૂ કરતાં એક જ ગૂઢ શબ્દ ઉચ્ચાર્યો :

'કાં?'

આ શબ્દ ખૂબ જ ચોંકાવે તેવો હતો. કારણ સામાન્ય રીતે આપણે એમ માનતા આવ્યા છીએ કે અતિમનસના વધતા જતા અવતરણને પરિણામે એક અસાધારણ દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ એ પણ શ્રી અરવિંદના કાર્યક્રમનો એક ભાગ છે. આવી રીતે એક બીજો બનાવ પણ ચોંકાવે તેવો હતો. એ વસ્તુ આમ તો ઘણી આનંદજનક હતી છતાં તે એક અમંગલ ભાવિના ભણકારા રૂપ પણ જાણે હતી. જે માણસો શ્રી અરવિંદની સેવામાં રહેતા હતા યા તો તેમના ખંડમાં કામ કરતા હતા તેમના તરફ શ્રી અરવિંદ એકાએક અંગત કોમળતા બતાવવા લાગ્યા. સામાન્ય રીતે શ્રી અરવિંદની પ્રકૃતિમાં ઊર્મિના પ્રદર્શનને બહુ જ થોડું સ્થાન હતું. તેમનો પ્રેમભાવ એક સર્વવ્યાપક આકાશ જેવો અતિ સૂક્ષ્મ પ્રકારનો હતો. તેમનામાં કેવી પરમ કરુણા વસેલી હતી તે વસ્તુ તો તેમણે ઉપાડેલા પ્રચંડ કાર્યમાંથી તેમજ પોતાના મુશ્કેલીમાં મુકાયેલા શિષ્યોને લખેલા અનેક પત્રોમાંથી જણાઈ આવે છે. તો પણ પોતાના આ પરમ વાત્સલ્યભાવને તેઓ શારીરિક હાવભાવથી ભાગ્યે જ વ્યક્ત કરતા હતા. પણ હવે તેઓ પોતાની પરિચર્યામાં રહેનારાઓ સાથે જુદે જુદે પ્રસંગે જુદી જુદી રીતે અંગત સ્નેહનો

સૂચક એવો કંઈક ને કંઈક વ્યવહાર, એકાદ ક્ષણ પૂરતો પણ, કરવા લાગ્યા હતા. પોતે પ્રત્યેકની સેવાઓને પૂરેપૂરી જાણી છે તે વાત જાણે જતાં જતાં તે જણાવી દેવા ન માગતા હોય. આ વ્યવહાર આમ તો ઘણો મધુર અને પ્રિય જેવો લાગતો હતો તો પણ એની પાછળથી જાણે કોઈ ભાવિની વિદાયનો ભારે દર્દમય ભણકાર ઊઠી આવતો હતો.

એક ત્રીજો બનાવ પણ આવો ચોંકાવે તેવો છે. શ્રી અરવિંદની પરિચર્યામાં રહેતા એક સાધકનું કાર્ય શ્રી અરવિંદ પત્રો તરીકે યા તો બીજા લખાણ રૂપે જે કંઈ લખાવતા તેને લખી લેવું એ પ્રમાણેનું રહેતું. શ્રી અરવિંદના મુખમાંથી તેમણે એક સમયે અચાનક એક અણધાર્યો ઉદ્‌ગાર નીકળી જતો સાંભળ્યો. શ્રી અરવિંદ કેટલાં યે વર્ષોથી 'સાવિત્રી' મહાકાવ્ય લખતા હતા. પહેલાં લખેલા પાઠને તેઓ સુધારતા જતા હતા, તેમાં સતત કંઈ ને કંઈ ઉમેરતા હતા, કાવ્યમાં મૂકેલાં રહસ્યોને વિસ્તાર આપતા હતા, વાર્તામાં નવી સમૃદ્ધિ પૂરતા જતા હતા, એના રૂપકતત્ત્વને વિસ્તારતા હતા, વિશ્વના તેમ જ ચૈતન્યના જે અતિમાનુષ પ્રદેશોમાં તેમની ગતિ રહેતી હતી તેની ઝાંખી તેઓ વધુ ને વધુ તીવ્ર ભાવે કાવ્યમાં પૂરતા રહેતા હતા, જે દેવો સાથે તેઓ નિકટ પરિચયમાં રહેતા હતા તે દેવલોકોની ગતિઓના વિશાળ પ્રવાહોનાં વધુ ને વધુ સાચાં આંદોલનોને એ કાવ્યમાં ઉતારતા રહેતા હતા. કોક અતાગ મૌનની અંદરથી તે કોક સોનેરી શબ્દગુચ્છોને યા તો કોઈ દ્યોતક પંક્તિઓને જાણે ખેંચી લાવતા, એકાએક કોઈ ગૂઢ જગતનાં દશ્યોનું ભવ્ય રીતે આલેખન કરવા લાગી જતા, કાવ્યમાં પાછા જઈને લખાઈ ગયેલી વસ્તુનો પાછો વિસ્તાર કરતા, યા તો તેમાં સુધારા કરતા, અને તેમ કરતાં કરતાં વિરામચિહ્નોની યા તો પૂર્વાપર સંબંધની નાનામાં નાની વિગતો ઉપર પણ બરાબર દૃષ્ટિ રાખતા, અને પાછા એક સર્વગ્રાહી અને સૂક્ષ્મદર્શી પ્રેરણાના પ્રવાહને આલંબી આગળ વધ્યે જતા. સાવિત્રીનું લેખન એ એક ખૂબ જ આસાયેશથી અને ભવ્ય રીતે ચાલતી પ્રવૃત્તિ હતી. શ્રી અરવિંદે જાણે કે આખા યે વિશ્વને વિષય તરીકે હાથ લીધું હતું અને અતિમનસના યોગનાં પ્રચંડ રહસ્યોને તે એક અનેક પાસાંવાળા, અનેક રંગોવાળા કાવ્યમાં શબ્દબદ્ધ કરવા બેઠા હતા. આ અપૂર્વદર્શનને તથા અનન્ય એવી અનુભૂતિને સાકાર કરવા માટે ૫૦ હજાર કરતાં પણ વધુ પંક્તિઓવાળી રચના કરવાની યોજના હતી. આમ આ કાવ્યનો વિષય, તેમાંનું દર્શન અને અનુભૂતિ અતિ વિશાળ હતાં અને એ કાવ્યનું લેખન પણ એવી જ વિશાળ ધીરજથી ચાલતું હતું. તેઓ અત્યારે જે લખી રહ્યા હતા તે પણ

એ કાવ્યનો અગિયારમો કે બારમો અવતાર હતો. જાણે કે કાળનો અખૂટ ભંડાર તેમની પાસે પડેલો છે અને તેઓ પરમ શાંતિથી લખી રહ્યા છે. પણ ડિસેમ્બર ૫મીની પહેલાં બેએક મહિના ઉપર તેઓ એક દિવસ એકાએક બોલી ઊઠ્યા : "મારે સાવિત્રી જલદી પૂરું કરી લેવું જોઈએ." અને એ શબ્દો સાંભળી સાધક ખરેખર ચોંકી પડયો.

બેશક, આ બધામાંથી એવો અર્થ નથી નીકળતો કે શ્રી અરવિંદે પોતાના પ્રસ્થાનનો દિવસ પણ નક્કી કરી લીધો હતો, યા તો દેહત્યાગ માટે તેમની કોઈ ઇચ્છા હતી. પરંતુ એટલું તો સ્પષ્ટ થાય છે કે નજીકના ભવિષ્યમાં તેમની સામે એક ભીષણ સંગ્રામ આવી ઊભો રહેવાનો છે એ સંભવ તો તેમણે કયારનો યે સ્પષ્ટ રીતે જોઈ લીધો હતો અને 'સાવિત્રી' અંગે એક હકીકત પણ આ બનાવ સાથે બહુ સમુચિત રીતે એક રૂપક જેવી બંધ બેસી જાય છે. શ્રી અરવિંદે આ મહાકાવ્યને વહેલું પૂરું કરવા માટે પ્રયત્ન શરૂ કરી દીધો હતો, છતાં એ કૃતિ લગભગ અંત આગળ જ અધૂરી રહી ગઈ છે. બાર પર્વો અને છેવટે ઉપસંહાર એ રીતે એ કાવ્યની યોજના થઈ હતી. અને ઉપસંહારનો એક પહેલો સામાન્ય ખરડો રચાઈ પણ ગયો હતો. પણ એમાં છેલ્લું પર્વ — મૃત્યુ પર્વ હજી લખવાનું બાકી જ રહી ગયું છે. તે વિષયની બહુ લાંબા વખત ઉપર રચાયેલી થોડીએક પંક્તિઓ માત્ર પડેલી છે જેને તેઓ ફરીથી સુધારીને એક ઘણા વિશાળ પર્વની અંદર સમાવી લેવા માગતા હતા. આ બીના જાણે કે એવું જ સૂચવે છે કે જયાં સુધી શ્રી અરવિંદે પોતે જ આ 'ભીષણ છાયા' સાથે સાચેસાચ જંગ ખેડી લીધો ન હોય ત્યાં સુધી આ મહાકાવ્યનો આ ભાગ રચાય તે બને તેમ જ ન હતું. પોતે આ પર્વ શરૂ કરે તે પહેલાં શ્રી અરવિંદ પોતાના શરીર અંગેની કોઈ ભીષણ કટોકટીને પસાર થઈ જવાની જાણે કે રાહ જોતા હતા.

આમ આ જે કંઈ વિગતો આપણને મળે છે તેમાંથી એ જ વસ્તુ પુરવાર થાય છે કે ડિસેમ્બરના એ વહેલા પ્રભાતે જે ઘટના બની એ એક કેવળ શારીરિક મૃત્યુ ન હતું, યા તો પૃથ્વી ઉપર દિવ્ય જીવનની સ્થાપના કરવા મથતા યોગીને નડેલો કોઈ ભયંકર અકસ્માત ન હતો. ના, એક નિશ્ચિત ધ્યેયને ખાતર શ્રી અરવિંદે આ ભીષણ સંગ્રામ ખૂબ જ સમજપૂર્વક ખુલ્લી આંખોએ ઉપાડી લીધેલો હતો. પ્રભુના આવિર્ભાવને માટે પોતાને મળેલા આ મહા મૂલ્યવાન અને તેજસ્વી શરીર યંત્રને હોડમાં મૂકી તેમણે પૂર્ણ જ્ઞાનપૂર્વક આ જુગાર ખેડયો હતો. એ જંગમાં વેઠવા પડનારા એકે એક ઘા માટે તેમણે તૈયારી રાખી

હતી, અને એમાં પોતાના દેહને ગુમાવવાની શકયતા પણ ઊભી થાય એ વાત તેમણે બરાબર સમજી લીધેલી હતી. વસ્તુસ્થિતિ આમ છે તો પછી એ પ્રશ્ન ઊભો થશે કે, આવો મહા જોખમભર્યો પ્રયોગ હાથ ધરવા માટે કયું કારણ ઊભું થયું હતું? જવાબ આપવો વિકટ છે. એકલા મનની મદદ દ્વારા આપણે આ વસ્તુને સમજવા ભલે ગમે તેટલો પ્રયત્ન કરીએ પણ તેથી પૂર્ણ સંતોષ મળશે જ એમ કહેવું મુશ્કેલ છે. એ સંજોગોમાં વધુ ઇષ્ટ તો એ છે કે આનો કોઈ જવાબ આપવાનો પ્રયત્ન જ ન કરવો. પણ આપણે એક વસ્તુની તો ખાતરી જરૂર રાખી શકીએ કે શ્રી અરવિંદને પોતાના કાર્યની સિદ્ધિ માટે આ વસ્તુ હાથ લેવી અત્યંત આવશ્યક લાગેલી હોવી જોઈએ અને તે તેમણે સ્વેચ્છાપૂર્વક જ સ્વીકારી લીધેલી હોવી જોઈએ. આ ભીષણ પ્રયોગ પાછળ રહેલાં ભવ્ય કારણો તો કેવળ શ્રી માતાજી જ જાણે છે. આપણે આશા રાખીએ કે એક દિવસ પૂર્ણયોગની સાક્ષાત્ સિદ્ધિ કરી આપીને તે વસ્તુ શ્રી માતાજી આપણને જરૂર સમજાવશે. તો પણ શ્રી અરવિંદ આત્મતત્ત્વના અનેકવિધ વ્યાપારને સમજવા માટે માનવમન જે જે પ્રયત્નો કરે છે તેને તદ્દન નિરર્થક પણ ગણતા ન હતા. તેઓ પોતે જ આંતરિક રીતે સીધેસીધા પ્રાપ્ત થતા જ્ઞાનને બુદ્ધિની રીતે રજૂ કરવાની તરફેણમાં હતા, વિશ્વના અજ્ઞેય તત્ત્વને આપણી અંતઃપ્રજ્ઞા દ્વારા ઝડપવા માટે આપણે મથીએ તે તેમને સંમત હતું. એટલે આપણે તેમના તેજોમય તત્ત્વજ્ઞાનના પ્રકાશને ઝીલીને જો શ્રી અરવિંદના કાર્ય પાછળ રહેલા અતિમાનસ હેતુની મન દ્વારા કંઈક ઝાંખી પામવા પ્રયત્ન કરીએ તો તે માટે શ્રી અરવિંદ પોતે પણ સંમતિ આપશે એમ અમારી શ્રદ્ધા છે.

[ ૨ ]

શ્રી અરવિંદનું તત્ત્વજ્ઞાન તેમ જ તેમનો યોગ એક જ તત્ત્વની આસપાસ રચાયેલાં છે. એમના તત્ત્વજ્ઞાન અને યોગના કેન્દ્રમાં રહેલી એ વસ્તુ છે અતિમનસ, વિશ્વમાં સક્રિય બનેલી ઋત-ચેતના. આ ઋત-ચેતના પરમાત્માની પોતાની જ એક અવસ્થા છે, એક શક્તિ છે. એ ઋત-ચેતના પરમાત્માના પરમ વિશ્વાતીત સ્વરૂપમાંથી તેમના નિજ-સત્‌નો અને નિજ-ભાવનનો (Self-being અને Self-becoming) પૂર્ણ આવિર્ભાવ રચે છે. અને એ આવિર્ભાવ દ્વારા, આ અદ્વિતીય એકરૂપ છતાં સાથે સાથે જ બહુરૂપ એવા પ્રભુની લીલા વિશ્વ રૂપે વિસ્તાર પામે છે. આ વિશ્વમાં નિર્માણ પામેલી પૃથ્વી ઉપર જે વિકાસક્રમ બની રહ્યો છે તેનું લક્ષ્ય બે પ્રકારનું છે. પૃથ્વી ઉપર પ્રગટેલો વ્યક્તિરૂપ માનવ પોતાનું વિશ્વરૂપ પ્રાપ્ત કરે, ચેતનાની વધુ ને વધુ ગહન તથા

ઊર્ધ્વ ભૂમિકાઓમાં આરોહણ સાધે અને જન્મ મરણથી પર રહેલી કોઈ શાશ્વત સ્થિતિ પ્રાપ્ત કરે, એ આ લક્ષ્યનું પ્રથમ સ્વરૂપ છે. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી માનવે એ અંતિમ ઋત-ચેતનામાં રહેલી બૃહત્તા, ગહનતા તેમ જ ઊર્ધ્વતાનાં તત્ત્વોને પૃથ્વીના જીવનમાં સક્રિય કરવાનાં છે અને છેવટે જતાં એ ઋત-ચેતનાની પરમ પૂર્ણતાને અહીં મૂર્ત કરવાની છે. એ છે માનવવિકાસનું બીજું લક્ષ્ય. આ અતિમનસ તત્ત્વનું દર્શન અને તે અર્થેની સાધનાનું નિર્માણ એ જ શ્રી અરવિંદનું સૌથી વધુ વિશિષ્ટ કાર્ય રહેલું છે. તેમણે બતાવ્યું છે કે પૃથ્વી ઉપરના માનવ જીવનના વિકાસની ગતિ આ અતિમનસની પ્રાપ્તિને અર્થે છે. એ પરમ ઋત-ચેતના સાથે એકતા પ્રાપ્ત કરીને માનવે તે ચેતનાને પોતાના મનની અંદર, પ્રાણની અંદર, અને છેક સ્થૂલ શરીરની અંદર પણ નીચે ઉતારી લાવી આ બધાંનું રૂપાંતર સાધવાનું છે, અને એ મન, પ્રાણ તથા શરીરને સંપૂર્ણ દિવ્ય રૂપે બનાવવાનાં છે. આ અતિમનસના અવતરણને સિદ્ધ કરવા માટે શ્રી અરવિંદે પોતાનો યોગ આરંભ્યો હતો. એ અવતરણ સાધીને પૃથ્વી ઉપર એક નવી માનવજાતિનું સર્જન કરવું એ કાર્ય તેમણે ઉપાડેલું હતું. અને એ કાર્ય સિદ્ધ કરવા માટે શ્રી અરવિંદ પોતાનું તથા શ્રી માતાજીનું આ રીતનું અતિમાનસ રૂપાંતર સિદ્ધ કરવા, અને નવી માનવજાતિના સર્જન માટેનું કેન્દ્ર રચી જવા માગતા હતા.

આ અતિમાનસ રૂપાંતરમાં છેવટે જતાં વ્યક્તિ રોગથી મુક્તિ પ્રાપ્ત કરી લે છે, પોતાની ઇચ્છા મુજબ જીવન ટકાવી શકે છે, શરીરની ક્રિયાઓમાં ફેરફાર લાવી શકે છે. બેશક, આ વસ્તુઓ તે માનવની અંદર પ્રગટ થવા લાગતી દિવ્ય પ્રકૃતિના જ એક સ્થૂલ આવિર્ભાવ રૂપે હોવાની, નહિ કે વ્યક્તિમાં રહેલા અહંકારના કોઈ બાહ્ય વિસ્તાર રૂપે. આ સ્થૂલ શારીરિક ભૂમિકાનાં તત્ત્વોમાં આ રીતનો ફેરફાર થાય તો જ પૃથ્વી ઉપર અતિમાનસ કોટિનું જીવન સંપૂર્ણ સુરક્ષિત રીતે પ્રગટ થઈ શકે તેમ છે. અને તે કરવા માટે યોગીએ આ વિશ્વના પાયામાં જે અંધારમય તત્ત્વ—અચેતનતા આવી રહેલી છે, અને જેની અંદરથી આ વિશ્વનો વિકાસ થતો નજરે પડે છે, તે અચેતનતાના મૂળતત્ત્વ ઉપર છેવટે કામ કરવાનું છે. શ્રી અરવિંદ તથા શ્રી માતાજી છેલ્લાં દસ પંદર વર્ષથી આ અચેતનતા સાથે કામ લઈ રહેલાં છે. સારી યે માનવ પ્રકૃતિની અંદર આદિ કાળથી જે જે મુશ્કેલીઓ ભરાઈ રહેલી છે તે તેમણે માનવતાના પ્રતિનિધિ તરીકે પોતાની ઉપર નોતરી લીધેલી છે, અને આદિનેતા તરીકેનું આ કાર્ય ખેડી રહેલાં છે. શ્રી અરવિંદે ૧૯૩૬માં એક શિષ્યને લખેલું કે, "ના ના, હમણાં હું

સ્વર્ગની સાધના નથી કરી રહ્યો, જો કે એમ કરવાનું હોય તો તે મને બહુ જ ગમે. અત્યારે તો હું જગતના બીજા છેડાની સાથે કામ કરી રહ્યો છું. મારે પાતાળમાં ડૂબકી મારવાની છે. સ્વર્ગ અને પાતાળ વચ્ચે પુલ બાંધવો હશે તો તે પાતાળમાં ગયા વિના ચાલવાનું નથી. મારા કાર્ય માટે એ કરવું પણ જરૂરી છે, અને એટલે એ કર્યે જ છૂટકો છે." આ પાતાળપ્રદેશના કાર્યમાં સૂક્ષ્મ ગૂઢ અચેતનતાનાં એક પછી એક પડ જેમ જેમ ભેદાતાં જાય છે, અતિમનસના પ્રકાશને તેમાં નીચે ને નીચે ઉતારવા માટે પ્રયત્ન થતો જાય છે તેમ તેમ અનેક પ્રકારની ભયાનક શકયતાઓ પણ ઊભી થતી જાય છે, યોગી ઉપર આંતરિક રીતના મોટા મોટા ઘા આવી પડે છે, અને અત્યંત તીવ્ર શારીરિક સંકટો પણ તેના ઉપર ધસી આવે છે. પરંતુ આ આખી યે લડાઈ દરમિયાન અતિમનસના યોગી પાસે જાણે કે એક જાતનું તાવીજ હોય છે, સૂક્ષ્મ રક્ષણ હોય છે અને તે વડે શત્રુના છેવટના ઘાને તે ટાળી શકે છે. આ યોગીના શરીરની અંદર અતિમનસનો ઉત્તમોત્તમ પ્રકાશ ભરેલો છે છતાં યે તેને ભીષણ કટોકટીઓમાંથી પસાર થવાનું રહે છે. પણ તેનામાં એ શકિત પણ આવેલી હોય છે કે જેને બળે તે છેવટે વિજયી બનીને બહાર આવે છે, અને પોતાની પાછળ આવતી માનવતાને માટે તે અંતિમ વિજયનો એક માર્ગ રચી જાય છે. શ્રી અરવિંદે પોતાના અંગત પત્રોમાં તેમ જ તત્ત્વજ્ઞાનની ચર્ચામાં જે કંઈ લખ્યું છે તેમાંથી તેઓ પાસે આવી કંઈક યોજના, અંતે વિજયી બનીને બહાર આવવાની યોજના હતી એવો ઈશારો મળે છે. ૧૯૩૫માં લખેલા એક પત્રમાં તેઓ આવી યોજનાનો ઉલ્લેખ કરે છે. વળી એ પત્રમાં એક અવતારી પુરુષની અંદર જે અહંભાવરહિત વિશ્વસ્પર્શી મનોભાવ હોય છે તેનું પણ દર્શન થાય છે. શ્રી અરવિંદ લખે છે : "હું મારે પોતાને ખાતર કશું જ કરી રહ્યો નથી, કારણ મારે પોતાને અંગત રીતે કોઈ પણ વસ્તુની જરૂર નથી. મારે પોતાને મોક્ષની જરૂર નથી, તેમ જ અતિમાનસ રૂપાંતરની પણ જરૂર નથી. હું જો અતિમાનસ રૂપાંતર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરી રહ્યો છું તો તેનું કારણ એક જ છે. પૃથ્વીની ચેતનાને ખાતર એ રૂપાંતર સિદ્ધ કરવું આવશ્યક બનેલું છે. અને એ રૂપાંતર જો મારી અંદર સિદ્ધ નહિ થશે તો તે બીજાઓની અંદર પણ સિદ્ધ થઈ શકવાનું નથી."

હા, એ વાત સાચી છે કે શ્રી અરવિંદે પોતાના જાહેર ઉદ્‌ગારોમાં એ વસ્તુ જણાવી છે કે પૃથ્વી ઉપર અતિમાનસ સ્વરૂપવાળી માનવતાનું સર્જન કરવું હશે તો તેનો આરંભ તેમનાથી અને શ્રી માતાજીથી જ થવો જોઈશે, અને એમ હોય તો પ્રથમ રૂપાંતર તેમનું પોતાનું થશે. પરંતુ એ જ લખાણોમાં

તેમણે એમ પણ સૂચવ્યું છે આ કરતાં કોઈ જુદું પરિણામ આવવાનો પણ કિંચિત્ સંભવ રહે છે. ૧૯૩૪ના એક પત્રમાં તેઓ પ્રભુનું આધારપાત્ર બનેલી વ્યકિત કેવી રીતે વ્યવહાર કરતી હશે તે અંગે સામાન્ય રીતે લખતાં કહે છે : “દિવ્ય સત્તા એક તો ઉપર આવેલા સત્યની ચેતના અનુસાર અને બીજું નીચે આવેલી લીલા અનુસાર કાર્ય કરે છે, અને તે કાર્ય આ લીલાની જે આવશ્યકતાઓ હોય છે તે મુજબનું જ કાર્ય હોય છે. દિવ્યતાએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ રીતના માણસોના જે ખ્યાલો હોય છે તે મુજબ તે કાર્ય કરતી નથી.” પ્રભુના કાર્યની અંદર અણધારેલા પલટા આવે છે તેનો એક સ્પષ્ટ ઈશારો ૧૯૩૫માંના એક પત્રમાં મળે છે : “પ્રભુએ પોતાનાં બધાં કાર્યોમાં સફળ નીવડવું જ જોઈએ એવું બંધન પ્રભુ ઉપર શા માટે હોવું જોઈએ ? જો નિષ્ફળતાનો માર્ગ પ્રભુને વધુ અનુકૂળ પડતો હોય, અને તેને લીધે તેમનો છેવટનો હેતુ વધુ સારી રીતે સિદ્ધ થતો હોય તો તે માટે તમે શું કહેશો ? પ્રભુને વિષેના આ બધા જડ ખ્યાલો તદ્દન જંગલી માણસ જેવા જ છે !” આમાંથી એ વસ્તુ ધ્વનિત થાય છે કે પ્રભુના ભવ્યમાં ભવ્ય લક્ષ્યને બાહ્ય રીતે નિષ્ફળતા સાંપડતી હોય તો પણ ગુપ્ત રીતે તે તેમનો વિજય જ હોય છે. આવું બને છે ત્યારે પ્રભુ જાણે કે એક તદ્દન ઊલટા પ્રકારના વ્યૂહનો આશ્રય લઈને વધુ ઝડપથી પોતાના લક્ષ્યે પહોંચી જાય છે. અને આજુબાજુની સર્વ હકીકતોનો વિચાર કરતાં અહીં પણ એમ જ લાગે છે કે, ઉપરછલ્લી દૃષ્ટિને જે વસ્તુ એક મૂત્રાશયની બિમારીને કારણે થયેલા મૃત્યુ જેવી ભાસે છે, તે ખરું જોતાં તો શ્રી અરવિંદે યોજેલો આ પ્રકારનો જ એક ઊલટો વ્યૂહ છે.

શ્રી અરવિંદનો સારો યે અતિમાનસ યોગ એક મહાન સેનાપતિએ ઉપાડેલા જંગ જેવો હતો. આ પહેલાં કોઈ પણ આધ્યાત્મિક વ્યકિતએ છેડેલાં નહિ એવાં બળો સામે તેમણે મોરચો માંડયો હતો. એમણે જે કાર્ય ઉપાડેલું તેની વિરુદ્ધમાં આખું યે જગત જાણે કે ખડું હતું. સામાન્ય જીવનના સર્વ અનુભવો, માનવજાતિનો આજ લગીનો સારો યે વ્યવહાર, જગતમાં પ્રગટ થયેલી સર્વ આધ્યાત્મિક પરંપરાઓ, એમાંનું એકે શ્રી અરવિંદના કાર્યને પુષ્ટિ આપે તેમ ન હતું. તેમ છતાં શ્રી અરવિંદે આ જગતમાં જામેલી અવિદ્યા સામે પોતાનો યોગ આરંભ્યો. શ્રી અરવિંદ જેવો નિર્ભીક યોદ્ધો, તેમના જેવી આધ્યાત્મિક પ્રતિભાશાળી વીર વ્યકિત જ વિશ્વના વિકાસક્રમમાં જે તત્ત્વ આવિર્ભાવ પામવાનું છે તેનું પ્રચંડ રહસ્ય પામી શકે તેમ હતું, તેમના જેવી સમર્થ અને પ્રખર વ્યકિત જ પૃથ્વીની જામેલી પ્રકૃતિ ઉપર તેનું રૂપાંતર સાધવા

માટેનો હુમલો યોજી શકે તેમ હતું. એ સંકલ્પને પાર પાડવા માટે જે મનોભાવથી તેઓ કાર્ય કરી રહ્યા હતા તેનો ખ્યાલ ૧૯૩૫ માંના એક બીજા પત્રમાંથી મળી આવે છે: "હું અતિમનસને પૃથ્વી ઉપર લઈ આવવા માગું છું તે મારી પોતાની મહત્તા વધારવા માટે કંઈ નથી...જે વાત શ્રી કૃષ્ણે હાથ નહોતી ધરી તે સિદ્ધ કરવા હું કોશિશ કરી રહ્યો છું એ પરથી માનવબુદ્ધિને જો એમ લાગતું હોય કે મારો આ પ્રયત્ન મૂર્ખાઈભરેલો છે તો એ અભિપ્રાયની મને લેશ પણ પરવા નથી. આમાં અ, બ કે કોઈ બીજા ત્રીજાને વચ્ચે લાવવાની જરા પણ જરૂર નથી. એ સવાલ માત્ર મારો અને ભગવાનની વચ્ચેનો જ સવાલ છે. મારે માત્ર એટલું જ જોવાનું છે કે આ વસ્તુ એ પ્રભુનો પોતાનો દિવ્ય સંકલ્પ છે કે નહિ, એ વસ્તુને અહીં નીચે લઈ આવવા માટે, અથવા તો એના અવતરણ માટે માર્ગ તૈયાર કરી આપવા માટે, અથવા તો એ ઘટનાની શકયતા વધારી આપવા માટે મને અહીં મોકલવામાં આવ્યો છે કે નહિ—મારે માટે એ જ એક મુદ્દાની વાત છે. મારી આ ધૃષ્ટતા માટે આખા જગતે મારી હાંસી કરવી હોય તો તે ભલે કરે, મારા પર આભ તૂટી પડવાનું હોય તો ભલે તૂટી પડે. હું તો મારે આગળ ધપ્યે જ જવાનો છું. એ કાર્યમાં કાં તો મારો વિજય થશે, યા તો હું ખતમ થઈ જઈશ. મારી કૂચ ત્યારે જ અટકશે. અતિમનસની સાધના હું આ ભાવનાથી કરી રહ્યો છું. એમાં મને પોતાને કે બીજા કોઈને મહાન બનાવવાની વાત લેશ પણ આવતી નથી." આ શબ્દોમાંથી એક કેવી તો સ્વાર્થમુક્ત પ્રખર વીરતા નીતરે છે, એક કેવા મહારથી યોગીનું તાદૃશ ચિત્ર ખડું થાય છે એ કહેવાની જરૂર નથી. આપણે જોઈએ છીએ કે આ મહા યોદ્ધો પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ગમે તે જોખમ ખેડવા તૈયાર છે. એમણે ઉપાડેલા જંગનાં પાછળ તેમનું સૂત્ર તો આ છે કે, 'હું કાં તો જીતું છું યા તો મરું છું.' પરંતુ જે મનોભાવથી તેઓ આ જંગ ખેડી રહ્યા છે તે જોતાં આ સૂત્ર આ રીતનું પણ બની શક્યું હોય કે—'જીતવાને ખાતર હું મરું છું" તો તે તદ્દન સંભવે તેવું છે. આ નવા મનોભાવમાં પહોંચવા માટે શ્રી અરવિંદને પરિસ્થિતિ આ પ્રમાણેની જણાઈ હોવી જોઈએ. તેમને લાગ્યું હોવું જોઈએ કે અચેતનતાની અંધાર શક્તિઓ સાથે એક છેવટનો જંગ આદરી લઈ તેમાં પોતાના શરીરને—અતિમનસના પ્રકાશથી આલોકિત બનેલા એક અદ્‌ભુત શરીરને પણ બલિદાન રૂપે હોમી દઈને આ અંધારનાં બળોની તાકાતને ખૂબ ખૂબ તોડી નાખી શકાશે, ઊર્ધ્વમાં રહેલા સુવર્ણવર્ણ પરમાત્માને અહીં પૃથ્વીની નજીક વધુ ખેંચી લાવી

શકાશે, શ્રી માતાજીમાં—અતિમનસના યોગમાં પોતાના આ શરીરની સાથે ભાગીદાર રહેલી વ્યક્તિની અંદર તે સુવર્ણ પ્રભુને અવતારી શકાશે. આ પ્રકારની મહા પ્રચંડ શકયતાનું દર્શન થતાં વેંત જ શ્રી અરવિંદે પોતાનો આખોયે વ્યૂહ બદલી નાખવાની તૈયારી કરી લીધી હશે. અને એમ જ થયું હશે. શ્રી અરવિંદ એક મહા પ્રખર સેનાપતિ હતા. પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવાની એક નવી શકયતાનું દર્શન થતાં તેમણે આ પૂર્વે તૈયાર કરી રાખેલા કિલ્લાઓની આખીયે હાર છોડી દીધી હોય, અને આગેકૂચની જૂની પદ્ધતિ પડતી મૂકીને પોતાની સુયોજિત માર્ગદિશાને એકાએક બદલી નાખી હોય તે તદ્દન સંભવિત છે. એવો વ્યૂહપલટો કર્યા પછી તેમણે પોતાના જ શારીરિક યંત્રને એકએક વિગતમાં અતિમાનસ રૂપ આપવાનો પ્રયત્ન ચાલુ ન રાખતાં પોતે સ્થિર ધીર કદમે કોઈ મહાન ગુપ્ત સ્થાન ભણી ચાલ્યા જવાનું પસંદ કર્યું હશે, અતિમનસે તેમને રક્ષણની જે ઢાલ આપેલી તે ઢાલને જ ફેંકી દઈ, સપાટી ઉપર પોતે બધું ગુમાવતા હોવા છતાં પેલી ગુપ્ત ભૂમિમાં જ સારોયે વિજય હાંસલ કરવા માટે લડતાં લડતાં જ ખતમ થઈ જવાનું તેમણે નક્કી કર્યું હશે.

શ્રી અરવિંદે પોતે આવો કોઈક વ્યૂહ જ વિચાર્યો હશે. તેમને દેખાયું હશે કે પોતાનું આવું વિરાટ બલિદાન આપવાથી શ્રી માતાજીના દેહનું રૂપાંતર અકલ્પ્ય ઝડપથી વહેલું બની આવશે, કહો કે પાકે પાયે સિદ્ધ થઈ શકશે, અને તે દ્વારા પૃથ્વી ઉપર માનવજાતિ માટે દિવ્ય જીવનનાં મૂળ નંખાઈ જઈને પૃથ્વી ઉપર દિવ્યતાનો વિકાસ થવા લાગશે. આવો કોઈ પરમ ભવ્ય ગંભીર હેતુ જ શ્રી અરવિંદના આ મૃત્યુસ્વીકાર પાછળ હોવો જોઈએ. એ સિવાય તેમના દેહત્યાગનું રહસ્ય બીજી કોઈ રીતે ઘટાવી શકાય તેમ નથી. આ પરમ આહુતિની પાછળ સંભવે છે કે એક બીજી વસ્તુ પણ કામ કરી રહી હોય. એ વસ્તુ તે જગતને બચાવી લેવા માગતી એક પરમ મધુર પ્રેમભાવના. એ વિષે લખતાં શ્રી અરવિંદે ઠેઠ ૧૯૩૪માં આ પ્રમાણે લખેલું: "જે બોજ વહેવાનું કાર્ય મારે ભાગે આવેલું છે તે બોજાને તો ફક્ત પ્રભુનો દિવ્ય પ્રેમ જ વહી શકે તેમ છે. પૃથ્વીને અંધકારમાંથી ઉપાડીને પ્રભુ તરફ લઈ જવા માટે જેમણે જેમણે કમર કસી છે, તથા એ ધ્યેયને ખાતર પોતાનું સર્વ કંઈ હોમી દીધું છે તે સર્વને માથે આ બોજો વહેવાનો રહે છે જ." આપણે એમ કહી શકીશું કે આ એક માણસના શરીરે પોતાની અંદર જગતમાંનું વિરાટ ઝેર જો આ રીતે ચૂસી લીધું ન હોત તો જગતને માથે કોઈ અકલ્પ્ય આપત્તિ ઊતરી આવી હોત. શ્રી અરવિંદની આધ્યાત્મિક ચેતના, પ્રભુના દિવ્ય પ્રેમથી સજ્જ બનીને, એવી

કોટિએ પહોંચી હતી કે જેથી તેઓ એક વિશ્વરૂપ વ્યક્તિ બની રહ્યા હતા અને વિશ્વાતીત પ્રભુનો સંકલ્પ તેમનામાં મૂર્ત થઈ રહ્યો હતો. અર્થાત્ તેઓ એક વ્યક્તિગત ચેતનાધારી વ્યક્તિ નહિ પણ એક વિશ્વરૂપ અને વિશ્વાતીત ચેતનાને સાકાર કરી રહેલી વ્યક્તિ હતા. આના ટેકામાં આપણે એ વસ્તુ પણ ફરી યાદ રાખીશું કે શ્રી અરવિંદને પોતાના યોગમાં જે જે વિઘ્નો ઊભાં થતાં હતાં તે તેમનાં કોઈ અંગત વિઘ્નો ન હતાં. એ વિઘ્નો આખી યે માનવજાતિમાં રહેલાં વિઘ્નોના પ્રતિનિધિ રૂપે તેમનામાં ઊભાં થતાં હતાં અને શ્રી અરવિંદે પોતાની અંદર અસાધારણ શક્તિઓ અને સામર્થ્ય હોવા છતાં, અથવા કદાચ એમનામાં એ શક્તિઓ અને સામર્થ્ય હતું એટલે જ, એ સર્વ વિઘ્નોને રાજીખુશીથી સ્વીકારી લીધાં હતાં. ઘણાં વરસો પૂર્વે શ્રી માતાજીના શરીરમાં થયેલી કોક નાનકડી બીમારીના અંગે લખતાં શ્રી અરવિંદે લખેલું: "અમે કેવળ અમારે પોતાને ખાતર જ પૂર્ણતા મેળવવા ઈચ્છ્યું નથી. અમારી પૂર્ણતા એક સર્વવ્યાપી પૂર્ણતાનું જ અંગ હશે, અને તેથી અમારામાં પૂર્ણતા સિદ્ધ કરવા માટે અમારે પોતે પણ આ સાક્ષાત્કારના અને રૂપાંતરના માર્ગમાં આવતી મુશ્કેલીઓનો સ્વીકાર કરવાનો રહે છે, એમનો સામનો કરવાનો રહે છે, અને અમારી પોતાની અંદર એમના પર વિજય મેળવવાનો રહે છે. એ વિના એ વસ્તુ સિદ્ધ નહિ થાય. આ વસ્તુ શરીર સિવાયની અન્ય ભૂમિકાઓ ઉપર ઠીક ઠીક પ્રમાણમાં સિદ્ધ થઈ ચૂકી છે, પરંતુ શારીરિક ભૂમિકાનો જે સૌથી વધુ જડતાનો પ્રદેશ છે ત્યાં એ સિદ્ધિ હજી બાકી છે. એ નહિ થાય ત્યાં સુધી એ ભૂમિકા ઉપર લડાઈ ચાલુ રહેવાની છે. એ ભૂમિકા ઉપર યૌગિક રીતે કાર્ય કરતી તથા બચાવ કરતી શક્તિ મોજૂદ હોય, અને એ શક્તિ છે પણ ખરી, છતાં કોઈ પણ રોગનો હુમલો ન જ થાય એમ બનવું સંભવિત નથી. માતાજીની મુશ્કેલીઓ એ તેમની પોતાની મુશ્કેલીઓ નથી. તેઓ બીજાની મુશ્કેલીઓને પોતાના ઉપર ઉઠાવી રહેલાં છે. ઉપરાંત રૂપાંતરના સર્વસામાન્ય કાર્યમાં પણ જે કેટલીક મુશ્કેલીઓ કુદરતી રીતે આવી રહેલી છે, એને પણ તેમણે પોતામાં લઈ લીધી છે આમ જો કરવાની જરૂર ન હોય તો તો પરિસ્થિતિ તદ્દન જુદી જ હોત." આ રીતે જોતાં એ વસ્તુ તદ્દન સ્પષ્ટ થઈ જાય છે કે શ્રી અરવિંદ યા તો શ્રી માતાજી જે કાંઈ ભોગ આપી રહેલાં છે તે તેમની અંગત ખામીઓને કારણે તેમણે આપવો પડે છે એવું નથી. તેમનાં શરીર તો યોગને માટેના અપૂર્વ આધાર જેવાં રહેલાં છે. અને જો તેમને માટે કેવળ અંગત પ્રશ્ન જ હોત તો તેઓ હરેક વિઘ્નને સફળતાથી વટાવી જઈ શકે તેમ હતું. આનો અર્થ એ થયો કે,

શ્રી અરવિંદે અત્યારે જે રીતે દેહત્યાગ કર્યો છે તે તેમનામાં રહેલી કોઈ ઊણપને કારણે જ થયું છે એમ નથી. તેમને માટે મૃત્યુ ફરજિયાત રૂપ બની ગયું હતું એમ નથી. વસ્તુસ્થિતિ એમ લાગે છે કે પૃથ્વીની ચેતનાના વિકાસક્રમમાં જ કોઈ ભયંકર ક્રાંતિની સ્થિતિ આવી પહોંચી હશે, ઉપરના દિવ્ય તત્ત્વના આક્રમણને લીધે વિશ્વની અચેતનતાએ કોઈ પ્રચંડ તમસમય ઉછાળ લીધો હશે. અને એ કટોકટીને, એ અંધારમય ઉછાળને શ્રી અરવિંદે પોતાના જીવનની અંદર વાળી લીધો હશે, અને પરિણામે તેણે આ બીમારીનું–મૂત્રવિષમૂર્છાનું જીવલેણ રૂપ લીધું હશે. આ પરિસ્થિતિને શ્રી અરવિંદ જેવા મહાચતુર યુદ્ધ-વિશારદે પોતાના કાર્યને સૂક્ષ્મ રીતે ઉપકારક થાય તે રીતે ઉપયોગમાં લઈ લીધી. શરીર પડવા દીધું, પણ તે દ્વારા પોતાના કાર્યને આગળ ધપાવી લીધું, કારણ કે તેમણે પોતાના અંગત વિજયને કે પ્રાપ્તિને નહિ પણ આ કાર્યને જ હમેશાં વધુ મહત્ત્વનું ગણેલું છે.

પરંતુ આ સંગ્રામનો વિશાળ હૃદયથી અને શાંત સ્વસ્થ ભાવે સ્વીકાર કરવાની સાથે સાથે એ સંગ્રામમાં સામે પક્ષે ઊભેલા પેલા તત્ત્વ સાથે પ્રચંડ બાથ ભીડવાની પણ રહે છે, તેનો અત્યંત સંઘર્ષભરેલો દારુણ સામનો પણ કરવાનો રહે છે. શ્રી અરવિંદે યોજેલા વ્યૂહનું, તેમ જ એમણે સ્વીકારેલા આત્મ-યજ્ઞનું સાચું સ્વરૂપ આ પ્રમાણેનું જ સંભવે છે. વળી શ્રી અરવિંદની પ્રકૃતિ પણ આ રીતે જ કામ કરવું પસંદ કરે તેમ હતું. અને તેથી જ અમે કહ્યું છે કે શ્રી અરવિંદ લડતાં લડતાં પડયા છે. પૃથ્વીની પ્રકૃતિમાં રહેલી કોઈ પણ ઊણપ સાથે લેશ પણ સમાધાન ન કરવું એ શ્રી અરવિંદનો મુદ્રામંત્ર હતો. પૃથ્વી પરના વિકાસક્રમનું ગૂઢતમ રહસ્ય શોધતાં તેમણે એ જોયું હતું કે અહીં પૃથ્વી ઉપર ઉપરછલ્લી રીતે જોતાં જે વસ્તુ અશક્ય જેવી દેખાય છે તે જ પૃથ્વીની પ્રકૃતિની અંદર એક વખતે સાચેસાચ આવિર્ભાવ પામે છે. અને આપણે જોઈએ છીએ કે પૃથ્વી ઉપર એ રીતે જ વિકાસ થતો રહ્યો છે. દેખીતી રીતે સાવ નિર્જીવ જેવા લાગતા જડતત્ત્વની અંદર અહીં સંવેદના અને પ્રાણ-શક્તિ પાંગરેલી છે, બાહ્ય રીતે કેવળ સહજવૃત્તિને જ ધારણ કરતાં પશુઓની અંદરથી મન અને બુદ્ધિ ઝગમગી ઊઠી છે, અને આમ બહારથી જોતાં ફાંફાં મારતી દેખાતી બુદ્ધિની અંદર, પડતી આથડતી પ્રાણશક્તિની અંદર, અને આ મરણશીલ શરીરની અંદર વિશ્વની પૂર્ણતાનું વિધાયક અતિમનસ પોતાનો આવિ-ર્ભાવ કરી રહ્યું છે. એ રીતે જોતાં શ્રી અરવિંદ જગતની સામાન્ય પરિસ્થિતિની શરણાગતિ સ્વીકારી લે યા તો જગતને તજીને આત્માની શાંતિની અંદર ચાલ્યા

જાય એ બનવું અશક્ય જ હતું. એક કાલાતીત અભેદ્ય શાંતિ તો શ્રી અરવિંદે ૧૯૦૮ માં વડોદરામાં પેલા ત્રણ દિવસની ભવ્ય સાધનામાં જ પ્રાપ્ત કરી લીધી હતી. એ વખતે ચિત્તને સંપૂર્ણ રીતે શાંત કરી દઈને શ્રી અરવિંદે સંપૂર્ણ નિર્વાણની અનુભૂતિ પ્રાપ્ત કરી હતી. બીજા અનેક યોગો તો આ નિર્વાણ આગળ આવીને જ અટકી જાય છે. પણ શ્રી અરવિંદે એ નિર્વાણને અંતિમ વિરામ ન બનાવતાં આથી આગળના વિજયો માટેનો આધાર બનાવી આગળ વધવા માંડેલું. અને શરણાગતિ એ તો શ્રી અરવિંદ માટે કેવળ પરમાત્માની જ હોઈ શકે. બીજા કોઈ તત્ત્વને સમર્પણ થવાની વાત શ્રી અરવિંદ માટે હોય જ નહિ. એ રીતે શ્રી અરવિંદ અતિમનસને અવતારવા માટે પોતાના છેલ્લા શ્વાસ સુધી લડતા રહ્યા, આત્મતત્ત્વના અમર સૂર્યને તેઓ નીચે બોલાવતા રહ્યા, પોતાના પાર્થિવ આવરણને અતિમનસના પ્રકાશ વડે અણુએ અણુએ સભર ભરતા રહ્યા. અને આ પ્રખર સાધનાનું પરિણામ એટલે સુધી તો આપણે જોઈ શક્યા છીએ કે કેટલા ય દિવસ સુધી એ આવરણને-શરીરને તેઓ અકબંધ જાળવી શક્યા, તેના રંગમાં ન કંઈ ફેર પડયો, તેમાં ન કશો વિકાર થયો. આમ પોતાની જાતની આહુતિ આપતાં આપતાં લડયે જવું એ શ્રી અરવિંદના સારા યે જીવનપ્રવાહમાં બંધ બેસી જાય તેવી ઘટના છે. શ્રી અરવિંદે પોતે જ એક પત્રમાં દેખીતા પરાજયની અંદરથી પણ વિજય હાંસલ કરવાની પદ્ધતિ કેવી હોઈ શકે તે બતાવ્યું છે: "મને દેખાતું હોય કે મેં ધારેલા પરિણામ કરતાં કોઈ ઊલટું જ પરિણામ આવવાનું છે તો પણ મારે તો મેં જે પરિણામ વાંછ્યું છે તે માટે કામ જારી રાખવું જ જોઈએ. એમ કરવાથી, જે સત્યને ખાતર હું જીવી રહ્યો છું તે સત્ય, તે શક્તિ જીવતી રહેશે, તેને ભવિષ્યમાં સફળ થવાની શક્યતા મળી રહેશે, અને એ સત્યનું ભાવિ ભલે પ્રતિકૂળ ઊતરતું હોય તો પણ ભવિષ્યની અંદર તેને માટે જે સાનુકૂળતા ઊભી થવાની છે તેના એક અંગ રૂપે આ કાર્ય બની રહેશે."

શ્રી અરવિંદના આ શબ્દોથી આ ઘટનાના રહસ્યને ઉકેલવાનો આપણો પ્રયત્ન હવે આપણે પૂરો કરીશું. ખરેખર એ ઘટના ઘણી જ રહસ્યમય છે. શ્રી અરવિંદે આ નાનકડા ખંડમાં પોતાનું પ્રખર જગત્-કાર્ય કરતાં કરતાં વીસ કરતાં પણ વધુ વર્ષ વીતાવ્યાં હતાં. એ ખંડની અંદર એક સાદા પલંગ ઉપર તેમનો દેહ ડિસેમ્બર ૫મીની વહેલી સવારથી માંડી ૧૧૧ કરતાં પણ વધુ કલાક સુધી એક ભવ્ય ગહન ધ્યાનમુદ્રાની અંદર પોઢી રહ્યો હતો. એ દેહનું વર્ણન કરવું હોય તો તે માત્ર આ શબ્દો જ વાપરી શકાય : 'આત્માનો કોઈ ચક્રવર્તી

અધિરાજ'. 'શ્વેત શ્મશ્રૂથી શોભતા વીરમુદ્રાવાળા એ વદન ઉપર એક વિશાળ લલાટ શોભી રહ્યું છે, અને તેના પર શીશના સફેદ વાળ ઢળી રહેલા છે. મીંચાયેલી શાંત આંખો, ગરુડના જેવી વિશાળ નાસિકા, દૃઢતાભર્યા ઓષ્ઠ, એ ઓષ્ઠના ખૂણા પર વિરાજેલી આનંદમુદ્રા, વિશાળ અને સુંવાળા ખભા, અજેય જેવા વક્ષ:સ્થળ ઉપર ગોઠવાવા માટે વળેલા બાહુ, સુકોમળ, કલાત્મક અને છતાં સમર્થ એવા એક ઉપર એક ગોઠવાયેલા હાથ, સોનેરી કિનારના સફેદ સુઘટ્ટ રેશમી વસ્ત્રથી છવાયેલો મર્દાની છટાવાળો કમરનો ભાગ, અને એક કુદરતી રાજવી છટાથી ફેલાયેલા પગ : આ હતું શ્રી અરવિંદનું અંતિમ દર્શન. આ દેહે શ્રી અરવિંદ આ પૃથ્વી ઉપર ૭૯ વર્ષ સુધી વિદ્યમાન રહ્યા હતા, એ પુનિત ચરણોએ આ પૃથ્વીને પોતાની કરી લીધી હતી અને સાથે સાથે તેને પોતાના આશીર્વાદથી ધન્ય કરી હતી. ખંડના વાતાવરણમાં એક પુનિત શક્તિનો ઝંકાર ગુંજી રહ્યો હતો. એ શક્તિ અંતરની મલિનતા હરી રહી હતી, અંધકારને ઓગાળી રહી હતી. શ્રી અરવિંદ જાણે કે વિજયને અંતે વિશ્રાંતિ લઈ રહ્યા હતા. એમના એ દેહમાંથી જાણે કે એ પાવક શક્તિ ફેલાઈ રહી હતી, અને એ દેહના દર્શનાર્થે આવેલ હરેકના શરીર ઉપર, તેમનાં મસ્તક ઉપરથી જાણે એક પ્રચંડ હથોડાના ઘા પેઠે ધસારાબંધ ઊતરી રહી હતી. શ્રી અરવિંદે આમ કેવલ પરાર્થને ખાતર શરીરમાંથી જે નિવૃત્તિ લીધી હતી તેના જ પરિણામ રૂપે જાણે કે અતિ-મનસની જીવન-રૂપાંતરિકા કરુણાશક્તિ માનવજાતિ ઉપર હવે વેગપૂર્વક ઊતરી રહી હતી.

અને એક બીજો અનુભવ પણ અમે અહીં જણાવીશું. કોણ જાણે શાથી પણ હવે શ્રી અરવિંદની અંગત હાજરી, તેમનું સાંનિધ્ય વધુ ને વધુ તીવ્રતાથી અનુભવાતું હતું. અત્યાર સુધી શ્રી અરવિંદ પોતાની સાધના માટે, રૂપાંતરની યૌગિક પ્રક્રિયાને એકાગ્ર ભાવે વધુ ને વધુ શીઘ્ર બનાવવા માટે આ ખંડના એકાંતમાં નિવૃત્ત રહેતા હતા અને આ યોગશક્તિનો પરમ અદ્ભુત આનંદ અને સક્રિય વ્યવહાર સાધકોને શ્રી માતાજી તરફથી મળતો હતો. સાધકોની સાથે સ્થૂલ શારીરિક સાંનિધ્યમાં શ્રી માતાજી જ રહેતાં હતાં. હવે જાણે કે પોતાના આ બાહ્ય શરીર કોષને બાજુએ મૂકી દઈને શ્રી અરવિંદ પોતાના શિષ્યોની સાથે એક નવી જ ઘનિષ્ઠ નિકટતામાં આવી ગયા હતા અને પહેલા કરતાં વધારે પ્રત્યક્ષ રીતે સૌ કોઈને પોતાના વિરાટ સ્વરૂપની અંદર લઈ રહ્યા હતા. પરંતુ શ્રી અરવિંદ એક વ્યાપક વિરાટ તત્ત્વ બની રહ્યા હતા એમ કહેવું પણ બરાબર નથી. માનવના પાર્થિવ દેહાવરણની પાછળ બીજાં સૂક્ષ્મ અને કારણસ્વરૂપ માધ્યમો પણ રહેલાં છે.

આપણે જોયું છે કે શ્રી અરવિંદે સ્થૂલ દેહની નજીકમાં આવેલા સૂક્ષ્મ દેહકોષની અંદર અતિમનસની દૂર દૂરની કારણસ્વરૂપ શક્તિને સફળ રીતે નીચે ખેંચી આણી હતી, અને પોતાના બલિદાનનો આ વ્યૂહ યોજીને ઠેઠ બાહ્ય શરીરના કોષની અંદર પણ તે આદિ શક્તિને ભરી રહ્યા હતા. શ્રી અરવિંદે પહેલાં કહ્યું છે તે મુજબ તેમનામાં 'શરીર સિવાયની અન્ય ભૂમિકાઓ ઉપર ઠીક ઠીક પ્રમાણમાં રૂપાંતર સિદ્ધ થઈ ચૂકયું હતું'. આનો અર્થ એ થાય કે શ્રી અરવિંદે પોતાના સૂક્ષ્મ શરીરની અંદર અતિમનસની અવતારણા સિદ્ધ કરી લીધી હતી. હવે સામાન્ય રીતે એમ બને છે કે એક નવું સૂક્ષ્મ શરીર તેમ જ નવું સ્થૂલ શરીર ધારણ કરવા પૂર્વે જીવ વિશ્રાંતિ માટે અમુક સૂક્ષ્મ લોકમાં જઈ રહે છે, અને તે પૂર્વે સૂક્ષ્મ શરીર પણ તે છોડી દે છે. પરંતુ એવી રીતે સૂક્ષ્મ પ્રકૃતિના નિયમ મુજબ, યા તો બીજી કોઈ ગૂઢ આવશ્યકતાને કારણે પોતાનું સૂક્ષ્મ શરીર મૂકી દેવાની જરૂર શ્રી અરવિંદને ન હતી. શ્રી અરવિંદ પોતાના અતિમનસ યોગને કારણે પોતે સદેહે વિશ્વરૂપ અને વિશ્વાતીત પુરુષ બની રહેલા હતા. દેહમાંથી નિવૃત્ત થવાને સમયે પણ તેઓ પોતાનું આ વિશ્વરૂપ અને વિશ્વાતીત ચૈતન્ય તો જાળવી રહેલા હતા જ. પરંતુ તે ઉપરાંત તેઓએ પોતાના સૂક્ષ્મ શરીરને પણ અક્ષય રીતે જાળવી રાખ્યું હતું. એ સૂક્ષ્મ શરીર માનવ અને દિવ્ય બંને પ્રકારનું હતું. અને એ શરીરમાં રહી તેઓ પોતાના વિશ્વરૂપ તેમ જ વિશ્વાતીત ચૈતન્ય દ્વારા સક્રિય રહેલા છે, અને આ સ્થૂલ જગત સાથે સીધો અને સતત સંપર્ક જાળવી રહેલા છે. ભૂતકાળના ઋષિઓ, પયગંબરો તેમ જ અવતારોનાં સૂક્ષ્મ રૂપો હજી પણ જગતમાં સક્રિય છે એમ આપણા સૂક્ષ્મ-દ્દષ્ટાઓએ જોયેલું છે. પણ એ સૂક્ષ્મ રૂપો કરતાં પણ શ્રી અરવિંદનું સૂક્ષ્મ રૂપ આ જગતમાં વધુ સક્રિય છે. આ રીતે જોતાં શ્રી અરવિંદ—આ અદ્‌ભુત શક્તિઓવાળી કરુણામય વ્યક્તિ, આપણા આ ગુરુ, આપણા હૃદયમાં વસેલી એ પ્રેમમૂર્તિ, એક ખાસ રીતે હજી પણ કાર્ય કરી રહેલા છે. શ્રી માતાજીએ કહ્યું છે કે, "શોક કરવો એ તો શ્રી અરવિંદનું અપમાન છે. તેઓ આપણી સાથે જ અહીં સચેતન અને સજીવન વસી રહેલા છે." અને આ શબ્દોમાં એક ઘણું નક્કર સત્ય આવી રહેલું છે. આ જ નક્કર સત્ય શ્રી માતાજીએ ૭મી ડિસેમ્બરે આપેલા સંદેશમાં પણ મૂર્ત થયેલું છે. આ સુંદર શબ્દોમાં પ્રગટેલી શ્રી માતાજીની વાણી એક એવી ગૂઢ ભૂમિકામાંથી આવે છે: કે જ્યાં શ્રી અરવિંદ અને તેઓનું ચૈતન્ય એક જ અદ્વૈત રૂપ રહેલું છે. "પ્રભુ, આજે સવારે આપે મને અભયદાન આપ્યું છે કે આપ, આપનું કાર્ય સિદ્ધ નહિ થાય ત્યાં સુધી અમારી સાથે જ રહેશો, અને તે અમને દોરતી તથા પ્રકાશ આપતી

એક ચેતના' રૂપે જ નહિ, પરંતુ એક સક્રિય સાંનિધ્ય રૂપે આપ અમારી વચ્ચે કાર્ય કરતા રહેશો. આપે સ્પષ્ટ અને ચોક્કસ શબ્દોમાં મને વચન આપ્યું છે કે આપનું સારું યે સ્વરૂપ અહીં રહેશે અને જયાં સુધી આ પૃથ્વીનું રૂપાંતર સિદ્ધ નહિ થાય ત્યાં સુધી તે પૃથ્વીના વાતાવરણને છોડી જશે નહિ. એટલે આ છે અમારી પ્રાર્થના કે, અમે સૌ આ જગતમાંના આપના આ અદ્‌ભુત સાંનિધ્ય માટે સુયોગ્ય બનીએ, અને હવેથી અમારી અંદરનું એકેએક તત્ત્વ માત્ર એ જ એક સંકલ્પ ઉપર એકાગ્ર બનો કે આપના આ ભવ્ય કાર્યને સિદ્ધ કરવા માટે અમે અમારું વધુ ને વધુ સંપૂર્ણ સમર્પણ કરતા રહીએ".

અને આ રીતે કાર્ય ચાલુ છે. અત્યારે હવે ભવિષ્યની સંમુખે શ્રી માતાજી ઊભાં છે, અને તેમને પડખે શ્રી અરવિંદ સૂક્ષ્મ દેહે ખડા છે. જેઓ શ્રી અરવિંદના કાર્યને સમજી શકે છે અને તે કાર્ય સફળ થવાનું જ છે એવી શ્રદ્ધા ધરાવે છે તેમને મન તો ભવિષ્યમાં એક અમુક પ્રકારનો બનાવ બનવાની આશા પણ છે. અને એ બનાવની કલ્પના પણ ઘણી જ શાંતિદાતા છે. અતિમનસ જયારે ઠેઠ શરીરની ભૂમિકા સુધી— શરીરના રક્ત અને માંસપિંડની અંદર પણ અવતરી ચૂકયું હશે ત્યારે કેવી સ્થિતિ હશે તે વિષે લખતાં શ્રી અરવિંદે આ પ્રમાણે કહ્યું છે : "ગુહ્યવિદોના સિદ્ધાંત મુજબ તેમ જ યોગવિદ્યામાં આપણા સ્વરૂપની જે કક્ષાઓ તથા ભૂમિકાઓનો ક્રમ સમજાય છે તે મુજબ જગતમાં એક સૂક્ષ્મરૂપ જડાત્મક શકિત છે એટલું જ નહિ પણ આ સ્થૂલ જડતત્ત્વ અને પ્રાણતત્ત્વની વચ્ચે એક સૂક્ષ્મરૂપ પાર્થિવ જડતત્ત્વ પણ આવેલું છે. આ સૂક્ષ્મ જડતત્ત્વમાં વસ્તુઓ સર્જી શકાય છે અને એ રીતે સર્જેલાં રૂપોને આ સ્થૂલ જડતત્ત્વની અંદર ઉતારી શકાય છે. આ સૂક્ષ્મ જડતત્ત્વમાં રચાયેલો કોઈ પણ પદાર્થ, કોઈ એક ગુહ્ય શક્તિની તેમ જ ગુહ્ય પ્રક્રિયાની મદદ દ્વારા એની સૂક્ષ્મ અવસ્થામાંથી સ્થૂલ જડતત્ત્વની અવસ્થામાં સીધેસીધો આવી શકે, એ વસ્તુ શકય હોવી જોઈએ અને શકય છે એમ મનાય પણ છે, અને એ અવસ્થાન્તર સાધવામાં કોઈ સ્થૂલ ભૌતિક પ્રક્રિયાને મદદમાં લઈ શકાય, યા તો તે પ્રક્રિયા પોતે જ સક્રિય થઈને તે કાર્યમાં ભાગ લે, અથવા તો એ પ્રક્રિયા વિના પણ અવસ્થાન્તર બની આવી શકે. કોઈ આત્મા જો સીધે-સીધો જ શરીરમાં પ્રવેશ કરવા માગતો હોય, યા તો પોતે એક શરીર ધારણ કરીને પૃથ્વી ઉપરના દિવ્ય જીવનમાં ભાગ લેવા માગતો હોય તો તે આ સીધા અવસ્થાન્તરની પદ્ધતિ દ્વારા તેમ કરી શકે યા તો તેને એવું શરીર મેળવી આપવામાં પણ આવે એ સંભવિત છે. એવા આત્માને પછી યોનિમાર્ગે જન્મ

લેવાની જરૂર પણ નહિ રહે, યા તો આપણા અત્યારના જીવનમાં અનિવાર્ય રીતે બને છે તેમ પોતાના મન અને સ્થૂલ શરીરનો વિકાસ અને વૃદ્ધિ સાધવામાં જે ભારે મર્યાદાઓ વેઠવી પડે છે તેમ જ જે અધ:પાતમાંથી પસાર થવું પડે છે તેવું કશું તેણે સહન કરવાનું નહિ રહે. આવી રીતે રચાયેલું કે ધારણ થયેલું શરીર એ સાચી દિવ્ય કોટિનું પાર્થિવ શરીર બનશે. એ શરીરની રચના, એની શક્તિઓ અને એનું કાર્ય એ દિવ્ય કોટિનાં બની રહેશે. પૃથ્વીની પ્રકૃતિ જ્યારે દિવ્ય બનશે ત્યારે પૃથ્વી પરનું જીવન અને એ જીવનને ધારણ કરતું શરીર પણ પૂરેપૂરું રૂપાંતર પામી ગયાં હશે. એ રૂપાંતરની દિશા તરફ પૃથ્વીનો વિકાસ ક્રમે ક્રમે વધતો જતાં તેમાં એક સમયે આવા શરીરની ઉત્પત્તિ પણ અવશ્ય બની આવવી જ જોઈએ.'

આ શબ્દો વાંચતાં એમ બનવું પણ સંભવિત લાગે છે કે શ્રી અરવિંદ પોતે જ પોતાના આવિર્ભાવ માટે આ અતિમાનસ પદ્ધતિનો ઉપયોગ કરે. શ્રી અરવિંદ અત્યારે પણ દિવ્યતા પામેલો સૂક્ષ્મરૂપ અન્નમય કોષ ધારણ કરી રહેલા છે. એ સૂક્ષ્મ અન્નમય કોષમાંથી તેઓ અતિમાનસ પદ્ધતિ દ્વારા સીધેસીધો દેહ ધારણ કરે, અને શ્રી માતાજીના હસ્તે ભાવિમાં થનાર નવી માનવતાના સર્જનની અંદર તેઓ પોતે ઠેઠ સ્થૂલ ભૂમિકા ઉપર પ્રગટ થઈને તેનું અધ્યક્ષપદ ધારણ કરે એમ પણ બને ખરું. એ ઘટના જો બનશે તો તો પૃથ્વી ઉપર સાચે જ પરમાત્માની સુવર્ણ ઉષા ઊગશે. એ વખતે શ્રી માતાજી એ પૃથ્વી ઉપર એવાં પ્રથમ વ્યક્તિ હશે કે જેમનું કુદરતી રીતે જન્મેલું શરીર ક્રમે ક્રમે વિકાસ પામીને દિવ્ય શરીર રૂપ બનેલું હશે, અને શ્રી અરવિંદ એવી પ્રથમ વ્યક્તિ હશે કે જેમણે શ્રી માતાજીની સિદ્ધિની સહાય લઈને, ઊર્ધ્વ પ્રકૃતિમાંથી શરીરની સામગ્રી અને રૂપનો પ્રક્ષેપ કરી, રૂપાંતર પામેલા જડતત્ત્વનો સ્થૂલ દેહ ધારણ કર્યો હશે. બેશક, શ્રી અરવિંદ શું કરશે તે વિષે ચોક્કસપણે તો કશું જ કહી શકાય તેમ નથી. પરંતુ અમે જે શક્યતાની કલ્પના કરી છે તે તદ્દન પાયા વિનાની તો નથી જ. આપણે જોયું છે કે જગતની સ્થૂલ દૃષ્ટિને જે વસ્તુ એક સંપૂર્ણ સૂર્યાસ્ત જેવી લાગી છે, એ શ્રી અરવિંદના દેહત્યાગની ઘટનાની અંદરથી પણ એક અતિમાનુષ કોટિનો સમર્થ અને વિજયી પ્રકાશ જગત પર પ્રગટ થયો છે. એ પ્રકાશને સ્મરણમાં રાખતાં આવો બનાવ સર્વથા અસંભવિત છે એમ નહિ લાગે.

'દક્ષિણા' : ફેબ્રુઆરી ૧૯૫૧

# શ્રી અરવિંદનાં અપ્રગટ લખાણ

અંબાલાલ પુરાણી

૧૯૫૦ના ડિસેમ્બર પછી શ્રી અરવિંદનાં ઘણાં અપ્રગટ લખાણો પ્રાપ્ત થયાં છે. એ બધાં મુખ્ય બે ભાગમાં વહેંચાય છે. (૧) પ્રારંભ કાળનાં અને (૨) ૧૯૨૬ પછીનાં. એમાંનાં કેટલાંક લખાણો આશ્રમ તરફથી જુદાં જુદાં માસિક અને ત્રૈમાસિકોમાં પ્રગટ કરવામાં આવે છે. અત્યાર સુધી જે સાહિત્ય પ્રગટ થયું છે તેના મુખ્ય પાંચ કે છ વિભાગો પડે છે. (૧) આરંભ કાળનાં અને ૧૯૨૬ પછીનાં અપ્રગટ રહેલાં કાવ્યો (૨) વિચારો અને ઝાંખીઓ (૩) વેદની ઋચાઓનાં ભાષ્ય અને અનુવાદો (૪) ઉપનિષદો ઉપરનાં તૂટક પરંતુ લીધેલા મુદ્દા ઉપર સંપૂર્ણ એવાં લખાણો (૫) મહાભારત ઉપર સમાલોચનાઓ તથા રામાયણમાંથી પસંદ કરેલા ભાગોના અનુવાદો અને (૬) સંસ્કૃત સાહિત્યમાંથી અનુવાદો.

શ્રી અરવિંદ પોતે લેખક, કવિ, સમાલોચક, ગુરુ વગેરે તરીકે એટલા તો જાગ્રત અને જવાબદારીના ભાનવાળા હતા કે આ બધા સાહિત્યમાંથી તેઓ પોતે કેટલું પ્રગટ કરવાની સંમતિ આપત એ પ્રશ્ન છે. પરંતુ આ પ્રકાશનોની જવાબદારી એમની નથી એ તો સ્પષ્ટ છે. અને આશ્રમના પ્રકાશકો પણ એ લખાણો એમાંના મૂળ ગુણોને વાસ્તે પ્રગટ કરે છે એમ જણાવે છે. અને એક રીતે એ સાચું પણ છે કે શ્રી અરવિંદ જેવી મહાન વિભૂતિ જે કાંઈ લખે તેમાં એમના વ્યકિતત્વનું પ્રતિબિંબ, વિચારશૈલીની લઢણ, ભાષાનું પ્રભુત્વ વગેરે અનેક ગુણો હોય એ સ્વાભાવિક છે. વળી ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ લખાણોના સમય નિશ્ચિત કરી શકાય તો ભાવિ અભ્યાસકો માટે તે ઉપયોગી સામગ્રી રૂપ નીવડશે એમાં પણ શંકા નથી. પરંતુ એ લખાણો લખાયા પછીથી જે જે સાહિત્ય 'આર્ય'માં અને 'આર્ય' બંધ થયા પછીનાં વર્ષોમાં એમણે પુસ્તકાકારે પોતાની સંમતિથી પ્રગટ કરેલું છે તેને આખરી પ્રમાણભૂત ગણવું જોઈએ. ઉ. ત. અહીં જે વેદનું ભાષ્ય અને અનુવાદ આપવામાં આવ્યાં છે તથા ઉપનિષદના જે અનુવાદો પણ પ્રગટ થયા છે અને થશે તે એમના આખરી નિર્ણયાત્મક અનુવાદો, ભાષ્યો કે વિચારો તરીકે સ્વીકારવાં આવશ્યક નથી, અને છતાં, એ લખાણોમાં પણ ઋગ્વેદના પહેલા સૂત્રમાં જે વિવરણ

અને ભાષ્ય આપવામાં આવ્યું છે તેમાંથી ઘણાં ઉપયોગી સૂચનો અભ્યાસકને મળી શકે તેમ છે. એ ઉપરથી અને 'Origin of Aryan Speech' 'આર્ય ભાષાઓનું મૂળ' વગેરે લેખો જોતાં ધાર્યું હોત તો શ્રી અરવિંદ કેટલા સમર્થ ભાષ્યકાર અને વૈયાકરણ પણ થઈ શકયા હોત તેનો આપણને કંઈક ખ્યાલ આવે છે. છાંદોગ્ય ઉપર પણ જે ભાષ્ય આપ્યું છે તે ઉપરથી ઉપનિષદોના અર્થઘટન માટે ઉપયોગી સૂચનાઓ આપણને મળે છે. ઉ. ત. છાંદોગ્યના આરંભમાં જ '**ॐ इति एतद् अक्षरं उद्गीथम् उपासीत**' એના વિવરણમાં **अ-क्षर** ઉપર જે શ્લેષ છે તે જીવનનાં વિકારી સ્વરૂપોની પાછળ, ક્ષર વસ્તુઓની પાછળ રહેલી અવિકારી, અક્ષર અને અમર વાસ્તવિકતાનું સૂચન કરે છે. અને આ બધાં બદલાતાં સ્વરૂપોમાં, વૃદ્ધિ અને ક્ષયમાં, પોતાની જાતને પ્રગટ કરનાર બ્રહ્મનું તે સૂચક બને છે. જેમ ॐ શબ્દ સમગ્ર ભાષાના મૂળમાં રહેલ અવાજનાં સ્થાયી અને શાશ્વત તત્ત્વનું સૂચન કરે છે તેમ તે પેલા અવિકારી બ્રહ્મતત્ત્વનું પણ પ્રતીક બને છે. એના ઉદાહરણમાં ઋગ્વેદની અંદર પણ આ બેવડો અર્થ સમાવવાની ભાષાની શકિતનો ઉપયોગ ઋષિઓએ કર્યો છે એ શ્રી અરવિંદનું વિધાન પણ આપણા અભ્યાસકોએ ખૂબ ધ્યાનમાં લેવા જેવું છે. '**अर्ध**' શબ્દનો અર્થ અત્યારે અર્ધું એવો થાય છે, પરંતુ શ્રી અરવિંદ એની વ્યુત્પત્તિ '**ऋध्**' એ ધાતુ ઉપરથી કરે છે. એનો અર્થ જવું–યુકત થવું, વૃદ્ધિ પામવી, સંપન્ન થવું-થી માંડીને નામ તરીકે યાત્રાનું અંતિમ સ્થાન, કોઈક ઉમેરેલો ભાગ, વૃદ્ધિ વગેરે થાય છે. અને એ અર્થ મનમાં રાખીને વેદના ઋષિઓ પર+અર્ધ=પરાર્ધ એટલે, 'સચ્ચિદાનંદના ઊર્ધ્વ લોકો' એવો ઉલ્લેખ કરે છે ત્યારે એમના મનમાં માનવની ચેતનાથી ઊર્ધ્વમાં રહેલ જ્યોતિર્મય અર્ધ પ્રદેશ વિષે તેઓ ઉલ્લેખ કરવા માગે છે. અને એ, 'પરાર્ધ' સાથે સાથે માનવની ઊર્ધ્વગામી જીવનયાત્રાનું ધામ છે એ અર્થ પણ એમાં આવી જાય છે. એટલે કે એ 'પરના', ઉપરના, અર્ધ સિવાયનું માનવ-જીવન અપૂર્ણ છે, અર્ધ છે. એને 'અપરાર્ધ' કહેવામાં આવે છે. 'ॐ' પણ એક શબ્દ છે એટલે એક અક્ષર છે અને સાથે સાથે જેનામાં ક્ષર તત્ત્વ નથી એવું પરમ તત્ત્વ પણ છે. 'ॐ=એક અક્ષર તથા ॐ બ્રહ્મ, જેનામાં વિકાર થતો નથી, ક્ષરતાનો અભાવ છે તે.' આ બન્ને અર્થો વિવક્ષિત છે એમ આપણને સ્પષ્ટ લાગે છે. **उद्गीथ** અને **उद्गायति** એ બન્નેમાં પણ તેઓ અર્થઘટનની આ પદ્ધતિ લાગુ કરીને ઉપનિષદ્‌ના વાકયને વધારે અર્થસંપન્ન બનાવે છે. એ બન્ને ક્રિયાપદોનો સંબંધ **गॆ** અને **गा** એ બે ક્રિયાપદો સાથે તેઓ જોડે છે. એ બન્ને ક્રિયાપદનો અર્થ મૂળ વેદના સમયમાં 'વ્યક્ત કરવું, પ્રાપ્ત કરવું, ધારણ

કરવું' એવો થાય છે. વળી, વેદમાં ઉપસર્ગો ક્રિયાપદથી છૂટા વાપરવામાં આવે છે એટલે એમના પોતાના અર્થ તે કાયમ રાખે છે. **'उद्‌गायम्'**, **'उद्‌गायति'** માં 'ઊર્ધ્વ ગતિ કરી રહેલ ગાન' એવો તે અર્થ થાય છે, પણ સાથે સાથે અંતરાત્માનું આરોહણ પણ એમાં વ્યંજિત થાય છે. **अग्नि, इळे, यज्ञ, देव, ऋत्विज्, होता** વગેરે શબ્દોની વ્યુત્પત્તિ પણ વેદના અર્થ જાણવાની ઇચ્છાવાળા અભ્યાસકે ધ્યાનપૂર્વક જોવા જેવી છે. સમગ્ર આર્ય ભાષાઓની ઉત્પત્તિ વિષે "Origin of Aryan Speech' એ મથાળાવાળો લેખ મુંબઈ શ્રી અરવિંદ સરકલ એન્યુઅલ નં. ૮માં પ્રગટ થયો છે તે સમગ્ર વિષયનો કેવળ આરંભ કરે છે અને અપૂર્ણ છે તો પણ તુલનાત્મક ભાષાશાસ્ત્રનો આધાર લઈને આજકાલ જે પ્રયત્નો થઈ રહ્યા છે તેમાં કાર્ય કરનારા વિદ્વાનોને ખૂબ માર્ગદર્શક અને ચિંતનપ્રેરક થાય એવા સિદ્ધાન્તો અને સૂચનોથી ભરેલો છે. મહાભારતના યુદ્ધની પાછળ જે રાજકીય પક્ષો અને તેમને પ્રેરનારાં બળો કાર્ય કરતાં હોવાં જોઈએ તે વિષેનો એમનો ઉલ્લેખ મહાભારત વિષેના બે લેખોમાં આપણને જોવાને મળે છે. ખાસ કરીને વેદવ્યાસના વ્યક્તિત્વ અને કાવ્ય પ્રતિભાના વિકાસ વિષેનું લખાણ મહાભારતના અભ્યાસકોને પણ નવી ચિંતન સામગ્રી અને સંશોધન કાર્ય પૂરું પાડે તેવું છે. ઉપનિષદોના અભ્યાસ-વાળા લેખોમાં અદ્વૈતવાદની સમીક્ષા 'લાઈફ ડિવાઈન'માં જે પ્રકારે સમગ્રતાપૂર્વક કરવામાં આવી છે તેવી નથી, તો પણ માયાવાદ પ્રત્યે તે એક નવું જ દષ્ટિબિંદુ આપણને આપે છે.

શ્રી અરવિંદની કાવ્ય પ્રતિભાના વિકાસમાં આપણને દૃષ્ટિપાત કરાવે એવું કલકત્તા પાઠમંદિરના અગિયારમા વાર્ષિકમાં પ્રગટ થયેલું—'Descent of Ahana' અન્ય કાવ્યોથી જુદું તરી આવે છે. આ કાવ્યના ત્રણ તબક્કાઓ આપણને જોવા મળે છે. સૌથી પ્રથમ, અહનાનું અવતરણ, ત્યાર પછી પુસ્તકાકારે પ્રગટ થયેલું તેનું 'Ahana and Other Poems' માં પ્રાપ્ત થતું સ્વરૂપ, અને ત્યાર પછી છેવટનું 'Collected Poems'માં એનું જ સુધારેલું અને વધારેલું આખરી સ્વરૂપ આપણે જોઈએ છીએ. આ ત્રણેનો તુલનાત્મક અભ્યાસ કરવાથી શ્રી અરવિંદની કાવ્ય પ્રતિભાની વિપુલતા વિષે તથા એમની સજાગ વિવેકયુક્ત વિવેચક શક્તિ તથા સર્જકતા વિષે તથા કલાકાર તરીકે પોતાની જવાબદારીનું કેટલું તીવ્ર ભાન તેઓ રાખીને વર્તતા હતા તે આ કાવ્યનાં ત્રણ સ્વરૂપોના અભ્યાસ ઉપરથી આપણને જોવા મળે છે. વળી એમની સર્જન પ્રવૃત્તિના આરંભકાળમાં જ કેવળ નહિ, પરંતુ છેવટ સુધી તેઓ

એટલા જ, બલ્કે વધારે સજાગ રહેતા હતા તે આપણને 'સાવિત્રી'ના પત્રિકા રૂપે પ્રગટ થયેલા જુદા જુદા સર્ગોમાં, થોડા જ મહિના પછી સમગ્ર કાવ્ય જ્યારે પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યું ત્યારે એમણે જે આખરી ફેરફારો કર્યા છે તેમાં પણ જોવા મળે છે. 'કુમાર સંભવ'ના પ્રથમ સર્ગના અનુવાદના પણ ત્રણ પાઠો આપણી આગળ મુંબઈના શ્રી અરવિંદ સરકલના વાર્ષિક નં. ૮ માં પ્રગટ કરવામાં આવ્યા છે. એમાં પણ પોતાની સ્વતંત્ર કૃતિની પેઠે જ કોઈ મહાન સાહિત્યકૃતિના અનુવાદમાં પણ તેઓ કેવા સજાગ રહેતા હતા અને કયી પદ્ધતિએ કામ કરતા હતા તે ઘણી સારી રીતે જોવા મળે છે.

શ્રી અરવિંદનું તત્ત્વજ્ઞાન જીવનના સમગ્ર પ્રશ્નને બધી બાજુએથી જુએ છે એટલે ઘણા વાચકોને એમનું લખાણ સમજવું અઘરું પડે છે. વિચારની સંકુલતાને લઈને કે પ્રશ્નની કૂટતાને લઈને એના વિષેનું પોતાનું વકતવ્ય સુસ્પષ્ટ રીતે અને છતાં વિચારના એ પ્રશ્નના પ્રત્યેક પાસાને ન્યાય આપે એ રીતે સંગઠિત વાકયસમૂહમાં તેઓ રજૂ કરે છે. એમના વિચારની સ્પષ્ટતા જેઓ ગ્રહણ કરી શકયા હોતા નથી તેઓ ઘણી વાર એમની આ સંકુલ વાકયરચના અને સ્પષ્ટતા કરનારાં વાકયાંગોમાં ગૂંચવાઈ પડે છે. એવાઓને એમની સૂત્રાત્મક શૈલીમાં લખાયેલાં લખાણો, મને લાગે છે કે, વધારે સહેલાઈથી સમજાય તેવાં નીવડશે. એમનાં પ્રગટ થયેલાં પુસ્તકોમાં Thoughts and Glimpses, Ideal and Progress આ જાતનાં છે. ૧૯૫૦ પછીનાં એમનાં લખાણોમાં Thoughts and Glimpses ની નવી શ્રેણી ફેબ્રુ. 'એડવેન્ટ' ૧૯૫૧ થી શરૂ થઈ છે તે ખૂબ સૂત્રાત્મક હોવા છતાં સામાન્ય વાચકથી પણ સમજાય તેવી છે એમ અમારું માનવું છે. એમાં 'લાઈફ ડિવાઈન' પેઠે સહજ તર્કની દલીલો નથી, પરંતુ સહજજ્ઞાનના એક ચમકારાથી બીજા ઉપર, એક પગથિયેથી બીજા ઉપર આપણને સ્વાભાવિક રીતે જ લઈ જનાર વિચારશ્રેણી અહીં જોવા મળે છે. આ લખાણ એમના પ્રારંભિક કાળનું નહિ પરંતુ ૧૯૨૬ પછીનું લાગે છે, અને વાચકોએ એનો લાભ લેવો જોઈએ એમ અમને લાગે છે.

બીજાં અત્યાર સુધી અપ્રસિદ્ધ કાવ્યોમાં એમનાં સૉનેટ, ૧૯૩૮–૩૯ સમયનાં લખાયેલાં, આપણું ધ્યાન ખેંચે છે. સૉનેટના ૧૪ લીટીના રૂપને લક્ષમાં રાખીને લખાયેલાં આ સૉનેટો અંગ્રેજી સાહિત્યમાં અને કદાચ જગતના સાહિત્યમાં પણ નવી જ ભાત પાડે છે. કારણ કે એમાં વિષયની નવીનતા ઉપરાંત અનુભૂતિની અભિવ્યક્તિ એટલી તો પ્રતીતિકર અને અપૂર્વ છે કે એમાંનાં વાકયો સહેજે ઉપનિષદનાં સૂત્રો કે વેદના મંત્રોનું સ્મરણ કરાવે છે. ઉ. ત.

Only the eyes of Immortality dare
To look unblinded on that living Sun.
—"The Unseen Infinite"

અમરતાની જ દષ્ટિ—અમરતાને સિદ્ધ કરેલ નેત્રો જ—ઝંખવાયા વિના એ જ્વલંત અને જીવંત ભાસ્વર સૂર્ય પ્રત્યે મીટ માંડવાની હિંમત કરી શકે તેમ છે. અલબત્ત એ સૂર્ય તે સત્યનો જ સૂર્ય.

My mind has left its prison-camp of brain;
It pours, a luminous sea from spirit heights.

'મારું મન સ્થૂલ મગજના કારાવાસને છોડીને મુક્ત થઈ ગયું છે, આત્માનાં ઉન્નત શિખરો પરથી હવે એ વહે છે—તેનો ધોધ પડે છે—જાણે જ્યોતિર્મય સાગર.' તથા,

My senses change into gold gates of bliss;

અને 'મારી ઈન્દ્રિયો આનંદને પ્રવેશવાના સુવર્ણ—દ્વારોમાં રૂપાંતર પામેલ છે.' અને છેવટે એમાં કહે છે :

Nature in me one day like Him shall sit
Victorious, calm, immortal, infinite.
—"The Inner Sovereign"

'એક દિવસ એવો આવશે જ્યારે પ્રભુની પેઠે જ મારી અંદર પણ પ્રકૃતિ વિજયી, સ્થિર, અમર અને અનંત બનીને પોતાને આસને બિરાજશે.' સ્થૂલ શરીર વિષેના સૉનેટમાં અન્નમય ચેતના વિષે કહે છે.

Too small was it to meet the giant need
That only infinitude can satisfy :
He keeps it still, for in the folds is hid
His secret passport to eternity.

'કેવળ અનંતતા જ જેને સંતોષી શકે એવી પ્રચંડ—સર્વભક્ષી ક્ષુધા પૂરી પાડવા માટે એ સ્થૂલ અન્નમય શરીર અતિ નિર્જીવ—છેક અપર્યાપ્ત હતું અને છતાં હૃદયમાં બિરાજેલ પ્રભુ હજુ તેને રાખી રહ્યો છે કારણ કે એની ગડીઓમાં શાશ્વતી માટેનો એનો ગુપ્ત પરવાનો રહેલો છે.'

અને એમાં છેવટે કહે છે :

How grown with all the world conterminous
Is the little dweller in this narrow house ! —"The Body"

'શરીર રૂપી આ સંકુચિત ઘરમાં વસનારો આ નાનો સરખો રહેવાસી સમગ્ર સૃષ્ટિની સીમાઓ સાથે કેવો એકરૂપ બન્યો છે–સૃષ્ટિની વિશાળતાને ધારણ કરી શકયો છે'.

એ જ વિષયને ચાલુ રાખનાર ચોથા સૉનેટમાં અનંત જ્યોતિનો અનુભવ છેક સ્થૂલ ભૂમિકા સુધી, શરીરના પુટેપુટમાં કેવા પ્રકારનો થાય છે તેનું વર્ણન કરતાં કવિ કહે છે.

Light, burning Light from the Infinite's diamond heart
 Quivers in my heart where blooms the deathless rose.
Light in its rapture leaping through the nerves !
 Light, brooding Light ! each smitten passionate cell
In a mute blaze of ecstasy preserves
 A living sense of the Imperishable.
I move in an ocean of stupendous Light
Joining my depths to His eternal height. —"Light"

'પ્રકાશ; ઝળહળતો પ્રકાશ, અનંતના હીરકોજ્જવલ હૃદયમાંથી પ્રગટતો ઝળહળતો પ્રકાશ, મારા હૃદયમાં પ્રગટે છે, ઝળહળે છે, જ્યાં અંતરાત્મા રૂપી અમર ગુલાબ ખીલેલું છે. આનંદના ઉલ્લાસમાં એ જ્યોતિ, એ પ્રકાશ મારી શિરાઓમાં, નાડીઓમાં ધબકે છે. પ્રકાશ ! સ્થિર એકાગ્રતા કરતો પ્રકાશ ! એનાથી આહત થયેલ પ્રત્યેક કોશ આનંદના મૂક અતિરેકની જ્વાલા રૂપે અવિનાશીનું ભાન ધારણ કરે છે, તેની જ્વલંત સંજ્ઞા રૂપ બની રહે છે. અફાટ પ્રકાશના મહાસાગરમાં હું ગતિ કરુ છું અને પ્રભુતાનાં શાશ્વત શિખરો સાથે મારી ચેતનાનાં ગંભીર ઊંડાણો હું સાંધું છું.'

તે જ પ્રમાણે Liberation, Omnipresence અને Indwelling Universal એમાં પણ એ જ પ્રકારની અનુભૂતિની ઝલક અને અભિવ્યક્તિની સચોટ સુંદરતા, આપણી આગળ એક સાક્ષાત્કારનો નવો જ પ્રદેશ અને નવો પ્રકાર રજૂ કરે છે. પ્રાણની અને મનની કલ્પનાના, ભાવનાઓના અને ઊર્મિઓના જે અજ્ઞાત પ્રદેશો સામાન્ય રીતે આપણને કાવ્યમાં

જોવાને મળે છે તેના કરતાં આ અનુભૂતિનો પ્રદેશ જ જાણે નવો આકર્ષક અને માનવજાતિ આગળ કોઈ અનુભૂતિની દિવ્ય શકયતા રજૂ કરનારો અવનવો રમ્ય પ્રદેશ લાગે છે. ભાવિ સમુત્ક્રાંતિ વડે સિદ્ધ થનાર દિવ્ય ભૂમિકા વિષે કહે છે :

There is a glory of unrealised things
To which Time's golden gains seem flimsy dross;

'હજી સુધી સિદ્ધ નહિ થયેલ આદર્શમાં એક એવી ભવ્યતા રહેલી છે કે જેના આગળ સમગ્ર કાળે એકત્ર કરેલી સુવર્ણ સંપત્તિ પણ નિર્જીવ—નશ્વર કચરા જેવી લાગે છે.'

એ કાવ્યમાં આગળ જતાં એ જ દિવ્ય પ્રદેશની અનુભૂતિ મેળવવા માટે ઉપનિષદની પેઠે કવિ વર્તમાન માનવને કહે છે :

A mind beyond our mind has sole that ken
Revealing unimagined harmonies,
The fate and privilege of unborn man.
—"The Silver Call"

'આપણા મનથી પર મનનું પણ મન આવી રહેલું છે અને કેવળ તેની જ પાસે દિવ્યતાની હજી સુધી કદી નહિ કલ્પાયેલ એવી સંવાદિતાઓને પ્રગટ કરવાની દૃષ્ટિ રહેલી છે, અને એ મહાન સિદ્ધિ અણજન્મ્યા એવા ભાવિના માણસોનું ભાગ્ય છે—અને એમનો એ ખાસ અધિકાર છે.'

'Symbol Moon' પ્રત્યક્ષ ચંદ્રને અને જે આનંદ અને સૌન્દર્યનું એ પ્રતીક છે તે બન્નેને એવું તો સુંદર રીતે લાગુ પડે છે અને છતાં સાથે સાથે એમાં કલ્પનાનો એવો વૈભવ અને વર્ણનની તાદૃશતા છે કે આવાં પ્રાકૃતિક કાવ્યોમાં તે એક નવી જ ભાત પાડે છે. ચંદ્ર વિષે કહે છે :

Mystic-horned here crossing the grey-hued listless
nights and days,
Spirit-silver craft from the ports of eternity,

'શાશ્વતીનાં કાલાતીત બંદરોમાંથી રહસ્યમય અણિયાળું શૃંગ ધારણ કરતો આ આત્મરૂપી રૌપ્યનો તરાપો-ચંદ્ર અહીં આવીને નીરસ અને ભૂખરા રંગની રાત્રિઓ અને દિવસો પાર કર્યા કરે છે.'

એ ચંદ્રના જામમાંથી

The air is filled from thy cup of pale mysterious wine :

'સમગ્ર વાતાવરણ કોઈ અગમ્ય વારુણિના મદથી છલોછલ ભરાઈ જાય છે.' આગળ જતાં એ ચંદ્ર 'Ship of the Gods'–'દેવતાઓની નૌકા' બને છે. અને માનવને માટે તે આનંદનું મૂર્ત સ્વરૂપ બને છે, ત્યાર પછી 'સોમરસના મદમાં ઉન્મત્ત થયેલ કોઈ દેવતાએ પોતાના હાથમાંથી કાળની નદીના પ્રવાહમાં ફેંકી દીધેલ સુરાપાત્ર' એ ચંદ્ર બને છે. માનવહૃદયના આહ્વાનના પ્રત્યુત્તર રૂપે અનંત કોટિ શંકાઓના પ્રતીકરૂપ તારાઓમાં થઈને અદૃશ્ય દેવનો આશાજનક સંદેશો લઈ આવનાર એ એક દેવદૂત બને છે. ભાવિમાં આવનાર કોઈ અપૂર્વ સૌન્દર્ય અને આનંદ મૂર્ત થાય ત્યાં સુધી તેના સંદેશવાહક તરીકે કાળે પોતાની ઘનકાંતારમાં સર્જેલી નૌકા એ ચંદ્ર બને છે.

A messenger and bearer of an unembodied beauty
and unseized bliss
advancing over our life's wan sea-significant,
bright and alone.
—"Symbol Moon"

એ ચંદ્ર 'એક અપ્રગટ સૌંદર્યનો અને અગૃહીત આનંદનો સંદેશવાહક છે, દૂત છે અને આપણા જીવનના રંગહીન નીરસ સમુદ્રમાં તે આગળ વધી રહેલ છે, અર્થપૂર્ણ, જ્યોતિર્મય અને એકાકી.'

'દક્ષિણા', નવેમ્બર, ૧૯૫૨

# શ્રી અરવિંદનું તત્ત્વદર્શન*

પ્રો. શાલાય

સન્નારીઓ અને સજ્જનો,

શ્રી અરવિંદની જીવનકથાને હું હમણાં સાંભળતો હતો ત્યારે મને અંગ્રેજ ફિલૉસૉફર એલેકઝાન્ડર બેનનું એક વાક્ય યાદ આવ્યું. એ તત્ત્વજ્ઞાનીએ કહ્યું છે : 'એક મહાપુરુષ તે અનેક પુરુષોનો બનેલો એક પુરુષ હોય છે.'

મને લાગે છે કે આ સૂત્ર શ્રી અરવિંદનું સંપૂર્ણ વર્ણન કરી આપે છે.

હકીકત એવી છે કે શ્રી અરવિંદે પોતાના જીવનમાં ક્રમે ક્રમે અથવા તો કોઈક વાર એકી સાથે પણ અનેક વ્યક્તિત્વો પ્રગટ કરેલાં છે. તેઓ એક મહાન અધ્યાપક હતા, મહાન વક્તા હતા, મહાન પત્રકાર હતા, મહાન રાજપુરુષ હતા. તેઓ એક યોગી હતા, અને એક મહા કવિ પણ હતા, મહાન ગદ્યલેખક અને મહાન સાહિત્ય વિવેચક હતા. તત્ત્વજ્ઞાનના એક મહાન ઈતિહાસકાર અને એક મહાન તત્ત્વજ્ઞાની પણ હતા. અત્યારે હું તેમનું આ જે છેલ્લું સ્વરૂપ છે, તત્ત્વજ્ઞાની તરીકેનું, તેને વિષે આપને કહીશ.

મને અત્યારે જે થોડોસરખો વખત મળ્યો છે તેમાં હું શ્રી અરવિંદના દર્શનને સમજાવવાનો પ્રયત્ન કરીશ. બેશક, આ દર્શન કેવી રીતે ઉત્પન્ન થયું એ વાત, તેમ જ એ અંગેની ચર્ચાનો સ્પર્શ તો મારાથી અહીં નહિ જ થાય.

શ્રી અરવિંદના દર્શનનું પ્રસ્થાનબિંદુ એ છે કે હિંદને તથા જગતને એક નવીન સમન્વયની જરૂર છે. ભાવિના તરફ અભિમુખ હોય એવો એક નવો તત્ત્વજ્ઞાનનો સમન્વય હિંદને તથા જગતને મળવો જોઈએ.

શ્રી અરવિંદ લખે છે : 'આપણે ભૂતકાળની ઉષાઓનાં નહિ, ભાવિના મધ્યાહ્નોનાં સંતાન છીએ.' વળી આજની સભામાં શ્રી અરવિંદનું એક બીજું

---

* ૫ ડિસેમ્બર ૧૯૫૫માં સોરબોન, પારિસ ખાતે શ્રી અરવિંદ સ્મારક સંમેલન યોજાયેલું તેમાં અપાયેલાં વ્યાખ્યાનોમાંનું આ એક છે. મૂળ ફ્રેન્ચના અંગ્રેજી અનુવાદ પરથી.

સૂત્ર પણ ઉચ્ચારાયું છે : 'ભૂતકાળ આપણે માટે પવિત્ર તો હોવો જ જોઈએ. પરંતુ ભાવિ તો એના કરતાં પણ વધુ પવિત્ર છે.'

આ સમન્વયનું સર્જન કરવા માટે એક બાજુથી પશ્ચિમની વિચારસરણી અને બીજી બાજુથી પૂર્વની વિચારસરણી પોતપોતાનો ફાળો લઈને હાજર થાય છે. પશ્ચિમનો સૌથી મોટો ફાળો તો એનું ભૌતિક વિજ્ઞાન છે. શ્રી અરવિંદ એનો પૂરેપૂરો સ્વીકાર કરી લે છે. સાયન્સે જે કાંઈ સાચી શોધખોળો કરી છે તેને સ્વીકારી લેતાં શ્રી અરવિંદ લેશ પણ સંકોચ બતાવતા નથી. આમ તો તેઓ પોતે સૌથી વિશેષ તો યોગી જ છે,—અને આ હકીકત ઉપર અહીં અત્યાર પૂર્વે ધ્યાન ખેંચવામાં આવેલું છે અને આપણે એ વિષે હવે વિચાર કરવાના પણ છીએ—છતાં તેઓ એ વાત પૂરેપૂરી સ્વીકારી લે છે કે અર્વાચીન સાયન્સ આપણને એક ઘણી જરૂરની એવી તાલીમ મેળવી આપે છે. એને લીધે આપણે ભૂતકાળની તર્કરહિત કલ્પનાઓને જતી કરી શકીએ છીએ. આની સાથે તેઓ સાયન્સને લીધે ઊભી થયેલી આખીયે પરંપરાનો પણ સ્વીકાર કરે છે. અર્થાત્, માનવે સાયન્સનો વિકાસ થયા પછી જે આર્થિક અને સામાજિક રીતનો વિકાસ સાધ્યો છે, યંત્રો વિકસાવ્યાં છે, કેળવણીનો વિસ્તાર કર્યો છે, આજ લગી પછાત રહેલી જાતિઓનું ઉત્થાન સાધ્યું છે—આ બધી વસ્તુઓને શ્રી અરવિંદે અપનાવી લીધી છે.

પહેલી નજરે તો આમાંની ઘણીખરી જરૂરિયાતો આપણને માત્ર ભૌતિક રીતની જ લાગે છે. પરંતુ શ્રી અરવિંદને એ વસ્તુ જણાઈ આવી છે કે આ સ્થૂલ ભૌતિક જરૂરિયાતોની પાછળ એક બૌદ્ધિક રીતની, અથવા એમ પણ કહી શકાય કે આધ્યાત્મિક રીતની અભીપ્સા : દિવ્ય જીવન માટેની ઝંખના આવી રહેલી છે. અને આ વિકાસનું જે આધ્યાત્મિક સ્વરૂપ છે તેનું સર્જન હિંદ તરફથી બની આવશે.

આમ એક બાજુએ પશ્ચિમની વિચારસરણી પોતાના તરફથી સાયન્સનો ફાળો નોંધાવે છે તો બીજી બાજુએ હિંદ પોતાના તરફથી આધ્યાત્મિકતાનો ફાળો લઈને, દિવ્ય જીવન માટેની અભીપ્સા લઈને હાજર થાય છે.

દિવ્ય જીવન : આમાંથી આપણા મન સમક્ષ પ્રભુનો ખ્યાલ હાજર થાય છે. તો આપણે એ જોઈએ કે શ્રી અરવિંદની દૃષ્ટિએ પ્રભુ એટલે શું છે?

શ્રી અરવિંદ આપણને આપણું સારુંયે સ્વરૂપ તેમ જ સારુંયે જીવન પ્રભુને સમર્પણ કરવાનું કહે છે, પણ જો એમ હોય તો પછી પ્રભુ એ કોઈ ખાલી વિચારરૂપ વસ્તુ કે કોઈ સ્થિર કેવલતત્ત્વ ન હોઈ શકે, અથવા તો તે કોઈ દૂર દૂરના સ્વર્ગમાં છુપાયેલી વ્યક્તિ પણ ન જ હોઈ શકે. પ્રભુ એ તો એક વાસ્તવિકતા છે. એ વાસ્તવિકતા છુપાયેલી છે છતાં તે સતત હાજર છે, અને ખરેખર આપણી અતિશય નિકટ પણ છે. શ્રી અરવિંદે દર્શાવેલા પ્રભુ તે એકી સાથે એક અને બહુ છે, એકી સાથે વ્યક્તિત્વરહિત છે તેમ જ વ્યક્તિરૂપ છે. એકતા એ જાણે કે પ્રભુનું સૌથી પ્રથમ તત્ત્વ છે. પણ એકતા અને બહુતા એ બંને સાથે સાથે ચાલે છે. એ બે એક જ સિક્કાની ઊલટાસુલટી બાજુઓ છે. આ એકસ્વરૂપી પ્રભુ આપણને બહુરૂપે દેખાય છે, તેઓ સતત બદલાતાં રહેતાં પ્રાણીઓ અને પદાર્થો રૂપે રહેલા છે.

આમ જગતમાં બે એવાં તત્ત્વો આવેલાં છે કે જેમને આપણે કદી છૂટાં પાડી શકતા નથી. શ્રી અરવિંદ કહે છે :

'જગતમાં જે કંઈ છે તે પરમાત્મામાં જ આવી રહેલું છે, જગતમાં જે કાંઈ છે તે પરમાત્મા પોતે જ છે. જગતમાં પરમાત્મા સિવાય અન્ય કશું છે જ નહિ.' પ્રભુ એ વ્યક્તિત્વરહિત તત્ત્વ છે તોપણ તેઓ એક વ્યક્તિ છે.

બહારની નજરેથી જોતાં આપણને પ્રભુની સર્વ ક્રિયાઓ અવૈયક્તિક, વ્યક્તિની સાથે કશા સંબંધ વિનાની લાગે છે. પરંતુ પ્રભુ સૌથી વિશેષે તો વ્યક્તિ રૂપ જ છે. જગતના સર્વ પદાર્થોનું એ પદાર્થતત્ત્વ છે. શ્રી અરવિંદ ઘણી વાર આ જગતને એક રીતની દિવ્ય લીલા તરીકે જ વર્ણવે છે.

તેઓ હિંમતપૂર્વક કહે છે :

'છેવટે તો પ્રભુ તે છે શું? એ તો એક અનંત ઉદ્યાનમાં એક શાશ્વતી લગીની રમત રમ્યા કરતો બાળક છે.'

શ્રી અરવિંદ પ્રભુ સાથે હરેક રીતનો સંબંધ હોઈ શકે છે એમ જણાવીને કહે છે કે : પ્રભુ તે પિતા છે, માતા છે. પ્રભુ તે પ્રિયા છે અને પ્રેમી છે. પ્રભુ તે આપણા ભ્રાતા અને ભોમિયા છે, પ્રકાશના લાવનાર અને આનંદના દાતાર છે.

પરંતુ શ્રી અરવિંદ પ્રભુ તરફથી આપણને જે આનંદનાં તત્ત્વો મળી રહે છે તે તરફ આપણું ધ્યાન ખેંચ્યા પછી આપણને ચેતાવે કે રખે આપણે પ્રભુ વિષે કોઈ ઘણો સંકુચિત ખ્યાલ બાંધી લેવાના આકર્ષણમાં સપડાઈ જઈએ. કારણ કે, આપણે એ વસ્તુ પણ સમજવાની છે કે આ જગતમાં આપણને જે વસ્તુઓ અનિષ્ટ અને દુ:ખ રૂપે દેખાય છે તે પણ પ્રભુ તરફથી જ આવતી હોય છે.

શ્રી અરવિંદ આપણને સમજાવે છે કે, જગતમાં પ્રાણીઓમાં અને પદાર્થોમાં જે હિંસા રહેલી છે, કુદરત પોતાનાં જ સર્વ તત્ત્વોનું પોતે જે ભક્ષણ કરી જાય છે, કાળ આવીને આપણને જીર્ણ કરી નાખે છે ને ભરખી જાય છે, અને છેવટે પેલું જે અનિવાર્ય એવું મૃત્યુ આવીને ખડું થાય છે— આ બધી આપણને અનિષ્ટ રૂપ લાગતી વસ્તુઓ કોઈ સર્વશક્તિમાન સેતાનને લીધે બનતી હોય છે, યા તો પ્રકૃતિએ પોતે પણ બનાવેલી છે કે પછી માણસના પાપને લીધે પ્રગટેલી છે એમ જો આપણે માની લઈએ તો તે એક નરી કાયરતા જ છે. પરંતુ આપણે હિંમતપૂર્વક એ વાત સ્વીકારી લેવી જોઈએ કે આ બધું પણ પરમાત્મામાંથી જ આવતું હોય છે. પ્રભુનો હસ્ત આપણને પંપાળતો હોય ત્યારે જ નહિ પણ તે આપણને પ્રહાર કરતો હોય છે ત્યારે પણ પ્રભુનો હસ્ત છે એમ આપણે અનુભવવું જોઈએ

તો આપણે જે પ્રગતિ કરવાની છે તે આ રીતની છે : જગતની બહારથી દેખાતી વિસંવાદિતતાઓની પાછળ આવી રહેલા આ પરમ સંવાદને આપણે બરાબર સમજી લેવાનો છે. આ જગતમાં અંધાધૂંધી આવી રહેલી છે એ વાતનો સ્વીકાર કરીને પણ આપણે એ સમજવાનું છે કે આ બધું હોવા છતાં આપણને પ્રભુ પોતાની સુયોજિત વ્યવસ્થા અને પરમ આનંદમાં ધારણ કરી રહ્યા છે, આ અનેકોની દ્વારા પ્રભુ પોતાનો આવિર્ભાવ કરી રહ્યા છે. આ બહુતાની મારફતે એક એકતા પોતાનો વિસ્તાર કરી રહી છે. શ્રી અરવિંદ હવે એમ કહે છે કે આ એક અને બહુની વચ્ચે એક મધ્યગામી તત્ત્વ અથવા કહો કે એક મધ્યસ્થા વ્યક્તિ આવી રહેલી છે. એ છે મા ભગવતી. એ મા ભગવતી એકના ગર્ભમાંથી આ અનેકને બહાર લઈ આવે છે. અને પછી વળી, અમુક કાળે, આ આત્માઓની બહુતાને પાછી એકઠી કરીને એકતા તરફ લઈ જાય છે.

આમ આપણે જગતમાં એક બેવડી ગતિ ચાલી રહેલી જોઈએ છીએ. એમાંની એક ગતિ તે તિરોભવન યા અવતરણની છે અને બીજી ગતિ તે આવિર્ભાવન યા આરોહણની છે. અવતરણ : દિવ્ય પરમાત્મા પ્રથમ મનની

અંદર અવતરણ કરે છે. આ શબ્દ આપણે અહીં આ પૂર્વે વાપરી ગયા છીએ. શ્રી અરવિંદ મનને એક ભેદસર્જક બુદ્ધિ તરીકે વર્ણવે છે. જગતમાં ભિન્ન ભિન્ન રૂપે પ્રગટ થયેલાં પ્રાણીઓનું જે માનસિક જીવન છે તે આ મન છે. આમ આ પરમાત્મા પ્રથમ મનમાં અવતરે છે. પછી પ્રાણમાં અવતરે છે અને છેવટે જડતત્ત્વમાં અવતરે છે. આ જડતત્ત્વ તે સત્ તત્ત્વની છેલ્લી અવસ્થા છે.

અને આ પછી આવે છે વિકાસની ગતિ, આરોહણ. એ આરોહણની ક્રિયા ઉપર મા ભગવતીની કરુણા અધ્યક્ષસ્થાને વિરાજેલી છે. જડતત્ત્વ પ્રાણને વીંટીને બેઠેલું છે અને પછી તે એ પ્રાણને–જીવનતત્ત્વને પોતામાંથી બહાર લાવે છે. પ્રાણતત્ત્વ મનને આવરી બેઠેલું છે અને પછી તે પોતામાંથી મનને બહાર લાવે છે. આપણે હવે અહીં અટકી જવું પડશે એમ લાગે છે કારણ કે, વિશ્વને આપણે જે રીતે જાણીએ છીએ તે મુજબ તેમાં મનથી ઉપરની હોય તેવી કોઈ વસ્તુ કયાંય નજરે પડતી નથી. પરંતુ ખરી રીતે તો મનથી ઉપર અતિમનસ હોવું જ જોઈએ. અત્યારના મનના ગર્ભમાં પણ આપણે અતિમનસમાં ચિહ્નો જોઈ શકીએ છીએ. આપણા મનમાં અમુક સહજજ્ઞાનો અને આકર્ષણો આવી રહેલાં છે. અમુક રીતનાં પૂર્વજ્ઞાન રહેલાં છે અને તે મનની અંદર રહેલા અતિમનસની હાજરી જ સૂચવતાં હોય છે.

મનુષ્ય એ સૃષ્ટિનું છેલ્લું સર્જન નથી. માનવની પછી અતિમાનવ આવવો જ જોઈએ.

તો આ રીતે વિકાસક્રમ ચાલી રહેલો છે. એ વિકાસક્રમે પ્રાણમાંથી મનને બહાર આણ્યું છે અને એ હવે મનમાંથી અતિમનસને બહાર લઈ આવશે.

અને આપણને હવે આમંત્રણ આવી ગયું છે કે આ વિકાસક્રમની ગતિમાં આપણે ભાગ લઈએ. આપણે પ્રકૃતિની શક્તિને વધારે વેગવાન બનાવવી જોઈએ અને આપણી માનવ સંકલ્પશક્તિનો તેને ટેકો આપવો જોઈએ અને એ રીતે આપણે ચેતનાનો વિકાસ સિદ્ધ કરવો જ જોઈએ.

અને શ્રી અરવિંદ જેને 'પૂર્ણ યોગ' તરીકે વર્ણવે છે તેનું કાર્ય તે આ જ છે. બીજાં સર્વ દર્શનોમાં છે તે મુજબ યોગનો અર્થ છે પ્રભુ સાથે મિલન. પરંતુ શ્રી અરવિંદ આ યોગને એક પૂર્ણ યોગ બનાવવા માગે છે. એટલે કે આ યોગમાં માણસની સર્વ શક્તિઓનો સમાવેશ થઈ જવો જોઈએ.

પરંતુ આ વિષયમાં એક ગોટાળો ઊભો થવાનો સંભવ છે અને આપણે આગળ વધીએ તે પહેલાં તેનું નિરાકરણ કરી લઈશું. લોકો ઘણી વાર યોગ અને ત્યાગવાદને એકબીજામાં ભેળસેળ કરી નાખે છે. પણ એમ કરવું એ તો ભારે ભૂલ છે. યોગ એ કાંઈ ત્યાગવાદ નથી. ત્યાગવાદ તો જગતને બેડોળ કરી મૂકે છે, જ્યારે શ્રી અરવિંદનો યોગ તો જગતને સુંદર રીતે શણગારી આપે છે. ત્યાગવાદ શરીરને તિરસ્કારી નાખે છે, પણ શ્રી અરવિંદનો યોગ આથી ઊલટું, શરીરનો વિકાસ કરવાનું લક્ષ્ય સેવે છે. શ્રી અરવિંદે શિક્ષણની એક પદ્ધતિ ઉપજાવેલી છે. એ પદ્ધતિનું એક અતિશય લાક્ષણિક તત્ત્વ એ છે કે તેમાં શારીરિક શિક્ષણને ઘણું જ મહત્ત્વ આપવામાં આવેલું છે શરીર એ કાંઈ ધિક્કારી કાઢવા માટેની વસ્તુ નથી. એ તો એક ઘણી મહત્ત્વની વસ્તુ છે. શ્રી અરવિંદનાં એક અતિ અદ્‌ભુત સાથીદાર તરીકે કામ કરી રહેલાં શ્રી માતાજી શારીરિક કેળવણીની એક દ્વિભાષી પત્રિકા બહાર પાડે છે, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષામાં. અને એ એક ખરેખર અતિશય ઉત્તમ કોટિનું પ્રકાશન છે. એમાં ઘણા જ રસદાયક વિચારો અને સુંદર ચિત્રો આપવામાં આવે છે.

આમ આપણે જોઈએ છીએ કે આ યોગમાં શરીરને કે જીવનને ધિક્કારી કાઢવાની વાતને તો કોઈ સ્થાન જ નથી. તેમ જ આપણે જીવનમાંથી નાસી છૂટવાનો પણ કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. ખરું જોતાં આપણને પુકાર તો એમ મળે છે કે આપણે જીવનથી આગળ વધીને દિવ્ય જીવનના માર્ગ પર આગેકૂચ શરૂ કરીએ.

આમ એક આ ત્રિ-પથા સાધના છે : માનવનું મન, હૃદય અને સંકલ્પશક્તિ, ત્રણેને એ સક્રિય કરે છે.

મન : આપણા નાનકડા સ્વરૂપની પાછળ આપણું એક મહાન આત્મ-સ્વરૂપ આવી રહેલું છે. એને શોધવા માટે આપણે આપણી અંદર ઊંડે ઊંડે ડૂબકી મારવાની છે. આ વિશ્વના ઘણી વાર વિસંવાદી દેખાતા આભાસોથી પર આવેલી એક પરમ સંવાદિતતા આપણે શોધવાની છે. આ કાર્ય મને કરવાનું છે.

હૃદય : હૃદયે તો મન કરતાં પણ વધુ મહત્ત્વનો ભાગ ભજવવાનો છે. આપણે તો તમામ દુન્યવી પ્રેમો અને મૂર્તિપૂજાઓથી ખૂબ ખૂબ ઉપર ચાલ્યા જવાનું છે, શબ્દાતીત પ્રભુની આરાધનામાં પહોંચવાનું છે. આ આરોહણની પ્રક્રિયા એવી છે કે એમાં સાથે સાથે જ રૂપાંતર પણ થતું રહે છે. જીવનમાં

સર્વ ઊર્ધ્વ સ્વરૂપોનો આનંદ શોધી લેનારું આ હૃદય જે પુરુષાર્થ આદરે છે એને લીધે જગતમાં હરેક ચીજ નવું જ રૂપ લેવા લાગે છે.

છેવટે આવે છે સંકલ્પ : જીવનમાં સંકલ્પશક્તિ તો સક્રિય બનવી જ જોઈએ. કારણ કે કર્મો તો કરવાનાં જ છે કર્મનો યોગ તો આવશ્યક જ છે, અને સ્વેચ્છાપૂર્વક આદરાતો યજ્ઞ–બલિદાન, એની પણ જરૂર છે. આ બલિદાન એટલે આપણું પોતાનું કશા પણ અર્થ વિના વિલોપન કરી નાખવું એમ નથી. બલિદાનનો અર્થ છે સ્વ–અર્પણ. આ બલિદાન તે આપણે આપણા અહંકારનું આપવાનું છે. જીવનની સંપૂર્ણતાનો આનંદ આપણે આ અહંકારને લીધે જ લઈ શકતા નથી.

યોગનો આરંભ, એક રીતે કહીએ તો, આ પ્રમાણે થાય છે. અને એ આરંભ કરવામાં અંગત પ્રયત્નની જરૂર રહે છે. આ પ્રયત્ન આપણે બુદ્ધિના માર્ગે, હૃદયના માર્ગે અને સંકલ્પના માર્ગે કરીએ છીએ. આ અવસ્થા વટાવી ગયા પછી આપણે એક નવીન અને છેવટના તબક્કામાં પહોંચીએ છીએ. એ હોય છે પ્રભુને આત્મ–સમર્પણનો કાળ.

આપણી સાધનાની પ્રાથમિક અવસ્થામાં આપણને જે અંગત પ્રયત્નની જરૂર રહેતી હોય છે તે ધીરે ધીરે ઓછી થતી જાય છે અને છેવટે જતાં તે બિલકુલ અદૃશ્ય થઈ જાય છે. એ સ્થિતિમાં પહોંચતાં સાધકમાં પ્રભુ ખીલી ઊઠે છે. આપણે દિવ્ય સ્વરૂપો બની જઈએ છીએ. કારણ કે આપણે આપણા સ્વરૂપના ગહન ઊંડાણમાં તો તત્ત્વરૂપે પ્રભુ હતા જ. અને આમ થતાંની સાથે જ એક સક્રિય આનંદ આવીને ઊભો રહે છે. પ્રભુ સાથે એક બની ગયેલો માનવ વિશ્વની આખીયે વાસ્તવિકતાને ચાહવા લાગે છે. તે સર્વ મનુષ્યોને અને જગતમાં આવેલી હરેક વસ્તુને તે ચાહે છે. માનવ સંબંધોમાં જે કાંઈ કૃપણતા રહેલી હોય છે તે બધીય હવે ચાલી જાય છે. બધા જ સંબંધો હવે એક ઊર્ધ્વ જીવન માટેની ભવ્ય તકો બની રહે છે. આવી રીતે જ્યારે સર્વ માનવ સંબંધો, ક્ષુદ્રમાં ક્ષુદ્ર વસ્તુઓ અને અતિશય સામાન્ય પરિસ્થિતિઓ પ્રભુ સાથેની દિવ્ય એકતામાં મુકાઈ જાય છે ત્યારે તે બધાં એક અદ્‌ભુત રૂપ ધારણ કરી લે છે. જીવન એ એક ઉત્તમ કળાકૃતિ બની રહે છે, હરેક પ્રકારના આનંદોથી સભર એવું એક અદ્‌ભુત કાવ્ય બની રહે છે. આપણને ખરેખર દિવ્ય આનંદ આવી મળે છે.

હવે એમ લાગે છે કે આપણી યાત્રાને આપણે અહીં જ અટકાવી શકીએ છીએ, કારણ કે, આપણે માત્ર આ શિખર સુધી જ પહોંચી શકીએ તેમ છીએ.

અને ત્યાં આપણે પહોંચવું પણ જોઈએ જ. પરંતુ ત્યાં પહોંચતાં પહેલાં આપણે શ્રી અરવિંદે પોતે પોતાની સમક્ષ જે એક વાંધો ઊભો કરેલો છે તેનો જવાબ વાળવાનો રહે છે. આપણું લક્ષ્ય જો અમુક છૂટાછવાયા આત્માઓ માટે જ આનંદની પ્રાપ્તિ કરી લેવાનું હોય તો તો આપણે આ શિખર ઉપર અવશ્ય પહોંચી શકીએ છીએ. પરંતુ પરિસ્થિતિ એવી નથી. આપણો પ્રશ્ન તે ચુનંદા માણસો માટે જ કાંઈ આનંદ શોધવો એ રીતનો નથી. આપણે તો એ ઉપરાંત બાકીના આખાયે સમાજનો વિચાર કરવાનો છે.

શ્રી અરવિંદે પોતાના એક ગ્રંથનું નામ 'ધ હ્યુમન સાયકલ' (માનવચક્ર) એમ રાખેલું છે, અને એમાં તેઓ વ્યક્તિ કે સમાજ એમાંથી એકેનો ઈનકાર કરતા નથી. અમુક થોડાએક ભાગ્યશાળી માણસો માટે જ આનંદ મેળવી આપવો જ એ આપણું લક્ષ્ય હોય તો પછી આપણે આપણી આસપાસ આવી રહેલા સમાજનો પુકાર જરૂર ભૂલી જ જવાના. કારણ કે આપણો સમાજ તો એક સામુદાયિક નિરાકરણ માગે છે. સર્વ માનવોને માટેનો ઉકેલ માગે છે. અને શ્રી અરવિંદ આવું એક ચોંકાવે તેવું વાકય લખે છે :

'એકાદ રડયાખડયા માનવને મોક્ષ મેળવી આપીએ તેના કરતાં આપણા દુર્ભાગી માનવબંધુઓ સાથે નરક નિવાસ કરવો બહેતર છે.'

શ્રી અરવિંદે પોતાની સમક્ષ આ રીતનો વાંધો ઉઠાવ્યો છે. પરંતુ એ વાંધો ઊભો કર્યા પછી, એનો ઉકેલ આપી શકે તેવો જવાબ તેમને એક ઉપનિષદમાંથી મળી આવે છે. એ જવાબ એવો છે કે જે મનુષ્ય પોતાને માટે દિવ્ય આનંદ પ્રાપ્ત કરી લાવે છે તે પોતાની એ સિદ્ધિ દ્વારા જ સૌ કોઈને પોતાની આસપાસ ભેગા કરી લે છે. એ એક પ્રકાશ જેવો બની જઈને અન્ય સૌ કોઈને પ્રકાશ આપનાર બની રહે છે અને સર્વને પોતાની તરફ આકર્ષવા લાગે છે. એનું જીવન જો એક આનંદના કૂપ સમાન બની ગયું હોય છે તો અન્ય લોકો પોતાની તરસ છિપાવવાને ત્યાં અવશ્ય આવી શકે છે. માટે, માણસ જો પરમ આનંદની સાધના કરતો હોય છે તો તે કેવળ તેને પોતાને ખાતરની જ સાધના રહેતી નથી. એ સાધના એને પોતાને ખાતર હોય છે તેમ જ સૌ કોઈને માટે પણ હોય છે. આ જાણે કે પ્રકાશ અને અંધકાર વચ્ચે ખેલાઈ રહેલા એક મહા યુદ્ધ જેવી વસ્તુ છે. અને આ યુદ્ધ આપણે આપણી પૃથ્વી ઉપર ખેલી લેવાનું છે, કારણ કે, કદાચ આ પૃથ્વીને જ સહાયની સૌથી વધુ જરૂર છે. અને આ સહાય માટેનો સૌથી વધુ આર્ત પુકાર પણ પૃથ્વીનાં પેટાળમાંથી જ આવતો હોય છે.

ત્યારે પ્રશ્નનું નિરાકરણ આ પ્રમાણેનું છે. આ વ્યાખ્યાનના આરંભમાં મેં સમન્વયની વાત કરેલી તે જ હવે ઉપસંહારમાં હું કહી લઉં છું. હવેના ભવિષ્યમાં, આ જે નવીન સમન્વય રચાવાનો છે તેમાં પશ્ચિમનું વિજ્ઞાન પોતાનો જે ફાળો લઈ આવ્યું છે તેમાં હિંદની આધ્યાત્મિકતા પોતાનો ફાળો પણ ઉમેરશે. હિંદ આપણને પ્રભુને શોધવા માટેની અને પામવા માટેની પદ્ધતિ આપશે. અને આપણને આ જ વસ્તુની સૌથી વિશેષ જરૂર છે. આપણને જેટલી આપણા વિજ્ઞાનની જરૂર છે એટલી જ આ આધ્યાત્મિકતાની જરૂર છે. ત્યારે શ્રી અરવિંદે આ રીતનો તત્ત્વજ્ઞાનનો સમન્વય ઉપજાવેલો છે અને તેને સાચી રીતે ભાવિની સાથે સાંકળી આપ્યો છે. અને ભાવિને તો આ સમન્વયની સૌથી વિશેષ જરૂર છે.

આવી આધ્યાત્મિકતાનો ફાળો લઈ આવવા માટે આપણે આપણા પ્રિય હિંદને અંજલિ અર્પણ કરીશું. અને શ્રી અરવિંદને તો આપણે આપણા તરફથી ખાસ અંજલિ અર્પીશું. જગતના વિકાસક્રમમાં આ ભવ્ય ફાળો તો આપણને એ મહાન અને પ્રિય શ્રી અરવિંદ તરફથી જ મળેલો છે. એ માટે આપણે એમના ઋણી છીએ.

(શ્રી અરવિંદ સર્કલ, ૧૯૫૭) 'દક્ષિણા' : ઑગસ્ટ ૧૯૫૭

---

# શ્રી અરવિંદ સ્મારક સંમેલન

[ઉદ્‌ઘાટન]

## ૨૪ એપ્રિલ ૧૯૫૧

શ્રી અરવિંદ આપણી વચમાં હાજર છે અને પોતાની સર્જક પ્રતિભાના સર્વ સામર્થ્યપૂર્વક તેઓ આ યુનિવર્સિટી કેન્દ્રની રચનાના કાર્ય ઉપર અધ્યક્ષ પદે વિરાજેલા છે. તેઓએ જોયું હતું કે અતિમનસનો પ્રકાશ અહીં આવીને આજની માનવ જાતિમાં રહેલી ઉત્તમોત્તમ વ્યક્તિઓને એક નવી માનવ-જાતિના રૂપમાં પલટી આપશે અને એ રીતે પૃથ્વી ઉપર એક નવીન જ્યોતિનો, નવીન શક્તિનો અને નવા જીવનનો આવિર્ભાવ થશે. એ પ્રકાશને ઝીલવા માટે ભાવિની માનવ જાતિને તૈયાર કરવાનું એક ઉત્તમ સાધન તે આ રીતની યુનિવર્સિટી છે એમ તેઓ કેટલાં યે વર્ષોથી વિચારી રહ્યા હતા.

શ્રી અરવિંદના આ એક અતિ પ્રિય આદર્શને સિદ્ધ કરવાના હેતુથી મળી રહેલા આ સંમેલનને હું શ્રી અરવિંદના નામે આજે ખુલ્લું મૂકું છું.

શ્રી માતાજી

# ઠરાવો

[ ૧ ]

આ સંમેલન ઠરાવે છે કે શ્રી અરવિંદના એક અતિ પ્રિય આદર્શને સિદ્ધ કરવા માટે તેમ જ અતિમનસના પ્રકાશને ઝીલવા માટે માનવજાતિને તૈયાર કરવાનું જેને તેઓ એક ઉત્તમ સાધન ગણતા હતા તેને મૂર્ત સ્વરૂપ આપવા માટે, શ્રી માતાજીએ મંજૂર કરેલી દિશા મુજબ, તેમ જ તેમની દોરવણી અને કાબૂ હેઠળ શ્રી અરવિંદને માટેના સુયોગ્ય સ્મારક રૂપે પોંડીચેરીમાં એક આંતર-રાષ્ટ્રીય યુનિવર્સિટીની સ્થાપના કરવી.

આ સંમેલન એ વાતની સંતોષ સાથે નોંધ લે છે કે દેશની અંદર તેમ જ બહાર જુદી જુદી દિશાઓમાંથી આ યુનિવર્સિટી અંગે ઉત્સાહપ્રેરક પ્રત્યુતર મળી રહ્યો છે. આ સંમેલન હિંદની અંદર તેમ જ બહાર રહેતા સર્વ લોકોને વિશ્વાસપૂર્વક વિનંતી કરે છે કે શ્રી માતાજીએ આ કાર્ય માટે શરૂ કરેલા ફંડની અંદર તેઓ ઉદાર રીતે પોતાનો ફાળો આપે અને પોતાની રકમ પાંડિચેરીમાં તેઓ શ્રી માતાજીને મોકલી આપે.

આ સંમેલન ઠરાવે છે કે આ કાર્યમાં ટેકો મેળવવા માટે, હિંદમાંથી તેમ જ બહારના દેશોમાંથી પ્રતિનિધિ રૂપ હોય તેવી વ્યક્તિઓની સહી સાથે એક યોગ્ય અપીલ બહાર પાડવી અને આ બાબતમાં જરૂરી પગલાં લેવા માટે પ્રમુખને સત્તા આપવી.

[ ૨ ]

આ સંમેલન શ્રી અરવિંદના સ્મારક રૂપે કલકત્તા અને વડોદરા, કે જે સ્થળોની સાથે શ્રી અરવિંદના જીવનનો તથા પ્રવૃત્તિઓનો એક મહત્ત્વભર્યો અને પુનિત કાળ સંકળાયેલો છે ત્યાં શ્રી અરવિંદના જીવનદર્શનના અભ્યાસ તથા વિસ્તાર માટે કેન્દ્રો સ્થાપવા માટે થઈ રહેલા પ્રયત્નોને આવકારે છે, અને એવી આશા વ્યક્ત કરે છે કે હિંદમાં તેમ જ હિંદ બહાર સંસ્કૃતિનાં જુદાં જુદાં કેન્દ્રોમાં આ પ્રકારની બીજી સંસ્થાઓ ઊભી થશે.

આવાં સ્મારકો માટેનો આરંભ જે સ્થળે સ્મારક ઊભું થવાનું હોય ત્યાંના લોકો તરફથી થાય તે ઈષ્ટ રહેશે. આ રીતે ઊભી થતી સંસ્થાઓ પોત-પોતાના કાર્યમાં એકધારું ધોરણ જાળવી શકે તેમ જ પરસ્પર યોગ્ય રીતે સંકળાયેલી રહી શકે તે માટે પોંડિચેરીમાંની કેન્દ્રસ્થ સંસ્થા સાથે ગાઢ સંપર્કમાં રહીને કામ કરે તે ઇચ્છવા યોગ્ય છે.

[ ૩ ]

આ સંમેલન શ્રી માતાજીને એક એવી કમિટી નીમવા માટે વિનંતી કરે છે કે જે તેમની સાથે સંપર્કમાં રહે અને ફંડ તથા સાધનસામગ્રી ભેગી કરવાના કામમાં મદદ આપે.

## સંદેશાઓ

આપના કન્વેન્શનમાં તો નથી આવી શકતો. પણ એની સફળતા માટે મારી ઉત્તમોત્તમ શુભેચ્છાઓ પાઠવું છું. જગતમાં વિશ્લેષણવાદી દૃષ્ટિનો યુગ હવે પૂરો થવા આવ્યો છે. એ દૃષ્ટિએ પોતાનો ભાગ ભજવી લીધો છે. હવે કોઈક બીજી વસ્તુની જરૂર છે. એ વસ્તુ છે સમન્વય. એ સમન્વય યુગનો આરંભ હવે તૈયારીમાં છે. પણ તે કેવી રીતે બનશે ? તે માટે જગતના સર્વ વિભાગો એક સંવાદમયતાની અંદર એકત્ર થાય એ માટેનું દર્શન પૂરું પાડે તેવું એક ઉચ્ચ કક્ષાનું કેન્દ્ર હસ્તીમાં આવવું જોઈશે.

—સાલ્વદોર દ. માડારિયાગા, પ્રોફેસર ઑફ સ્પેનિશ સ્ટડીઝ (ઑક્સફર્ડ)

માનવતાના પૂર્ણ રૂપાંતર માટેના તમારા આ સાહસને એક ભવ્ય સફળતા મળો એવી અમારી પ્રાર્થના છે. અમે માનીએ છીએ કે સારા યે જગતમાં આવેલાં આધ્યાત્મિક બળોનો સહકાર તમને અવશ્ય મળી આવશે.

—અમેરિકન ઍકેડેમી ઑફ એશિયન સ્ટડીઝ, સાન ફ્રાંસિસ્કો

શ્રી અરવિંદના સાહિત્યનો હું લાંબા કાળથી માનપૂર્વક અભ્યાસ કરતો રહ્યો છું. અને તેમાંથી મેં ઘણું જાણ્યું છે.

એક આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીની આ યોજનાને હું પૂર્ણ હૃદયથી ટેકો આપું છું. આ અંગે હું જો કોઈ પણ બાબતમાં કામ આવી શકું તેમ હોઉં એમ આપને લાગે તો તે બાબત મને લખતાં સંકોચ ના રાખશો.

—ડૉ. અમરનાથ ઝા, ચેરમેન, પબ્લિક સર્વિસ કમિશન, ઉત્તર પ્રદેશ

પોંડિચેરીમાં મળનારા મહત્ત્વના કન્વેન્શનમાં ભાગ લેવાને મને મળેલા આમંત્રણને હું એક મોટું માન ગણું છું તેમ જ તેને સેવા માટેનો એક સાદ સમજું છું. આ કન્વેન્શનમાંથી જે પરિણામ આવશે તે કેવળ હિંદના જ નહિ પણ જગતના ઈતિહાસમાં એક અતિ મહત્ત્વની એક યુગ-પ્રવર્તક જેવી ઘટના બની રહેશે. શ્રી અરવિંદને જગત હવે વર્તમાન યુગના એક અતિ ભવ્ય વિચારક

તરીકે અને ભાવિ જગતના પયગંબર તરીકે વધુ ને વધુ સ્વીકારવા લાગ્યું છે. એવા મહાચિંતકના દર્શન મુજબ એક આંતરરાષ્ટ્રીય વિદ્યાપીઠની સ્થાપના થવી એ માનવતાના ઈતિહાસમાં સાચે જ એક નવો દિશાપલટો બની રહેશે.

—કે. સી. વરદાચારી, અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ, શ્રી વેંકટેશ્વર કૉલેજ, તીરુપતિ

શ્રી અરવિંદનું મહાન વ્યક્તિત્વ જોતાં તેમના ગૌરવને છાજે તેવું એક સ્મારક ઊભું થાય એવી આશા સ્વાભાવિક રીતે જ સૌ કોઈમાં જન્મે છે. શ્રી અરવિંદે પોતે જ આ યુનિવર્સિટીનો ખ્યાલ સર્જ્યો હતો એટલે તેમનું સૌથી ઉત્તમ સ્મારક એ જ હોઈ શકે તે તો સ્પષ્ટ વાત છે.

આખા જગત સમક્ષ અને ભાવિ માનવતા આગળ શ્રી અરવિંદના સંદેશને રજૂ કરવો અને તેનો વિકાસ કરવો એ કાર્ય તો જેઓ શ્રી અરવિંદની સાથે તેમના જીવન દરમિયાન ઊંડા સંપર્કમાં રહેલા છે અને તેમના હાથ નીચે તાલીમ પામેલા છે તેમના શિરે જ રહેશે. એ દિશામાં તેમને સહાય રૂપ થઈ શકે એવાં કોઈ સૂચનો કરવાનો હું વિચાર કરું તે ધૃષ્ટતા જ ગણાય.

મારું આરોગ્ય એવું છે કે હું મુસાફરી કરી શકતો નથી. મારી આ અશક્તિને લીધે થનારું બધું નુકશાન કેવળ મારું જ છે.

—કિશોરલાલ ઘ. મશરૂવાળા, વર્ધા

હું આ સંમેલનને સંપૂર્ણ સફળતા ઈચ્છું છું.

આ પ્રવૃત્તિમાં તો સારીયે માનવસંસ્કૃતિના વિકાસનું કામ આવી જાય છે અને માનવને માનવ તરીકે આંતર તેમ જ બાહ્ય રીતે કેવી રીતે પૂર્ણ કરવો તે પ્રશ્નનો ઉકેલ તે હાથ ધરશે. એ રીતે જોતાં આ પ્રવૃત્તિ દિવસે દિવસે અવશ્ય વેગ પકડતી જશે. શ્રી અરવિંદનો બોલેલો અને લખેલો શબ્દ અને તેમના મહા આકર્ષક વ્યક્તિત્વની પ્રેરણા એ આ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવશે. આ મહાન કાર્યમાં હું મારા તરફથી સંપૂર્ણ સહૃદય સહકારની ખાતરી આપું છું.

—આર. કે. યાજ્ઞિક, ડાયરેકટર ઑવ એજ્યુકેશન, સૌરાષ્ટ્ર

સાચે જ આ એક કેવળ હિંદ માટે જ નહિ પણ સારા યે જગત માટે એક અતિ મહાન આંતરરાષ્ટ્રીય ઘટના છે. અને એ અંગેના કન્વેન્શનમાં ભાગ

લેવાના આમંત્રણને હું મોટું સદ્‌ભાગ્ય માનું છું. શ્રી અરવિંદ ચાલીસ કરતાં યે વધુ વર્ષોથી હિંદ ઉપર પોતાની જ્યોતિનો પ્રકાશ રેલાવતા રહ્યા છે અને સારા યે જગતને તેમણે આપણી આધ્યાત્મિક સમૃદ્ધિનું દાન કરેલું છે. જગતના તત્ત્વ-વિચારમાં શ્રી અરવિંદનો ફાળો હમેશને માટે એક અનન્ય વસ્તુ રહેવાની છે. શ્રી અરવિંદ હિંદ છોડીને પોંડિચેરીમાં જઈ વસ્યા ત્યાર પહેલાં તેમની સાથે પરિચયમાં આવવાનું ભાગ્ય મને હતું. ખૂબ જ માનપૂર્વક હું તેમની પોંડિચેરીમાંની પ્રવૃત્તિઓ સાથે પણ પરિચયમાં રહેલો છું, એવી આ મહા વિભૂતિના સ્મરણને કાયમ રૂપ આપવા માટે જે કંઈ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે તેને મારો ટેકો છે જ.

જમનાદાસ મહેતા, મુંબઈ

ઈસ્ટ આફ્રિકા કમિટીના સભ્યો પોતાના પ્રણામ પાઠવે છે અને શ્રી અરવિંદના સ્મારકને આર્થિક તેમ જ બીજી રીતનો સંપૂર્ણ સહકાર આપવાનું વચન આપે છે. અમે જોઈએ છીએ કે અત્યારે અનેક અણધાર્યાં સ્થળોમાં શ્રી અરવિંદ પ્રત્યે માન ઉત્પન્ન થઈ રહ્યું છે અને આ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી માટે ઉત્સાહ જાગી રહ્યો છે.

–શિવાભાઈ અમીન, બાર-ઍટ-લૉ, કેન્યા

આ કન્વેન્શન ભરવા પાછળ રહેલી ભાવનાએ મારા હૃદય ઉપર ખૂબ જ ઊંડી અસર કરી છે. આપણે પરમાત્મા સાથે એક સ્વરૂપ છીએ આ રીતની ચેતનાના વિસ્તાર માટે પ્રવૃત્તિ કરતા એક સક્રિય કેન્દ્રની આપણને આજે ખૂબ જ જરૂર છે. 'દાતરડું અને હથોડો'નો પંથ આજે ખૂબ જ ઝનૂનપૂર્વક એ સિદ્ધાંતનો પ્રચાર કરી રહ્યો છે કે માણસની ચેતનાનું ઐક્ય તો પશુની સાથે છે. અને આ પંથને આજે સફળતા પણ મળી રહી છે, કેમકે માણસમાં રહેલા પશુને જગાડવાનું કામ સહેલું છે. આ સિદ્ધાંતની સામે આપણે એકેએક મોરચા ઉપર લડી લેવાનું છે. અને આ ડાયાલેક્ટિક (વિકાસગતિક) જડવાદમાં રહેલી નિઃસત્ત્વતા અને પ્રચારલક્ષી આડંબરને નિર્દયપણે ખુલ્લાં પાડવાનાં છે. જે યુનિ-વર્સિટીનું સર્જન આપ વિચારી રહ્યા છો તેની પાછળ શ્રી અરવિંદના આદર્શોની પ્રેરણા રહેલી છે અને તેથી તે કૉમ્યૂનિઝમ અને તેની સર્વ વસ્તુઓને એક મરણતોલ ઘા મારી આપશે.

–ડૉ. પી. એસ. નાઈડુ, અધ્યક્ષ–કેળવણી વિભાગ, અલાહાબાદ યુનિવર્સિટી

આપ સર્વે જાણો છો કે આપણું ધ્યેય એક યુનિવર્સિટી કેન્દ્રની, અથવા તો જેને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીનું નામ આપ્યું છે તેવી એક સંસ્થા સ્થાપવા માટેનું છે. આવી સંસ્થાની સ્થાપના થવી એ ખરું જોતાં તો પૃથ્વી ઉપર એક નવીન જીવન અને નવી ચેતના ધારણ કરતી એક નવીન માનવજાતિની સ્થાપના કરવા જેવું જ બનશે. આ વસ્તુ થઈ શકશે અને થશે પણ ખરી, એ રીતનું વચન આપણને મળી ચૂક્યું છે. અને આપણે જાણીએ છીએ કે જેની દ્વારા એ વચન સફળ થવાનું છે તે શ્રી માતાજી આપણી વચ્ચે જ છે.

—નલિનીકાન્ત ગુપ્ત

# પ્રમુખસ્થાનેથી

શ્રી અરવિંદના જીવનમાં અને તત્ત્વદર્શનમાં રહેલા રહસ્યને સંપૂર્ણ રીતે સમજવું સામાન્ય માણસ માટે ઘણું વિકટ છે. માનવ આત્માએ આદરેલી અખંડ સાધનાના ઉચ્ચમાં ઉચ્ચ શિખરે તેને જે એક સંપૂર્ણ તત્ત્વપ્રકાશ લાધે છે તેનું પ્રતિબિંબ આપણને શ્રી અરવિંદના તત્ત્વદર્શનમાં મળે છે. શ્રી અરવિંદે જે કોટિની આધ્યાત્મિક સાધના કરેલી છે તે કોટિએ તો બહુ જ થોડા માણસો પહોંચી શકે. કારણ કે એ માટે માણસે પોતાના મન તેમ જ શરીર દ્વારા એક કઠોર તપસ્યા કરવાની રહે છે, અને એથી યે વિશેષ તો ભાવિની અંતિમ સિદ્ધિને ખાતર તેણે વર્તમાનના લાભોનું વિસર્જન કરવાનું રહે છે, અને એ કામ તો ઘણું જ વિકટ છે. એક વખત એવો હતો કે જ્યારે પ્રાચીન હિંદના ઋષિઓ વર્તમાનનાં આકર્ષણોથી પર થઈને, શસ્ત્રોના અથડાટ અને સામ્રાજ્યોના ઉત્થાન અને પતનથી અલિપ્ત રહીને, જગતનાં શાશ્વત સત્યોનું ચિંતન કરવામાં પ્રવૃત્ત થયેલા હતા.

આ મહા સિદ્ધપુરુષોએ આદરેલી આધ્યાત્મિક સાધના ઘણીયે વાર સામાન્ય માનવની સમજમાં નથી આવી શકતી. તો પણ આજનું વર્તમાન જીવન આપણી સર્વ સાધનાને આજે ખૂબ જ આગ્રહપૂર્વક પોકાર કરી રહેલું છે. આજે હિંદને ખરી ઊણપ છે તે સ્થૂલ જીવનની સાધનસામગ્રીની નહિ પણ આધ્યાત્મિક સંપત્તિની છે. હિંદના સામાન્ય જીવનમાંથી આ આધ્યાત્મિક તત્ત્વ આજે જાણે નામશેષ થઈ ગયું છે. હિંદનો આત્મા આજે ખૂબ જ નીચી પાયરીએ સરી પડેલો છે, અને દિનોદિન એ પતન વધુ ને વધુ વધી રહેલું છે. હિંદના આત્માનું એ એક એવું તો ઘોર પતન છે કે જેનો વિચાર કરતાં મગજ થંભી જાય છે. આજની સરકાર એના એ વિષચક્રમાં અટવાયા કરે છે.

નૈતિક મૂલ્યોનું આજે કશું મહત્ત્વ રહ્યું નથી. ઉચ્ચ ભાવનાઓ તો આજે ઉચ્ચ સ્થાનેથી અપાતાં આડંબરભર્યાં વ્યાખ્યાનોને શણગારવા માટે જ કેવળ કામની રહી છે. આમ આજે તો જાણે એક કાળે મહાન પ્રજાની આધ્યાત્મિક સિદ્ધિ ખંડેર થઈને ઠેકઠેકાણે વેરણછેરણ પડેલી નજરે આવી રહી છે.

... ... ... ... ... ...

શ્રી અરવિંદના જીવનની પ્રથમ પ્રેરણા હતી હિંદની રાજકીય મુક્તિ. એ મુક્તિની આરાધના કરતાં કરતાં તેઓ એક બીજી અદ્‌ભુત સિદ્ધિમાં પહોંચી ગયા. કારાવાસની અંદર ૧૯૦૯માં શ્રી અરવિંદને તેમના જીવનનો મહાન સાક્ષાત્કાર પ્રાપ્ત થયો. અને જે પરમ સમર્પણ ભાવથી તેમણે હિંદની રાજકીય મુક્તિનો જંગ ખેડયો હતો તે જ સમર્પણપૂર્વક તેમણે આત્માની મુક્તિ માટે પોતાની લાંબી અને ધૈર્યભરી આધ્યાત્મિક ખોજ આદરી. બે અરવિંદ–રાજકીય યોદ્ધા તરીકેના અરવિંદ અને આધ્યાત્મિક યોગી અરવિંદ એકબીજામાં ભળી ગયા. પણ તેમ છતાં યે આપણે જોઈએ છીએ કે શ્રી અરવિંદની રાષ્ટ્રભક્તિને પણ આધ્યાત્મિકતાનો રંગ તો હતો જ. આમ શ્રી અરવિંદ એક સાચા હિંદી હતા. આપણે એમના ગ્રંથો વાંચીએ છીએ ત્યારે જાણે કે આપણી પ્રાચીન આર્યવિદ્યાના કોઈ ઋષિના શબ્દો વાંચી રહ્યા હોઈએ તેવું લાગે છે. જાણે કે એ સર્વ ઋષિમુનિઓના જ્ઞાનના પ્રતિનિધિ બનીને તેઓ બોલી રહ્યા છે અને એમના એ શબ્દની પાછળ વર્તમાનકાળની આધ્યાત્મિક વિપત્તિનું ભાન પણ જાગૃત રહેલું હોઈ એમનું જ્ઞાન જાણે કે એક જીવંત વસ્તુ બની રહેલું છે.

મને વિશ્વાસ છે કે આ યુનિવર્સિટી પોતાના નવા આધ્યાત્મિક જન્મ માટે જગત જે તલસાટ સેવી રહ્યું છે તેના બરાબર પ્રતીક રૂપ બની રહેશે. અત્યારે શુષ્ક રણ જેવા બની ગયેલા જીવનમાં જ્યાં કેવળ ઈર્ષા, શંકા અને ક્ષુદ્ર ઝઘડાઓ જ ફાલીફૂલી રહેલાં છે ત્યાં આ યુનિવર્સિટી એક આદર્શ જીવનની લીલી કુંજ જેવી બની રહેશે.

[બીજે દિવસે ઉપસંહાર રૂપે આપેલા વ્યાખ્યાનમાંથી]

આપણે જે કામ ઉપાડી રહ્યા છીએ એ એક અતિ વિરાટ કાર્ય છે. બેશક, આ કાર્યને સારા યે જગતમાંથી ટેકો તો મળી રહેશે જ. તો પણ આ કાર્યમાં કેવી તો મુશ્કેલીઓ અને ગૂંચવણો રહેલી છે તે વિષે આપણે બેધ્યાન

તો નહિ જ રહીએ. આજે જગત સમક્ષ માનવજાતિની નવરચનાનું કામ પડેલું છે. એ મહાન કાર્યમાં આ યુનિવર્સિટી પોતાનો કીમતી ફાળો આપશે અને તે માટે એક ઉચ્ચમાં ઉચ્ચ પ્રકારની કેળવણી આપી સ્રી પુરુષોને નવા જીવન માટે તૈયાર કરશે. આપણે અહીં એવાં સ્રીપુરુષોને ભેગાં કરવાનાં છે કે જેઓ શ્રી અરવિંદના આદર્શને બરાબર સ્વીકારતાં હોય, એટલું જ નહિ, તે પ્રમાણે જીવન પણ જીવતાં હોય. એવી વ્યક્તિઓના આવી મળવા ઉપર જ આવી સંસ્થાઓની સફળતાનો આધાર રહેલો છે. આવી સંસ્થાનું સર્જન હાથ ધરવું એ એક મોટી વિરાટ જવાબદારી છે. પરંતુ એ જવાબદારી ઉપાડી શકે તેવી વ્યક્તિઓ આશ્રમમાં વિદ્યમાન છે એ એક ઘણી સંતોષની બીના છે. આપણને આશા છે કે આ સંસ્થાના આદર્શને અનુસરવા માટે આતુર એવાં સ્રી પુરુષો જગતના હરેક ભાગમાંથી નીકળી આવશે. આ સંસ્થાના કાર્યમાં જોડાનારાઓની સંખ્યા ઉપર આપણે ધ્યાન આપવાની જરૂર નથી. આપણી પાસે એવી તો કેટલી યે યુનિવર્સિટીઓ છે જેમાં હજારો વિદ્યાર્થી ભણતા હોય છે અને આપણે એ પ્રકારની જ એક નવી સંસ્થા તો ઊભી નથી જ કરવી... આપણી સરકારે આ પ્રકારના પ્રયોગોને પ્રોત્સાહન આપવાની નીતિ ધારણ કરવી જોઈએ, કે જેથી કરીને આવી સંસ્થાનું કામ કશા વિઘ્ન વિના આગળ ધપતું રહે...અને એ બાબતમાં આપણને લેશ પણ શંકા નથીકે શ્રી માતાજીની છત્રછાયા હેઠળ આ સંસ્થા દિનોદિન વૃદ્ધિ પામતી જ જશે અને કેવળ હિંદને માટે જ નહિ પણ સારા યે સંસ્કારી જગત માટે તે ગૌરવનો વિષય બની રહેશે.

—ડૉ. શ્યામપ્રસાદ મુખરજી

## યુનિવર્સિટીમાંનું શિક્ષણ

આ યુનિવર્સિટીમાં શ્રી અરવિંદની તત્ત્વદષ્ટિ અનુસાર, અને તેમણે આંકી આપેલી દિશા મુજબ શિક્ષણ આપવામાં આવશે. શ્રી અરવિંદની ઈચ્છા અનુસાર આ કેન્દ્રમાં અપાતા શિક્ષણના બદલામાં કશું લેવામાં આવશે નહિ. આ યુનિવર્સિટીનું બીજું ખાસ લક્ષણ એ રહેશે કે જગતના જુદા જુદા દેશોમાંથી આવનાર વિદ્યાર્થીઓને તેમની પોતાની ભાષામાં શિક્ષણ આપવામાં આવશે.

કિંડરગાર્ટનથી માંડી ગ્રેજ્યુએટ સુધીના વર્ગો માટે હરેક ઉંમરના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને દાખલ કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓને રીતસરનું બૌદ્ધિક શિક્ષણ આપવામાં આવશે. તે પછીનું ઉચ્ચ શિક્ષણ અને યૌગિક જ્ઞાનના

વિષયો અનુસ્નાતક વર્ગોના વિદ્યાર્થીઓને, જે વિદ્યાર્થીઓને શ્રી અરવિંદના પૂર્ણયોગની સાધના કરવાની ઇચ્છા હશે અને જેમને તેમની વૃત્તિ અને શક્તિ મુજબ આ માટે પસંદ કરવામાં આવશે તેમને આપવામાં આવશે.

અહીં એ પ્રશ્ન થશે કે આ ઉચ્ચ શિક્ષણનું સ્વરૂપ કેવું હશે. કેળવણીના ક્ષેત્રમાં આ યુનિવર્સિટી એવી કઈ વસ્તુ આપી શકશે કે જે યુરોપ અને અમેરિકાનાં આજનાં સૌથી આગળ પડતાં કેળવણી ધામો પણ આપી શકતાં નથી? જેઓને શ્રી અરવિંદના તત્ત્વદર્શનનો પરિચય નથી તેમના મનમાં આ પ્રકારે પ્રશ્ન અવશ્ય થવાનો. આનો જવાબ આપણને શ્રી અરવિંદ પોતે જ આપે છે. તેઓ લખે છે, "જગતમાં બે પ્રકારનું જ્ઞાન છે. એક પ્રકારનું જ્ઞાન જગતના બહારના દેખાતા સ્વરૂપને બાહ્ય રીતે, બુદ્ધિનો આશ્રાય લઈને સમજવાનો પ્રયત્ન કરે છે. આ છે અપરા વિદ્યા, બાહ્ય જગતનું જ્ઞાન. બીજા પ્રકારનું જ્ઞાન જગતના સત્યને તેના મૂળમાંથી અને તેના વાસ્તવિક રૂપમાં અંદરની બાજુએથી, આધ્યાત્મિક સાક્ષાત્કાર દ્વારા મેળવવા મથે છે. સામાન્ય રીતે તો આ બે પ્રકારના જ્ઞાન વચ્ચે એક કડક ભેદરેખા દોરવામાં આવે છે અને એમ માનવામાં આવે છે કે આપણે જ્યારે ઊર્ધ્વ જ્ઞાનમાં, પ્રભુ વિષેના જ્ઞાનમાં પહોંચીએ છીએ ત્યારે પછી બાકીનું જ્ઞાન—આ જગત વિષેનું જ્ઞાન કશા કામનું રહેતું નથી. પરંતુ વાસ્તવિક રીતે તો આ બે પ્રકારનાં જ્ઞાન એ માનવે આદરેલી એક જ શોધનાં બે પાસાં છે. જગતમાંનું તમામ જ્ઞાન એ છેવટે જતાં તો પ્રભુનું જ્ઞાન જ હોય છે. અને તે જ્ઞાન પ્રભુ મારફતે, પ્રકૃતિ મારફતે, અને પ્રકૃતિનાં કાર્યો મારફતે આપણને આવી મળે છે. આ જ્ઞાન માનવજાતિએ પ્રથમ તો બાહ્ય જીવનને માર્ગે શોધવાનું છે. કારણ કે જ્યાં સુધી માનવનું મન પૂરતું વિકાસ નથી પામ્યું હોતું ત્યાં સુધી આધ્યાત્મિક જ્ઞાન મેળવવું માણસ માટે શકય જ નથી હોતું, જે પ્રમાણમાં માણસના મનનો વિકાસ થાય છે તે પ્રમાણમાં આધ્યાત્મિક જ્ઞાનની શકયતાઓ વધતી જાય છે, એક વધુ સમૃદ્ધ અને વધુ સંપૂર્ણ જ્ઞાન મેળવવાની શક્તિ માનવામાં જાગે છે."

આ રીતે જોતાં આ યુનિવર્સિટીમાં જોડાનાર વિદ્યાર્થીઓ બંને પ્રકારના જ્ઞાનના ઉમેદવારો હશે. તેમની અંદર જે રીતની અભીપ્સા, સંકલ્પબળ, અને યૌગિક શક્તિ હશે તે મુજબ તેમના ચૈતસિક–આધ્યાત્મિક વિકાસની મર્યાદા અંકાશે. જે વિદ્યાર્થી ચૈતન્યની એક ઉચ્ચતર ભૂમિકાએ પહોંચી શકાશે, તથા પ્રાકૃત માનવ કરતાં કાંક વધુ પ્રકાશમન ચેતનાને પ્રાપ્ત કરશે તે બંને પ્રકારના

જ્ઞાનને—અપરા તેમ જ પરા વિદ્યાને પ્રાપ્ત કરશે. શ્રી અરવિંદના શબ્દોમાં કહીએ તો, "માનવ નીચલી વિદ્યાના પગથિયાનો આધાર લઈને ઉપરની વિદ્યામાં પહોંચે છે. એને મળેલી ઊર્ધ્વ વિદ્યા તેના નિમ્ન જ્ઞાનને પ્રકાશિત કરી આપે છે. અને એ નિમ્ન જ્ઞાન પેલા ઊર્ધ્વ જ્ઞાનની એક નીચેની કિનાર જેવું જ હોય છે, તેના એક અતિ બાહ્ય વિસ્તાર જેવું હોય છે તો પણ તેને એ ઊર્ધ્વ જ્ઞાન પોતાના જ એક અંગ રૂપે બનાવી લે છે."

—સોલી આલ્બલેસ

## સંમેલનની કાર્યવાહી

### ૨૪–૨૫ એપ્રિલ ૧૯૫૧

શ્રી અરવિંદના સ્મારક અંગે વિચાર કરવા યોજાયેલું આ સંમેલન પૉંડિચેરીમાં તા. ૨૪ અને ૨૫ મી એપ્રિલે આશ્રમના સમુદ્રકિનારે આવેલા ટૅનિસ ગ્રાઉન્ડ ઉપર મળ્યું હતું. સંમેલન માટે એક ખાસ વિશાળ શમિયાનો ઊભો કરવામાં આવ્યો હતો.

સંમેલનનો આરંભ તા. ૨૪મીએ સાંજે સવાચાર વાગે થયેલો. ડૉ. શ્યામપ્રસાદ મુખરજીની સંમેલનના પ્રમુખપદે વરણી થયા બાદ શ્રી માતાજીએ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમણે પોતાના સંક્ષિપ્ત અને પ્રેરક સંદેશમાં જણાવ્યું કે શ્રી અરવિંદ જે એક નવી અતિમનસ ચેતનાવાળી માનવજાતિનું સર્જન કરવાની નેમ સેવતા હતા તેના વિસ્તાર માટે એક આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી કેન્દ્રની રચના ઘણું જ ઉત્તમ સાધન બની શકે તેમ છે.

તે પછી શ્રી દિલીપકુમાર રૉય અને તેમના મંડળે 'વંદે માતરમ્' અને બીજાં ગીતોનો કાર્યક્રમ આપ્યો હતો.

ડૉ. શ્યામપ્રસાદ મુખરજીએ તે પછી પોતાનું પ્રવચન કર્યું હતું જેમાંથી મુખ્ય ભાગ આ અંકમાં બીજે આપ્યો છે. આશ્રમના મંત્રી શ્રી નલિનીકાન્ત ગુપ્તે પછી આમંત્રિત પ્રતિનિધિઓને આવકાર આપ્યો હતો. તે પછી સંમેલન અંગે આવેલા સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા. એ સંદેશાઓમાંથી કેટલાક આ અંકમાં મૂકયા છે. આ સંદેશાઓ ઉપરાંત મુંબઈ તથા મદ્રાસના ગર્વનરો, મદ્રાસ સરકારના પ્રધાનો, શ્રી ક. મા. મુનશી, શ્રી કાકા કાલેલકર, તેમ જ કેળવણીના ક્ષેત્રમાં કામ કરતી બીજી વ્યક્તિઓના સંદેશા આવ્યા હતા.

મિં. સોલી આલ્બ્લેસે, તે પછી, યુનિવર્સિટીના સ્વરૂપ વિષે તેમ જ યુનિવર્સિટી અંગેનાં મકાનો તથા બીજી સગવડો વિષે વ્યાખ્યાન આપ્યું હતું.

તે પછી બહારથી આવેલા પ્રતિનિધિઓમાંથી અધ્યાપક સોમનાથ મૈત્ર, ડૉ. તાન યુન શાન, મિ. પોલાક અને શ્રી કેશવદેવ પોદ્દારે યુનિવર્સિટીની સ્થાપનાને વધાવી લેતાં પ્રવચનો કર્યાં હતા. છેવટે શ્રી દિલીપકુમારના એક ગીત પછી સંમેલન બીજા દિવસ માટે મુલતવી રહ્યું હતું.

૨૫મીએ સવારે ૯—૦ વાગે સંમેલનની બેઠક ફરીથી મળતાં ડૉ. મુખરજીએ પ્રમુખસ્થાનેથી ત્રણ ઠરાવો મૂકયા હતા જે સર્વાનુમતે પસાર થયા હતા. તે પછી આ ઠરાવો અંગે પ્રવચનો થયાં હતાં. શ્રી અરવિંદની સાથે 'વંદે માતરમ્'માં કામ કરતા રહેલા શ્રી હેમેન્દ્રપ્રસાદ ઘોષે જણાવ્યું કે આજે માનવજાતિમાં એક નવા માનવનું સર્જન જરૂરી બની ગયું છે. અને આવી યુનિવર્સિટીમાં અપાતી એક નવીન ઢબની કેળવણી દ્વારા જ એવા માનવનું સર્જન થઈ શકશે. એમાંથી એક નવી સમાજરચના, અને એક નવું જગત ઊભું થશે. તેમણે શ્રી અરવિંદે ભારતીય સંસ્કૃતિના વિકાસનું જે દ્યોતક નિરૂપણ કર્યું હતું તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે હિંદની મહત્તા તેની આધ્યાત્મિક સંસ્કૃતિને લીધે છે. હિંદે શ્રી અરવિંદના તત્ત્વદર્શન તરફ વળવું જોઈએ અને હિંદ જો તેનું અનુસરણ કરશે તો તેથી આખી યે માનવજાતિને તે મુક્તિ આપી શકશે.

કલકત્તા યુનિવર્સિટીના ડૉ. કાલિદાસ નાગે જણાવ્યું કે માનવજાતિ આજે શ્રી અરવિંદ તરફથી એક સંદેશની આશા રાખી રહી છે. અને તેને આ સંદેશ આ નવી યુનિવર્સિટીમાંથી મળી રહેશે. તેમણે શ્રી માતાજીએ વાપરેલા શબ્દો —'શ્રી અરવિંદ અહીં આપણી વચમાં હાજર છે'. એમાં રહેલા રહસ્ય ઉપર ખાસ ભાર દીધો હતો. ખરેખર શ્રી અરવિંદ આપણી વચ્ચે છે જ.

પટનાના જસ્ટિસ શ્રી વી. એન. રૅાયે જણાવ્યું કે આ યુનિવર્સિટી માનવમાં રહેલી ગુપ્ત શક્તિઓનું સંશોધન કરી તેમનો વિકાસ સાધશે. આજની ચાલુ યુનિવર્સિટીઓમાં આ વસ્તુ નથી બનતી.

આનંદબજાર પત્રિકાના તંત્રી શ્રી ચપલાકાન્ત ભટ્ટાચાર્યે કહ્યું કે આ યુનિવર્સિટી જો માનવને તેની દિવ્યતાનો સાક્ષાત્કાર કરાવી આપશે તો તે તેની ઉત્તમોત્તમ સિદ્ધિ બની રહેશે. તેમણે જણાવ્યું કે આશ્રમ જોઈને તેમના મન ઉપર ઘણી જ ઊંડી છાપ પડી હતી. આશ્રમ કેવળ આધ્યાત્મિકતાનો સાક્ષાત્કાર

કરાવીને અટકી ન જતાં એ સાક્ષાત્કારના પાયા ઉપર એક પૂર્ણ જીવનની રચના કરવા માગે છે. આ યુનિવર્સિટીમાં પણ એવું જ્ઞાન આપવામાં આવશે કે જેથી માનવને આધ્યાત્મિક તત્ત્વોનો સાક્ષાત્કાર થાય.

મદ્રાસ યુનિવર્સિટીના ડૉ. વૈદ્યનાથ શાસ્ત્રીએ જણાવ્યું કે આ યુનિવર્સિટીની સ્થાપના એ માનવજાતિના ઈતિહાસમાં એક નવું પ્રકરણ બની રહેશે. કેમ કે એ યુનિવર્સિટી માનવજાતિના પ્રશ્નોનું નિરાકરણ લાવી આપશે અને પૃથ્વી ઉપર એક નવા જીવનનો આરંભ થશે. શ્રી અરવિંદ જીવનનાં સર્વ પાસાંઓનો સમન્વય માગતા હતા. આ આધ્યાત્મિક આદર્શ ઉપર સ્થપાતી યુનિવર્સિટીને આપણે શકય તેટલી સઘળી મદદ આપવી જોઈએ.

અમેરિકાની દેલાવર યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. બરનાર્ડ ફિલિપ્સે જણાવેલું કે તેમને આશ્રમમાં જે વસ્તુ જોવા મળી હતી તે આખા ય હિંદમાં તેમને બીજે કોઈ સ્થળે જોવા મળી ન હતી. આશ્રમમાં તેમને પૂર્વ અને પશ્ચિમનું એક મિલન રચાઈ રહેલું દેખાયું હતું. આ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી માનવતા માટે એક નવા સમન્વયની દિશા ખોલી આપશે.

મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી જસ્ટિસ ભગવતીએ કહ્યું કે આજની કેળવણી તેના આદર્શ સ્વરૂપથી ખૂબ દૂર દૂર પડેલી છે. આ યુનિવર્સિટીની પાછળ એક આધ્યાત્મિક ભાવના રહેલી છે, માનવજાતિને તે અતિમનસના પ્રકાશને ઝીલવા માટે તૈયાર કરવા માગે છે. શ્રી અરવિંદના આ મહાન સંદેશને જગતમાં દરેક સ્થળે પહોંચતો કરે તેવા માણસો અહીં તૈયાર થાય એમ હું સૂચન કરીશ. શ્રી અરવિંદનું એ ઉત્તમોત્તમ સ્મારક બનશે.

વકતાઓનાં પ્રવચનો પછી છેવટે આશ્રમના સેક્રેટરી શ્રી નલિનીકાન્તે સૌનો આભાર માન્યો હતો અને પ્રમુખે સંમેલનની પૂર્ણાહુતિ જાહેર કરી હતી.

'દક્ષિણા' એપ્રિલ ૧૯૫૧

---

**ભૂલ સુધાર :** પૃ. ૧૬૮ ઉપર ડૉ. તાન યુન શેનના સ્થાને શ્રી કનૈયાલાલ મુનશી અને પૃ. ૧૬૯ ઉપર શ્રી મુનશીના નામસ્થાને ડૉ. તાનનું નામ વાંચવું.

## શ્રી અરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા ટ્રસ્ટ ગ્રંથશ્રેણીનાં પ્રકાશનો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શ્રી અરવિંદનો પૂર્ણયોગ | શાંતિલાલ ઠાકર | ૧–૦૦ | (અપ્રાપ્ય) |
| ૨. | માનવ જીવનનું ભાવિ | અમીધર ભટ્ટ | ૧–૦૦ | ,, |
| ૩. | ધ્યાન અને એકાગ્રતા | ,, | ૧–૦૦ | ,, |
| ૪. | યોગમાં શારીરિક કેળવણીનું સ્થાન | ,, | ૧–૫૦ | ,, |
| ૫. | શ્રી અરવિંદ : જીવનદર્શન અને કાર્ય | પૂજાલાલ | ૧–૨૫ | ,, |
| ૬. | શ્રી અરવિંદની દષ્ટિએ ગીતાનો દિવ્યસંદેશ | ડૉ. હ. માહેશ્વરી | ૧૩–૦૦ | ,, |
| ૭. | માનવ એકતા અને વિશ્વશાંતિ | જ્યોતિ થાનકી | ૨–૫૦ | ,, |
| ૮. | સમગ્ર જીવન યોગ છે | ડૉ. રણધીર ઉપાધ્યાય | ૬–૫૦ | (પ્રાપ્ય) |

**Sardar Patel University Publication**

| | | |
|---|---|---|
| Sri Aurobindo Memorial Lectures | Maj. Gen. K. K. Tewari (Retd.) | 10–00 |